[illegible]
[illegible]

# [illegible]

## અજોડ



[illegible]

પ્રકાશક

ગૂર્જર પ્રકાશન

અમદાવાદ

# પ્રસ્તાવના

શાળામાં ભણતો હતો ત્યારથી એટલે કે વિદ્યાર્થીજીવનથી પૃથ્વીરાજ ચૌહાણ વિશે ઇતિહાસમાં ભણવામાં આવતી હકીકતોથી હું થોડોક વાકેફ ખરો. એટલું જ નહિ રાજપૂત યુગની સામંતશાહી પરંપરાના એક બાહોશ, નીડર અને મહાપ્રતાપી સમ્રાટ તરીકે આ રાજાની યશપતાકા એના અનેક પરાક્રમોથી રાજાશાહીના પતનકાળ પછીનાં અનેક વર્ષો સુધી ફરફરતી રહી.

સામંતશાહી શાસનમાં દેશભરના મોટાભાગના રાજાઓ આમાંથી પસાર થયા છે. પૃથ્વીરાજ ચૌહાણ પણ આમાંથી બાકાત કેવી રીતે હોઈ શકે ? પતન ઉત્થાનના અનેક ચડાવ-ઉતારો ખેલદિલીથી અનુભવીને આ સમ્રાટે પરાજયની સ્થિતિમાં પણ નામોશીની છાયાને પોતાના આત્મગૌરવની સીમાની અંદર પ્રવેશવા ન દીધી. એની જીવનકથાની સાથે કેટલાક સાહસભર્યા પ્રસંગોને એવા એક સમર્થ રાજા તરીકેના એના વ્યક્તિત્વને ઉઠાવ આપવાનો આ ચરિત્રપુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે ઊગીને સામે થતી આજની કિશોર પેઢીને તે અવશ્ય ગમશે જ.

**— રાજન પટણી**

૩, કરૂણાનગર સોસાયટી,
સંત શ્રી કહારનાથ માર્ગ,
મોતીશા ગેટ, પાટણ



## અનુક્રમ


૧ પૃથ્વીરાજનો જન્મ અને બાળપણ ........ ૫

૨ ખજાનો મળ્યો ........ ૧૮

૩ સંયુક્તાહરણ ........ ૩૩

૪ જયચંદ રાઠોડ ........ ૪૯

૫ આલ્હા-ઉદલ સાથે લડાઈ ........ ૬૪

૬ પ્રેમના નામે કપટ ........ ૭૯

૭ યુદ્ધનાં વાદળ ........ ૯૭

૮ મહંમદ ઘોરીનું આક્રમણ ........ ૧૧૫

૯ ખરાખરીનું યુદ્ધ ........ ૧૪૧

૧૦ પૃથ્વીરાજના પતનનો પ્રારંભ ........ ૧૫૬




# પૃથ્વીરાજનો જન્મ અને બાળપણ

અજમેર શહેર હાલ જે સ્થળે વસેલું છે ત્યાં કોઈ સમયે બંજર મેદાન અને જંગલ-ઝાડીઝાંખરાં હતાં. વિશાળ સપાટ મેદાન પર સ્વાભાવિક રીતે ઝાડીઝાંખરાં ઊગી નીકળે. આ સપાટ મેદાનની ફરતે અરાવલી પર્વતમાળા ફેલાયેલી હતી. ચારે બાજુ પર્વત-પહાડ અને વચ્ચે સપાટ મેદાન દૂર દૂર સુધી ફેલાયેલું. આ મેદાન ઈસ્વીસનની બીજી સદીમાં સને ૧૪૫માં અજયપાલ ચૌહાણ નામના રાજાની નજરમાં વસી ગયું. આ મેદાન પર તેમણે નવું શહેર વસાવ્યું. અને એ શહેરનું નામ આપ્યું ''અજમેર''. અજ-નામ અજયપાલ પરથી લીધું અને મેર એટલે પર્વત- આમ અજમેર શહેર વસ્યું સને ૧૪૫માં ! અને પછી અજયપાલ ચૌહાણે પોતાનું રાજ્ય વિકસાવ્યું અને રાજધાની બનાવી અજમેર શહેરને. આ રીતે ચૌહાણ વંશના રાજા અજયપાલ જેઓ શૂરવીર અને પ્રજાના માનીતા રાજા હતા. તેમની અનેક પેઢીઓએ અજમેર રાજ્ય પર શાસન ચલાવ્યું. લગભગ એક હજાર વર્ષ સુધી અજમેર પર ચૌહાણ વંશના રાજાઓ શાસન કરતા રહ્યા. છેલ્લે ચૌહાણ વંશના રાજા સોમેશ્વર ચૌહાણ અજમેર પર શાસન ચલાવી રહ્યા હતા.

મહાભારતના સમયમાં જ્યારે કૌરવ રાજા દુર્યોધન હસ્તિનાપુર પર શાસન ચલાવી રહ્યો હતો ત્યારે પાંડવ રાજા યુધિષ્ઠિરે પોતાના અલગ રાજ્યનો પાયો નાંખ્યો, એ રાજ્ય ઈન્દ્રપ્રસ્થ નામે જાણીતું બન્યું. એ ઈન્દ્રપ્રસ્થ રાજ્યનાં ખંડિયેરો આજે પણ દિલ્હીની આજુબાજુ જોવા મળે છે. કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં હિન્દુસ્તાનના લાખો શૂરવીર

બળવાન યોદ્ધાઓ એકમેક સામે લડીને મૃત્યુ પામ્યા. ભારતની શક્તિને હણી લેનાર આ યુદ્ધના કારણે ભારતનાં શૌર્ય અને બુદ્ધિનો વ્યાપક વિનાશ થયો. હિન્દુસ્તાન હીરવિહોણું અને ખાલીખમ્મ થઈ ગયું. તેમ છતાંય પાંડવકુળનું ત્રીશ પેઢી સુધી ઇન્દ્રપ્રસ્થ પર શાસન રહ્યું હતું. ત્યાર બાદ ગૌતમ વંશના રાજા દિલુએ ઇન્દ્રપ્રસ્થનો કેટલોક ભાગ જુદો પાડીને અલગ રાજ્યની સ્થાપના કરી. અને એ રાજ્યનું નામ દિલરાજાના નામ પરથી પાડવામાં આવ્યું ''દિલ્હી'' જે આજે પણ ભારતની રાજધાની છે. એ દરમ્યાન અન્ય બે ઘરાનાઓના રાજાઓએ શાસન ચલાવ્યું હતું. જેના છેલ્લા રાજા હતા અનંગપાલ.

એ સમયે કનોજ રાજ્યનો રાજા હતો વિજયપાલ રાઠોડ. વિજયપાલ રાઠોડ અતિ મહત્ત્વાકાંક્ષી અને ઈર્ષાળુ સ્વભાવનો હતો. તે પોતાના રાજ્યની સીમાઓ વિસ્તારવા માટે કાંઈ પણ કરવા તૈયાર થઈ જતો. એકવાર એના મનમાં આવ્યું કે, દિલ્હીના રાજા અનંગપાલને હરાવીને દિલ્હી કબ્જે કરી લઉં ! તો સમગ્ર દેશનો ચક્રવર્તી રાજા બની જવાય ! મહારાજા બની જવાય !! આથી એણે લશ્કર લઈને દિલ્હી પર આક્રમણ કર્યું.

દિલ્હીના રાજા અનંગપાલને કનોજના રાજા વિજયપાલ રાઠોડના આક્રમણની જાણ થઈ. આથી એમણે એક પત્ર લખીને અજમેરના રાજા સોમેશ્વર ચૌહાણને મદદે બોલાવ્યા.

અજમેરના રાજા સોમેશ્વર ચૌહાણ બહાદુર, શૂરવીર અને કૌશલ્યવાન હતા. યુદ્ધમાં તેઓ તલવાર લઈને કૂદી પડે પછી કોઈની હિંમત તેની સામે થવાની થાય નહીં. એવા બહાદુર રાજા સોમેશ્વર પોતાના લશ્કર સાથે દિલ્હીના રાજા અનંગપાલની મદદે આવી પહોંચ્યા. અને અનંગપાલે તેમનું સ્વાગત કર્યું. મદદે આવવા બદલ આભાર માન્યો.

બીજે દિવસે રણમેદાનમાં તલવારો ચમકી ઊઠી. વિજયપાલ



રાઠોડના સૈન્ય સામે દિલ્હી અને અજમેરનું સૈન્ય જુસ્સાભેર કૂદી પડ્યું. ઘમસાણ લડાઈ થઈ. સોમેશ્વર ચૌહાણે બહાદુરીપૂર્વક લડીને વિજયપાલ રાઠોડના સૈન્યનો સફાયો કરી દીધો. ખુદ રાજા વિજયપાલ રાઠોડ ભાગીને માંડ કનોજ પહોંચી શક્યો. સોમેશ્વર ચૌહાણની બહાદુરી અને વીરતા જોઈને રાજા અનંગપાલ પ્રભાવિત થયા. અને એમનું યોગ્ય માનસન્માન કરીને તેમને પોતાના મહેલમાં લઈ આવ્યા. અને તેમની ખૂબ સરભરા કરી. સોમેશ્વર ચૌહાણે અનંગપાલને ખરા ટાણે મદદ કરી દુશ્મનને હરાવ્યો હતો. આથી અનંગપાલે તેનું બહુમાન કર્યું.

અનંગપાલને પુત્ર સંતાન નહોતું. બે પુત્રીઓ હતી. જે યુવાવસ્થાએ પહોંચી હતી. અનંગપાલ રાજાએ સોમેશ્વર ચૌહાણની વીરતા જોઈને તેની સાથે પોતાની પુત્રીનાં લગ્ન કરાવી આપ્યાં. સોમેશ્વર ચૌહાણે ખુશીથી એ સંબંધ કબૂલ્યો. અને લગ્ન બાદ મહિનાઓ સુધી તેઓ દિલ્હીમાં જ રહ્યા. તેની પત્નીનું નામ કમલાવતી હતું. કમલાવતી ગર્ભવતી બની. સોમેશ્વર ચૌહાણને લાગ્યું કે, હવે અજમેર પાછા જવું જોઈએ. આથી તેમણે રાજા અનંગપાલને વાત કરી. રાજા અનંગપાલ પોતાની પુત્રી કમલાવતીને ખૂબ ચાહતા હતા. આથી એમણે કમલાવતીને દિલ્હીમાં જ રોકાઈ જવાનું કહ્યું – અને સોમેશ્વર ચૌહાણ અજમેર પોતાના રાજ્યમાં પાછા આવ્યા.

થોડા મહિનાઓ બાદ કમલાવતીએ એક પુત્રને જન્મ આપ્યો. અનંગપાલ રાજા દોહિત્રના જન્મથી ખૂબ ખુશ થયા. ને આખા રાજ્યમાં આનંદોત્સવ છવાઈ ગયો. કારણ કે અનંગપાલને પોતાનું પુત્રસંતાન ન હતું. આથી એમણે વિચાર્યું કે, મારો પોતાનો નહીં તો મારી પુત્રીનો પુત્ર મારા રાજ્યનો વારસદાર બને.

અજમેર સોમેશ્વર ચૌહાણ પાસે જ્યારે પુત્રજન્મના ખબર પહોંચ્યા તો અજમેર રાજ્યમાં પણ ખૂબ ખુશી પ્રસરી ગઈ. પુત્રપ્રાપ્તિથી





સોમેશ્વર ચૌહાણ આનંદિત બન્યા. અને થોડા સમય બાદ એમણે પોતાના એક વજીરને દિલ્હી મોકલી પોતાની પત્ની કમલાવતી અને પુત્રને તેડી લાવવા રવાના કર્યા. કમલાવતી અને નવજાત બાળક અજમેર આવ્યાં. ત્યારે બાળકની નામકરણ વિધિની ઉજવણી કરવામાં આવી. બાળકનું નામ પાડવામાં આવ્યું ''પૃથ્વીરાજ !'' પૃથ્વીરાજ ચૌહાણ. નામકરણ વિધિ કરનાર રાજકવિ બિપિનચંદ્ર કવિને સોમેશ્વર રાજાએ ખૂબ ઇનામો આપ્યાં. દિલ્હીની લડાઈ બાદ ટૂંક સમયમાં જ રાજા અનંગપાલે કનોજના રાજા વિજયપાલ સાથે સમાધાન કરી લીધું હતું. અને ફરી દિલ્હી પર આક્રમણ ન થાય એ હેતુ દૃષ્ટિ સમક્ષ રાખીને એમણે પોતાની બીજી પુત્રી વિજયપાલ રાઠોડ સાથે પરણાવી દીધી હતી. એ પુત્રીએ પણ એક પુત્રને કનોજમાં જન્મ આપ્યો. હતો. જેનું નામ પાડવામાં આવ્યું હતું ''જયચંદ !''. આમ અનંગપાલ રાજાએ પોતાની બંને પુત્રીઓનાં લગ્ન કરી નાંખ્યાં અને પોતાના એક વિરોધી રાજાને શાંત પાડ્યો અને એક સહયોગી રાજાનું યોગ્ય સન્માન કર્યું. આમ થોડો સમય શાંતિથી પસાર થયો. હવે અનંગપાલ વૃદ્ધ થયા હતા. એમને કોઈ પુત્રસંતાન ન હોવાથી તેઓ વારસદાર માટે હંમેશાં ચિંતિત રહેતા.

અજમેરમાં બાળક પૃથ્વીરાજનું પોષણ લાડકોડથી થઈ રહ્યું હતું. પૃથ્વીરાજનો જન્મ સને ૧૦૫૮માં થયો હતો. તે શરીરે હૃષ્ટપુષ્ટ હતો. ચહેરા પર ચમક અને આંખોમાં નિરાળું તેજ વર્તાતું હતું. તે ખૂબ હોશિયાર હતો. ત્રણ વર્ષનો થયો ત્યારે છ-સાત વર્ષનાં બાળકો જેટલી શક્તિ અને બુદ્ધિ તેનામાં જણાઈ આવતી હતી. છ-સાત વર્ષનો થયો ત્યારે તે પોતાનાથી બમણી ઉંમરના છોકરાઓને પછાડી દેતો. વાતો પણ એવી બુદ્ધિગમ્ય કરતો કે સાંભળીને સૌ મોંમાં આંગળાં ઘાલી જતા. માતા કમલાવતી પુત્ર પૃથ્વીરાજને લાડકોડથી ઉછેરી રહ્યાં હતાં. અને પિતા સોમેશ્વર ચૌહાણ તેને ખૂબ પ્રેમ

કરતા. તેને શિક્ષણ આપવાની શરૂઆત થઈ. હિન્દી અને સંસ્કૃતનું શિક્ષણ લેતાં લેતાં પૃથ્વીરાજ અસ્ત્રશસ્ત્રની વિદ્યા પણ ગુરુરામ પાસેથી લેવા લાગ્યો. આમ તેર-ચૌદ વર્ષની ઉંમરમાં જ પૃથ્વીરાજ ભાષાઓનું જ્ઞાન મેળવીને શસ્ત્રવિદ્યામાંય પારંગત બની ગયો. ગુરુરામ પાસેથી તેણે શસ્ત્રવિદ્યા-તલવારબાજી, પટ્ટાબાજી, તીરંદાજીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. એટલે સુધી કે તે તીરંદાજીમાં પારંગત બની ગયો. શબ્દવેધી બાણ દ્વારા તે ઊડતા પંખીનો અવાજ સાંભળી આંખો મીંચીને તીર છોડતો અને ઊડતું પંખી વીંધાઈ જતું. તેનું બાણ ભાગ્યે જ ખાલી જતું. તેની તીરંદાજી જોઈને ગુરુરામ પણ આશ્ચર્ય પામતા. આટલી નાની ઉંમરમાં પૃથ્વીરાજ એવો હોશિયાર અને બુદ્ધિમાન નીવડ્યો કે, સૌ આશ્ચર્યમાં પડી જતા. તેની સાથે લડવાની હિંમત કોઈ કરી ન શકતું. શરીરે હૃષ્ટપુષ્ટ-ઊંચો-ગોરો વાન અને ચમકતી આંખોનું તેજ જોઈને જ કોઈ તેની સામે પડવા તૈયાર ન થતું. આમ પૃથ્વીરાજ ચૌહાણનું બચપણ રમતગમત, ભાષાશિક્ષણ, શસ્ત્રવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં વીત્યું. તેણે ધાર્મિક ગ્રંથો-વેદો-શાસ્ત્રોનું અધ્યયન કર્યું. પ્રખર પંડિતો તેને ધર્મશાસ્ત્ર વિષેનું જ્ઞાન આપતા અને રાજનીતિના અનુભવી શિક્ષકો પાસેથી પૃથ્વીરાજને રાજનીતિશાસ્ત્ર શીખવાની સગવડ કરી આપવામાં આવી. આ રીતે દરેક પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરવામાં સોમેશ્વર ચૌહાણે પૃથ્વીરાજ માટે કોઈ કસર છોડી નહીં. દરેક વિદ્યામાં પૃથ્વીરાજ પારંગત બની ગયો. અને ચૌદ વર્ષની ઉંમરે એણે પ્રથમ લગ્ન કર્યાં. મંડોરની રાજકુમારી જમ્ભાવતી સાથે તેનાં લગ્ન થયાં. આમ પૃથ્વીરાજ હવે જવાબદાર રાજકુમાર બની ગયો. અજમેર રાજ્યમાં તે ફરીને પ્રજાને પડતી તકલીફોનું અધ્યયન કરી તે તકલીફોનું નિવારણ કરવા પ્રયત્નશીલ રહેતો. પોતાના મિત્રો સાથે તે પ્રજાકીય કાર્યોમાં રસ લેતો. એ જોઈને એના પિતા સોમેશ્વર ચૌહાણને સંતોષ થયો. અનેક વખત પૃથ્વીરાજ પોતાના નાના અનંગપાલ પાસે દિલ્હી ગયો



હતો. અજમેર રાજ્ય ઉપરાંત પૃથ્વીરાજને દિલ્હી રાજ્યની પણ માહિતી હતી. રાજા અનંગપાલ પોતાના દોહિત્રની શૂરવીરતા અને હોશિયારી જોઈ રાજી થતા. આમ સમય પસાર થતો રહ્યો.

થોડાં વર્ષ પૃથ્વીરાજ મોજમસ્તી અને આનંદમાં વિતાવી શક્યો. ત્યાં જ તેના પિતા સોમેશ્વર ચૌહાણનું મૃત્યુ થતાં તેને અજમેરની રાજગાદી સંભાળવી પડી. પૃથ્વીરાજ અજમેરનો રાજા બન્યો. તેના પર જવાબદારીઓ આવી પડી. પરંતુ પહેલેથી જ તે રાજકારભારમાં રસ લેતો હોવાથી બહુ મુશ્કેલીનો અનુભવ ન થયો. આમ પણ પૃથ્વીરાજ બહાદુર અને બુદ્ધિશાળી હતો. માણસને પારખવાની શક્તિ તેનામાં હતી. આથી સુપેરે અજમેરનું શાસન તે ચલાવવા લાગ્યો.

દિલ્હીના રાજા અનંગપાલ પૃથ્વીરાજના માતામહ હતા. તેઓ વૃદ્ધ થયા હતા. તેમને પોતાનું પુત્રસંતાન ન હોવાથી તેમણે દિલ્હીનું રાજ્ય પૃથ્વીરાજને આપવા વિચાર્યું. જોકે અનંગપાલને બે પુત્રીઓ હતી. અને બંને પુત્રીઓને એક એક પુત્ર હતો. મોટો જયચંદ અને નાનો પૃથ્વીરાજ !

દિલ્હી રાજ્ય પર રાજા અનંગપાલના મોટા દોહિત્ર જયચંદનો પહેલો હક્ક લાગતો હતો. પરંતુ અનંગપાલે વિચાર્યું કે જયચંદના પિતા વિજય રાઠોડે દિલ્હી પર આક્રમણ કર્યું હતું. આથી અનંગપાલ તેને બહુ મહત્ત્વ આપતા નહીં. એના જમાઈ હોવાથી તેની સાથે ખપ પૂરતો જ સંબંધ રાખતા. જ્યારે અજમેરના રાજા સોમેશ્વર ચૌહાણે તો તેમને ખૂબ મદદ કરી હતી. તેઓ સ્વભાવે સારા હતા. વિચારો પણ ઉમદા હતા. આથી એના પુત્ર પૃથ્વીરાજ પ્રત્યે તેમને લાગણી રહેતી.

કનોજના રાજા વિજયપાલ રાઠોડના મૃત્યુ બાદ કનોજનું રાજ્ય જયચંદે સંભાળી લીધું હતું. હવે તે રાજા બની ગયો હતો. કનોજનું રાજ્ય મોટું અને શક્તિમાંય વિશેષ હોવાથી જયચંદ અભિમાની અને

સ્વચ્છંદ બની ગયો હતો. જ્યારે અજમેરના રાજા બન્યા બાદ પણ પૃથ્વીરાજના સ્વભાવમાં કોઈ પરિવર્તન આવ્યું ન હતું. તે પ્રજાનાં કામોમાં ધ્યાન આપતો. પ્રજાનું રક્ષણ કરતો. ભલે તેનું રાજ્ય કનોજ કરતાં નાનું હતું. પણ પ્રજા સુખી અને સંતુષ્ટ હતી. આથી અનંગપાલ રાજાએ દિલ્હીનું રાજ્ય પૃથ્વીરાજ ચૌહાણને સોંપ્યું અને ખુદ નિવૃત્ત જીવન ગાળવા લાગ્યા.

જયચંદને જ્યારે ખબર પડી કે તેના નાનાએ દિલ્હીનું રાજ્ય પૃથ્વીરાજને સોંપી દીધું છે ત્યારે એણે પોતાનો હક્ક- હિસ્સો માંગ્યો. એણે માંગણી કરી કે હું મોટો છું તો રાજ્ય મને મળવું જોઈએ. નહિતર અડધું રાજ્ય તો મળવું જ જોઈએ. પણ અનંગપાલે તેને કોઈ જવાબ ન આપ્યો. જયચંદની અવગણના કરીને અનંગપાલે પૃથ્વીરાજની તરફેણ કરી. આથી જયચંદ છંછેડાયો. તેણે વિરોધ કર્યો. પણ તેનું કંઈ ઉપજ્યું નહિ.

પૃથ્વીરાજ અજમેર ઉપરાંત દિલ્હીનો પણ શાસક બની ગયો. આમ એના રાજ્યની સીમાઓ વિસ્તૃત બની. રાજ્ય વિશાળ બન્યું. શક્તિમાં ઉમેરો થયો. લશ્કર બહોળું બન્યું. પૃથ્વીરાજે પોતાનાં બુદ્ધિ અને શૌર્યથી દિલ્હીનું શાસન સંભાળી લીધું. અજમેરને દિલ્હી રાજ્ય સાથે ભેળવીને મહારાજ્ય બનાવી દીધું. આ જોઈને જયચંદને પૃથ્વીરાજ પ્રત્યે દુશ્મનાવટનો ભાવ પેદા થયો. જયચંદ ઈર્ષાળુ સ્વભાવનો તો પહેલેથી જ હતો. પૃથ્વીરાજ તેનો મસીયાઈ ભાઈ થતો હોવા છતાં તેને ક્યારેય પૃથ્વીરાજ પ્રત્યે પ્રેમ કે સદભાવ રહ્યો નહોતો. પોતાના બાપ વિજયપાલની જેમ તે માત્ર સત્તા હાંસલ કરવા પ્રયત્નશીલ રહેતો. અને પૃથ્વીરાજની ઈર્ષ્યા કર્યા કરતો.

એ સમયે સિંધ, લાહોર, પેશાવર, કાંગડા, કાશી, પ્રયાગ, અલ્હાબાદ ઉપરાંત દખ્ખન પણ દિલ્હીના શાસન હેઠળ હતાં. વ્યવસ્થાની દષ્ટિએ અજમેર રાજ્ય પણ દિલ્હીના તાબા નીચે જ હતું. દિલ્હીનું રાજ્ય



પૃથ્વીરાજને પોતાના નાના પાસેથી સાવ સરળતાથી મળ્યું હતું. અજમેરનું રાજ્ય તો તેનું પોતાનું હતું જ. આથી પૃથ્વીરાજ બંને રાજ્યનો માલિક બની જતાં તેની શક્તિ ખૂબ વધી ગઈ. એના કારણે અન્ય રાજપૂત રાજાઓ તેનાથી દૂર રહેતા. કારણ કે હિન્દુસ્તાનમાં એ સમયે આટલું મોટું રાજ્ય અન્ય કોઈ પાસે ન હતું.

દિલ્હીનો રાજા બનતાં જ પૃથ્વીરાજ ચૌહાણ અતિ શક્તિશાળી રાજા બની ગયો હતો. દિલ્હીનું લશ્કર ઉપરાંત અજમેરનું લશ્કર મળીને લાખોની સંખ્યામાં તેનું લશ્કર સદાય લડવા માટે તૈયાર રહેતું. સિંધ અને પંજાબ લાહોર અને પેશાવરનું તેનું લશ્કર પણ મહાબળવાન અને બહોળી સંખ્યામાં હતું. આ રીતે લશ્કરના લડવૈયાઓની બહોળી સંખ્યા, રાજ્યની અસીમ સીમાનો વિસ્તાર અને સુખી અને સંતુષ્ઠ પ્રજા હોવાથી પૃથ્વીરાજનું શાસન રંગેચંગે ચાલી રહ્યું હતું. નાનામોટા કોઈ રાજાઓ હવે તેની સામે આંખ ઉઠાવીને જોવાની પણ હિંમત કરી શકતા નહોતા. દુશ્મની કરવાનું તો વિચારી પણ ન શકે ! નાનામોટા રાજાઓએ પૃથ્વીરાજની આણ માની લીધી હતી. રાજ્યની મબલખ આવકના કારણે પણ પૃથ્વીરાજ સબળ બની ગયો. આમ સાવ મફતમાં તેના નાના અનંગપાલ પાસેથી મળેલું દિલ્હીનું રાજ્ય પૃથ્વીરાજ માટે શક્તિનું દ્યોતક બની ગયું.

રાજપૂતાનાના અનેક રાજાઓ સાથે પૃથ્વીરાજની મિત્રતા હતી. ખાસ કરીને ચિત્તોડના રાજા સમરસિંહ સાથે તેની ગાઢ મૈત્રી હતી. કારણ કે, પૃથ્વીરાજ અને સમરસિંહ એકમેકને કિશોરાવસ્થાથી ઓળખતા હતા. તે વખતે તેઓ બંને રાજા ન હતા. પણ રાજકુમાર હતા. ત્યારથી બંનેની મિત્રતા કેળવાઈ હતી. જે આજપર્યંત ચાલી આવતી હતી અને વધુ ને વધુ ગાઢ બની ચૂકી હતી.

એક વખત યુવરાજ પૃથ્વીરાજ આબુ પર્વત પરના કોટેશ્વર મહાદેવ મંદિરની એક માસની યાત્રાએ ગયો હતો. કોટેશ્વર મહાદેવની

આ યાત્રા મંદિરની મૂર્તિ પર છત્ર ચડાવવાથી શરૂ થતી હતી. અને એક માસ સુધી આબુ પર્વતની પ્રદક્ષિણાનું એ સમયે ખૂબ મહત્ત્વ હતું. આ યાત્રા પેદલ ચાલીને કરવી પડતી. પહાડોની વચ્ચેથી કાળમીંઢ પથ્થરો પર થઈને જંગલ અને ઝાડીઓમાંથી પસાર થતાં થતાં પ્રદક્ષિણા કરવાનું મહાત્મ્ય હતું. પૃથ્વીરાજની સાથે તેના મિત્રો પણ આ યાત્રામાં જોડાયા હતા. જેમાં સમરસિંહ તેની સાથે હતો. ઉપરાંત રાજકવિ બિપિન ચંદ્ર મહારાજના પુત્ર ચંદ (જે પાછળથી કવિ ચંદ તરીકે પંકાયો. અને પૃથ્વીરાજના રાજ્યમાં રાજ કવિ તરીકે સેવાઓ આપી) પણ હતો. ચંદ સાથે પૃથ્વીરાજને ખાસ લાગણી હતી કારણ કે ચંદની ભાષા અને તેના સ્પષ્ટ વિચારો પૃથ્વીરાજને ખૂબ ગમતા. ચંદ કાવ્યો પણ રચતો અને ક્યારેક ક્યારેક તો પૃથ્વીરાજને પાનો ચડાવવા માટે એવી જોરદાર શૈલીમાં વાત કરતો કે પૃથ્વીરાજ તેના પર વારી જતો. સમરસિંહ બહાદુર હતો. બળવાન અને નિડર હતો. આથી પૃથ્વીરાજને તેના સંગાથથી પ્રેરણા પ્રાપ્ત થતી. બીજા ચારપાંચ મિત્રો સાથે પણ પૃથ્વીરાજને સ્નેહ અને લાગણી હતી. એ બધા મિત્રો મળીને કોટેશ્વર મહાદેવની યાત્રાએ ગયા હતા. યાત્રા દરમિયાન પૃથ્વીરાજની મુલાકાત એક માથા ફરેલી રાજકુમારી સાથે થયેલી. એક માસ સુધી એ રાજકુમારી સાથે વારંવાર મુલાકાત થતી રહી હતી. અને પૃથ્વીરાજના મનમાં તેના પ્રત્યે પ્રેમની કૂંપળો ફૂટી હતી. રાજકુમારી તો પૃથ્વીરાજથી અળગી જ થવા નહોતી માંગતી એટલી હદે તે પૃથ્વીરાજથી પ્રભાવિત થઈ ગઈ હતી. કારણ કે, યાત્રા દરમિયાન પૃથ્વીરાજે અનેક વખત પોતાનું બાહુબળ અને બુદ્ધિના ચમકારા દેખાડ્યા હતા એ જોઈને રાજકુમારી તેના તરફ આકર્ષાઈ હતી. એ કનોજની રાજકુમારી હતી. તેનું નામ સંયુક્તા હતું.

રાજકુમારીનું રૂપ, લાવણ્ય અને શારીરિક બાંધો એવો આકર્ષક



હતો કે પૃથ્વીરાજ પણ ખુદને રોકી નહોતો શક્યો. તે સંયુક્તાનો સહવાસ અને સંગાથ ઇચ્છતો હતો. અને સંયુક્તા પણ પૃથ્વીરાજ સાથે જ વધુ ને વધુ સમય વિતાવવા માંગતી હતી. એ એક માસની યાત્રાએ સંયુક્તાનું જીવન બદલી નાંખ્યું હતું. રાજકુમારી સંયુક્તા પહેલી જ વાર મહેલની બહાર નીકળી હતી. એક માસ માટે મળેલી આઝાદીનો ભરપૂર લાભ તેણે ઉઠાવ્યો. સામાન્ય માનવીઓ સાથે મુલાકાત થઈ. તેઓની સાથે રહેવા-ખાવા-પીવાના કારણે તેને સામાન્ય લોકોનાં જીવનની ઝાંખી જાણવા મળી. નહીંતર મહેલમાં રહેતાં રહેતાં તેને કાંઈ જ ખબર ન પડતી કે, લોકો કેવી રીતે રહે છે, શું ખાય છે, શું પીએ છે, કેટલું કમાય છે, કેટલું વાપરે છે–યાત્રામાં જ રાજકુમારી સંયુક્તાને એ બધું જાણવા મળ્યું. જીવનની શાળાનું આ શિક્ષણ તેને પૃથ્વીરાજના સંગાથમાં મળ્યું હતું. અને ખુદ પૃથ્વીરાજ પણ આ રીતે સામાન્ય જનોની સાથે હળીભળીને એ જાણી શક્યો કે, જિંદગી શું ચીજ છે ? તે કેવી રીતે જિવાય છે ! લોકો જીવનનો આનંદ કેવી રીતે માણે છે ? જીવનમાં ઉપયોગી અનુભવનું ભાથું તેણે આ યાત્રા દરમિયાન બાંધ્યું. જે સમગ્ર જીવનમાં તેને ઉપયોગી નીવડવાનું હતું.

પૃથ્વીરાજની સંગાથે આવા પ્રવાસોમાં રહીને સમરસિંહે મૈત્રીને વધુ ને વધુ ગાઢ બનાવી હતી. અને જ્યારે તે ચિત્તોડની રાજગાદી પર બેઠો ત્યારબાદ તો તેણે પૃથ્વીસિંહ સાથે ખંભે ખંભો મિલાવીને મિત્રતાને નવો ઓપ આપ્યો હતો. સમરસિંહ ઉંમરમાં પૃથ્વીરાજ કરતાં મોટો હતો. આથી તે ઘણીવાર પૃથ્વીરાજને શિખામણ આપતો. સલાહ આપતો. પૃથ્વીરાજ સમરસિંહની વાત માનતોય ખરો. આમ બંનેની મિત્રતા જળવાઈ રહી હતી.

પૃથ્વીરાજ ચૌહાણનો સૂરજ ઝળહળી રહ્યો હતો. દિલ્હી પર તેનો વાવટો ફરીફરી રહ્યો હતો. દિલ્હીનું રાજ્ય વિશાળ અને દૂર

દૂર સુધી ફેલાયેલું હતું. સિંધ, પંજાબ, પેશાવર, ઉપરાંત કાંગડા અને અલ્હાબાદ પર પણ તેનું શાસન ચાલી રહ્યું હતું. અજમેર અને રાજપૂતાનાના કેટલાક ભાગો પર તેનું શાસન ચાલતું. પૃથ્વીરાજ મહાશક્તિશાળી રાજા બની ચૂક્યો હતો. સમય વિતતો જતો હતો. અને સમયની સાથે સાથે પૃથ્વીરાજનું તેજ તપી રહ્યું હતું. તેણે પ્રથમ લગ્ન રાજકુમારી જમ્ભાવતી સાથે કર્યું હતું. જે મંડોરના રાજાની પુત્રી હતી. ત્યાર બાદ તેણે થોડા થોડા સમયને અંતરે બીજાં છ લગ્ન પણ કર્યાં. સાતેય રાણીઓ મહેલમાં મોજ કરી રહી હતી.

પૃથ્વીરાજ સાતેય રાણીઓને સરખી રીતે સમય આપી રાજી રાખતો. રાણી જમ્ભાવતીની કૂખેથી તેને પુત્રીરત્ન પ્રાપ્ત થયું હતું. એ પુત્રીનું નામ પૃથ્વીરાજે ઉષાવતી પાડ્યું હતું. રૂપરૂપના અંબાર સમી પુત્રી ઉષાવતી લાડકોડથી ઊછરી રહી હતી. પૃથ્વીરાજ રાજદરબારનું કામકાજ સવારના સમયે પતાવતો. આખા રાજ્યમાંથી જાસૂસો દ્વારા આવતા સમાચાર મેળવી તે રાજ્યને વધુ ને વધુ સુદૃઢ બનાવવા લાગ્યો. વજીરો, પ્રધાનોની વાત સાંભળીને યોગ્ય બંદોબસ્ત ગોઠવવા લાગ્યો. પ્રજાની ફરિયાદો સાંભળીને ન્યાય કરી પ્રજાને સુખી રાખવા પ્રયત્ન કરતો. ગુનેગારોને સજા આપવામાં પૃથ્વીરાજ પાછીપાની કરતો નહોતો. ન્યાય અને શાંતિભર્યું શાસન ચાલી રહ્યું હતું. પૃથ્વીરાજની શક્તિ ખૂબ વધી જવાના કારણે કોઈ તેની સાથે લડવાની હિંમત ન કરી શકતું. આથી પૃથ્વીરાજને લડાઈઓમાંથી મુક્તિ મળી ગઈ હતી. આમ સારી રીતે રાજ્ય કારોબાર ચાલી રહ્યો હતો. જે જોઈને સૌનું મન હરખાતું-સુખ અને સમૃદ્ધિભર્યું શાસન પૃથ્વીરાજ ચલાવી રહ્યો હતો.

પુત્રી ઉષાવતી સમજણી થઈ હતી. તે પોતાની સહેલીઓ સાથે આખો દિવસ હરવા ફરવા-બાગ બગીચાઓમાં રમવા અને અભ્યાસમાં



વિતાવતી હતી. ઉષાવતીની દશ-પંદર સહેલીઓ કાયમ તેની સાથે રહેતી. આમ સુખેથી સૌ જીવન વ્યતીત કરી રહ્યાં હતાં. કોઈ જાતની કમી નહોતી. ભારતની ભૂમિ એવી પવિત્ર અને ઉપજાઉ છે કે જેઓ ભૂમિને પ્રણામ કરે છે, ભૂમિ તેને ખોબલે ખોબલે, અન્ન અને ધન આપે છે, ફળફૂલ આપે છે. સુંદર સ્વચ્છ હવા અને પાણી આપે છે. માનવીને આખરે જોઈએ શું ? આટલું મળતાં સૌ સુખનો અનુભવ કરતા હતા.

પૃથ્વીરાજનો રાજમહેલ યમુના નદીના કિનારાથી થોડે દૂર જ હતો. યમુના નદીના કિનારાના ભાગે બાગ-બગીચાઓ હતા. એક બગીચો તો રાજાનો અંગત બગીચો હતો. જેમાં ભાતભાતનાં ફૂલો ખીલેલાં હતાં. શીતળ પવનની લહેરખીઓથી ઝાડ-છોડનાં પાંદડાં ઝૂમી રહ્યાં હતાં. ચમેલી, ગુલાબ, મોગરા, ચમ્પા જૂઈ અને મોતીયાનાં ફૂલોની મહેક બગીચાની બહાર દૂર દૂર સુધી પ્રસરી જતી હતી. દાડમ, કેરી, લીચી અને અંગૂરનાં ઝાડ પર લચી પડેલાં ફળો વાતાવરણમાં મીઠી મહેક પ્રસરાવી રહ્યાં હતાં. બગીચાની વચ્ચે બે-ચાર જગ્યાએ આરામ કરવા-બેસવા માટે આરસપહાણના મંડપ બંધાયેલા હતા. જેના પર ફૂલોની વેલો ચડાવવામાં આવી હતી. જેનાથી ભર બપોરે પણ મીઠી સુગંધ ભરી હવાની ઠંડી લહેરખીઓ વાતી રહેતી. રાજકુમારી ઉષાવતીને આ બગીચો ખૂબ ગમતો. તે ઘણોખરો સમય પોતાની સહેલીઓ સાથે આ બગીચામાં જ વિતાવતી. પૃથ્વીરાજની સાતેય રાણીઓ પણ બગીચામાં આનંદપ્રમોદ કરતી. બસ આમ સુખભર્યું જીવન પસાર થઈ રહ્યું હતું. પૃથ્વીરાજ પણ પોતાનું જીવન ધન્ય ધન્ય માનતો. અને સૌને ખુશ રાખવા પ્રયત્ન કરતો.

આજે દિલ્હીનો જે નિગમબોધ વિસ્તાર છે. યમુના નદીના તટ પર પાકોઘાટ બંધાયેલો છે. દિલ્હીનું સૌથી મોટું સ્મશાન છે. બાજુમાં કુતુબમિનારનો લોખંડ જેવો સ્થંભ આકાશ તરફ ઊંચો રહીને સહેલાણીઓને

આકર્ષે છે. તેની આજુબાજુ દૂર દૂર સુધી ખંડિયેર સમાં મકાનો અને ઈંટો, પથ્થર અને માટીના ઢગ દેખાય છે. ત્યાં આજથી એક હજાર વર્ષ પહેલાં દિલ્હી શહેર વસેલું હતું. યમુના નદીના તટની નજીક જ રાજમહેલ હતો. મહેલનું વિશાળ પ્રાંગણ અતિ શોભનીય અને આલ્હાદક વાતાવરણ ખડું કરી રહ્યું હતું. પ્રધાનો-વજીરોના મહેલ અને હવેલીઓ પણ એ વિસ્તારમાં જ હતા. શાહુકારો, અને પ્રતિષ્ઠિત લોકોના મહેલ જેવાં રહેઠાણ મકાનો ત્યાં હતાં. ઊંચાં ઊંચાં મકાનો અને એમાં રહેતા વગદાર અને પૈસાપાત્ર માનવીઓનાં કલશોરથી ત્યાંનું વાતાવરણ સ્વર્ગીય બની જતું-જણાતું હતું. પૃથ્વીરાજ પણ પોતાની સાત રાણીઓ સાથે ત્યાં જ મહેલમાં રહેતો. રાજદરબાર પણ એ જ વિસ્તારમાં ભરાતો. લોકોની અવરજવરથી એ વિસ્તાર ધમધમતો રહેતો. પણ આજે એ વિસ્તાર ઉજ્જડ બની ગયો છે. સ્મશાનભૂમિના કારણે આજુબાજુ વસવાટ નથી રહ્યો. રાજનેતાઓની સમાધિઓ જોવા દેશદેશાવરથી રાજનેતાઓ આવે છે એટલું જ ! કુતુબમિનાર જોવા આવતા સહેલાણીઓ જ માત્ર એ સ્થળને હર્યુંભર્યું બનાવે છે. નહિતર નિગમબોધ વિસ્તારમાં જવા કોઈ પણ તૈયાર ન થાય એવી સ્થિતિ હવે થઈ ગઈ છે. જ્યારે એક હજાર વર્ષ પહેલાંનો નિગમબોધ વિસ્તાર દિલ્હી શહેરના હાર્દસમો વિસ્તાર હતો. અને એ વિસ્તારને વધુ ને વધુ સુંદરતા બક્ષી રહ્યો હતો, મહારાજા પૃથ્વીરાજ ચૌહાણનો મહેલ, અને પૃથ્વીરાજ ચૌહાણે રાજકુમારી ઉષાવતી માટે બનાવડાવેલો સાત માળનો ''યમુનાસ્તંભ !''

## ખજાનો મળ્યો

મહારાજા પૃથ્વીરાજ ચૌહાણે પોતાની પુત્રી ઉષાવતી માટે, નિગમબોધ વિસ્તારમાં, એ સમયે જ્યાં શાહી મહેલ હતો તેની નજીક સાત માળ ઊંચો સ્તંભ બનાવડાવ્યો હતો. પૃથ્વીરાજે ઉષાવતી માટે આનંદપ્રમોદ



અને કુદરતી દૃશ્યોનું નિરીક્ષણ કરી શકે તે માટે સાત માળ ઊંચો એ ''યમુના સ્તંભ.'' બનાવી પુત્રી માટેનો તેમનો અતિપ્રેમ પ્રગટ કર્યો હતો. 'યમુના સ્તંભ'ના સાતમા માળે બેસીને તેમની પુત્રી ઉષાવતી ઠંડી હવાનો આનંદ માણી આખા દિલ્હી શહેર પર દૃષ્ટિપાત કરતી. યમુના નદીના નિર્મળ નીરને નીરખતી. દૂર દૂર સુધી યમુના નદીમાં તરતી હોડીઓ જોયા કરતી. પ્રકૃતિ સાથે તેનું સાંનિધ્ય વધતું રહ્યું. અને ઉષાવતી પોતાની સહેલીઓ સાથે યમુના સ્તંભ પર બેસીને સમગ્ર દિલ્હીનું દર્શન કરતી સમય પસાર કરતી હતી.

જોકે પાછળથી એ યમુના સ્તંભને દિલ્હીના મુસ્લિમ શાસક કુત્બુદ્દીને ઉપરનો થોડોક ભાગ તોડી પાડી તેને કુબાઓ જેવું રૂપ આપીને ઇસ્લામી સંસ્કૃતિનો ઓપ આપ્યો હતો અને તેનું નામ યમુના સ્તંભને બદલે 'કુતુબમિનાર' આપ્યું.

પોતાની વ્હાલસોઈ પુત્રી માટે પૃથ્વીરાજ માંગે તે હાજર કરવા તત્પર રહેતો. અને બીજી તરફ કનોજનો રાજા જયચંદ પોતાની પુત્રી સંયુક્તા માટે એવા ઘાટ ઘડી રહ્યો હતો કે, એક કાંકરે ત્રણ, ચાર પક્ષી મરે ! વાસ્તવમાં વાત કંઈક જુદી જ હતી.

થોડા સમય પહેલાં જ્યારે જયચંદે જોયું કે, તેના નાના અનંગપાલે આખું દિલ્હી રાજ્ય પૃથ્વીરાજને આપી દીધું છે અને તેને કાંઈ પણ આપ્યું નથી. તેથી જયચંદ ગુસ્સે થયો હતો. તેને પૃથ્વીરાજ પ્રત્યે ઈર્ષ્યા અને બદલો લેવાની ભાવના જાગી હતી. પૃથ્વીરાજ રંગેચંગે દિલ્હીના સિંહાસન પર આસીન થઈ ચૂક્યો હતો. એ જોઈને જયચંદે દિલ્હી નહીં તો અજમેર રાજ્ય પૃથ્વીરાજ પાસેથી આંચકી લેવા બે લાખ સૈનિકોને લઈને ચુપચાપ અજમેર પર હલ્લો કરવાની યોજના બનાવી લીધી. તે લાવલશ્કર સાથે કનોજથી નીકળીને અજમેર તરફ આગળ વધી રહ્યો હતો.

પૃથ્વીરાજના ગુપ્તચરોએ જ્યારે પૃથ્વીરાજને જયચંદના હુમલો





લઈ આવવાની વાત કહી ત્યારે પૃથ્વીરાજ એકદમ જયચંદ પર તપી ગયો. એણે વિચાર્યું કે, મારી દિલ્હીની તાકાત સામે જયચંદ પહોંચી વળી શકે તેમ નથી. આથી જ એ બાયલાએ અજમેર પર હલ્લો કરવાનું વિચાર્યું છે ! પૃથ્વીરાજે તુરત જ દિલ્હીનું કેટલુંક લશ્કર સાથે લઈ અને બાકીનું અજમેરનું લશ્કર એકઠું કરી અને ચિત્તોડના રાજા સમરસિંહને મદદે આવવાનું લખી જયચંદનો મુકાબલો કરવાનું પણ પોતાના સૈન્ય સાથે વિચાર્યું. એણે અજમેર સંદેશો મોકલીને લશ્કરને તૈયાર રહેવા અને જયચંદ સામે અજમેરથી નીકળીને આગળ આવવા જણાવ્યું, જેથી તેનું દિલ્હીનું લશ્કર પણ તેની સાથે જોડાઈને જયચંદનો મુકાબલો કરે એવી ગોઠવણ કરી. ગુપ્તચરોએ સમાચાર આપ્યા હતા કે, જયચંદ નાગોર સુધી પહોંચ્યો છે. તેનું લશ્કર થાકી ગયેલું હોવાથી તે કેટલોક સમય નાગોર આરામ કરી અને પછી અજમેર પર હલ્લો કરવા નીકળશે. પૃથ્વીરાજે જયચંદની બાજી પલ્ટી નાંખવા માટે ચિત્તોડ-અજમેર અને દિલ્હીના લશ્કરને ભેળવી દઈ સામેથી જ નાગોર જઈ જયચંદના લશ્કર પર હુમલો કરી દીધો. જયચંદે આવી કલ્પના પણ કરી નહોતી. તે તો એમ જ માનતો હતો કે, દિલ્હી બેઠેલો પૃથ્વીરાજ ઊંઘતો રહેશે અને હું અજમેર પર આધિપત્ય જમાવી દઈશ. પરંતુ બન્યું ઊલટું ! જયચંદનું લશ્કર હંમેશાં લડાઈઓમાં વ્યસ્ત રહેતું હોવાથી થાકેલું હતું. આથી નાગોર કેટલાક દિવસો આરામ કરવાનું વિચાર્યું હતું. કારણ કે બે લાખ સૈનિકોને સંગઠિત રાખવા, લડવા માટે પ્રોત્સાહિત કરવા અને જીત મેળવવા સિપાહીઓનું મન જીતવું આવશ્યક બને છે. લડાઈમાં હાર કે જીત સિપાહીઓનાં મનોબળ પર આધાર રાખે છે. સિપાહીઓ થાકેલા હોય-નિરૂત્સાહી હોય તો લડાઈમાં કાંઈ જોહર બતાવી ન શકે. જોમથી લડવું હોય તો શરીર ચુસ્ત અને તંદુરસ્ત હોવું જરૂરી છે. મન હળવું અને પ્રફુલ્લિત તથા ઉત્સાહી હોવું જરૂરી છે. ઉત્સાહ

વિના શરીરમાં જોમ પ્રગટ ન થાય. પ્રફુલ્લતા વિના શરીરનાં અંગો કામ કરે નહીં. પરિણામે મોતના મોંમાં ધકેલાવું પડે. લડાઈ હારી જવાય. જયચંદ એ સમજતો હોવાથી તેણે સિપાહીઓને આરામ કરવાની વ્યવસ્થા કરી હતી. બે લાખ લડવૈયાઓ માટે સારા ભોજન અને સાધનોની સગવડ કરવામાં આવી હતી. કેટલાક ઘોડાઓ, હાથીઓ અને ઊંટો પર માત્ર સિપાહીઓના ખોરાકની સામગ્રી હતી. એ સામગ્રી ખલાસ થઈ જાય તો બીજી સામગ્રી ખરીદવા રોકડ નાણું પણ સામે લેવું પડે. આથી જયચંદે એક કરોડ સોનામહોરો પણ સાથે લીધી હતી. એ રોકડ નાણાંનું જોખમ ટાળવા જયચંદે નાગોરમાં ખાસ્સા દિવસો વિરામ માટે રોકાવાનું હોવાથી એક મોટો ખાડો ખોદાવી તેમાં સિત્તેર લાખ સોનામહોરો ભંડારી દીધી હતી. જ્યારે અહીંથી પડાવ આગળ ધપશે ત્યારે એ નાણું કાઢી લઈને સાથે લઈ જઈશું એવી જયચંદની ધારણા હતી. આ નાણું ભોંમાં ભંડારવાની વાત કેટલાક વિશ્વાસુ સરદારો જ જાણતા હતા. પરંતુ પૃથ્વીરાજના ગુપ્તચરોએ નાણું જમીનમાં ભંડારાયાનું જાણી લીધું. અને એ જગ્યા પણ જોઈ લીધી હતી. પૃથ્વીરાજ પાસે એ વાત રજૂ કરવામાં આવી તો પૃથ્વીરાજનું શેર લોહી વધી ગયું.

બેખબર જયચંદના લશ્કર પર પૃથ્વીરાજે નાગોર પહોંચીને હલ્લો કર્યો. જયચંદના સિપાહીઓ બિલકુલ બેખબર હતા. અસ્ત્રો-શસ્ત્રો જ્યાં ત્યાં મૂકી દીધાં હતાં. ઘોડા, હાથીઓ પણ ઘાસ ચરવા જંગલોમાં ભટકી રહ્યા હતા. આથી હાથી-ઘોડાઓ પણ હાથવગા ન રહ્યા હોવાથી અને અચાનક જ તૂટી પડેલું પૃથ્વીરાજનું લશ્કર જોઈ હેબતાઈ ગયેલું લશ્કર કપાઈ મર્યું. જયચંદ ફૂંફાડા મારવા માંડ્યો. તેની બેદરકારી તેને ભારે પડી ગઈ અને બેત્રણ દિવસના યુદ્ધમાં જ આંગળીને વેઢે ગણાય એટલા સરદાર અને સિપાહીઓ બચતાં જયચંદ નાગોરથી મેદાન છોડીને નાઠો. અને કનોજ આવીને



એ પોતાની મૂર્ખામી અને બેદરકારી પર અફસોસ કરતો રહ્યો. જમીનમાં દાટેલી સિત્તેર લાખ સોનામહોરો માટે તેના મનમાં એવો ભ્રમ હતો કે, પૃથ્વીરાજને એ ધન વિષે કશી ખબર નથી. માટે એ ધન ગમે ત્યારે પાછું કાઢી લઈશું. પણ લાખો સિપાહીઓ ગુમાવીને, પોતાનું નાક કપાવીને જયચંદ હીણપતનો માર્યો મહેલની બહાર જ નીકળતો નહોતો. એને લાગ્યું કે, હું લડાઈ હારીને આવ્યો છું. મને હારેલો જોઈને કનોજના લોકો અને ખાસ કરીને સ્ત્રીઓ શું કહેશે ? ‘‘જુઓ આ બાયલો લડાઈ હારીને જીવતો પાછો આવ્યો છે ! પોતાના સિપાહીઓની લાશો રણમેદાનમાં રઝળતી મૂકીને જયચંદ પાછો આવ્યો છે !’’ આવા વિચારોના કારણે જયચંદ મોઢું છુપાવીને મહેલમાં જ ભરાઈ રહેતો. રાજ્યસભામાં પણ આવતો નહીં. અને કોઈને મોઢું પણ બતાવી શકતો નહીં.

આ તરફ નાગોરના રણમેદાનમાં પૃથ્વીરાજે સાવ સરળતાથી લાખો સિપાહીઓની લાશો ઢાળી દીધી હતી. તેનો વિજય થયો હતો. તેણે તુરત જ કેટલાક સિપાહીઓને જયચંદે દાટેલી સોનામહોર કાઢવાનું કામ સોંપ્યું. સિત્તેર લાખ સોનામહોરો મળી આવતાં લશ્કર ખુશખુશાલ બની ગયું. સિપાહીઓ નાચવા લાગ્યા. પૃથ્વીરાજે સિત્તેર લાખ સોનામહોરો સામે જોયું અને પછી પોતાના સરદારો અને મિત્ર રાજાઓ, જેઓ તેમના ઈજનથી લશ્કર સહિત મદદે આવ્યા હતા તેમને એકઠા કર્યા.

પૃથ્વીરાજે જોયું કે, તેમનો પત્ર મળતાં જ ચિત્તોડના રાજા સમરસિંહ સૌથી પહેલાં મદદમાં આવી પહોંચ્યા હતા. અને એમના રાજપૂત સિપાહીઓએ રંગ રાખ્યો હતો. સૌથી વધુ લડાયક મિજાજ તેઓનો જ હતો. આથી એમણે સમરસિંહનો આભાર માનતાં કહ્યું કે, યુદ્ધમાં વિજય મળ્યો છે. એ આપ સૌના સહકારના કારણે જ ! ભલે જયચંદની અનેક ભૂલો હોય. પણ આપ સૌએ સમયસર

મદદ માટે આવીને જે કાર્ય કર્યું છે એથી જ આપણો વિજય શક્ય બન્યો છે. વિજય ઉપરાંત આપણને ઇનામ પણ મળ્યું છે. મૂર્ખ જયચંદ સિત્તેર લાખ સોનામહોરો જમીનમાં દાટીને એવું માનતો હતો કે, તે આ સોનામહોરો કાઢી લઈને પછી અજમેર પર ફતેહ મેળવશે. પરંતુ બન્યું એથી ઊલટું. ખુદ જીવ બચાવીને માંડ ભાગી શક્યો છે. અને આ સોનામહોરો આપણને ઇનામ આપતો ગયો છે. હું એમ ઇચ્છું છું કે આ સોનામહોરો દિલ્હી કે અજમેર રાજ્યને મળવાને બદલે આપણે મેળવેલા વિજયના ખાસ હક્કદારો લશ્કરના સરદારો અને સિપાહીઓને આ ઇનામ મળવું જોઈએ. હું રાજશ્રી સમરસિંહને જેઓ મારા મિત્ર છે. અને મદદે દોડી આવ્યા છે તેમને વિનંતી કરીશ કે, તેઓ સિત્તેરમાંથી પાંત્રીસ લાખ સોનામહોરો સ્વીકારે અને બાકીની પાંત્રીસ લાખ સોનામહોરો મારા લશ્કરના અદના સિપાહીઓને વહેંચી આપવા માંગું છું !

પૃથ્વીરાજની આ વાત સાંભળીને સમરસિંહે ઊભા થઈને કહ્યું – "મેં તો મારી દોસ્તીની ફરજ નિભાવી છે. હું કાંઈ ઇનામ માટે લડવા આવ્યો ન હતો. આથી પૃથ્વીરાજને મળી આવેલી સિત્તેર લાખ સોનામહોરોમાંથી હું એક પણ સોનામહોર સ્વીકારીશ નહીં. સોનામહોરોનું શું કરવું તે પૃથ્વીરાજે ખુદ નક્કી કરીને તેની વ્યવસ્થા કરવી."

પૃથ્વીરાજે સમરસિંહને સોનામહોરો સ્વીકારવા ખૂબ આગ્રહ કર્યો. પણ સમરસિંહ માન્યા નહીં. તેણે સોનામહોરો લીધી નહીં. આથી પૃથ્વીરાજે પાંત્રીસ લાખ સોનામહોરો પોતાના લશ્કરને સરખે ભાગે વહેંચી લેવાની વ્યવસ્થા કરી અને બાકીની પાંત્રીસ લાખ સોનામહોરો એણે અજમેર રાજ્યની પ્રજાના કલ્યાણ માટે વાપરવાનું નક્કી કર્યું. જેથી રાજ્યમાં અનેક કૂવાઓ બનાવવા, તળાવો બનાવવા અને અન્ય પ્રજાકીય કાર્યો કરવામાં આવે એવી ઇચ્છા એમણે દર્શાવી.



આમ પૃથ્વીરાજે ઉમદા શાસક હોવાની પોતાની છાપ ઉપસાવી. લશ્કરના સૈનિકો તો ગેલમાં આવી ગયા. આટલું મોટું ઇનામ એમને અગાઉ ક્યારેય મળ્યું નહોતું. શાસક પ્રજાના કલ્યાણની વાતો વિચારે અને એ માટે કાર્ય કરે એને જ સાચો શાસક માનવો જોઈએ. રણવાસમાં રંગરેલીયાં ખેલતા શાસકો પ્રજાનું મન જીતી શકતા નથી.

યુદ્ધમાં મળેલ પરાજય પછી જયચંદની મનોસ્થિતિ ડામાડોળ થઈ ગઈ હતી. વાતવાતમાં તે વિચલિત બની જતો. આખો દિવસ પૃથ્વીરાજ દિલ્હી અને અજમેર વિષે વિચાર્યા કરતો. તેને ધન ગુમાવવાનો એટલો અફસોસ નહોતો થયો, જેટલો અફસોસ તેને પરાજયથી થયો હતો. પરાજયના અપમાનથી તેનું હૃદય બળીને ખાખ થઈ ગયું હતું. એ બદનામી ધોઈ નાંખવા માટે તે અવનવા વિચારો કર્યા કરતો. આમ જયચંદની સ્થિતિ દયાજનક બની ગઈ હતી. જયચંદ ચિંતાતુર વદને મહેલમાં આસન પર બેઠો હતો. એટલામાં ત્યાં સૂરજસિંહ આવી પહોંચ્યો. સૂરજસિંહ જયચંદના લશ્કરનો એક સરદાર હતો. તે જલંધરના રાજાનો પુત્ર હતો. જલંધરના રાજાને પૃથ્વીરાજે મહંમદ ઘોરી સાથેની લડાઈ વખતે દેશદ્રોહી પ્રવૃત્તિમાં રત જોઈને તેને મૃત્યુદંડ આપ્યો હતો. પિતાના મૃત્યુથી સૂરજસિંહ પૃથ્વીરાજ પર છંછેડાયો હતો. અને તેનો બદલો લેવા માટે તેણે જયચંદનો આધાર લઈને બદલો લેવા ધાર્યું હતું. આથી તે જયચંદના લશ્કરમાં એક સામાન્ય સિપાહીની હેસિયતથી જોડાયો હતો. પરંતુ તે રાજવી પુત્ર હતો. ટૂંકાગાળામાં જ તેણે પોતાની હોશિયારી, તાકાત અને બુદ્ધિથી ઉત્તરોત્તર બઢતી મેળવીને તે સરદાર બન્યો હતો. અને નાગોરની લડાઈ વખતે જયચંદ સાથે રહીને પૃથ્વીરાજ સામે લડ્યો હતો. અને એ લડાઈ દરમિયાન એણે જયચંદને પોતાની બુદ્ધિ અને યુદ્ધકૌશલ્યનું પ્રમાણ આપ્યું હતું. નાગોરના યુદ્ધમાં એક સમયે જયચંદ દિલ્હીના પૃથ્વીરાજના લશ્કરની ટુકડી બીજી બાજુથી ચિત્તોડના સમરસિંહના લશ્કરની ટુકડી

વચ્ચે ઘેરાઈ ગયો હતો. ત્યારે સૂરજસિંહે આગળ આવીને જયચંદને ચેતવ્યા હતા કે, તમે ડાબી બાજુથી ખસી જઈને જમણી તરફના સૈનિકોથી છટકી જઈ પછી જમણી તરફ વળીને આગળ વધીને પૃથ્વીરાજ સામે જાઓ. પણ જયચંદે એ વાત માની નહોતી. અને થોડી જ ક્ષણોમાં જયચંદ ડાબી-જમણી અને પાછળની બાજુથી દુશ્મન સૈન્યના ઘેરાવમાં ફસાઈ ગયો હતો. સામે પૃથ્વીરાજની તલવાર વીજળીની પેઠે ઝબકારા મારી રહી હતી. જયચંદ ચારે તરફથી એવો ફસાઈ ગયો કે, પોતાની ટુકડીના સૈનિકોનાં માથાં જમીન પર પડતાં જતાં જોઈ જ રહ્યો. માંડ તે પોતાનો જીવ બચાવીને ત્યાંથી ભાગ્યો અને એ જ દિવસે યુદ્ધમાં તેનો પરાજય થતાં તે રણમેદાનમાંથી ભાગી છૂટ્યો હતો. સૂરજસિંહ તો યેનકેન પ્રકારે પૃથ્વીરાજ પાસેથી પોતાના બાપના મૃત્યુનો બદલો લેવા માંગતો હતો. એણેય રાજપૂતિ સિદ્ધાંતોનો ત્યાગ કરી જયચંદ પેઠે રણમાં પીઠ બતાવી અને કનોજ આવી પહોંચ્યો હતો. એ જ યુદ્ધમાં થયેલા પરાજયના કારણે જયચંદ અત્યારે પણ મોઢું છુપાવીને મહેલમાં ભરાયો હતો. સૂરજસિંહે જયચંદ નજીક આવતાં કહ્યું – મહારાજ ! થવાનું થઈ ગયું. યુદ્ધમાં જય-પરાજય બન્નેમાંથી કાંઈક તો મળે જ છે. પણ તમારી ભૂલના કારણે આ યુદ્ધમાં આપણે હાર્યા છીએ. આપને પુત્ર સંતાન નથી કે જેથી તમે તેના કાનમાં પૃથ્વીરાજ પાસેથી બદલો લેવાનો મંત્ર ફૂંકી શકો ? પૃથ્વીરાજ પાસેથી આ રીતે બદલો લઈ નહીં શકાય ! જ્યાં સુધી તમે પૃથ્વીરાજને હરાવ્યા નથી કે તેને મારી નાંખ્યા નથી ત્યાં સુધી તમે આવું વલણ દાખવશો તો ક્યારેય તમે જીતી નહીં શકો.''

જયચંદે કહ્યું – ''સેનાપતિ, પૃથ્વીરાજ મારો મસીયાઈ ભાઈ છે. મારાથી નાનો છે. તેને સાવ મફતમાં દિલ્હીનું રાજ્ય મળી ગયું છે. જેના પર મારો પ્રથમ હક્ક હતો તે હક્ક પૃથ્વીરાજે છીનવી લીધો છે. જેનું મને દુઃખ છે. ઈર્ષ્યા પણ થાય છે. એ ઈર્ષ્યાની



આગ મારા અંતરમાં ભડભડી રહી છે. આથી જ મેં લડાઈ કરી પણ તેમાંય મારા ભાગે પરાજય જ આવ્યો. મને લાગે છે કે, નસીબ પૃથ્વીરાજની તરફેણમાં છે. હવે ફરીથી યુદ્ધ કરીને પૃથ્વીરાજને હરાવવા મુશ્કેલ છે.''

આટલું સાંભળીને સૂરજસિંહે કહ્યું, ''રાઠોડ રાજા જયચંદ ! તમારી બીકથી આખું ઉત્તર ભારત થથરે છે. ત્યારે તમારી જીભે આટલા નિરાશાવાદી શબ્દો શોભતા નથી. નસીબ અને કિસ્મતના ખેલની વાત કાયરોના મોઢે જ શોભે. તમારા મોઢે એ શબ્દો શોભતા નથી.''

જયચંદે કહ્યું – ''આગ અને હવાની જેમ તકદીર અને તદબીર એકમેકની પૂરક જ હોય છે. જે રીતે જમીનમાંથી નીકળેલા પાણીથી નદી કે તળાવો છલકાતાં નથી. એના માટે વરસાદનું પાણી જોઈએ. એ જ રીતે માનવીનાં નસીબ અને કામ બન્ને એકમેકનાં પૂરક છે. માત્ર લડવાથી વિજય નથી મળતો. નસીબનો સાથ જરૂરી છે.''

સૂરજસિંહે નિરાશાથી કહ્યું – ''અગર તમે પૃથ્વીરાજ સાથે લડાઈ કરવા નથી માંગતા. અને તેની સાથે સુલેહ-સમાધાન કરવા માંગો છો તો હું મારી દુશ્મનીનો બદલો લેવા પૃથ્વીરાજ સામે લડવા માટે નાછૂટકે અફઘાન સુલતાન મહંમદ ઘોરીને મળીશ અને મારો બદલો લેવા પ્રયત્ન કરીશ.''

એ સમયે અચાનક જ જયચંદના કાકા રાયમલજી ત્યાં આવી પહોંચ્યા. એમણે સેનાપતિના શબ્દો સાંભળીને કહ્યું – ''સેનાપતિ ! તમે હમણાં જે કાંઈ કહ્યું એ વાજબી નથી. એ તમને નથી શોભતું. પોતાની વ્યક્તિગત દુશ્મનીનું વેર વાળવા તમે આવાં નીચ કામ માટે તૈયાર થયા છો ? અને માતૃભૂમિની આઝાદી અને અખંડતાને તીતરભીતર કરવા માંગો છો ? શું તમે પઠાણોને બોલાવીને આ દેશનું સત્યાનાશ વાળવા માંગો છો ? આ તમને શોભતું નથી !''

વચ્ચે જ જયચંદે કહ્યું – ''તો કાકા ! તમે જ કહો. શું કરવું જોઈએ ? યુદ્ધમાં મળેલ પરાજયથી હું દિવસ-રાત નીંદર નથી કરી શકતો. મારું હૃદય જાણે આગમાં બળતું હોય તેમ લાગે છે.''

કાકા રાયમલે કહ્યું – ''મારું તો માનવું છે કે, યુદ્ધમાં તું પહેલી જ વખત હાર્યો છે. એટલે તને એનું દુઃખ અસહ્ય લાગે છે. તું પરેશાન થયો છે. દુઃખી છે. પણ જયચંદ ! તેં મારી વાત માનવાને બદલે ગૃહયુદ્ધના ચક્કરમાં ફસાયો અને યુદ્ધ છેડી બેઠો. શું પરિણામ આવ્યું ? તારી કારણ વગરની બદનામી થઈ. લાખો સિપાહીઓનાં મોત થયાં. કરોડોનો ખર્ચ થયો. ઇજ્જત ગઈ એ નફામાં ! ખેર ! થવાનું થઈ ગયું. હવે બધા ક્ષત્રિયો મળીને સંપીને એક થઈ જાઓ. મેળમેળાપ કરો. તું પૃથ્વીરાજને જઈને મળ. એ ક્ષત્રિઓનો સરતાજ છે. અને એ રીતે ભારતના ટુકડા થતા અટકાવ. પારકા પઠાણોની ગુલામીથી ભારતને બચાવ.''

જયચંદે આશ્ચર્યથી કહ્યું – ''પણ કાકા ! મને સમજાતું નથી કે તમે કોને પારકા કહો છો ? અને તમને કોનો ડર છે ?''

રાયમલે કહ્યું – ''જયચંદ ! શું યુનાનના સિપાહીઓ હિન્દુસ્તાનને લૂંટવા ન હતા આવ્યા ? કાસિમ શાહે ચડાઈ નહોતી કરી ? સોમનાથ મંદિરને ખંડિત કરી લૂંટ ચલાવનાર અને અનેક હિન્દુઓને મારનારને તું ભૂલી ગયો ? અત્યારે મહંમદ ઘોરી કંધારના તખ્ત પર કબ્જો જમાવીને બેઠો છે અને હિન્દુસ્તાનને પોતાના કબ્જામાં લેવા તત્પર બેઠો છે. અને દરેક પ્રકારની તૈયારીઓ કરે છે. એને તો તક અને બહાનાની જ જરૂરત છે. આ તો સારું છે કે મુખ્ય દ્વારનું રક્ષણ કરવા માટે પૃથ્વીરાજ જેવો બહાદુર રાજપૂત બેઠો છે. તેની ધાક અને બીકના કારણે કોઈ હિન્દુસ્તાન સામે જોઈ શકતું નથી. હુમલો કરવાની હિંમત કરી શકતું નથી. અગર તમે લોકો અંદરઅંદરની લડાઈઓમાં ગૂંચવાઈ જશો, એકતાની સાંકળ તોડી નાંખશો તો



ચોક્કસપણે હિન્દુસ્તાનની શાન-બાન અને આન દુશ્મનો રગદોળી નાંખશે. તમે લોકો હાથે કરીને તમારા ઘરને દીવાસળી ચાંપવા બેઠા છો. આ રીતે તો હિન્દુસ્તાનની સુખસમૃદ્ધિ અને શાંતિનો વિલય થશે. વિનાશ થશે. પછી તો તમારા હાથમાં કંઈ નહીં આવે – '' આટલી સલાહ આપીને રાયમલ ત્યાંથી વિદાય થયા. પણ જયચંદ અને સૂરજસિંહ હજુ પણ પૃથ્વીરાજ સામે હૈયાવરાળ કાઢી રહ્યા હતા. અને એની સાથે લડીને તેને મ્હાત કરવા અથવા મૃત્યુનો ભોગ બનાવવાની યોજનાઓ વિચારતા રહ્યા.

થોડા દિવસો બાદ રાજા જયચંદને એક નવી વાત સ્ફુરી ! એને પોતાની પુત્રી સંયુક્તાને હથિયાર બનાવીને તેનો સ્વયંવર રચી અનેક રાજાઓ રાજકુમારોને આમંત્રીને પછી પૃથ્વીરાજ સામે તેઓનો સહકાર મેળવવાની એ યોજના હતી. પણ એ કામ કાંઈ સરળ નહોતું.

એક કાંકરે બે-ચાર પક્ષી મારવાની જયચંદની આ યોજના વિચિત્ર અને ગૂંચવણભરી હતી.

જયચંદને પોતાની શક્તિનું અભિમાન હતું. આથી એણે વિચાર્યું કે, પુત્રી સંયુક્તા હવે સોળ વર્ષની થઈ છે. તેનો સ્વયંવર યોજીને તેનાં લગ્ન આટોપીએ. સાથે સાથે જે જે રાજાઓ, રાજકુમારો નિમંત્રણ મળતાં અહીં આવે એની સાથે મસલત કરીને-સમજાવી બુઝાવી સહયોગી બનાવીને પૃથ્વીરાજને સંયુક્ત રીતે ભીડાવીએ તો કદાચ લડાઈમાં જીતી જવાય ! ધારો કે નિમંત્રિત રાજાઓ કે રાજકુમારોમાંથી અમુકનો જ સહયોગ મળે તોય આપણી શક્તિમાં ઉમેરો થાય. જયચંદની બીજી યોજના એવી પણ હતી કે, મહાભારતકાળમાં રાજસૂય યજ્ઞ થતા હતા. તેમ હું પણ રાજસૂય યજ્ઞનું આયોજન કરું તો આ યજ્ઞમાં જે જે રાજાઓ આવે તે કનોજના તાબે થઈ જાય. હું ચક્રવર્તી રાજા બની જાઉં. મહારાજા બની જાઉં. બીજી તરફ જે રાજાના

ગળામાં સંયુક્તા વરમાળા પહેરાવે એ રાજા કે રાજકુમાર તો મારા જમાઈ બનવાની સાથે જ મને સહકાર આપવા તૈયાર થઈ જ જાય. આમ વિચારીને જયચંદે જાહેરાત કરી કે, કનોજમાં રાજસૂય યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. એની સાથે રાજકુમારી સંયુક્તાનો સ્વયંવર પણ યોજાશે.

જયચંદની આ જાહેરાતમાં કેટલાક જીહજૂરિયા પ્રધાનોએ તો હામાં હા મેળવી પણ એક વજીરે વિનંતી કરી કે, ''મહારાજ ! હું માનું છું કે તમારો વિચાર ઉત્તમ છે. પણ તમને તો ખબર છે જ કે રાજસૂય યજ્ઞ એવા રાજા જ કરી શકે કે, જેઓ સર્વથી શ્રેષ્ઠ બળવાન અને મહાન પ્રતાપી હોય ! પરાક્રમી હોય. કારણ કે અન્ય બધા રાજાઓ જે આ રાજસૂય યજ્ઞમાં હાજરી આપે એણે તમારા તાબે થવાનું માન્ય રાખ્યું છે એમ ગણાય. અને ત્યારબાદ તમોને ''ચક્રવર્તી'' રાજા કહેવામાં આવશે. તમે તો જાણો છો કે રાજા યુધિષ્ઠિર પછી રાજસૂય યજ્ઞ કરવાની હિંમત હજુ સુધી કોઈ રાજા કરી શક્યો નથી. તમે રાજસૂય યજ્ઞ કરો એ સૌને માન્ય હોવું જોઈએને ? મને લાગે છે કે મેવાડના રાણા સમરસિંહ અને રાજા પૃથ્વીરાજ પણ આ યજ્ઞમાં સામેલ થશે નહીં. તમારા નજીકનાં સગાંસંબંધી-કુટુમ્બીઓ જ જો યજ્ઞમાં હાજર ન રહે તો યજ્ઞનો કોઈ હેતુ રહેતો નથી. અન્ય રાજાઓ પર એની કેવી અસર થશે ? એ વિષે તમે કાંઈ વિચાર્યું છે ?''

જયચંદે વજીરની વાત સાંભળી ગુસ્સે થતાં કહ્યું – ''આવે કે ન આવે ! એની પરવા નથી. આપણે એમને નિમંત્રણ મોકલી દઈશું. તેઓ આવે તો જ આપણો યજ્ઞ સફળ રહે એવું નથી. તમે બધા રાજાઓને નિમંત્રણ મોકલી આપો કે સૌ સમયસર આવીને હાજર થાય. અને રાજકુમારીના સ્વયંવરમાં સામેલ થાય.

પૃથ્વીરાજ અને સમરસિંહને પણ નિમંત્રણ મોકલવાનું. અગર



તેઓ નહીં આવે તો પછી એની યોગ્ય વ્યવસ્થા કરીશું. દરબારમાં બંનેનાં પૂતળાં બનાવીને મૂકવામાં આવશે. પૃથ્વીરાજને દ્વારપાલના સ્થાને અને સમરસિંહને વાસણ માંજવાની જગ્યાએ સ્થાપિત કરીશું.''

રાજા જયચંદની આવી વાત સાંભળીને વજીર મનમાં હસ્યા. પણ બહાર કાંઈ દેખાવા ન દીધું. જયચંદની આવી હીન પ્રવૃત્તિ રાજ્યમાં અનેક લોકોને ગમી નહોતી. પણ રાજાને કોણ કહે કે, તારું મોઢું ગંધાય છે ? આમ જયચંદ રાજસૂય યજ્ઞની તૈયારીમાં પડી ગયો અને સાથે સાથે રાજકુમારી સંયુક્તાના સ્વયંવરની તૈયારીઓ કરવા લાગ્યો. આ વાતની જાણ રાજકુમારી સંયુક્તાને થઈ ત્યારે એનું મન મૂંઝવણમાં મુકાઈ ગયું. તે સમજી ન શકી કે તેણે હવે શું કરવું જોઈએ ?

એના મનમાં અવનવા વિચારો આવતા હતા. અને પછી વિલીન થઈ જતા હતા. તેના લગ્નનો સ્વયંવર યોજાઈ રહ્યો છે. ત્યારે તેના મનમાં ખુશીઓ અને ઉમંગો હોવા જોઈએ તેને બદલે એ વિચારસાગરમાં ડૂબકીઓ લગાવી રહી હતી. જે કાર્ય સ્વાર્થવશ કરવામાં આવતું હોય તેમાં આનંદ અને લાગણીઓ, ખુશી અને ભાવનાઓનો લોપ થઈ જાય એ કુદરતી નિયમ છે જ. સંયુક્તા સમજતી હતી કે, તેના પિતા રાજસૂય યજ્ઞના બહાને પોતાની નાગોર યુદ્ધની હાર અને પરાજયને ઢાંકવા માંગતા હતા. પોતાની ખોટી નીતિઓને પંપાળવા માંગતા હતા અને સ્વયંવર રચીને તેઓ પોતાની ગુમાવેલી આબરૂ બચાવવા માંગતા હતા. આમ સ્વાર્થની ગંધ સંયુક્તાને અકળાવી રહી હતી. જ્યારે જયચંદ પોતાના હવાઈ કિલ્લાઓમાં રચ્યોપચ્યો રહેતો હતો. તે માનતો હતો કે, કોઈ પણ રીતે પૃથ્વીરાજને ઝુકાવવા હરાવવા અને એની પાસેથી રાજ્ય છીનવી લેવું. પણ એ સરળ નહોતું. મુશ્કેલ હતું. મુશ્કેલ જ નહીં, અસંભવ હતું. જયચંદની શક્તિ પૃથ્વીરાજની શક્તિ સામે નગણ્ય હતી.

એ સમયના રાજા-મહારાજાઓના નિયમો પ્રમાણે સંયુક્તાનો સ્વયંવર રચાયો હતો. જેથી સંયુક્તા પોતાની ઇચ્છા પ્રમાણે મરજીથી પોતાનો વર પસંદ કરી શકે. તે પોતાના પિતા જયચંદની લાડકી પુત્રી હતી. જયચંદે તેને લાડકોડથી ઉછેરી હતી. આથી લગ્નમાં ધામધૂમ અને ખુશીઓ થવી જોઈએ એમ તે ઇચ્છતો હતો. પણ સ્વયંવરની થઈ રહેલી તૈયારીઓ દરમિયાન સંયુક્તાની જે મનઃસ્થિતિ હતી તેની જાણ તેને નહોતી. સંયુક્તા કાંઈક અલગ વિચારી રહી હતી. તેની ઇચ્છાઓ અલગ હતી. અને જયચંદ પોતાની ઇચ્છાઓ પ્રમાણે વર્તી રહ્યો હતો. એમાં દ્વિધા ઉત્પન્ન થઈ હતી. સંયુક્તા ગૂંચવાઈ જતી હતી. એણે એક દિવસ પોતાની સહેલીઓ સમક્ષ વાત કરી કે, ‘‘આજે હું એક વીરાંગનાના વેષમાં ઇજ્જત અને શ્રદ્ધા સહિત ભારતમાતાના વીર પુરુષોની છબીઓ સમક્ષ પૂજા કરવા માંગું છું. એ દિવસે સંયુક્તાનો જન્મદિવસ પણ હતો. સંયુક્તાના જન્મદિવસે દર વર્ષે ખૂબ આનંદોલ્લાસથી ગીત-સંગીત અને નૃત્યની મહેફિલો જામતી પણ આ વર્ષે એવી કોઈ ગોઠવણ થઈ ન હતી. આથી તે રાજમહેલમાંના પોતાના ઓરડામાં આ પ્રકારની વીર યોદ્ધાઓની છબી સામે પૂજાઅર્ચના કરવા માંગતી હતી. જેથી તેને પ્રેરણા મળે. તેનામાં બળ અને શક્તિનું સીંચન થાય અને તે સ્વયંવરમાં યોગ્ય વરની પસંદગી કરી શકે. તેની સહેલીઓ સમજી ગઈ કે સંયુક્તા હવે લગ્નાતુર બની છે અને પોતાના માટે બહાદુર અને વીરપુરુષની કામનાઓ કરે છે. આથી જ કદાચ તેણીએ વીરપુરુષોની પૂજાનો આ ઢોંગ રચ્યો છે. સંયુક્તાના મનમાં શું ચાલી રહ્યું છે તે તો તેની સહેલીઓ સમજતી ન હતી. પણ પોતપોતાની યોગ્યતા અને વિચારો પ્રમાણે સૌએ અનુમાન કરી લીધાં. અને સંયુક્તાને ખુશ રાખવા તેની દરેક વાતમાં સહકાર આપવા લાગી. સહેલીઓ હવે તેની મીઠી મજાક પણ કરી લેતી હતી. જેના કારણે સંયુક્તા ઘડીભર



શરમાઈ જતી. પણ પછી સહેલીઓને બોલતી અટકાવીને પોતાના કાર્યમાં લાગી જતી.

## સંયુક્તાહરણ

દુનિયાનો ઇતિહાસ કરવટ બદલતો રહે છે. સમાજમાં, શાસનમાં, શાસકોની સ્થિતિ પરિસ્થિતિમાં, સમય અને વાતાવરણમાં પરિવર્તન આવતું રહે છે. દુનિયામાં અનેક પ્રકારના લોકો રહે છે. અનેક કોમો, અનેક સમ્પ્રદાય, અને ધર્મો, માન્યતાઓ છે. કોઈ માનવસમૂહ શિક્ષણ અને બુદ્ધિમાં આગળ હોય છે. કોઈ હુન્નર, વેપારમાં પાવરધા હોય છે. કોઈ કોમ કળા અને સભ્યતામાં શ્રેષ્ઠ હોય છે. તો કોઈ શૂરવીરતા અને બાહુબળ તથા સિદ્ધાંતોમાં સર્વશ્રેષ્ઠ હોય છે. કેટલાક મુસ્લિમ શાસકોની ધર્માંધતાએ ઇતિહાસનાં અનેક પાનાંઓ રોકી લીધાં છે. તો કોઈ કોમની શૂરવીરતાએ પોતાનું સ્થાન ઇતિહાસમાં મેળવ્યું છે.

હિન્દુસ્તાનની રાજપૂત કોમ એવી રહી છે કે, જે શૂરવીરતાની સાથે સત્ય અને સિદ્ધાંતને વળગી રહીને ઇતિહાસનાં પાનાંઓ પર સુવર્ણ અક્ષરે અંકિત થયેલ છે. યુદ્ધમાં કે શાસનમાં, જાસૂસી દગાબાજી, વિશ્વાસઘાત કે ચોરી – આંખ આડા કાન કરવા કે જાણીબૂજીને કોઈને હણી નાંખવા જેવાં કૃત્યો તો થતાં જ રહે છે. રાજપૂત રાજાઓ આ બધી બાબતોથી હંમેશાં અળગા રહ્યા છે. તેઓ પોતાના ધર્મ અને સિદ્ધાંતો પર અડગ રહીને શાસન કરતા રહ્યા હતા. તેમના સિદ્ધાંતો પણ કેવા ? હથિયાર વગરનાં કે બેખબર દુશ્મન સાથે લડવું નહીં. સ્ત્રીજાતિને સ્પર્શ પણ ન કરવો કે મારવું નહીં. લડાઈમાં પણ ધર્મ અને સત્યપૂર્વક જ વર્તવું. દરેક પરિસ્થિતિમાં આપેલું વચન પાળવું. આવા આકરા નિયમો રાજપૂત સિવાય અન્ય કોઈ કોમ પાળી નથી શકી.

પૃથ્વીરાજ રાજપૂત રાજા હતો. બલ્કે રાજપૂતોનો સરતાજ રાજા હતો. શ્રેષ્ઠ રાજવી હતો. ફરજ અને વચન માટે પોતાનો જીવ આપવો પડે તો આપવા તૈયાર રહે તેવો નિષ્ઠાવાન અને બહાદુર હતો.

દિલ્હીનું શાસન સંભાળતાં જ તેને અનેક પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો. ઘર આંગણે કોઈ દુશ્મન તેની સાથે લડવાનું વિચારી પણ નહોતો શકતો. તો અફઘાન પઠાણ મહંમદ ઘોરીની દાઢ હિન્દુસ્તાનની સમૃદ્ધિ જોઈને સળકી અને હિન્દુસ્તાન પર હુમલો કર્યો. પણ પૃથ્વીરાજે તેને દિલ્હી સુધી પહોંચવા જ ન દીધો. પેશાવરમાં જ મહંમદ ઘોરીને હરાવીને તેણે વિજય પ્રાપ્ત કર્યો. જ્યારે મહંમદ ઘોરીને પકડીને પૃથ્વીરાજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે મહંમદ ઘોરી તેના પગમાં પડી ગયો. ભૂલ થઈ ગઈ, માફ કરોની તેની યાચના પૃથ્વીરાજે સાંભળી ત્યારે વિશાળ હૃદય રાખીને એણે દુશ્મનને પણ માફ કરી દઈ છોડી મૂક્યો. આને કહેવાય રાજપૂતી શાન ! રાજપૂતી ઉદારતા ! મહંમદ ઘોરીને છોડી મુકાયો.

ટૂંક સમયમાં જ મહંમદ ઘોરીએ બીજીવાર આક્રમણ કર્યું. પણ પૃથ્વીરાજની શક્તિ એટલી વિશાળ હતી કે મહંમદ ઘોરીને હસતાં રમતાં પૃથ્વીરાજે હરાવી દીધો. બીજીવાર પણ મહંમદ ઘોરીએ માફી માંગી ત્યારે પૃથ્વીરાજે ઉદારતા દર્શાવીને તેને મુક્ત કરી દીધો. આમ બે, ત્રણ, પાંચ અને દશ-દશ વખત મહંમદ ઘોરીએ આક્રમણ કર્યું અને પૃથ્વીરાજે દશ વખત મહંમદ ઘોરીને છોડી દીધો. પૃથ્વીરાજ મહંમદ ઘોરીને મગતરું માનતો હતો. મહંમદ ઘોરી પૃથ્વીરાજને મૂર્ખ સમજતો હતો. અને વારંવાર આક્રમણ કરીને તે હિન્દુસ્તાનને જીતી લેવા પ્રયત્ન કરતો હતો. પણ પૃથ્વીરાજ આગળ તે હારી જતો. હાર્યા પછી માફી માંગીને છૂટી જતો. પરંતુ પૃથ્વીરાજની ઉદારતા રાજપૂતિ આન, બાન અને શાનના કારણે હતી.

પૃથ્વીરાજે જયચંદને નાગોરની લડાઈમાં ભયંકર હાર આપી



હતી. જયચંદની ઇજ્જત આબરૂના કાંકરા વેરી દીધા હતા. ઉપરથી તેનું દાટેલું ધન પણ તેણે મેળવ્યું હતું. જયચંદ પૃથ્વીરાજનાં એ કારમા ઘાને ભૂલી ન હતો શક્યો. ઊલટાનું એણે બે વર્ષે કળ વળતાં નવું કૌતુકભર્યું નાટક રચ્યું. પુત્રી સંયુક્તાનો સ્વયંવર, અને રાજસૂય યજ્ઞ. તેને ખબર હતી કે તે રાજસૂય યજ્ઞ કરવાને પાત્ર નથી. પણ હારેલો જુગારી બમણું રમે એ પ્રમાણે જયચંદે દ્વેષ અને ઈર્ષ્યાના કારણે આવું ચેટક કર્યું હતું. પૃથ્વીરાજ જયચંદ કરતાં મોટો રાજા હતો. એ કાંઈ જયચંદને મહાન રાજાનાં સ્વરૂપમાં સ્વીકાર ન કરે. અને સમરસિંહ પૃથ્વીરાજનો ગાઢ મિત્ર હોવાથી તે નિમંત્રણ હોવા છતાંય આવે નહીં. એ જયચંદ સમજતો હતો છતાં તેણે સ્વયંવર અને રાજસૂય યજ્ઞનનું આયોજન કર્યું. કેટલાંક નાનાં નાનાં રજવાડાંના શાસકો સ્વયંવરમાં આવવાના હતા. એ સમયે રજવાડાંઓની સંખ્યા ઘણી હોવાથી અનેક રાજાઓ અને રાજકુમારો સ્વયંવર અને રાજસૂય યજ્ઞમાં પધારવાના હતા. એને પોતાની સફળતા માનીને જયચંદ વિહરતો હતો.

પરંતુ સંયુક્તાની પરિસ્થિતિ વિચિત્ર બની ગઈ હતી. આબુ પર્વત પરની કોટેશ્વર મહાદેવની યાત્રા દરમિયાન એની મુલાકાત પૃથ્વીરાજ સાથે થઈ હતી. ત્યારથી તેણે મનમાં જ પૃથ્વીરાજને પતિ તરીકે સ્થાપિત કરી દીધા હતા. પૃથ્વીરાજ પણ સંયુક્તા તરફ આકર્ષાયો હતો. સંયુક્તા હવે અન્ય કોઈના ગળામાં વરમાળા કેવી રીતે પહેરાવે ? એક ભવમાં બે પતિ કેમ કરવા ? એવું સંયુક્તા વિચારી રહી હતી. કારણ કે તેને જાણવા મળ્યું હતું કે તેના પિતા જયચંદે પૃથ્વીરાજને નિમંત્રણ મોકલ્યું હોવા છતાં પૃથ્વીરાજ સ્વયંવરમાં આવવાનો નથી.

આખરે તેને એક યુક્તિ સૂઝી આવી. એણે દૂત મોકલીને પૃથ્વીરાજને સંદેશો મોકલ્યો. એણે પત્રમાં લખ્યું હતું.

વીર શિરોમણિ-ક્ષત્રિય કુળના તિલક !
પૃથ્વીના સ્વામી પૃથ્વીરાજજી !!

દુઃખી અબળાની આપને એક ફરિયાદ છે. મારી દશા અને સ્થિતિ પર રહેમ કરીને મને જીવનદાન આપશો અને મને તમારા ચરણોમાં સ્થાન આપશો. હું અત્યારે ભયંકર દુઃખ સાગરમાં ડૂબકી ખાઈ રહી છું. મને તમારા સિવાય અન્ય કોઈ બચાવી નહીં શકે. હું જીવન અને મોતની વચ્ચે ઝોલાં ખાઈ રહી છું. મૃત્યુ તો મારા હાથમાં છે. જ્યારે પણ ઇચ્છું મૃત્યુ મેળવી શકું છું. પરંતુ જીવનદાતા તમે જ છો.

તમને ખબર હશે જ કે મારા પિતાએ રાજસૂય યજ્ઞનો ઇરાદો કર્યો છે. અને સાથે સાથે મુજ ભાગ્યહીનનું સ્વયંવર પણ થશે. મને ખાતરી છે કે તમે આ સ્વયંવરમાં કે રાજસૂય યજ્ઞમાં પધારવાના નથી. કારણ કે એનાથી તમારી આબરૂને લાંછન લાગે. અને મેં પણ નિર્ણય કર્યો છે કે મેં મારા હૃદય મંદિરમાં જે પૃથ્વીના સ્વામી પૃથ્વીરાજને સ્થાપિત કર્યા છે એમાં અન્ય કોઈને પ્રવેશવા નહીં દઉં. એટલે મારા ધર્મ અને પ્રાણોની જવાબદારી તમારા પર છે. મને જિવાડવા માંગો કે મારવા ઇચ્છો. એ તમારા હાથમાં છે. સ્વયંવર સુધી હું તમારી રાહ જોતી રહીશ... ત્યારબાદ હું મારા પ્રાણ ત્યાગી દઈશ.''

તમારી દાસી
સંયુક્તા.

પૃથ્વીરાજે પત્ર વાંચીને તુરત જ દૂતને જવાબ લખી આપ્યો. અને દૂતે આવીને સંયુક્તાને પૃથ્વીરાજનો પત્ર આપ્યો.

સંયુક્તા તરફડી રહી હતી. દૂતના પાછા આવવાથી તેને શાન્તિ થઈ. તેણે પત્ર ખોલીને વાંચ્યો. લખ્યું હતું...





વીરબાળા સંયુક્તા

તારો પ્રેમપત્ર લઈને દૂત મારી પાસે આવ્યો. જે માટે હું તારો આભાર માનું છું.

કનોજના રાજાનો સ્વયંવર અને રાજસૂય યજ્ઞનું આમંત્રણ મને મળ્યું છે. જેનો જવાબ મેં એ જ આપ્યો છે, જેવું અનુમાન તેં કર્યું છે. મને તારા પત્રે મારા પ્રેમ અને જવાબદારીઓમાં બાંધી દીધો છે. જે મંદિરનો મને પૂજારી તેં બનાવ્યો છે એની રક્ષા કરવાનો પરમધર્મ મારો બને છે. કોઈની મજાલ નથી કે આ પૂજારીની હાજરીમાં એ પવિત્ર મંદિરને ભ્રષ્ટ કરી શકે. ઈશ્વર પર ભરોસો રાખજે. સંકલ્પ પર દૃઢ રહેજે. અને સમયની પ્રતીક્ષા કરજે.

તારા પ્રેમને વશ

પૃથ્વીરાજ

પોતાની આકાંક્ષાઓને પૂર્ણ થતી જોઈને સંયુક્તા ખૂબ ખુશ થઈ અને પ્રભુનો પાડ માન્યો.

પ્રેમનો મારગ શૂરાઓનો મારગ છે. કાચા-પોચાઓનું એમાં કામ નહીં. પૃથ્વીરાજ સંયુક્તાના પ્રેમમાં હતો. એને જ્યાં ત્યાં સંયુક્તા જ દેખાતી હતી. ઊઠતાં બેસતાં હાલતાં ચાલતાં તેને સંયુક્તાના જ વિચારો આવતા હતા. ઉપરથી સંયુક્તાનો પત્ર મળતાં તે માત્ર સંયુક્તાને જ યાદ કરતો હતો. તે જાણતો હતો કે સ્વયંવરમાં જઈને સંયુક્તાને મેળવવી શક્ય નથી. જોકે સંયુક્તા તો વરમાળા લઈને તેના માટે તૈયાર જ ઊભી છે. પરંતુ અન્ય બાબતો એમ કરવાની સંમતિ આપતી ન હતી. તેણે સાંભળ્યું હતું કે સંયુક્તાની જન્મકુંડળીમાં સ્પષ્ટ લખ્યું છે કે, આ કન્યાના લગ્નમાં લોહીની નદીઓ વહેશે. અનેક યોદ્ધાઓનાં શીશ ધરતી પર ઢળી પડશે એવા યોગ છે. પણ સંયુક્તાને મેળવવી જ છે. એના વિનાનું જીવન દોહ્યલું બની જશે. તો હવે કરવું શું ? એણે કવિ ચંદને હાજર કરવાનો હુકમ



કર્યો. થોડી જ વારમાં કવિ ચંદ આવી ગયા. અને એણે હાથ જોડીને નમન કર્યાં.

પૃથ્વીરાજે કવિ ચંદને બેસાડ્યા અને સલાહ માંગી. ''કવિ, બતાવ, કઈ રીતે સંયુક્તાને પ્રાપ્ત કરવી ?''

કવિ ચંદે કહ્યું – ''જયચંદની શક્તિ અગાધ છે.''

''એની પરવા નથી. બોલો ક્યારે જવું છે ? હું સંયુક્તાને પામીશ નહીં ત્યાં સુધી મને ચેન નહીં પડે.''

''મહારાજ ! આગળ-પાછળ વિચારીને પછી જ આગળ વધજો.''

''મેં વિચારી લીધું છે. પરમ દિવસે જઈએ –''

''તો મહારાજ બહાદુરીને કોરાણે મૂકી વેશ બદલીને ચાલો. કોઈનેય એ વાતની ખબર ન પડવા દેશો. ચુનંદા સરદાર અને શૂરવીરોને સાથે લઈએ.''

''એ રીતે તો એ રીતે. પણ જવું જ છે. ચાલો તૈયારી કરો.''

''જેવી મહારાજની આજ્ઞા.'' કહીને ચંદ કવિએ વ્યવસ્થા કરવા વિદાય લીધી.

બ્રહ્મદેવ પરશુરામ ક્રોધી સ્વભાવના હતા. તેઓ જેના પર કોપાયમાન થાય તેનું મૃત્યુ અવશ્ય થાય, પરશુરામ ફરસી વીંઝીને તેને મોતની ગોદમાં સુવડાવી દેતા. એવી જ રીતે પૃથ્વીરાજના સગા કાકા કાન્હારાજ ચૌહાણ તો પરશુરામ કરતાંય આગળ વધીને કારણ અકારણ જેના પર તેની દૃષ્ટિ પડે તેને મારી નાંખ્યા વિના રહે નહીં. બળવાન અને શૂરવીર તો તેઓ હતા જ. તેની આંખમાંથી ક્રોધના તણખા ઝરતા જ રહેતા. જે કોઈની ઉપર તેની નજર પડી તેનું મોત ઘડીમાં જ થયું સમજો. તેની આંખોમાંથી મોતના તણખા ઝરતા રહેતા. આથી સૌએ એને સમજાવીને આંખો પર પટ્ટી બાંધવાની વિનંતી કરી હતી. કાન્હારાજે એ વાત માની લીધી હતી. તેઓ પોતાની આંખો પર રેશમી પટ્ટી રાત-દિવસ પહેરી રાખતા. ફક્ત રણમેદાનમાં

જ તેમની એ પટ્ટી ખૂલતી. પટ્ટી ખૂલતાંવેંત દુશ્મનો માટે સાક્ષાત મૃત્યુદેવ તેઓ બની જતા. કાન્હોરાજ પોતાની આંખો પર જે પટ્ટી બાંધી રાખતા તેના પર એંશી લાખ રૂપિયાના હીરા જડેલા હતા. ઝગમગ થતા હીરાઓવાળી પટ્ટીઓ તેઓ સદાય પહેરી રાખતા. ચંદ કવિએ જઈને તેમને પૃથ્વીરાજના હુકમની વાત કરી. અને તાત્કાલિક એકસો શૂરવીર સરદાર અને એક હજાર બહાદુર લડવૈયા સિપાહીઓને તૈયાર રહેવા કહેવામાં આવ્યું. અગિયાર સો બહાદુર અને બળવાન લડવૈયાઓ સાથે પૃથ્વીરાજ રાતના અંધકારમાં દિલ્હીથી કનોજ જવા નીકળ્યો. કોઈને કાનોકાન ખબર પણ ન પડી. કાન્હારાજ પવનવેગી ઘોડા પર બિરાજમાન થયા. આંખો પર પટ્ટી બાંધેલી હતી. અને ઘોડાઓ કનોજના માર્ગે દોડવા લાગ્યા. સૂર્યોદય થતાં તેઓ કનોજ આવી પહોંચ્યા. અગિયારસો ઘોડેસ્વારોનું નાનકડું લશ્કર સતર્કતાપૂર્વક સાવધાનીથી રાજમહેલની નજીકના મેદાનમાં લડવા માટે અને ખાસ તો સૌ સમજતા જ હતા કે જયચંદનું સૈન્ય તેમને જીવતા પાછા ફરવા નહીં દે. આથી મૃત્યુની તૈયારી સાથે ઊભા રહ્યા. ચંદ કવિએ કાન્હારાજને કાનમાં કહ્યું – ''મુરબ્બી હવે દુશ્મનના ઘરમાં આપણે પહોંચી ચૂક્યા છીએ. હવે તમારી આંખો પરની પટ્ટી દૂર કરો. નહીંતર અહીં લોકોને શંકા જશે. અને સંયુક્તાને લીધા વિના જ લડાઈ ચાલુ થઈ જાય તો નિર્ધારિત કાર્યમાં વિઘ્ન આવશે. હવે તો સામે દુશ્મનો જ છે. માટે પટ્ટી દૂર કરો.'' કાન્હારાજે પટ્ટી કાઢી નાંખી. પૃથ્વીરાજ અને ચંદ કવિ મહેલના પ્રાંગણમાં આવીને લપાઈને ઊભા રહ્યા. અને સ્વયંવરનું નિરીક્ષણ કરતા રહ્યા. ચંદ કવિએ પૃથ્વીરાજનું મુખ્ય દરવાજે મુકાયેલું બાવલું જોયું, જાણે આબેહૂબ પૃથ્વીરાજ ખડા હતા. એ જોઈને પૃથ્વીરાજને જયચંદ પર ગુસ્સો આવ્યો. પણ સમય વર્તીને તે શાંત રહ્યો.

સ્વયંવર સભા શરૂ થઈ ચૂકી હતી. સ્વયંવર મંડપની શોભા



અલૌકિક હતી. ત્યાં ઠેર ઠેરથી પધારેલા રાજાઓ અને રાજકુમારો પોતપોતાનાં આસન પર બિરાજમાન હતા. સૌનાં ચહેરા ચમકી રહ્યા હતા. ઉત્તમ કપડાંમાં સજ્જ રાજકુમારો સંયુક્તાના સૌંદર્યનાં વખાણ સાંભળીને આવ્યા હતા. આ તો નસીબ અજમાવવાની વાત હતી. સંયુક્તાને કયો રાજકુમાર કે રાજા ગમી જાય તે કહેવાય નહીં. કોના ગળામાં વરમાળા સંયુક્તા પહેરાવશે એ પણ નક્કી ન હતું. દરેક રાજકુમાર એમ માનતા હતા કે સંયુક્તા મને જ વરમાળા પહેરાવશે. રાજકુમારોના ચહેરા પર તેજ ઝગારા મારી રહ્યું હતું. હીરા મોતીઓની માળાઓ અને ઘરેણાંઓથી લદાયેલા રાજા-રાજકુમારો આસનો પર શાંત બેઠા હતા. સૌ એકમેક સામે જોઈને સંયુક્તાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. થોડી જ વારમાં સંયુક્તા હાથમાં વરમાળા લઈને આવી પહોંચી. સંયુક્તાની સાથે રાજ્યના ભૂદેવ હતા. એક તરફ રાજા જયચંદ પોતાના રાજ્યાસન પર બિરાજમાન હતા. હજારો સિપાહીઓ વ્યવસ્થામાં ઊભા હતા. એમની સૌની પાસે શસ્ત્રો હતાં. મોટા પ્રાંગણમાં સ્વયંવર મંડપ બંધાયો હતો. સેંકડો રાજકુમારો હરોળ બંધ પોતાના સ્થાને બેઠા હતા. રાજ્યનાં ભૂદેવે સૌને આશીર્વાદ આપતાં જાહેર કર્યું કે, હવે સ્વયંવરની વિધિપૂર્વક શરૂઆત કરવામાં આવે છે. અને પછી તેઓ સંયુક્તાની સાથે એક પછી એક રાજકુમાર સામે આવીને ઊભા રહેતા. તેઓ સંયુક્તાને દરેક રાજકુમારનો પરિચય આપતા જતા હતા. આ ફલાણા રાજકુમાર ! ફલાણા રાજાના પુત્ર અને ફલાણાં રાજ્યના ધણી વિગેરે વિગેરે. બ્રાહ્મણ તો સૌનાં વખાણ કરતા જતા હતા. પણ સંયુક્તાએ હજુ સુધી કોઈના ગળામાં વરમાળા પહેરાવી નહીં. એમ કરતાં કરતાં બ્રાહ્મણ અને સંયુક્તા મુખ્ય દરવાજા સુધી આવી પહોંચ્યાં. અહીંથી સામેની હરોળના રાજકુમારો તરફ વળવાનું હતું અને છેલ્લે જ્યાં રાજા જયચંદનું આસન હતું ત્યાં સુધી બેઠેલા રાજકુમારો અને રાજાઓનો પરિચય આપવાનો હતો.

અને એમાંથી જ કોઈને પસંદ કરીને સંયુક્તા તેના ગળામાં વરમાળા પહેરાવવાની હતી. પરંતુ દરવાજે પહોંચતાંવેંત સંયુક્તાએ બ્રાહ્મણને પૃથ્વીરાજના બાવલા પાસે લાવીને પૂછ્યું – ''આ રાજકુંવર કયા રાજ્યના છે ? અને એમનું નામ શું છે ?'' બ્રાહ્મણે કહ્યું – ''રાજકુંવરી, એ કોઈ રાજા નથી. દરવાન છે. એ દરવાજા પર પહેરો ભરી રહ્યો છે.'' સંયુક્તાએ જીદ કરી. ''નહીં ભૂદેવ તમે એનો પરિચય આપો. એ તમારી ફરજ છે.''

બ્રાહ્મણે મ્હોં પર સંકોચના ભાવ સાથે ડરમિશ્રિત અવાજે કહ્યું – ''રાજકુમારી ! એ પૃથ્વીરાજનું પૂતળું છે.''

''બસ. બસ. ભૂદેવ. હવે કાંઈ કહેવાની જરૂર નથી.'' આટલું કહેતાં સંયુક્તાએ પૃથ્વીરાજના બાવલાના ગળામાં વરમાળા પહેરાવી દીધી ! ભૂદેવ ભયભીત બની ગયા. સભામાં બેઠેલા લોકો આશ્ચર્ય પામ્યા. હો, હા થઈ ગઈ. રાજા જયચંદ પોતાના આસન પરથી ઊભા થઈને ત્યાં આવી પહોંચ્યા. આ તો જયચંદના ગાલ પર ભરી સભામાં સંયુક્તાએ તમાચો માર્યો હોય એવી ઘટના હતી. જયચંદ ગુસ્સાના આવેશમાં લાલપીળો થઈ ગયો. એણે ગરજતાં સંયુક્તાને કહ્યું – ''મૂર્ખ છોકરી ! આવા નિર્જીવ પૂતળાને વરમાળા ન પહેરાવાય ! એનામાં હિંમત હોત તો એ ખુદ અહીં આવ્યો હોત. પણ એ નાલાયક આવ્યો નથી. એની વરમાળા પાછી લઈ લે. અને અન્ય કોઈ રાજકુમારના ગળામાં વરમાળા પહેરાવ.''

''ના. પિતાજી ! એક ભવમાં હું બે પતિ કદાપિ કરી ના શકું. મેં જેને વરમાળા પહેરાવી છે એ જ મારા પતિ.''

''પણ એ મારો દુશ્મન છે.'' જયચંદ ગર્જ્યો.

''તમારા દુશ્મન હશે. પણ મારા તો પતિ છે. સ્વયંવરમાં હું જેને વરમાળા પહેરાવવા ઇચ્છું તેને પહેરાવવા માટેની હું હક્કદાર છું. મારી ઇચ્છા હોય તેને જ હું વરમાળા પહેરાવું. તમે મને રોકો





નહિ !'' સંયુક્તાએ હિંમત એકઠી કરીને આટલું કહ્યું.

જયચંદ સમજી ગયો કે રાજકુમારીએ કંઈ અણસમજથી કે ભૂલથી પૂતળાને વરમાળા પહેરાવી નથી. પણ સમજીવિચારીને પોતાની ઇચ્છાથી જ એણે વરમાળા પહેરાવી છે. વરમાળા મારા શત્રુના ગળામાં પહેરાવીને સંયુક્તાએ ભરી સભામાં મારું અપમાન કર્યું છે. છતાંય એણે ત્રાડતાં કહ્યું – ''નાસમજ છોકરી ! તને ખબર છે કે, તેં કોના ગળામાં વરમાળા પહેરાવી છે. આ કોનું પૂતળું છે. જરા આંખો ખોલીને જોઈલે !''

''મારા પ્રાણનાથનું પૂતળું છે. મારા જીવનના આધાર અને મારા સુખ અને શાંતિના પ્રણેતાનું આ પૂતળું છે –''

''અરે પાગલ ! આ તો મારા જાની દુશ્મન પૃથ્વીરાજ ચૌહાણની મૂર્તિ છે !''

''તમારા દુશ્મન હશે – મારા દેવતા છે.''

''સંયુક્તા ! તું જાણી જોઈને મારું અપમાન કરી રહી છે ?

મારી પુત્રી ઊઠીને મારી બરબાદી લાવવા તૈયાર થઈ છો ?''

''નહીં ! મારો એવો કોઈ હેતુ નથી.''

''તો વરમાળા એના ગળામાંથી કાઢી નાંખ.''

''શું કહ્યું તમે ? બાપ ઊઠીને તમે મને પાપ માર્ગે જવાનું કહો છો ?''

''મેં તને જન્મ આપ્યો છે. પાળીપોષીને મોટી કરી છે. તને શિક્ષણ આપ્યું છે. શું તારા પર મારો કોઈ હક્ક નથી ?''

''છે. હક્ક તો ઘણો છે. સંતાન પર માતાપિતાનો હક્ક હોય જ છે. પણ તમે પિતૃધર્મ બજાવ્યો છે ? તમારું કર્તવ્ય તમે નિભાવ્યું છે ? તમે સંતાનને સદ્‌માર્ગેથી પાપ માર્ગે જવાનું કહો છો ? જ્યારે તમે ખુદ તમારો ધર્મ ભૂલી રહ્યા છો તો તમારો મારા પર શો હક્ક રહ્યો છે ?''

''હું હજુ પણ તને કહું છું. તારો વિચાર બદલી નાંખ.''

''ના. પિતાજી ! હું વિચાર બદલીને એક ભવમાં બે પતિ કરું એવું તમે કહો છો. એ મારાથી નહીં બને.''

''તો શું તારી જીદ નહીં છોડે ?''

''જીદ હોત તો છોડી દેત. પણ સત્ય કેમ છોડું ?''

''તારે પસ્તાવું પડશે.''

''જેવું મારું નસીબ.''

''દુ:ખી થઈ જઈશ.''

''જેવું મારું ભાગ્ય.''

''જીવ ગુમાવવો પડશે.''

''ચિંતા નથી.''

''અત્યારે જ મરી જઈશ !''

''કોઈ પરવા નથી.''

''ઓહ ! સંયુક્તા. કુળઘાતક સંયુક્તા. તું આ શું કરી રહી



છે ? મને આવી ખબર હોત તો હું સ્વયંવર યોજત જ નહીં. અથવા તને જન્મતાંવેંત તારું ગળું દબાવી દીધું હોત.''

''તમારે એ જ કરવું હતું તો મેં તમને ક્યાં ના પાડી હતી ? મારી નાંખવી હતી ને ?''

''તો હવે મરવા તૈયાર થઈ જા.'' કહેતાં જયચંદે ક્રોધિત થઈને તલવાર ખેંચી કાઢી. સંયુક્તા જરાય ડરી નહીં. ત્યાં જ અચાનક કોઈએ એનો હાથ પકડી લીધો. અને કહ્યું – ''સંયુક્તા ચાલ !''

સંયુક્તાએ જોયું એ હાથ પૃથ્વીરાજનો હતો. જે નજીકમાં જ સંતાઈને ઊભો હતો. અને પિતા-પુત્રીનું ઘર્ષણભર્યું ભાષણ સાંભળી રહ્યો હતો. સંયુક્તાએ આંખો નીચી ઢાળી દીધી. ખુદને ઢીલી મૂકી દીધી. પૃથ્વીરાજે તેને ખેંચીને ઊંચકી લીધી અને ડાંફ ભરતો પોતાના ઘોડા પાસે આવ્યો. સવાર થયો. અને સંયુક્તાને ઘોડા પર ખેંચી લીધી. પાછળ બેસાડીને એણે પોતાની તલવાર ખેંચી લીધી. ઘોડાને એડી મારતાં જ પવનવેગી ઘોડાએ દોટ મૂકી. આ તરફ જ્યારે જયચંદે સંયુક્તા પર વાર કરવા તલવાર ખેંચી હતી ત્યારે પૃથ્વીરાજની પડખે ઊભેલા ચંદ કવિએ જયચંદનો તલવારવાળો હાથ પકડી લીધો હતો. અને સભા તરફ ભાવવાહી ઊંચા અવાજે કહ્યું _ ''દિલ્હીપતિ પૃથ્વીરાજ સંયુક્તાને હરી જઈ રહ્યો છે. જે કોઈ પહેલવાનને બળ અજમાવવું હોય તે મેદાનમાં આવે. એવું ન માનશો કે પૃથ્વીરાજ ચોરી છૂપીથી સંયુક્તાને ભગાડી જઈ રહ્યો છે. અરે ! આ તો ક્ષત્રિય કુળની રીત અને આબરૂનો સવાલ છે. જેને જોર અજમાવવું હોય તે આવી જાય, અમે દિલ્હી જઈ રહ્યા છીએ.''

ચંદ કવિની આ જાહેરાતે સભામાં હાહાકાર વર્તાવી દીધો. જયચંદ ગર્જના કરતો પોતાના સિપાહીઓને પકડો. મારો પકડો મારો કાપોના હુકમ છોડવા લાગ્યો. સિપાહીઓ અને સરદારો સફાળા સાવચેત બનીને ઊભા થયા. એટલી વારમાં ચંદ કવિ છલાંગ મારીને





ઘોડા પર ચડી ગયો અને તબડાક... તબડાક. ઘોડો પૃથ્વીરાજ જે બાજુ ગયો હતો તે બાજુ દોડાવ્યો. કાન્હારાજ પણ તેની સાથે હતા. થોડે જ દૂર પૃથ્વીરાજને આંબી જઈને કાન્હારાજે સંયુક્તાને કહ્યું. ''પુત્રી તું ગભરાઈશ નહીં – અમે તારા બાપને પહોંચી વળીશું. અને પૃથ્વીરાજ તું દિલ્હી તરફ રવાના થા. અમે પાછળ પાછળ આવીએ છીએ.''

કાન્હારાજની આજ્ઞા થતાં પૃથ્વીરાજે ઘોડાને એડી મારી. તેના હાથમાં ખુલ્લી તલવાર હતી. સંયુક્તાએ પણ પૃથ્વીરાજની કટાર કાઢીને હાથમાં પકડી. જયચંદના સિપાહીઓ આટલી વારમાં આવી પહોંચ્યા. અને ધીંગાણું શરૂ થઈ ગયું. બહાદૂરીપૂર્વક સિપાહીઓનાં ટોળામાંથી માર્ગ કરતો પૃથ્વીરાજ દિલ્હી તરફ સરકતો જતો હતો. તેની તલવાર સિપાહીઓના રક્તથી લાલ બની ગઈ હતી. કેટલાક તલવારના ઘા તેના પર પણ થયા હતા. સંયુક્તાએ પણ વીરાંગના બનીને સિપાહીઓ પર વાર કર્યા. અને તે પણ તલવારોના ઘાથી ઘાયલ થઈ ગઈ.

પૃથ્વીરાજના સરદારો અને બળવાન સિપાહીઓ ધસી આવ્યા. અને જયચંદના સિપાહીઓ પર તૂટી પડ્યા. કાન્હારાજ તો ગાજર મૂળા વાઢતા હોય તેમ સિપાહીઓને કાપી રહ્યા હતા. પૃથ્વીરાજના નાનકડા લશ્કરના બે ભાગ પાડવામાં આવ્યા. એક ભાગ પૃથ્વીરાજની સાથે અને એક ભાગ કાન્હારાજની સાથે રહીને રણસંગ્રામમાં વીરતા બતાવવા લાગ્યા. પણ જયચંદનું લશ્કર બહોળું હતું. એનું નગર હતું. છતાંય પૃથ્વીરાજ વીરતાપૂર્વક મુકાબલો કરતો કરતો દિલ્હી તરફના માર્ગે આગળ વધતો રહ્યો. જોકે તેના ઘણા ખરા સરદારો અને સિપાહીઓ મૃત્યુને ભેટ્યા હતા. પણ જેઓ હાથમાં હથિયાર લઈને લડી રહ્યા હતા. તેઓ દુશ્મનની પણ દાદ માંગી લે તેવી બહાદુરીથી લડતા હતા. આખરે કનોજ નગરની બહાર નીકળીને

બાકી બચેલા સરદારો અને સિપાહીઓ સહિત પૃથ્વીરાજે દિલ્હી તરફ પ્રયાણ કર્યું. અને સાંજ પડતાં સુધીમાં તેઓ દિલ્હી આવી પહોંચ્યા. અને ચંદ કવિએ દિલ્હીના મુખ્ય દરવાજે ઊંચા અવાજે ઘોષણા કરી કે – ''મહારાજ પૃથ્વીરાજ સંયુક્તાનું હરણ કરીને લાવ્યા છે. આજે તેમનાં લગ્ન છે. રાજ્યમાં લગ્નની શરણાઈઓ વગાડો.''

દિલ્હી શહેરમાં વાત પ્રસરી ગઈ. પૃથ્વીરાજની બહાદુરી અને હિંમતનાં વખાણ થવા લાગ્યાં. સંયુક્તાએ પણ પૃથ્વીરાજની સાથે રહીને હાથમાં કટારી પકડી દુશ્મનોનો મુકાબલો કર્યો. તેનાં વખાણ થયાં. કાન્હારાજે જે અનેક સૈનિકોને વધેરી નાંખ્યા હતા તેની વાહવાહ થઈ. અને રાજ્યમાં ખુશીઓ પ્રસરી વળી. જયચંદને તેના ઘર આંગણે પછાડીને હેમખેમ પાછા આવેલા પૃથ્વીરાજનો જયજયકાર થવા લાગ્યો. સંયુક્તાનું હરણ કરીને લાવનાર પૃથ્વીરાજ પર પ્રજાએ ફૂલવર્ષા કરી. સંયુક્તાને સૌએ માનભેર વધાવી લીધી. કાન્હારાજ અને ચંદ કવિની પ્રશંસા થઈ.

ઘાયલ પૃથ્વીરાજની શુશ્રૂષા શરૂ થઈ. સંયુક્તાનું વહેતું લોહી અટકાવવા વૈદ્યો સેવામાં હાજર થયા. અન્ય પાછા આવેલ સરદારો અને સિપાહીઓનું બહુમાન થયું. આમ રાજ્યભરમાં ખુશીઓ અને આનંદનું વાતાવરણ પેદા થયું. સૌ ખુશ થઈને મહેલમાં વધાઈઓ આપવા પહોંચી ગયા. ઠેર ઠેર ઢોલ, ત્રાંસાં, શરણાઈઓનો અવાજ ગુંજવા લાગ્યો. દિલ્હી શહેર જાણે કોઈ મોટો તહેવાર આવી ગયો હોય તેમ તેની ઉજવણી સૌ કરી રહ્યા હતા. સૌના ચહેરા પર આનંદ અને ઉલ્લાસ હતો.

કનોજ રાજ્યમાં હાહાકાર વર્તાઈ રહ્યો. જયચંદની આબરૂ ધૂળધાણી થઈ ગઈ. ઠેર ઠેરથી આવેલ રાજાઓ અને રાજકુમારોએ તુરત જ પોતાના રાજ્ય તરફ જવા પ્રયાણ કર્યું. સ્વયંવરમાં થયેલ ધમાલ



અને ધીંગાણાએ સૌને નિરાશ કરી દીધા. જયચંદની આબરૂના ધજાગરા ઊડવા લાગ્યા. રાજસૂય યજ્ઞનાં કોઈ એંધાણ રહ્યાં નહીં. સ્વયંવર વેરવિખેર થઈ ગયો. અને જયચંદની પુત્રી તેના બાપના દુશ્મનને વરમાળા પહેરાવી તેની સાથે દિલ્હી પહોંચી ગઈ. જયચંદના મોં પર કાળી મેંશ ચોપડીને સંયુક્તા પૃથ્વીરાજની પત્ની બની ગઈ.

## જયચંદ રાઠોડ

રાજા પ્રમાલદેવે માહિલની વાત સાંભળીને આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે કહ્યું – ''મારા રાજ્યમાં એવું કોણ છે કે, જે અયોગ્ય વર્તન કરતું હોય ?''

માહિલે મક્કારીને નવો ઓપ આપતાં છળકપટના ગુણોને પ્રગટ કરતાં કહ્યું – ''મહારાજ ! મને માફ કરજો. હું આપનું અન્ન ખાઉં છું. તેથી મને લાગી આવ્યું. હું મારા સગાંસંબંધીઓ કે ખુદ મારા લોહીની પણ પરવા કર્યા વગર આપની શાન વધે, આપનું તેજ દુનિયામાં હજુ વધુ ને વધુ તપે એમ ઇચ્છું છું. પણ આલ્હા હમણાં હમણાં સ્વચ્છંદ બનતો જાય છે એનું મને દુઃખ થાય છે. આપે એને જીવનદાન આપ્યું. પાળ્યાપોષ્યા અને એ જ આલ્હા આપની દરકાર કર્યા વિના, જાણે રાજ્ય એના બળ પર જ ચાલે છે એવું દાખવીને એણે જે ગુસ્તાખી કરી છે તે મારાથી સહન નથી થતી.''

''શું કહ્યું ? આલ્હા એવું કરે છે ? મારી અવગણના આલ્હા કરે ! એની શી મજાલ !! એ અનાથ ભાઈઓને મેં પાળ્યા- પોષ્યા-ભણાવ્યા-પરણાવ્યા, એનાં લગ્નમાં વીશ હજાર ચંદેલ રાજપૂતોનાં લોહી વહાવ્યાં. અને આજે આલ્હા મારી ઉપરવટ જાય છે ?'' પ્રમાલદેવે ગુસ્સાના આવેશમાં કહ્યું.

માહિલે કહ્યું – ''આલ્હા સત્તાના મદમાં છકી ગયો છે. તેનામાં

અભિમાન આવી ગયું છે. તે એવું માનવા લાગ્યો છે કે, એના જોર પર જ આ રાજ્ય ચાલી રહ્યું છે.''

''પણ મને તારી વાત પર ભરોસો નથી બેસતો.'' રાજા પ્રમાલદેવે શંકા દર્શાવી.

માહિલનો ચહેરો ઊતરી ગયો. પણ તુરત જ એણે ચહેરા પરના ભાવ છુપાવતાં પ્રમાલદેવ નજીક આવીને તેના કાનમાં ગુસપુસ રીતે કાંઈક કહ્યું.

પ્રમાલદેવે તુરત જ એક સિપાહીને મોકલીને આલ્હાને બોલાવ્યો.

એ સમયે આલ્હા અને ઉદલ બન્ને ભાઈઓ મેદાનમાં પોતપોતાના ઘોડાઓ પર બેસીને પોલોની રમત રમી રહ્યા હતા. સિપાહીએ આવીને સંદેશો આપ્યો કે ''મહારાજ આપને અબઘડી યાદ ફરમાવે છે.'' તો આલ્હાને આશ્ચર્ય થયું. આવા કસમયે મહારાજે શા માટે યાદ કર્યો હશે ? ખેર ! રમત પડતી મૂકીને આલ્હા રાજા પ્રમાલદેવ સમક્ષ હાજર થયો. અને ઝૂકીને નમન કર્યા.

પ્રમાલદેવે સત્તાવાહી અવાજે કહ્યું – ''આલ્હા ! આજે હું તારી પાસેથી કશુંક માંગવા ઇચ્છું છું. તું મને આપીશ ?'' આલ્હાએ નમ્રતાથી જવાબ આપ્યો, ''મહારાજ ! આપ મારું માથું માંગો તોય હું ઇન્કાર નહીં કરું !'' આલ્હાએ મામા માહિલને ત્યાં બેઠેલા જોયા. અને તેને શંકા ગઈ કે મામાએ કશોક ખેલ પાડ્યો હોય તેમ લાગે છે. કારણ કે આલ્હાને ખબર હતી કે, તેનો મામો માહિલ એક એવો મક્કાર માનવી છે કે જે અન્યનું સારું જોઈ શકે નહીં. કોઈનું ભલું ખુદ કરે નહીં. ઊલટાનું કોઈકને ફસાવી મારવાનો જ પ્રયત્ન તે કરે. આજે પણ એવું જ કશુંક લાગે છે.

રાજા પ્રમાલદેવે આલ્હા તરફ જોતાં કહ્યું – ''આલ્હા ! તારી પાસે નાહર ઘોડો છે ?''

''જી. હા. મહારાજ.'' કહીને આલ્હાએ ફરી મામા સામે જોયું.



માહિલના ચહેરા પર લુચ્ચું હાસ્ય હતું. આલ્હાને મામા પર ગુસ્સો તો ઘણો આવ્યો. પણ તે કશું બોલ્યો નહીં. માહિલમામાની મક્કારી છતી થઈ ગઈ.

પ્રમાલદેવે કહ્યું – ''આલ્હા, તને તકલીફ ન હોય તો મારે એ ઘોડો સવારી કરવા માટે જોઈએ છીએ. મને તારો ઘોડો આપીશ ?''

આટલું સાંભળીને આલ્હા સ્તબ્ધ રહી ગયો. તે કશું બોલી ન શક્યો. તેણે મામા સામે લાલ થયેલી આંખોથી જોયું. તે સમજી ગયો કે, મામા મારી અને રાજા પ્રમાલદેવ વચ્ચે અંટસ ઊભી કરવા માટે જ પ્રયત્નશીલ છે. કારણ કે કોઈ પણ ક્ષત્રિય ક્યારેય પોતાનો ઘોડો કોઈ અન્યને આપે નહીં. કારણ કે તે ક્ષત્રિય ધર્મની વિરુદ્ધ છે. ઘોડો આપવાથી એવું સાબિત થાય કે, એ ક્ષત્રિય તેજવિહોણો નબળો અને સાચો રાજપૂત નથી. આખું રાજ્ય આપવું પડે તો આપી દેવાય. પણ સવારીનો ઘોડો કોઈને અપાય નહીં. એનાથી ઇજ્જતને કાળો ડાઘ લાગી જાય. આબરૂ જતી રહે. અને બીજી તરફ જોવા જઈએ તો રાજા પ્રમાલદેવે અમને બન્ને ભાઈઓને પુત્રની જેમ પાળ્યા- પોષ્યા છે. આટલા ઉચ્ચ હોદ્દા પર બેસાડ્યા છે. એક ઘોડો આપવાનો ઇન્કાર કરવાથી એમનું અપમાન થાય ! શું કરવું ? ઘોડો આપે તો આબરૂ જાય. ન આપે તો અવગુણી ગણાય ! બંને વાત આલ્હા માટે મુશ્કેલ હતી. તે રાજા પ્રમાલદેવના આભાર તળે દબાયેલો હતો. ઘોડો આપી દે તો ક્ષત્રિય ધર્મ વિમુખ થવાય ! આમ ગડમથલમાં તે શાંત સ્થિર ઊભો રહ્યો.

રાજા પ્રમાલદેવે કહ્યું – ''કેમ કાંઈ બોલ્યો નહીં ?'' આલ્હા હજુ વિચારી રહ્યો હતો કે રાજા પ્રમાલદેવ ઘોડો શા માટે માંગે છે ? તેઓ જરૂર મારી વફાદારીની પરીક્ષા કરવા માંગે છે. હું ઇન્કાર કરીશ તો આ ટાણે ખતરનાક સાબિત થશે. અને હા પાડીશ તો મારો ક્ષત્રિય ધર્મ લાજશે. શું કરવું ? શું કહેવું ? ઇન્કાર કરીશ

તો બેવફા ગણાઈશ. અને ઇન્કાર કરું તો કયા મોઢે કરું ? રાજા પ્રમાલદેવના મારા પર હજાર ઉપકાર છે. મારી ઉપર એમને ખૂબ સ્નેહ છે. માત્ર નોકર અને માલિકનો અમારો સંબંધ નથી, હું તેમના ખોળામાં રમ્યો છું. તેમનો લાડકોડ મને પ્રાપ્ત થયો છે. જ્યારે મારા હાથ કમજોર હતા, પગમાં ચાલવાની શક્તિ ન હતી ત્યારે એમણે ઊંચકીને મને ગોદમાં બેસાડ્યો છે. શું હું અત્યારે તેમને ઇન્કાર કરી શકું છું ?'' ફરી તેના વિચારો પલ્ટાયા. એ ખરું છે કે રાજાના મારી ઉપર ખૂબ જ ઉપકાર છે. મારા શરીરની નસેનસમાં એમણે કરેલા ઉપકારો વહી રહ્યા છે. તેમણે મારી ઉપર મહેરબાની કરી છે. તે પિતા કરતાંય વિશેષ છે. પણ ક્ષત્રિય ક્યારેય પોતાની સવારીનો ઘોડો અન્ય કોઈને આપતો નથી. એ ક્ષત્રિયધર્મની વિરુદ્ધ છે. મારું માથું માંગે તો હું રાજાને મારું માથું વાઢીને આપી દઉં. પણ ઘોડો કેવી રીતે આપવો ? મારે રાજપૂત ધર્મનો ભંગ કેમ કરવો ? આજ સુધી ભારતના રાજપૂતોએ કાચા દોરાને પણ લોખંડની દીવાલ માની છે. રાખડીના કાચા તાંતણાને પાક્કા સંબંધો સમજ્યા છે. સતી સીતાએ લક્ષ્મણે દોરેલા જમીન પરના લીટાને ઓળંગવાનો ઇન્કાર કર્યો હતો. શા માટે ? પોતાના ક્ષત્રિયધર્મને નિભાવવા માટે આવા ક્ષત્રિયોના કારણે જ આજે ભારતભૂમિ પર ક્ષત્રિયોનું નામ અજર અમર છે. શું હું મારું ક્ષત્રિયપણું લજાવું ? શું હું મારા પર કાળો ડાઘ કાયમને માટે લાગવા દઉં ? મામા માહિલે ભયંકર ચાલ ખેલી છે. અને મને વિચિત્ર સ્થિતિમાં મૂકી દીધો છે. હા પાડું તો ક્ષત્રિયધર્મ લાજે. ના પાડું તો નગુણો કહેવાઉં. કાં તો હીણપતનો ડાઘ લગાડીને નગુણો બનું. કાં તો રાજપૂતધર્મની વિરુદ્ધ જઈને મારું નામ ડુબાડું. અથવા તો હું ઇન્કાર કરીને તબાહ થઈ જાઉં. ખેર ! મામાએ રચેલી જાળમાં હું ફસાયો છું. હવે ઈશ્વર કરે તે ખરું. મને નગુણો કહેવડાવવું મંજૂર છે. પણ રાજપૂતધર્મ



છોડવો મંજૂર નથી. આમ ગડમથલમાં આલ્હા માથું ઝુકાવીને ઊભો હતો. આલ્હા માટે આ પરીક્ષાની ક્ષણો હતી. જ્યારે માહિલ માટે આ સોનેરી તક હતી. તે મનમાં હરખાતો હતો.

રાજાએ અચાનક ઊંચા અવાજે કહ્યું – ''શું વિચાર કરે છે ? શું ઘોડો આપવાનો ઇરાદો નથી ?''

આલ્હાએ માથું ઊંચકીને રાજાની આંખમાં આંખ મેળવીને કહ્યું – ''જી. નહીં.''

રાજા ગુસ્સે થઈ ગયા. ત્રાડતાં એમણે પૂછ્યું – ''કેમ ?'' આલ્હાએ મક્કમ અવાજે કહ્યું – ''એ રાજપૂતના ધર્મ વિરુદ્ધની વાત છે.''

રાજાએ કહ્યું – ''શું મારા ઉપકારોનો આ બદલો છે ? તું જાણે છે ને કે, તું શું હતો ? અને અત્યારે શું છે ? કોના થકી છે ?''

''જી હા, જાણું છું.''

''મેં તને બનાવ્યો છે. હું જ તને મિટાવી શકું છું.''

આલ્હા વધુ ચુપ ન રહી શક્યો. તેની આંખો લાલ થઈ ગઈ. રાતોપીળો થતાં આલ્હાએ કહ્યું – ''મહારાજ ! આપે મારા ઉપર જે ઉપકાર કર્યા છે એ માટે હું કાયમ તમારો આભારી છું. ક્ષત્રિય ક્યારેય કોઈનો ઉપકાર ભૂલતો નથી. અગર તમે મારા ઉપર ઉપકાર કર્યા છે તો મેં પણ તમારા માટે અને તમારા રાજ્ય માટે જીવસટોસટનાં કામો કર્યાં છે. માત્ર નોકરીના કારણે મેં એ કાર્યો નથી કર્યાં. તમારા ઉપકારનો બદલો વાળવા માટે જ મેં હંમેશાં મારો જીવ જોખમમાં નાંખીને કામો કર્યાં છે. પરંતુ હવે મને લાગે છે કે મારાં કામોની કદર કરવાને બદલે કોઈની ચડામણીથી મને ક્ષત્રિયધર્મથી ચ્યુત કરવા માંગો છો. હું મારો ક્ષત્રિયધર્મ ત્યાગવા માંગતો નથી. આપ જાણો જ છો કે, કોઈ પણ ક્ષત્રિય પોતાની

સવારીનો ઘોડો કોઈ અન્યને આપે નહીં. આપે તો એ સાચો ક્ષત્રિય ન ગણાય. છતાંય તમે મારી પાસેથી એવી માગણી કરો છો જે અયોગ્ય છે. મારા અપમાન બરાબર છે. હવે મને લાગે છે કે હું આ રાજ્ય દરબારમાં વધુ કામ કરી શકીશ નહીં. મારા છેલ્લા નમસ્કાર કબૂલ કરો. અને મેં જે કોઈ ભૂલ કરી હોય તેની માફી આપો.''

આટલું બોલ્યા પછી આલ્હાએ તીખી નજરે મામા માહિલ તરફ જોયું અને કહ્યું – ''મામા ! આજથી મારી અને તમારી વચ્ચે લોહીનો સંબંધ હતો તે પૂરો થયો. તમે મારા લોહીના તરસ્યા છો, હું પણ તમારા જીવનો દુશ્મન છું.''

આટલું કહીને આલ્હા ત્યાંથી વિદાય થયો. વાત ઉદલ અને આલ્હાની માતા દેવલદેવીના કાને પહોંચી. ક્ષત્રિયધર્મનું પાલન કરવા આલ્હાએ જે કાંઈ કર્યું એ જોઈને દેવલદેવીની આંખોમાં આંસુ આવી ગયાં. એમણે બંને દીકરાઓને છાતી- સરસા ચાંપીને કહ્યું – ''દીકરાઓ ! તમે એ જ કર્યું છે કે જે ક્ષત્રિયધર્મ હતો. હું નસીબદાર છું કે, તમારા જેવા પુત્રોને મેં જન્મ આપ્યો છે. તમારા જેવા મક્કમ ક્ષત્રિય પુત્રો મારી કૂખેથી જન્મ્યા તેનો મને ગર્વ છે.''

એ જ દિવસે બન્ને ભાઈઓ મહુવાથી રવાના થઈ ગયા. માત્ર ઘોડા અને તલવાર સિવાય બીજું કાંઈ પણ બંને ભાઈઓએ સાથે લીધું નહીં. આ રાજ્યની કોઈપણ ચીજ હવે તેમને ખપતી ન હતી. માલ-મિલકત પત્ની-માતા સૌને અહીં છોડીને તેઓ નીકળ્યા. એમની સાથે હતી ક્ષત્રિયધર્મની મિલકત. હિંમતની મિલકત. બસ બીજી કોઈ મિલકતની એમને શી જરૂર !

આલ્હા અને ઉદલના મહુવા ત્યાગના સમાચાર ઠેર ઠેર ફેલાઈ ગયા. કેટલાંક રજવાડાંએ બંને ભાઈઓને નિમંત્રણ મોકલ્યાં. રાજ્યમાં આવવા ઇજન આપ્યું. ઉચ્ચ હોદ્દાની નોકરીની ઇચ્છા પ્રગટ કરી.



પણ આલ્હા અને ઉદલે તેનો સ્વીકાર ન કર્યો. કેટલાક દિવસો બાદ તેઓ કનોજ પહોંચ્યા. કનોજના રાજા જયચંદે પોતાના વિશ્વાસુ પ્રધાનને આલ્હા અને ઉદલને સન્માન સહિત દરબારમાં લાવવા મોકલ્યા. બંને ભાઈઓ આવ્યા ત્યારે જયચંદે એમને પોતાના લશ્કરના સિપાહસાલારની જગ્યાએ નિયુક્ત કર્યા. અને રાજ્ય તરફથી એમને અન્ય સારી સગવડો આપી. આલ્હા અને ઉદલ કનોજ રાજ્યની નોકરીમાં જોડાયા.

આમ બહાદુર માનવીની જયચંદે કદર કરતાં આલ્હા અને ઉદલ કનોજ રાજ્યની સેવામાં લાગી ગયા.

આ તરફ મહુવા રાજ્યમાંથી આલ્હા અને ઉદલના પરાગમનથી રાજ્યની વ્યવસ્થા ગૂંચવાઈ ગઈ. પ્રમાલદેવ પહેલેથી જ કમજોર રાજવી હતા. આ તો આલ્હા અને ઉદલની બહાદુરી અને હિંમતના કારણે જ રાજ્ય શાંતિપૂર્વક ચાલતું હતું. નાનાંમોટાં રજવાડાંઓને ભેળવીને આલ્હાએ મહુવાને વિસ્તૃત રાજ્ય બનાવ્યું હતું. એ ભેળવાયેલાં કેટલાંક રજવાડાંઓના રાજવીઓ જેઓ થોડાક શક્તિશાળી હતા તેમણે મહુવા રાજ્ય સામે માથું ઊંચક્યું. અને બળવો કર્યો. રાજ્યમાં એવું કોઈ રહ્યું ન હતું કે, જે બળવાખોરોને દબાવી શકે. અને શાંત રાખી શકે. એમાંય એકવાર ગ્રહણ ટાણે સાપ નીકળ્યા જેવી ઘટના બની. દિલ્હીના રાજા પૃથ્વીરાજ ચૌહાણનું કેટલુંક લશ્કર ક્યાંકથી વિજય પ્રાપ્ત કરીને પાછું વળી રહ્યું હતું. માર્ગમાં મહુવા રાજ્યમાં લશ્કરે આરામ કરવા વિચાર્યું. વિજય પ્રાપ્ત કરીને આવેલા સિપાહીઓ મગરૂરીમાં હતા. તેમને તલવાર વીંઝવામાં કોઈ અડચણ ન હતી. જોકે મહુવા રાજ્યના સિપાહીઓ બળવાન હતા. બંને પક્ષના સિપાહીઓ બળવાન તો હતા જ. નાનીઅમથી વાત પર બંને પક્ષનાં સિપાહીઓ ભિડાઈ ગયા. અને ચૌહાણ તથા ચંદેલ રાજ્યો વચ્ચે દુશ્મનીનાં બીજ રોપાઈ ગયાં. બંને પક્ષે કાંઈક અણબનાવ ઊભો થતાં લડાઈ શરૂ થઈ

ગઈ. ચૌહાણ સૈન્ય સંખ્યામાં ઓછું હતું. ચંદેલ સૈન્યે તેમની સરભરા કરવાને બદલે તેમને મોતને ઘાટ ઉતારી દીધા. ચંદેલ સૈન્યના સેનાપતિઓએ એટલો વિચાર પણ ન કર્યો કે આ મુઠ્ઠીભર સૈનિકોને મારી નાંખ્યા પછી મહાશક્તિશાળી ચૌહાણ સૈન્ય સાથે દુશ્મની થઈ જશે. અને મહુવા રાજ્ય દિલ્હીના રાજ્યને પહોંચી વળી શકશે નહીં. પોતાના પગ પર જ ચંદેલ સૈન્યે કુહાડો મારી લીધો. એમણે એવું પણ ન વિચાર્યું કે એમ કરવાથી મહુવા રાજ્ય પર આફત આવી પડશે.

પૃથ્વીરાજ ચૌહાણને આ વાતની ખબર પડી ત્યારે એનો ગુસ્સો ભડકી ઊઠ્યો. અને તે તુરત જ લશ્કર લઈને મહુવા પર ત્રાટક્યો. ચંદેલોએ પણ પોતાનું લશ્કર એકઠું કર્યું. પણ પહેલા જ હુમલામાં તેઓના મોતિયા મરી ગયા. આલ્હા અને ઉદલ વગર તેમનું સૈન્ય સાવ નિસ્તેજ, બળહીન અને અંધાધૂંધ જણાતું હતું. આખું લશ્કર વેરવિખેર થઈ ગયું. રાજ્યમાં ભય પ્રસરી ગયો. સૌને લાગ્યું કે, ચૌહાણ લશ્કર ચંદેલોને સાફ કરી દેશે અને પછી પ્રજાની હાલત બૂરી થઈ જશે. રક્ષક વગર રક્ષણ નહીં એવું સૌ જાણતા હતા. રાજા પ્રમાલદેવ તો નબળા રાજા હતા. અત્યાર સુધી જે મહુવા રાજ્ય શક્તિશાળી ગણાતું હતું તે આલ્હા અને ઉદલની હિંમત અને આવડતના કારણે જ હતું. પ્રમાલદેવ તો ચાડિયા સમાન હતા. હવે લશ્કરના સેનાપતિઓ અને સિપાહીઓ ગભરાયા હતા. તેમને લાગ્યું હતું કે પૃથ્વીરાજ સામે તેઓ ટકી શકશે નહીં. અને મહુવા રાજ્યની જે થોડીઘણી શક્તિ હતી તે બંને ભાઈઓ થકી જ હતી. એ હવે સૌને સમજાયું.

રાજા પ્રમાલદેવ હવે પસ્તાવા લાગ્યા. પણ હવે પસ્તાવાનો કોઈ અર્થ નહોતો. બીજો કોઈ માર્ગ ન દેખાતાં પ્રમાલદેવે પૃથ્વીરાજને પત્ર લખી લડાઈ એક માસ માટે મુલ્તવી રાખવા વિનંતી કરી.

પૃથ્વીરાજ ચૌહાણ વટનો કટકો હતા. એણે મહંમદ ઘોરીને



પોતાની ઉદારતાથી દશ દશ વખત છોડી મૂકેલો. તો પ્રમાલદેવની આટલી અમથી વિનંતીને તે કેમ ઠુકરાવે. વિશાળ હૃદયથી એણે પ્રમાલદેવને એક માસની મુદત આપી. લડાઈ એક મહિના માટે મુલ્તવી રહી. પૃથ્વીરાજનું લશ્કર પડાવ નાંખીને એક માસ પસાર થવાની પ્રતીક્ષા કરવા લાગ્યું. અને રાજા પ્રમાલદેવ આ એક માસ દરમિયાન લડાઈ માટેની તૈયારીમાં અને અન્ય સ્થળોએથી મદદ મેળવવામાં લાગી ગયા. ચંદેલ સૈન્યે રાહતનો શ્વાસ લીધો. અને હવે મહુવા રાજ્યમાં મિટિંગો થવા લાગી. સૌ વિચારવા લાગ્યા કે, પૃથ્વીરાજ સામે કઈ રીતે મુકાબલો કરવો ? કોની મદદ લેવી ? રાણી મલ્હનદેવી પણ એક સભામાં હાજર રહ્યાં. પ્રમાલદેવની બાજુમાં બેસીને તેમણે સભામાં ચર્ચાઈ રહેલી વાતો સાંભળી. સૌએ પોતપોતાની યોજનાઓ કહી. કોઈએ કહ્યું કે મહુવાની ચારે તરફ ખાઈ ખોદાવીને તેમાં પાણી ભરી દેવું જોઈએ. કોઈએ સલાહ આપી કે મહુવાને ઉજ્જડ બનાવીને એક માસ દરમિયાન આપણે સૌ દખ્ખન તરફ ચાલ્યા જઈએ. કોઈએ અન્યમાર્ગ બતાવ્યો. આમ સભામાં ફીફાં ખંડાતાં રહ્યાં. પ્રમાલદેવ તો કાંઈ પણ બોલી ન શક્યા. કારણ કે સૌને સાંભળવા અને માનવા સિવાય તેમની પાસે અન્ય કોઈ માર્ગ બચ્યો નહોતો. ત્યારે મલ્હનદેવીએ ઊભાં થઈને કહ્યું,

ચંદેલ વંશના રાજપૂતો !

તમે બાળકો જેવી વાતો કરીને સમય બગાડી રહ્યા છો. શું તમે ખાઈ ખોદવાથી દુશ્મનને રોકી શકશો ? મહુવાને ઉજ્જડ બનાવીને દખ્ખન જવાની વાત કરો છો તો તમારી બહાદુરી અને જવાંમર્દી ક્યાં ગઈ ? થોડા સમય અગાઉ ચંદેલોનું નામ સાંભળીને દુશ્મનો નાસી જતા હતા. આજે તમે નાસી છૂટવાની વાત કરો છો ? ઠેર ઠેર ચંદેલોની ધાક હતી. તમે લોકો જ થોડાં વર્ષો પહેલાં લડાઈઓ લડ્યા અને જીત્યા છો. ક્યારેય તમે હાર્યા નથી. તમારી તલવારની





ધાર ક્યારેય બુઠ્ઠી થઈ ન હતી. તો હવે ક્યાં ગઈ તમારી બહાદુરી અને શક્તિ ? તમે સૌ એના એ જ છો. પણ તમારામાં એ મર્દાનગી નથી રહી. એ મર્દાનગી તો આલ્હા અને ઉદલની સાથે મહુવામાંથી ગાયબ થઈ ગઈ છે. દેવલદેવીને આપણે સૌએ જ દુઃખ પહોંચાડ્યું. એમના પુત્રોનો વિયોગ એમને આપીને આપણે સૌએ યુદ્ધની શૌર્યતાને ગુમાવી છે. હવે અગર આપણે આ હારેલી બાજી જીતી શકીશું તો એ માત્ર અને માત્ર આલ્હા અને ઉદલ થકી જ જીતી શકીશું. એ બંને ભાઈઓ જ હવે આપણને બચાવી શકે છે. એમને મનાવીને લઈ આવો. એમને સમજાવો કે, એના મહુવા પર સંકટ આવી પડ્યું છે. મહુવા રાજ્યના તેમના ઉપર ઘણા ઉપકાર છે. મહુવાનાં હવા-પાણી અને અન્નથી જ તેમનું પોષણ થયું છે. તેઓ મહુવાનો ગુણ ભૂલી નહીં ગયા હોય. તેમને પ્રભુશક્તિ આપે. સદ્‌બુદ્ધિ આપે. તે બંને ભાઈઓ જ મહુવાને વિજય અપાવી શકશે. એ સિવાય આપણા માટે કોઈ આરોવારો નથી.''

રાજા પ્રમાલદેવની રૂબરૂમાં તેમની રાણી મલ્હનદેવીએ રાજાએ કરેલી ભૂલ કબૂલ કરીને સત્ય સ્વીકાર્યું. એવું એક રાજપૂતાણી નારી જ કરી શકે. હિન્દુસ્તાનનો ઇતિહાસ વાંચતાં આપણને રાજપૂતોની અનેક ઉદારતાની વાતો જાણવા મળે છે. હિન્દુસ્તાનનો પુરાતન ઇતિહાસ કહે છે કે, મૂળ આર્યોએ ક્યારેય ક્યાંય એવું કહ્યું નથી કે તેઓ કયા દેશથી આવીને અહીં વસ્યા. ફક્ત એમના સાહિત્યમાં જ એનો ઉલ્લેખ મળી આવે છે. આર્યજાતિનો સાચો ઇતિહાસ એના સાહિત્ય દ્વારા જ આપણને સાંપડે છે. વેદોથી પુરાતન સાહિત્ય કોઈ આર્ય પાસે નથી. વિદ્વાનોના મત પ્રમાણે તેઓ આર્યોનું પુરાતન સાહિત્ય વાંચી, અનુભવી એવા તારણ પર આવ્યા છે કે, સંસ્કૃતના કોઈ પણ પુસ્તકમાંથી કે અન્ય કોઈ પ્રાચીન પુસ્તક દ્વારા એ વાત સાબિત નથી થતી કે, હિન્દુસ્તાનવાસીઓ કોઈ અન્ય સ્થળેથી આવ્યા છે.

દુનિયાની દરેક જાતિઓ એ જાણે છે કે તેઓ આર્યવૃતથી આવ્યા. અથવા તો એમના આદિ પુરુષ 'મનુ' છે. જે રીતે યુનાનોના આદિ પુરુષ મનોસ (MINOS) એટલે કે મહારાજ મનુજ હતા. અને તેઓ કરિએટ એટલે કે કલીકટથી આવ્યા હતા. મિસરવાસીઓનું કહેવું છે કે તેઓ પંત દેશથી આવીને અહીં વસ્યા. એટલે કે ભારતના પંડય દેશથી ! રૂસી સાહિત્ય પ્રમાણે પ્રાચીન રૂસીઓ સેટ્રન (SETRUN)માં વિશ્વાસ ધરાવતા હતા. અને પારસી સાહિત્ય પ્રમાણે મનુને સત્યવ્રત કહેવાયા છે.

જર્મન સાહિત્ય પ્રમાણે તેમના આદિપુરુષ (MENUS) છે. જે મનુનું વિકૃતરૂપ છે. બેબીલોન સાહિત્ય મુજબ તેમના રાજા અક્સી છે. જે મનુના સંતાન અક્ષવાકુ છે. ચીની સાહિત્ય પ્રમાણે તેમના આદિ પુરુષ ''ઑહ-યૂ'' છે જે મનુના વંશમાંના રાજા આયુ છે. ઇસનમાં એવું ભણાવવામાં આવે છે કે, તેઓ આર્યોની ઓલાદ છે.

આજથી બાર કરોડ વર્ષ પહેલાં દુનિયામાં પ્રથમ માનવી પેદા થયો એ સ્થાન હતું હિમાલય પર્વત પરનું માનસ નામનું સ્થળ. એ સમયે ગંગા-યમુનાવાળો માર્ગ જંગલોથી છવાયેલો હતો. માનસ નામના સ્થળે જે માનવ પેદા થયા. અને પછી તેમને સંતાન થયું ત્યાર બાદ તેઓ પર્વત પરથી નીચે ઊતરી મેદાનો પર આવ્યા. એ જ માનવીઓ અસ્સલ આર્ય છે. તેઓ જે માર્ગેથી નીચે મેદાન તરફ ઊતર્યા તેને કહેવાયું હરિદ્વાર ! હર-હિમાલય (દ્વાર એટલે માર્ગ) ધીમે ધીમે નીચે ઊતરતા આવ્યા અને વસ્યા. તેમણે દેશનું નામ 'બ્રહ્માવૃત્ત' પાડ્યું.

સમગ્ર જગત પહેલાં પ્રકૃતિમાં લીન હતું-પ્રભુએ માતા-પિતા સિવાય ઉત્પન્ન કરેલા એ લોકો છે. જેઓ મુક્ત જીવ. ઇન્દ્રિયોથી રહિત. સૂક્ષ્મ, અને સમગ્ર કુદરત દ્વારા પેદા થયા છે. તેઓ આપમેળે કલ્પક પહાડોમાં દાખલ થયા. કારણ કે તેમના મનમાં એવી ઇચ્છા પેદા થઈ કે, તેઓ પોતાના શરીરમાંથી કાંઈક એવું પેદા કરે. તેઓએ પ્રથમ પાણી અને



રજ પેદા કરી. પછી એ પાણીમાં બીજ રોપ્યું. પછી જેવો સૂર્યોદય થયો કે એ બીજ જે રીતે સૂર્ય ઊગે છે તે રીતે વિરાટ રૂપ ધારણ કરી, અંડાકાર બની ગયું. એ અંડમાંથી ત્યારબાદ બ્રહ્મા એટલે કે ચારેય વેદોના જ્ઞાતા પેદા થયા. અને પછી એ બ્રહ્માએ જગતની ઉત્પત્તિ કરી.

હિન્દુસ્તાનના ઇતિહાસમાં નારીશક્તિનો ઉલ્લેખ આદરથી કરવામાં આવ્યો છે. એમાંય રાજપૂત નારીઓનું નામ મોખરે રહ્યું છે. અનેક રાજપૂત નારીઓએ, ધર્મ માટે, દેશ માટે, અને કર્તવ્ય- પરાયણતાના કારણે બલિદાન આપવામાં જરાય પાછીપાની કરી નથી. ઊલટું તેમણે પુરુષોને પ્રેરણા આપી છે. રાણી મલ્હનદેવીની વાત સૌને સાચી લાગી. ખુદરાજા પ્રમાલદેવને પોતાની ભૂલ સમજાઈ. તેને લાગ્યું કે, ખરેખર માહિલની શબ્દજાળમાં ફસાઈને એમણે આલ્હા અને ઉદલનું અપમાન કર્યું. અને એને રાજ્યમાંથી કાઢી મૂક્યા એ એમની ભયંકર ભૂલ હતી. એમણે એવું કરવું નહોતું જોઈતું. પણ હવે તો કટોકટીની ક્ષણો આવી ગઈ છે. રાજ્ય મુસીબતમાં મુકાયું છે. રાજ્યને બચાવવા એ બંને ભાઈઓ જ સમર્થ અને જરૂરી છે. એમના વિના હવે કોઈ બચાવનાર નથી. આથી તેઓ મનમાં પસ્તાવો કરતાં બેસી રહ્યા અને આગળની કાર્યવાહી માટે તેમણે આલ્હા અને ઉદલને બોલાવી લાવવા રાજ્ય કવિને એ કાર્ય પાર પાડવાની જવાબદારી સોંપી.

રાજકવિ ભટ્ટ કનોજ આવી પહોંચ્યા. અને આલ્હા અને ઉદલને મળીને બધી વાત કરી. રાજકવિની આંખોમાં આંસુ હતાં. મહુવા પર આવી પડેલી મુસીબતનું વર્ણન આલ્હા પાસે કરતાં એમનું હૃદય ભાંગી પડ્યું. એમણે આલ્હાને વિનવણી કરી કે, ''હવે તમે બંને ભાઈઓ આવીને મહુવા રાજ્યને બચાવી શકો છો. મહુવા રાજ્યનું ઋણ ઉતારવાની આ તક તમને મળી છે. તમે ભાગ્યશાળી છો કે માભોમની સેવા કરવાની તક મળી છે ?''

આલ્હાએ ઉત્તેજિત સ્વરે કહ્યું – ''અમોને વરસતા વરસાદમાં રાજ્યમાંથી કાઢી મૂકનાર રાજા સાથે કે એ રાજ્ય સાથે અમારે કોઈ સંબંધ નથી. શું અમે જાણીજોઈને મરવા માટે ત્યાં આવીએ ? રાજા પ્રમાલદેવની સેવા અમે ઇજ્જત અને ગર્વભેર કરતા હતા. એ પણ એમને ગમ્યું નહીં. અને અમારું અપમાન કરવા તેઓ તૈયાર થયા. તો હવે અમે શા માટે આવીએ ? મહુવા રાજ્ય બચતું હોય કે મરતું હોય એમાં અમારે શું ? જાઓ અમે નહીં આવીએ.'' આલ્હાએ રોકડો જવાબ પરખાવ્યો. રાજકવિને જવાબ સાંભળીને આઘાત લાગ્યો. પણ તેઓ શું કરી શકે ? તેઓ પાછા મહુવા આવી પહોંચ્યા. અને આલ્હા અને ઉદલે આપેલ જવાબ કહી સંભળાવ્યો. રાજા પ્રમાલદેવ તો આભા જ બની ગયા. એમણે આલ્હાના આવા જવાબની આશા રાખી નહોતી. પણ રાણી મલ્હનદેવીએ આશા છોડી નહીં. એમણે આલ્હા અને ઉદલની માતા દેવલદેવીનો આશરો લીધો. દેવલદેવીને એમણે સમજાવીને આલ્હા અને ઉદલને મનાવવાનું કામ સોંપ્યું. જેથી મહુવા રાજ્યની રક્ષા કરી શકાય. એ સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નહોતો.

દેવલદેવીએ તુરત જ આલ્હા અને ઉદલને બોલાવીને કહ્યું – ''દીકરાઓ તમે ભૂલી રહ્યા છો. અત્યારે જૂની વાતો સંભળાવીને ઇન્કાર કરવાનો સમય નથી. ફરિયાદ કરવાનો પણ સમય નથી. એ માટે તો પછી ઘણો સમય આવશે ત્યારે એ બધો હિસાબ સરભર કરજો. પણ અત્યારે તો જલદી જઈને માતૃભૂમિની રક્ષા કરો. અને મહુવા પર તમારો જીવ કુરબાન કરો.''

આલ્હાએ કહ્યું – ''પણ બા ! તમે કેવા કૃતઘ્ન સાથે હમદર્દી દાખવી રહ્યાં છો ? કેવા રાજાની મદદ માટે કહો છો ? જરા વિચાર તો કરો કે જેણે વગર વાંકે, કોઈ પણ કારણ વિના વરસતા વરસાદમાં અમને કાઢી મૂક્યા એવા રાજાની મદદ અમે કરીએ ? ના બા !



એ શક્ય નથી.''

દેવલદેવીએ કહ્યું – ''અગર એવી વાતો કરશો તો માની લઈએ કે, એમની ભૂલ છે. તોય તમે ઇન્કાર કરવાની ભૂલ કરો છો. તમારી ફરિયાદ રાજા વિરુદ્ધ છે. મહુવા રાજ્ય વિરુદ્ધ નહીં. એટલે વ્યક્તિગત દુશ્મની ભૂલીને મહુવા રાજ્ય પર આવી પડેલ આપદાનું નિવારણ કરો.

''હું તમને બંનેને કહું છું, તમે કેસરી વાઘા પહેરી. શસ્ત્રો લઈને રણસંગ્રામમાં પહોંચી જાઓ અને તમારા બાપનું નામ ઉજ્જ્વળ બનાવો. અને મારું ધાવણ સફળ બનાવો.''

આલ્હાએ કહ્યું – ''બા ! અત્યાર સુધી અમે તમારી કોઈ પણ વાત ટાળી નથી. તમારો દરેક હુકમ અમે માન્યો છે. પણ આજે જે વાત અમારા સ્વાભિમાન માટે અડચણરૂપ છે એ કેવી રીતે કરી શકીએ ? મહુવાનો વિનાશ આજે થાય કે કાલે, રાજાની ઓલાદ અનાજના દાણા દાણા માટે મોહતાજ બની જાય. મહુવામાં બાકી શિયાળ અને ઘુવડ રહી જાય, કાગડા ઊડે તોય અમે મહુવા પાછા નહીં જઈએ. અમારું સ્વમાન ઘવાયું છે. અમને એ બેઇજ્જતી ખટકે છે. અમને આવી પરિસ્થિતિમાં લાવનાર રાજાને અમે મદદ નહીં કરીએ. અમેય માણસ છીએ. કૂતરા પણ પોતાનું અપમાન સહન કરતા નથી. તો અમે કેવી રીતે અપમાન સહન કરીએ ? એ રાજા શું અમને બલિદાનનો બકરો સમજે છે કે, લડાઈમાં અમને શહીદ થવા મોકલે અને પછી અમારું અપમાન કરીને કાઢી મૂકે ?''

ઉદલે પણ આલ્હાની વાતમાં સૂર પુરાવ્યો. અને જવાનો ઇન્કાર કરી દીધો. ત્યારે દેવલદેવીએ છેલ્લો પ્રયત્ન કરતાં કહ્યું – ''તમે બંને મારા દીકરા છો કે પથ્થરના ટુકડા ? હું તમને માતૃભૂમિની રક્ષા કરવા જવાનું કહું છું અને તમે માનતા નથી. તમારા જેવા પુત્રો કરતાં તો વાંઝણી રહી હોત તો સારું ! તમે બંનેએ લાજશરમ

તો છોડી જ દીધી છે. એવું કેમ કહેતા નથી કે મરવાની બીક લાગે છે ? બહાનાં બનાવીને યુદ્ધભૂમિમાં જવાનો ઇન્કાર કરો છો. એ કાંઈ ક્ષત્રિયધર્મ નથી. ક્ષત્રિય તો એને કહેવાય કે જે માતૃભૂમિ પર આવી પડેલી આપદાનું સાંભળીને રણમાં કૂદી પડે. તમારા જેવા નાલાયક દીકરાઓને જન્મ આપવાનો આજે મને પસ્તાવો થાય છે. મને હવે જીવવાનો કોઈ હક્ક નથી.'' એમ કહીને દેવલદેવી કટાર કાઢીને પોતાની છાતીમાં હુલાવવા જતાં હતાં કે ઉદલે તેમનો હાથ પકડી લીધો. અને આલ્હાએ પણ પરિસ્થિતિ પારખી લીધી. તે દેવલદેવીના પગમાં પડી ગયો. ''ખમ્મા કરો મા ! ખમ્મા કરો !! તમારા વિના તો અમારું જીવન સાવ નકામું બની જશે. પછી અમે જીવીને શું કરીશું ? તમે શાંતિ રાખો. અમે મહુવા જવા તૈયાર છીએ. તમારી આજ્ઞાનું પાલન કરવા તૈયાર છીએ. અમારી ભૂલ થઈ કે અમે તમને જવાનો ઇન્કાર કર્યો. અમને માફ કરો. અમે આજે જ મહુવા જવા નીકળીએ છીએ.''

ઉદલે દેવલદેવી પાસેથી કટાર લઈ લીધી. અને તુરત જ બંને ભાઈઓ મહુવા જવા તૈયાર થયા.

# આલ્હા-ઉદલ સાથે લડાઈ

કર્નલ જેમ્સ ટોડનો જન્મ ઇંગ્લેન્ડના એસ્લીંગ્ટન શહેરમાં તારીખ ૨૦મી માર્ચ સને ૧૭૮૨માં થયો હતો. ભારત પર બ્રિટિશરોનું શાસન હતું ત્યારે તે બ્રિટિશ લશ્કરમાં જોડાયો હતો અને હિન્દુસ્તાન આવ્યો હતો. એણે હિન્દુસ્તાનની પ્રજામાં શૌર્ય, વચનબદ્ધતા અને ઉદારતાનાં દર્શન કર્યાં. એને લાગ્યું કે, ભારતનાં નાનાં નાનાં રજવાડાંઓ, મોટાં મોટાં રાજ્યો અંદરોઅંદર લડી- ઝઘડીને નકામું લોહી વહાવે છે. વિપુલ ખર્ચ કરે છે. છતાંય ભારતની સમૃદ્ધિમાં ઓટ આવતી નથી ! એણે ભારતનો ઇતિહાસ વાંચવાનો પ્રયત્ન કર્યો પણ તે



ઉપલબ્ધ ન હતો. તેને સમજાઈ ગયું કે, રાજાઓ રજવાડાઓ ક્ષુલ્લક કારણોસર લડાઈઓમાં વ્યસ્ત રહે છે. પણ કોઈને ઇતિહાસ કે બનતી ઘટનાઓ લખવાનું કે તેને પ્રસિદ્ધ કરવાનું સૂઝતું નથી. દુનિયામાં એવી ચર્ચાઓ થતી કે, ભારત પાસે કોઈ ઇતિહાસ નથી. હિન્દુસ્તાનનો કોઈ ઇતિહાસ જ નથી. કર્નલ ટોડને લાગ્યું કે, એ વાતમાં તો દમ નથી જ. હિન્દુસ્તાનનો ઇતિહાસ તો વિપુલ માત્રામાં છે. પણ તેનું સંકલન લેખન થયું નથી. આથી ભારત ઇતિહાસ વિનાનો દેશ છે એવું કહેવાય છે. કર્નલ ટોડે ભારતનું ભ્રમણ કરવાનું શરૂ કર્યું. પ્રાપ્ય પુસ્તકોનું અધ્યયન કર્યું. રાજપૂતાનાના રાજાઓનો ઇતિહાસ જાણવા તેઓ રાજપૂતાના ગયા. અને ત્યાં આંખો ફાટી જાય એટલું સમૃદ્ધ સાહિત્ય લોકમુખેથી તેણે સાંભળ્યું. બહાદુરીની વાતો, વિશાળતાની વાતો-ઉદારતાની વાતો, શૌર્ય અને લડાઈમાં પળાતા સિદ્ધાંતોની વાતો એમણે ભાટચારણો અને બારોટો પાસેથી સાંભળી. તેને થયું કે ભારતનો ઇતિહાસ લખાવો જોઈએ. અને એણે સામગ્રી એકત્ર કરવા માંડી. સને ૧૮૦૧થી ૧૮૨૨ સુધી કર્નલ ટોડે લગાતાર બાવીસ વર્ષ સંશોધન કર્યું. શિલાલેખો, હસ્તલિખિત પુસ્તકો, જૂના સિક્કાઓ, જૂનાં ખંડિયેરો, રાજવંશના દરેક સભ્યોનાં, મંદિરો અને પૂજારીઓનાં મંતવ્યો જાણી લીધાં. પહાડો, જંગલો, રણ અને ગુફાઓ વિષેની જાણકારી મેળવી, બ્રાહ્મણો, પટેલો, ભાટ, ચારણો અને બારોટોનાં મુખેથી શૌર્ય કથાઓ જાણીને લખી. કાવ્યગ્રંથોના લેખકો, રાજ્ય પુરોહિતો પાસેથી મૌખિક વાતો સાંભળીને લખી. પુરાણો, મહાભારત, રામાયણ, ગીતાનો અભ્યાસ કર્યો. અને પૃથ્વીરાજ રાસો, ખુમાણ રાસો, હમીર રાસો, રતન રાસો, વિજય વિલાસ, સૂર્યપ્રકાશ. જગત વિલાસ, જય વિલાસ, રાજપ્રકાશ. રાજપ્રશા, નવસાહ, માણિકચરિત્ર, કુમારબાલચરિત્ર, માનચરિત્ર, હમીર કાવ્ય રાજવલ, રાજરંગિણી, જયસિંહ કલ્પધર્મ; અને રાજવંશની વંશાવળીઓ, કાવ્ય ગ્રંથ, નાટક, વ્યાકરણ,





કોષ, જ્યોતિષ, શિલ્પ મહાત્મ્ય, અને જૈનધર્મનાં પુસ્કતો ઉપરાંત પારસી અને અરબી ભાષામાં હસ્ત લિખિત અનેક પુસ્તકો એકઠાં કર્યાં. વાંચ્યાં-વંચાવ્યાં અને એ બધી સામગ્રી એકત્ર કરી ઉપરાંત પ્રાચીન મૂર્તિઓ લગભગ વીસ હજાર જેટલી એકત્ર કરી. અને સમગ્ર રાજસ્થાનના નકશા બનાવ્યા. આખું રાજસ્થાન ફર્યા. પછી ઇંગ્લેન્ડ જઈને એ બધી સામગ્રીને વિષય પ્રમાણે સંકલિત કરી. રાજસ્થાનનો પ્રાચીન ઇતિહાસ ગ્રંથરૂપે પ્રગટ કર્યો. એ પુસ્તકમાં એમણે લખ્યું કે, ભારતમાં હિન્દુઓનો કોઈ ઇતિહાસ જ નથી એવું લોકો કહે છે. પણ એ વાત સદંતર ખોટી છે. હિન્દુઓનો અને હિન્દુસ્તાનનો ઇતિહાસ તો બહોળો અને સમૃદ્ધ છે ! ભારતના રાજવીઓ ઇતિહાસ તરફ ધ્યાન આપતા ન હોવાથી આપણે ઇતિહાસથી વંચિત રહ્યા છીએ. કારણ કે ભારતમાં રાજાઓને લડવામાંથી જ ફુરસદ મળતી નથી. તો ઇતિહાસ લખાય ક્યારે ? ફુરસદ હોય તો બનેલી ઘટનાઓનું વર્ણન થાય. મૂલ્યાંકન થાય. અને એ લખાય. પણ અહીંની પરિસ્થિતિ જ નિરાળી છે. ખાસ કરીને રાજપૂતાનાની ! કર્નલ ટોડ લખે છે કે રાજપૂતાનાના રાજાઓ અફીણનું અનહદ સેવન કરે છે. આથી જ તેઓ આળસુ અને બેદરકાર રહે છે. રાજપૂતાનાના રાજાઓ અફીણના સેવનના કારણે જ પતન માર્ગે ગયા. અન્યથા તેઓ એટલા બહાદુર, શૌર્યવાન અને સિદ્ધાંતવાદી છે કે, તેમનો જોટો દુનિયામાં મળવો મુશ્કેલ છે. ખાસ વાત તો એ છે કે, જ્યારે હિન્દુસ્તાન પર મુસ્લિમોનાં આક્રમણ થયાં ત્યારે હિન્દુસ્તાનની મોટી મોટી લાઇબ્રેરીઓમાં સચવાયેલા અનેક વેદો-ગ્રંથો-પુસ્તકોને મુસ્લિમોએ આગ લગાડીને નષ્ટ કર્યા. ત્યાર બાદ કોઈ પણ રાજાએ કે પંડિતે એ સાહિત્ય અન્ય સ્થળેથી એકત્ર કરવાનો પ્રયત્ન કર્યો નથી. જેના કારણે ખાસો એવો ખાલીપો રહી ગયો છે. અન્યથા હિન્દુસ્તાનનો ઇતિહાસ દુનિયાના ઇતિહાસ કરતાં ઘણો ઘણો સમૃદ્ધ અને ઉલ્લેખનીય છે.

મુગલ બાદશાહ અકબરના માનીતા વઝીર અબુ-અલ-ફઝલે લખ્યું છે કે, હિન્દુસ્તાનના હિન્દુઓમાં, ધાર્મિકતા, વ્યવહારની મિત્રતા, સ્નેહ-લાગણી, ન્યાયપ્રિયતા, કાર્યકુશળતા, સભ્યતા, અને લોકપ્રિયતા જેવા અનેક ગુણો રાજપૂતાનાના રાજાઓ રાજપૂતોમાં છે. એ સર્વ ગુણો ઉપરાંત યુદ્ધપ્રિયતા પણ છે કે જેમાં યુદ્ધના મેદાનમાં હાર્યા પછી ભાગી છૂટીને જીવ બચાવવા કરતાં રાજપૂતો લડીને મૃત્યુને ભેટવાનું પસંદ કરે છે. આટલા ગુણો રાજપૂતોમાં હોવાનું અબુ-અલ-ફઝલ પણ કબૂલે છે.

જોકે ભારતમાં કેટલાક રાજપૂતો ખુદને સૂર્યવંશી કહેવડાવે છે તો કેટલાક ચંદ્રવંશી. સૂર્યવંશી રાજાઓ રામના પુત્રો લવ-કુશના વંશના ગણાય છે. અને ચંદ્રવંશી યાદવ કુળના કૃષ્ણના વંશના હોવાનું મનાય છે. કર્નલ ટોડ પોતાના પુસ્તકમાં એક જગ્યાએ જણાવે છે કે મારા રાજપૂતાનાના ભ્રમણ દરમિયાન મેં જોયું છે કે, કોઈ એવો રાજા ન મળ્યો કે જેને લખતાં- વાંચતાં ન આવડતું હોય. જ્યારે મેં ઇંગ્લેન્ડમાં એવા અનેક શાસકો જોયા છે કે જેને લખતાં-વાંચતાં તો ઠીક પણ પોતાની સહી કરતાં પણ આવડતું નથી. આમ કર્નલ ટોડે રાજપૂત રાજાઓના ગુણદોષ ચકાસીને જે ઇતિહાસ લખ્યો છે તેને દુનિયાના ઇતિહાસકારોએ માન્યતા આપી છે. કવિ ચંદે પૃથ્વીરાજ રાસો લખીને યાદવવંશના ચંદ્રવંશી ચૌહાણોનો પરિચય આપણને આપ્યો છે. યાદવો ચંદ્રવંશી ઘરાનાના હતા. કૃષ્ણના દેહાન્ત બાદ યુધિષ્ઠિર અને બળદેવના દિલ્હી અને દ્વારકા જવાથી યાદવ વંશીઓ મુલ્તાન માર્ગે સિંધુ નદીની પેલે પાર ચાલ્યા ગયા. એમની સાથે કૃષ્ણનો પુત્ર પણ હતો. જેઓએ જઈને પહાડી પ્રદેશમાં ગઝની શહેર વસાવ્યું અને સમરકંદ સુધી રાજ્ય કર્યું. બીજા યાદવોએ સને ૧૨૦૨માં જેસલમેર વસાવ્યું. યાદવ વંશની એક શાખા જાડેજા હતી. એમના રાજાને 'સમા'નો ઇલ્કાબ પ્રાપ્ત હતો. યાદવ વંશનાં



આઠ ફાંટાઓ છે.

૧. યદુ-કરોલીના રાજા, ૨. ભાટી-જેસલમેરના રાજા. ૩. જાડેજા-કચ્છભુજના રાજા. ૪. સમેજા-સિંધના રાજા-(જેઓ મુસ્લિમ છે.) ૫. મરેજા ૬. બદીન ૭. બેદા ૮. સૂહા. ઉપરાંત તંવર પણ યદુવંશી છે. યુધિષ્ઠિર રાજાએ ઇન્દ્રપ્રસ્થની સ્થાપના કરી હતી. પાછળથી એ શહેરનું નામ દિલ્હી પડ્યું. રાજા અનંગપાલે અલવર શહેરનું નિર્માણ કરાવ્યું હતું. અનંગપાલને પોતાનું સંતાન ન હોવાથી પોતાનું રાજ્ય દોહિત્ર પૃથ્વીરાજને આપ્યું હતું. એ જ પૃથ્વીરાજ ચૌહાણ યદુવંશી હતા. અને ચૌહાણ કુળના છેલ્લા રાજા હતા. પૃથ્વીરાજના મૃત્યુ બાદ ચૌહાણ વંશની સત્તા વિલીન થઈ ગઈ હતી. જ્યારે રાજપૂતોમાં રાઠોડ ઘરાના પ્રસિદ્ધ હતું. તેઓ રામચંદ્રના પુત્રો લવ અને કુશના વંશજ કહેવાય છે. આથી તેઓ સૂર્યવંશી કહેવડાવતા. રાઠોડનો અસ્સલ દેશ કનોજ છે. રાજા જયચંદ અનંગપાલનો દોહિત્ર હતો. અને પૃથ્વીરાજનો મસિયાઈ ભાઈ થતો હતો. જયચંદનું મૃત્યુ નદીમાં ડૂબી જવાથી થયું હતું. તેના પુત્ર સયાજીએ મારવાડમાં રાઠોડ વંશની પ્રતિષ્ઠામાં ઉમેરો કર્યો. રાઠોડ રાજપૂતોના પણ અલગ અલગ ફાંટાઓ છે. કુશવાહા વંશ રામચંદ્રના પુત્ર કુશના વંશજ મનાય છે. ચાલુક્ય (સોલંકી) અને ચૌહાણ આ વંશના વંશજ ગણાય છે. આ રીતે કર્નલ ટોડ દ્વારા રાજપૂતોનો વિપુલ ઇતિહાસ આપણને જાણવા મળે છે. અન્યથા રાજપૂત રાજાઓની શૂરવીરતા અને ઉદારતા, સિદ્ધાંત અને સૌમ્યતા. પ્રેમ અને પડકારની અનેક વાતો દુનિયાને જાણવા ન મળત. મહુવાના ચંદેલ રાજપૂતો વિશે પણ આપણે કાંઈ જાણી ન શકત.

આલ્હા અને ઉદલ કનોજથી નીકળીને મહુવા તરફ આવવા નીકળ્યા ત્યારે તેમની સાથે દેવલદેવી પણ હતાં. જ્યારે તેઓ મહુવાની નજીક પહોંચ્યા. અને રાજ્યમાં એ ખબર પહોંચ્યા કે આલ્હા અને

ઉદલ આવી રહ્યા છે તો લોકોના જીવમાં જીવ આવ્યો. સૌના શ્વાસ હેઠા બેઠા. સૌએ આલ્હા અને ઉદલનું સ્વાગત કરવાની તૈયારી કરી. કોઈએ ફૂલો વરસાવવા ટોપલા ભરીને ફૂલ સાથે લીધાં. કોઈએ પતાસાં વહેંચવા માટે લીધાં. કોઈએ ચોખા (અક્ષત) તો કોઈએ રોકડ નાણાંની વર્ષા કરવા નાણું સાથે લીધું. મહુવાથી બે માઈલ દૂર સુધી હજારો લોકો આલ્હા અને ઉદલનાં સ્વાગત માટે પ્રતીક્ષા કરતા ઊભા હતા. રાણી મલ્હનદેવીએ પોતાના પુત્ર બ્રહ્મદેવને આલ્હા અને ઉદલનું સ્વાગત કરવા રવાના કર્યા. અને સૂચન કર્યું કે, બંને ભાઈઓને સીધા મહેલમાં મારી પાસે લઈ આવજે.

રાજા પ્રમાલદેવને જાણ થઈ તો તેના જીવમાં જીવ આવ્યો. બંને શૂરવીર ભાઈઓ રાજાની ઇજ્જતના રખેવાળ આવી રહ્યા છે. દેશના સ્તંભ અને મહુવા રાજ્યના રક્ષક આવી રહ્યા છે. ત્યારે રાજા પ્રમાલદેવનાં મનમાં ખૂબ આનંદ થયો. પણ બીજી જ ક્ષણે તેમને શરમ પણ આવી કે આવા સાચા અને વફાદાર પુત્રસમ શૂરવીરોને એણે અકારણ રાજ્યમાંથી કાઢી મૂક્યા હતા. હવે કયા મોઢે એમનું સામૈયું કરવું, કઈ રીતે એમની સાથે વાત કરવી, કેવી રીતે પૃથ્વીરાજ ચૌહાણના હુમલાની વાત કરવી. સાવ સામાન્ય બાબતમાંથી ઊભા થયેલા આ મહા સંકટ વિષે એની સાથે કઈ રીતે ચર્ચા કરવી. જો આલ્હા અહીં હોત તો એ સમયે પૃથ્વીરાજના થોડાક સિપાહીઓ જે વિજયના તોરમાં હતા. એને આલ્હાએ જુદી જ રીતે આવકાર્યા હોત. એમની સરભરા કરી હોત. અને પૃથ્વીરાજ સાથે મિત્રતાભર્યા સંબંધો રહ્યા હોત. પણ આલ્હાની ગેરહાજરીમાં અન્ય સિપાહસાલાર આટલી નાની અમથી વાતને ઉકેલી ન શક્યા. અને અયોગ્ય રીતે થોડા સિપાહીઓ હોવાથી તેમને રહેંસી નાંખ્યા. અને હવે પૃથ્વીરાજે એ રહેંસાયેલા સિપાહીઓનો બદલો લેવા માટે યુદ્ધ આદર્યું છે. આ યુદ્ધમાં હજારો લાખો સિપાહીઓ ખપી જશે. મહુવા



રાજ્ય બરબાદ થઈ જશે. એવી ગણતરી કોઈ સિપાહસાલારે રાખી નહીં. તેઓએ માત્ર થોડા સિપાહીઓ હોવાથી પોતાની બહાદુરી બતાવી આગળપાછળનો કોઈ વિચાર કર્યો નહીં. એ સાચું છે કે, માનવી શક્તિ કરતાં બુદ્ધિથી વધુ સમૃદ્ધ બની શકે છે. બુદ્ધિથી દુનિયાની દરેક મુસીબતનો મુકાબલો કરી શકાય. હવે આલ્હા અને ઉદલ આવી પહોંચ્યા છે. તો તેઓ જરૂર કોઈ માર્ગ કાઢશે અને મહુવા રાજ્યને તબાહ થવાથી ઉગારી લેશે. રાજા આવા વિચારો કરી રહ્યો હતો ત્યાં જ રાણી મલ્હનદેવી આલ્હા અને ઉદલ આવી પહોંચ્યાની ખબર આપવા આવ્યાં. અને કહ્યું – ‘‘તમે નકામી ચિંતા કરતા હતા. મને ખાતરી હતી કે, તેઓ લાખવાર નારાજ હોય તોય જ્યારે રાજ્ય પર સંકટ આવી પડે ત્યારે તેઓ શાંતિથી બેસી નહીં રહે. જરૂર તેઓ આપણી મદદે આવી જશે. શૂરવીરો ક્યારેય રણથી ગભરાતા નથી. અને ભીડ પડ્યે છુપાઈને બેસતા નથી.’’

રાજા પ્રમાલદેવે કહ્યું – ‘‘એ તો બરાબર, પણ હું એમની સાથે કયા મોઢે વાત કરી શકીશ ? કયા મોઢે એમની કુશળતા પૂછી શકીશ ??’’ રાણીએ કહ્યું – ‘‘તમારી શંકા વ્યર્થ છે. કાંઈ પુત્ર બાપથી રિસાય ? અને રિસાય તો કેટલો સમય ? પુત્ર કદી બાપને નીચું જોવડાવવાનું કામ ન કરે. આપણા આ બંને પુત્રો શૂરવીર અને બુદ્ધિમાન છે. તેઓ વિતિ વાતોને ભૂલીને જ અહીં આવ્યા છે. તમે નિશ્ચિંત રહો. બંને આવીને તમારા પગે લાગશે. અને મહુવા રાજ્યની સુરક્ષાનો સઘળો બોજ પોતાના ખંભે લઈ લેશે.’’

રાજા અને રાણી વાતો કરી રહ્યાં હતાં. ત્યાં જ બહારથી– ‘‘ભારતભૂમિનો જય !

‘‘મહુવા દેશને જય !!’’ ‘‘આલ્હા-ઉદલ નો જય !!!’’નો ગગનભેદી અવાજ આવવા લાગ્યો. એ અવાજો સાંભળીને રાણીએ તુરત જ

પોતાની દાસીને હુકમ કર્યો કે, ''જલદી જઈને સોનામહોરોનો થાળ ભરી લાવ. અને મારા પુત્રો પર વારવા માટે બીજો સામાન પણ લઈ આવ.''

મહેલનો દરવાજો ખુલ્લો જ હતો. રાજા અને રાણી આલ્હા અને ઉદલની અંદર આવવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. આલ્હા અને ઉદલ પોતાની માતા દેવલદેવીની સાથે અંદર પ્રવેશ્યા. તો રાણીએ ઊઠીને પહેલાં દેવલદેવીને બાથમાં લઈ તેનો આભાર માન્યો. પછી આલ્હા અને ઉદલને છાતીસરસા ચાંપીને તેમની ઉપરથી સોનામહોરોનો થાળ અને બીજી કીમતી ચીજો વારીને પ્રજામાં વહેંચાવી દીધી. શરમના કારણે રાજાનું માથું ઝૂકી ગયું હતું. આ જોઈને રાણીએ આલ્હા અને ઉદલને સંબોધીને કહ્યું – ''દીકરાઓ ! જે દિવસથી તમે મહુવાથી ચાલ્યા ગયા છો. મેં એક પણ રાત સુખની નીંદર માણી નથી. મહારાજ પણ તમને યાદ કરતા રહ્યા હતા. તમારા ગયા પછી મહુવાની હાલત ખરાબ થઈ ગઈ છે. નાના મોટાં રજવાડાંઓએ બળવો કરીને પરેશાન કર્યા છે. ઉપરથી આ દિલ્હીનો સિંહ પૃથ્વીરાજ આવીને મહુવા પર ત્રાટક્યો છે. તમે મહુવાનું અન્ન ખાધું છે. હવા અને પાણી લીધાં છે. મહુવા તમારી માતૃભૂમિ છે. એના પર વિપદા આવી પડી છે. તમે આવી ગયા છો. હવે એ વિપદાઓને તમે જ દૂર કરી શકશો. અને તમે જ પૃથ્વીરાજનો મુકાબલો કરી શકશો. સાચો રાજપૂત દેશ પર ભીડ આવે ત્યારે ચુપ બેસી ન શકે, મને ખાતરી છે કે તમે પણ દેશને આપદામાંથી મુક્ત કરશો.''

આલ્હાએ માથું ઝુકાવીને નમ્રતાથી કહ્યું – ''માતૃશ્રી ! અન્નજળને આધીન અમે પોતાની માતૃભૂમિથી વિખૂટા પડ્યા હતા. અને જ્યાં જ્યાંનું નસીબમાં અન્ન લખાયું હતું ત્યાંનું અન્ન ખાધું અને રહેવું પડ્યું.''

રાણીએ કહ્યું – ''દીકરાઓ ! તમારી સાથે જે અનુચિત વ્યવહાર



થયો એનું મને દુઃખ છે. પણ તમે મહુવા છોડતાં પહેલાં મને મળ્યા પણ નહીં. નહીંતર હું તમને બિલકુલ જવા ન દેત ! ખેર ! જે થવાનું હતું તે થયું. હવે વિતિ વાતો ભૂલી જાઓ. મેં તમને બંનેને મારા સંતાનની જેમ પાળ્યા છે. એટલે મારો પણ તમારી ઉપર કોઈ હક્ક તો છે જ !''

આલ્હાએ કહ્યું – ''માતેશ્વરી ! તમારા ઉપકારોને અમે પહેલાં પણ ભૂલ્યા નહોતા. આજે પણ ભૂલતા નથી. તમારો અમારા પર પૂરેપૂરો અધિકાર છે. અમે તમારા કૃતજ્ઞો છીએ. અમારા શરીરમાં લોહીનું છેલ્લું ટીપું પણ અમે તમારા માટે વહાવી દેવા તૈયાર છીએ. તમારા ચરણોમાં અમારાં માથાં વારી દઈએ. અમને દુઃખ ફક્ત એટલું જ છે કે, કોઈપણ ગુન્હો કર્યો ન હોવા છતાંય કોઈ ભૂલ ન કરવા છતાંય અમને કાઢી મૂકવામાં આવ્યા. બસ એનું દુઃખ અમારા હૃદયમાં છે. પણ તમારા આશીર્વાદથી હવે એ દુઃખ પણ દૂર થઈ ગયું છે.'' રાણીએ બંનેનાં માથાં પર હાથ ફેરવી પીઠ થપથપાવી. અને આલ્હા અને ઉદલ તેમનાં ચરણોમાં નમી પડ્યા. પછી તેઓએ રાજા પ્રમાલદેવને નમસ્કાર કર્યા. રાજા પ્રમાલદેવ શરમના માર્યા ચૂપચાપ બેઠા હતા. પણ આલ્હાએ એમનાં ચરણ સ્પર્શ કરીને કહ્યું – ''મહારાજ ! તમારા જૂના સેવકો તમારી સેવામાં હાજર છે. અમારા માટે શો હુકમ છે ? અમારો રોમ રોમ તમારા ચરણો પર કુરબાન છે.''

રાજાએ ઊઠીને બંને ભાઈઓને બાથમાં લઈ લીધા. અને ગળગળા સ્વરે કહ્યું – ''ધન્ય છે તમારાં માતા-પિતાને કે જેઓએ તમને જન્મ આપ્યો. મહુવાને તમારી સેવાઓનો લાભ મળ્યો છે. મને યાદ છે કે મેં તમારી સાથે કેવો વર્તાવ કર્યો છે. પણ હવે એ બધું ભૂલીને તમે અહીં આવ્યા છો. મને ખૂબ લજ્જાનો અનુભવ થાય છે. હું તમારું સ્વાગત કેવી રીતે કરું ? હવે બનવાનું બની

ગયું છે. તમારા મહુવા રાજ્ય પર સંકટ આવી પડ્યું છે. તમે તમારી મૂળ જગ્યાએ રહીને મહુવા રાજ્યનું રક્ષણ કરો.'' આલ્હા અને ઉદલે રાજાને પ્રણામ કર્યા. અને લશ્કરના સિપાહસાલારની રૂએ એમણે સૌપ્રથમ લશ્કરનું નિરીક્ષણ કર્યું. રાજા, રાણી અને તેમની માતા દેવલદેવીએ બંને ભાઈઓને આશીર્વાદ આપ્યા. બંને ભાઈઓ મહુવાના રક્ષણકાર્યમાં લાગી ગયા. વીતેલી વાતો સૌ ભૂલી ગયા. હવે તો માતૃભૂમિનું રક્ષણ કઈ રીતે કરવું એની ગડમથલમાં સૌ પડી ગયા. દુશ્મન માથા પર સવાર હતો. કીરત સાગર નદીના કાંઠે આલ્હા ફરી ફોજનો સિપાહસાલાર બનીને વ્યવસ્થામાં ગૂંથાયો. સૌ સિપાહીઓએ ત્યાં જ મહુવા રાજ્ય માટે પોતાનાં માથાં આપી દેવાની પ્રતિજ્ઞા કરી. શૂરવીરોએ સોગંદ લીધા. મેદાનમાંથી હટીશું તો મરીને જ હટીશું. આમ લશ્કર ફરી તૈયાર થઈ ગયું. આલ્હા અને ઉદલના આવવાથી આખું વાતાવરણ બદલાઈ ગયું. સિપાહીઓનો જુસ્સો વધી ગયો. સેનાપતિઓમાં હિંમત આવી ગઈ. સૌ મરવા માટે તૈયાર થઈ ગયા.

એક માસનો સમય તૈયારીઓમાં વ્યતીત થઈ ગયો. યુદ્ધનાં મંડાણ થયાં. હાલ જે જગ્યાએ 'ઉરઇ' નામનું નગર છે એ જ સ્થળે ધમસાણ યુદ્ધ શરૂ થયું. સતત અઢાર દિવસ ચંદેલ રાજપૂતો અને ચૌહાણ રાજપૂતો નાની અમથી વાત પરથી મરવાની સંપૂર્ણ તૈયારી સાથે આવ્યા હતા. ખૂબ જ ભયંકર લડાઈ થઈ. અઢાર દિવસ લડાઈ ચાલતી રહી. પૃથ્વીરાજ ખુદ પણ આ યુદ્ધમાં ઊતર્યો હતો. લોહીની નદીઓ વહેવા લાગી. લાશોના ખડકલા થઈ ગયા. આવું ભયંકર યુદ્ધ ભાગ્યે જ કોઈ અન્ય દેશમાં થયું હશે. આ યુદ્ધમાં બંને હાર્યા અને બંને પક્ષો જીત્યા એમ કહી શકાય, કારણ કે ચંદેલ રાજપૂતો અને ચૌહાણ રાજપૂતો માટીમાં મળી ગયા. ભયંકર યુદ્ધનું પરિણામ પણ ભયંકર આવ્યું. બંને પક્ષો હંમેશને માટે નિર્બળ



બની ગયા. ચૌહાણ લશ્કરમાં જે અનુભવી યોદ્ધાઓ હતા તેઓ મોતને ભેટ્યા હતા. તેઓ બધા ચંદેલો સાથે લડતાં લડતાં મરી ગયા. પૃથ્વીરાજ ચૌહાણને જબરો ફટકો લાગ્યો. જેના કારણે ભવિષ્યનું થાનેસરનું યુદ્ધ પૃથ્વીરાજ મહંમદ ઘોરી આગળ હારી જવાનો હતો. કુદરતે પૃથ્વીરાજને ભયંકર ફટકો મારી દીધો હતો. અને મહુવા રાજ્ય તો જાણે ઉજ્જડ બની ગયું. પ્રજા આજે પણ આલ્હાને અમર ગણે છે, માને છે કારણ કે ખરેખર આલ્હા અમર છે. તેનું નામ ક્યારેય ભૂંસાશે નહીં. તેનું નામ હંમેશાં કામય રહેશે. સૌ યાદ કરતા રહેશે. આલ્હાની કુરબાની જેવી તેવી ન હતી. તેનું શૌર્ય પણ આ રણમેદાનમાં દેખાયું.

આ યુદ્ધનું પરિણામ બંને પક્ષો માટે ખતરનાક સાબિત થયું. બંને હિંદુરાજાઓ રાજપૂત રાજાઓ આપસમાં નાની એવી વાત પર અથડાયા હતા. અને બંનેએ સામે ચાલીને પોતાની બેહાલી અને બરબાદી નોતરી હતી. કારણ કે અગર પ્રમાલદેવે થોડાક સિપાહીઓને મારી નાંખ્યા હતા તો પૃથ્વીરાજે પણ એ વિષે ઊંડો વિચાર કરવો જોઈતો હતો. નાની બાબતને ઉગ્ર અને મોટું સ્વરૂપ આપવાની જરૂર નહોતી. અથવા અન્ય કોઈ રીતે પણ રાજા પ્રમાલદેવને સજા કરી શકાત, મહુવા રાજ્યને સજા કરી શકાત. પણ આમ અઢાર અઢાર દિવસ લાંબું ચાલેલું યુદ્ધ કરવાની આવશ્યકતા નહોતી. કારણ કે એનાથી બંને રાજ્યોને ભયંકર નુકસાન થયું. જૂના અનુભવી લડવૈયાઓ કપાઈ મર્યા. પૃથ્વીરાજનું લશ્કર તો જાણે હવે શિખાઉ અને નવા સિપાહીઓનું જ રહ્યું હતું. અચાનક કોઈ આફત આવી પડે તો પૃથ્વીરાજ પોતાના રાજ્યને બચાવી ન શકે એવી હાલત થઈ ગઈ હતી. અને મહુવા રાજ્ય ઉજ્જડ બની ગયું. કર્નલ ટોડે સાચું જ લખ્યું છે કે, રાજપૂત રાજાઓ કારણ વગરની લડાઈઓમાં પોતાની શક્તિ વેડફી નાંખે છે. અને અંદર અંદરની લડાઈઓમાંથી તેમને

ફુરસદ જ મળતી નથી કે જેથી તેઓ હિન્દુસ્તાનનો ઇતિહાસ લખી કે લખાવી શકે. આમ રાજપૂત રાજાઓ એક તરફ બહાદુર અને શક્તિશાળી હતા. એ શક્તિઓને તેઓ આપસની લડાઈઓમાં વ્યય કરતા રહ્યા હતા. સંપીને વિધર્મીઓનો કે આક્રમણખોરોનો મુકાબલો કર્યો હોત તો આજે હિન્દુસ્તાન કાંઈક જુદું જ હોત. પણ એવું બન્યું નથી જેનાં પરિણામે આપણે ભોગવી રહ્યા છીએ.

ઇતિહાસ શું છે ? એની શી જરૂરત ?

ઇતિહાસ શબ્દ ''ઇતિ-હ-આસ'' એવા સંસ્કૃત શબ્દમાંથી બન્યો છે. એનો મૂળ અર્થ છે : ''એવું જ બન્યું''. આથી સમગ્ર ઇતિહાસ એને જ માનવામાં આવશે જેમાં સાચી સત્ય ઘટનાઓનું વર્ણન થયું હોય. હિન્દુઓના મુખ્ય બે ઐતિહાસિક ગ્રંથો મહાભારત અને રામાયણ છે. પણ અગાઉ ઇતિહાસના અર્થની મહાન ગણના થતી હતી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાંથી સ્પષ્ટ જાણવા મળે છે કે, પુરાણ-ઇત્યુવૃત, ઇતિહાસ, ઉદાહરણ એટલે કે ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વગેરેને મળીને ઇતિહાસ કહેવાય છે. રાજપૂત-રાજકુમારો ઇતિહાસનો અભ્યાસ ફરજિયાત રીતે કરતા હતા. કારણ કે ઇતિહાસ સત્યનો પ્રકાશ અને જીવનનો શિક્ષક છે. ઇતિહાસમાંથી પ્રાચીનતાનો પ્રકાશ મળે છે. આથી ઇતિહાસ એવી વિદ્યાનું નામ છે, જેના વાચનથી કોઈ જાતિના લોકોનું વર્ણન મળી આવે છે. એની ઉન્નતિ અને પડતીનું જ્ઞાન મળે છે. એના ગુણ અને દોષ જાણવા મળે છે. એના ઇરાદા અને અનુભવો જાણવા મળે છે. ઇતિહાસ જીવનની ખૂબ જ અગત્યની જરૂરિયાત છે. ઇતિહાસ વગર જાતિ નષ્ટ થઈ જશે. સમાજમાં અંધાધૂંધી ફેલાશે. કોઈ પણ સમાજની કમજોરી અને કુશળતા, ભૂલો અને ગુન્હાઓ, વાસ્તવિકતા અને ઉપલબ્ધિઓ કાબેલિયત અને ગુણો, સુખ અને દુઃખ જાણીને ભવિષ્યમાં તેનું નિવારણ થઈ શકે છે. અને માનવસમાજ ઉન્નતિ તરફ આગળ વધી શકે છે.



ઇતિહાસ થકી જ માનવી પોતાનું ભવિષ્ય બનાવી શકે છે. પરંતુ રાજપૂતોએ ઇતિહાસની અવગણના કરી. માત્ર બહાદુરી પર મુસ્તાક રહ્યા. એથી જ કદાચ હિન્દુસ્તાનમાં સમૃદ્ધિ, શક્તિ અને સભ્યતા હોવા છતાંય હિન્દુસ્તાનની ઉપેક્ષા જગતમાં થઈ રહી હતી. આજે ફરીથી હિન્દુસ્તાન ઉચ્ચ સ્થાને બિરાજવા થનગની રહ્યું છે. પણ આટલું મોડું થયું એમાં ઇતિહાસની અવગણનાએ મોટો ભાગ ભજવ્યો છે.

માનવી બુદ્ધિશાળી પ્રાણી છે. એને પોતાની ખામીઓ, ખૂબીઓનું જ્ઞાન થતાં માનવીએ એ ગુણોનો લાભ લીધો. અને અવગુણોને પારખીને તેને દૂર કરવા પ્રયત્ન કર્યો એટલે આપણે નિરાશ થવાની જરૂર નથી. ગમે તેટલું ગુમાવ્યા બાદ પણ આપણે એથીયે વિશેષ મેળવી શકીએ છીએ. એવું સમજતાં જ માનવી હવે કાર્યમાં લાગી ગયા છે. આખરે થોડાક લોકો પણ બૃહદ સમાજને માટે ફાયદાકારક સાબિત થશે જ. થોડા જ ઇતિહાસકારો હિન્દુસ્તાનના ઇતિહાસને જાણી સમજી, મૂલવીને એને પ્રગટ કરી રહ્યા છે. જેનાથી સમગ્ર સમાજ ભવિષ્યમાં ભારતનો સંપૂર્ણ ઇતિહાસ જાણી શકશે. આજના શાસકો પણ પ્રાચીન ઇતિહાસમાંથી બોધપાઠ લઈને કાર્યશૈલી બદલીને શાસન કરી રહ્યા છે. જે સમાજ માટે ઉપકારક સાબિત થશે. ચંદેલ રાજપૂતોએ ટૂંકા ગાળામાં થોડીક શક્તિ એકત્ર કરી હતી. અને એ થોડીક શક્તિને તેઓ વિરાટ સ્વરૂપે જોતા અને માનતા હતા. જેના કારણે તેમણે શક્તિશાળી સામે શીંગડાં ભરાવ્યાં. પરિણામ એ આવ્યું કે, તેઓની સીમિત શક્તિના કારણે તેઓ હારી ગયા. અને ચૌહાણ વંશના પૃથ્વીરાજે નાની વાતને બહુ મોટું સ્વરૂપ આપીને પોતાના હજારો વીરયોદ્ધાઓ, અનુભવી લડવૈયાઓ ગુમાવ્યા. ઇતિહાસનાં પાનાંઓ પર આ બાબત સ્પષ્ટ અક્ષરે અંકિત થયેલ છે. જેમાંથી આપણે સૌએ બોધપાઠ લેવાનો છે.

ચંદેલ રાજપૂત આલ્હા અને ઉદલ જ્યારે યુદ્ધની કમાન સંભાળીને પૃથ્વીરાજ જેવા શક્તિશાળી રાજા સામે લડવા તૈયાર થયા ત્યારે તેમની બહાદુરી, શૌર્ય, માતૃભૂમિ પ્રત્યેની લાગણી અને રાજા-રાણી પ્રત્યે ઋણાનુરાગ જોઈને સૌ પ્રભાવિત થયા. આલ્હાની બહાદુરી રણમેદાનમાં જોઈને એ સમયે કોઈ કવિએ એનાં ગુણગાન ગાયાં હતાં. કેટલીક કાવ્યરચનાઓ રચી હતી. જે પાછળથી આલ્હાના રણમેદાનમાં ખપી જવાના કારણે પ્રજાના માનસપટ પર અંકિત થઈ ગઈ. એ કવિનાં શબ્દો, એને ગાઈને કહેવાતી વાત સાંભળીને. સાંભળનાર ઉત્તેજિત થઈ ઊઠે એવી શક્તિ એ કાવ્યોમાં હતી. આ ચંદેલ કવિએ રચેલી રચનાઓ પછી તો એવી લોકપ્રિય બની ગઈ કે મહુવા રાજ્યના દરેક માનવીના હોઠો પર એ કાવ્યો આવી ગયાં. એ સમયે ગવાયેલા આલ્હાનાં એ ગીતો આ પરગણામાં એટલાં લોકપ્રિય બન્યાં કે, કદાચ રામાયણનાં કાવ્યો પણ એટલા લોકપ્રિય એ સમયે થયાં ન હતાં. પછી તો એ કવિ આલ્હા કવિ તરીકે પંકાયા. અને એનાં ગીતોને 'આલ્હા ગીત' કહેવામાં આવતાં. આજે પણ નવસો-હજાર વર્ષ વીત્યા પછી પણ એની લોકપ્રિયતા અને મીઠાશમાં કોઈ ફરક પડ્યો નથી. આલ્હાગીત ગાવાનું એ પરગણામાં ખૂબ જ પ્રચલન છે. નાનાં નાનાં ગામોમાં તો આલ્હાગીત સાંભળવા માટે આખી રાત લોકો ઉજાગરા વેઠીને પણ આલ્હાગીત સાંભળવા આવે છે. આલ્હાગીત ગાનાર કલાકારો-ગાયકો પણ વિપુલ સંખ્યામાં છે. એ વિસ્તારની ભાષામાં ગવાતાં આલ્હાગીતોની લોકપ્રિયતા આજે પણ એવી ને એવી જ છે.

આલ્હાગીત ગાનાર ગાયક એક નાના સ્ટેજ પર બેસીને ગાય છે. કેટલાંક વાજિંત્રોનો સહારો લઈને ગવાતાં એ ગીતોમાં અને એના શબ્દોમાં એવી ખૂબી હોય છે કે, સાંભળનારનાં રૂંવાડાં ખડાં થઈ જાય. શિયાળ જેવો બીકણ માનવી પણ આલ્હાગીત સાંભળીને



સિંહની જેમ ત્રાડ નાંખવા માંડે એવી શક્તિ એ ગીતોનાં શબ્દોમાં સંગીતનાં વાદ્યો દ્વારા તેને શ્રાવક બનાવાય છે.

ઉપરાંત ગાયક કયા શબ્દ પર વિશેષ ભાર આપવો, કયા શબ્દને લડાવીને બોલવો, કયો શબ્દ ઊંચા કે નીચા સ્વરે ગાવો તે જાણતા હોય છે. આલ્હાગીત સાંભળીને આજે પણ લોકો આલ્હા અને ઉદલની બહાદુરીને યાદ કરે છે. આલ્હાગીતોમાં શૌર્ય રસ-શ્રૃંગારરસ અને કાવ્યરસનું એવું મિશ્રણ હોય છે કે સાંભળનાર એને સાંભળતો રહે – ધરાય જ નહીં.

આમ આલ્હાગીતો દ્વારા આજે નવસો વર્ષથી જે વીર ગાથાઓ ગવાતી આવી છે એ બધાં ગીતોનું સંકલન થાય, પુસ્તકરૂપે પ્રગટ થાય તો ઇતિહાસની એ મોટામાં મોટી સેવા ગણાશે. ઇતિહાસકારો જરૂર એ કાર્ય કરશે જ એવી આશા આપણે રાખવી જોઈએ.

# પ્રેમના નામે કપટ

દિલ્હીના રાજા અનંગપાલ વીરપુરુષ અને બુદ્ધિમાન વ્યક્તિ હતા. બાહુબળ અને બુદ્ધિબળથી એમણે આટલા મોટા દિલ્હી રાજ્ય પર સરળતાપૂર્વક શાસન કર્યું હતું. પ્રજાને કોઈ પણ તકલીફ તેઓ પડવા દેતા નહીં. તેમનું રાજ્ય વિશાળ હોવાના કારણે તેમની આવક પણ વિપુલ હતી. જેના કારણે તેઓ પ્રજાની સગવડો સાચવી શકતા. પ્રજાની જરૂરિયાત તેઓ પૂરી કરી શકતા. કારણ કે ધનથી જ બધાં કાર્યો સરળતાથી થઈ શકે છે. ધન ન હોય તો કોઈ કાર્ય થઈ શકે નહીં. અનંગપાલનું રાજ્ય પંજાબ પેશાવર સુધી પ્રસરેલું હતું. તેમના રાજ્યમાં ખેતીવાડી બહોળા પ્રમાણમાં થતી હતી. જેથી ખેડૂતો પાસેથી રાજ્યને સમયસર કર મળી જતો. આમ સારી આવક ધરાવતું હોવાથી દિલ્હી રાજ્ય સુખી અને સમ્પન્ન હતું. તેમ શક્તિશાળી પણ હતું. રાજા અનંગપાલ સામે થવાની કોઈની હિંમત જ ન હતી.

જેના કારણે રાજ્યમાં શાંતિ હતી.

રાજ્યનો વ્યવહાર એકલા રાજા ચલાવતા નથી હોતા. તેના વજીરો-પ્રધાનો-સેનાપતિઓના હાથમાં પણ સત્તા હોય છે. રાજા અનંગપાલે એ બધા હોદ્દાઓ પર ચૂંટી કાઢેલા બહાદુર અને ઇમાનદાર માણસોને જ મૂક્યા હતા.

રાજા અનંગપાલના એક વજીર હતા અમરસિંહ. ખૂબ બહાદુર, શૌર્યવાન અને ઠરેલ મગજના એ વજીર અનંગપાલની ઇચ્છા પ્રમાણે રાજ્યનો કાર્યભાર ચલાવતા હતા. તેઓ ખુદ પણ પ્રજાપ્રેમી હતા. સ્વભાવે સરળ અને સાચા હતા. ક્યારેય કોઈને દુઃખ પહોંચાડતા નહીં. સૌની સાથે મમતા અને પ્રેમથી વર્તતા. આથી તેમને પણ સૌ ખૂબ માન આપતા.

અમરસિંહે અનંગપાલને અનેક લડાઈઓમાં બહાદુરીપૂર્વક સાથ આપ્યો હતો. જેવા અનંગપાલ શૌર્યવાન હતા, તેવા જ અમરસિંહ પણ શૌર્યવાન હતા. ઉંમરમાં બન્ને સરખેસરખા હતા. અનંગપાલ રાજા હતા. અને અમરસિંહ વજીર હતા. વર્ષોનો તેમનો સાથ રહ્યો હતો.

હવે અનંગપાલ વૃદ્ધ થવા આવ્યા હતા. તેમ અમરસિંહ પણ વૃદ્ધ થવા આવ્યા હતા. શારીરિક શક્તિ ઓછી થતાં અનંગપાલે એમને વજીર ઉપરાંત સલાહકાર પદે નીમ્યા હતા. અને જ્યારે અનંગપાલે રાજ્ય પૃથ્વીરાજને સોંપ્યું ત્યારે પણ અમરસિંહ વજીર અને સલાહકાર તરીકે સેવાઓ આપી રહ્યા હતા. તેમની ઉંમરના કારણે પણ પૃથ્વીરાજ તેમની ઇજ્જત કરતો. અને એમને પદ પર ચાલુ રાખ્યા હતા. અમરસિંહ એંશી વર્ષના વૃદ્ધ હતા. માથાના વાળ સફેદ થઈ ચૂક્યા હતા. દાઢી અને મૂછો સફેદ થઈ ગઈ હતી. શાનદાર ચહેરો, પહોળી છાતી, અને હસમુખ વદન તેના બુદ્ધિમાન અને ઉદાર દિલ હોવાનાં પ્રતીક સમાન હતા. તેઓ ઠરેલ વિચારોના હતા. અનુભવી હતા.



દિલ્હી રાજ્યની દરેક બાબતથી તેઓ વાકેફ હતા.

નિશ્ચિંતતા ભરી આંખો ઝગારા મારી રહી હતી. તેમના ચહેરા પરથી આત્મિક પ્રકાશ પથરાતો હતો. વૃદ્ધ થયા હોવા છતાંય તેમનું શરીર સશક્ત અને સક્રિય હતું. કમર સીધી અને આંખો ચમકતી હતી. છાતી પહોળી અને બાવડાં મજબૂત હતાં. જેમાંથી એ જણાઈ આવતું હતું કે તેઓ યુવાનીમાં ખૂબ સબળ અને બહાદુર હતા. તેમના શારીરિક બાંધા પરથી તેમનું વૃદ્ધત્વ દેખાતું હતું. પણ ઘડપણ નહીં.

અમરસિંહને એક પુત્ર હતો વિજયસિંહ ! તે યુવાન હતો. અને પોતાના પિતાના વર્ચસ્વના કારણે પૃથ્વીરાજની સેનામાં સેનાપતિ પદે નિયુક્ત થયો હતો. વિજયસિંહ દેખાવડો અને મજબૂત બાંધાનો હતો. પણ તેનું મન મેલું હતું. તે અતિ મહત્ત્વાકાંક્ષી હતો. તેની નજર દિલ્હીની રાજગાદી પર હતી. અને એના માટે એણે પૃથ્વીરાજની પુત્રી ઉષાવતી પર નજર બગાડી હતી. એણે વિચાર્યું હતું કે, ઉષાવતીને પ્રેમજાળમાં ફસાવીને તેને પરણી જાઉં તો પૃથ્વીરાજ રાજગાદી મને સુપ્રદ કરે. કારણ કે પૃથ્વીરાજને એક પુત્ર હતો. પણ તે બાળક હતો. નાનો હતો. અણસમજ હતો. એને કબ્જામાં કરવો અઘરું નથી. અગર ઉષાવતી લગ્ન માટે તૈયાર થાય તો દિલ્હીનું રાજ્ય મને ચોક્કસ મળી જાય. પછી બાળકને સમજાવવા-પટાવવામાં કંઈ અડચણ નહીં આવે. હું દિલ્હીનો મહારાજ બનું. પછી તો મારો હુકમ કોણ ટાળી શકે ? એમ વિજયસિંહ દિલ્હીની રાજગાદીનાં સ્વપ્ન સેવતો હતો. આથી તે રાજકુમારી ઉષાવતીને વારંવાર મળવાના પ્રયત્ન કરતો રહેતો. રાજકુમારી ઉષાવતી હવે સોળ વર્ષની યુવાન બની હતી. તેનું સૌંદર્ય યુવાનીના કારણે ખીલી ઊઠ્યું હતું. આમેય તે સ્વરૂપવાન તો હતી જ ઉપરથી યુવાની આવી પછી તો પૂછવું જ શું ? ઉષાવતી ભલભલા પુરુષને આકર્ષી શકે એટલી સુંદર હતી.

વિજયસિંહ તેના પર મોહી પડ્યો હતો. પણ રાજકુમારી ઉષાવતી તેને જરાય ગાંઠતી નહોતી.

આજે પણ વિજયસિંહ ઉષાવતીને મળવા આવ્યો હતો. તેનો ઇરાદો હવે ઝટ ખુલાસો થાય તો સારું એવો હતો. કારણ કે ઉષાવતીએ ક્યારેય તેને પ્રેમ કર્યો ન હતો. તેમ વિજયસિંહને તે પ્રેમ કરી શકે તેમ પણ ન હતી. હા, ઉષાવતીની એક દાસી જેનું નામ ચંપા હતું. તે વિજયસિંહને જરૂર ચાહવા લાગી હતી. દાસી ચંપા માત્ર દાસી ન હતી, તે ઉષાવતીની સખી-બહેનપણી બની ગઈ હતી. ઉષાવતીને ચંપા વિના જરાપણ ચેન ન પડતું. ચંપા ચબરાક અને હોશિયાર હતી. તેની વાણી પણ મધુર અને મોહક હતી. તે ઉષાવતીથી બેત્રણ વર્ષ મોટી હતી. ગરીબ માબાપની પુત્રી હોવાથી તેને દાસી તરીકેની નોકરી કરવી પડતી હતી. અવારનવાર વિજયસિંહ ઉષાવતીને મળવા આવતો ત્યારે ચંપા વિજયસિંહ સામે મોહભરી નજરે જોતી રહેતી. જ્યારે ચંપાને ખાતરી થઈ કે ઉષાવતી વિજયસિંહની પ્રેમજાળમાં જવા માંગતી નથી. વિજયસિંહને તે પસંદ કરતી નથી. ત્યારે તેને પોતાને માટે વિજયસિંહની આશા બંધાણી હતી. વિજયસિંહ પણ તેની સાથે હસી હસીને વાત કરતો. ત્યારે ચંપા પ્રેમ રંગમાં ડૂબી જતી. પણ વિજયસિંહ તો રંગીલા સ્વભાવનો હતો. તેને પ્રેમબ્રેમ સાથે કોઈ સંબંધ ન હતો. મળી જાય તો ચંપાનેય માણી લેવાની દુષ્ટ ઇચ્છાથી તે ચંપા સાથે પણ વાતો કરતો. બાકી વિજયસિંહ તો માત્ર ઉષાવતી સાથે લગ્ન થાય એવા પ્રયત્ન કરતો કારણ કે તેને દિલ્હીના રાજા બનવું હતું. દિલ્હીનું શાસન તે કબ્જે કરવા માંગતો હતો. ઉષાવતી સાથે તેનો પ્રેમ તો દેખાવ પૂરતો જ હતો. આમેય દુનિયામાં પ્રેમની વાતો કરનારા અનેક મળી આવશે. પણ સાચો પ્રેમ કરનારા કોઈ લાખોમાં એકાદ માંડ હશે. કારણ કે પ્રેમ સચ્ચાઈ અને વફાદારી, પવિત્રતા અને નિષ્કામ કુરબાની પર



નિર્ભર છે. પ્રેમનો માર્ગ સરળ નથી. એમાં તો ડગલે ને પગલે વિરહ અને રંજનો અનુભવ થાય છે. દુઃખ અને દર્દ સાંપડે છે. ટીકા, નિંદા અને નફરતનો ભોગ બનવું પડે છે. મિલનનો આનંદ ઘડીભરનો પણ વિરહની વેળા લાંબી હોય છે. પ્રેમી પોતાની પ્રેમિકાને પ્રાપ્ત કરવા જિંદગીભર તરફડતો રહે એવી ઘટનાઓ પણ પ્રેમમાં બને છે. પ્રેમના માર્ગનો મુસાફર મંઝિલ સુધી ક્યારેક જ પહોંચી શકે છે. જેઓ સાચા પ્રેમી હોય છે, તેમના મનમાં કુરબાનીની ભાવના હોય છે. પ્રાપ્ત કરવાની અભિલાષા નહીં. પ્રેમમાં પડેલા પ્રેમીઓના ભાગે ઘરના સભ્યો, સમાજના લોકોનો વિરોધ અને ઇન્કાર જ આવે છે. તેને ઓળંગી જાય એ પ્રેમી જ સાચો અને સફળ નીવડે છે. જ્યાં ડગ, ડગ પર કાંટા પાથરેલા હોય છે. પણ પ્રેમી તેની પરવા કર્યા વગર મંઝિલ સુધી પહોંચે છે. આવો સાચો પ્રેમ વિજયસિંહ જેવા સ્વાર્થી માણસો ક્યાંથી કરી શકે ? આથી જ રાજકુમારી ઉષાવતી તેને પ્રેમ કરતી ન હતી. તે વિજયસિંહને નાનપણથી ઓળખતી હતી. તેની સાથે વાતો કરતાં ઉષાવતીને લાગતું કે વિજયસિંહ સાચો માનવી નથી. પણ વિજયસિંહ જલદી હારી જાય તેવો ન હતો. તેણે ઉષાવતીને મળવાનું ચાલુ રાખ્યું હતું. કારણ કે એ સિવાય દિલ્હીનું રાજ્ય એને મળી શકે તેમ નહોતું. એને બનવું હતું દિલ્હીનો રાજા.

ઉષાવતીને ખબર હતી કે, વિજયસિંહ સાચો પ્રેમી નથી જ, પણ તે સાવ સામાન્ય માણસો જેટલોય ઉદાર દિલ કે માનવતાવાદી નથી. તે સ્વાર્થી અને ચાલબાજ માણસ હતો.

પણ વિજયસિંહ એમ માનતો હતો કે ઉષાવતી એક દિવસ જરૂર માની જશે અને તેની સાથે લગ્ન કરવા તૈયાર થઈ જશે. આથી એણે પ્રયત્નો ચાલુ રાખ્યા હતા.

આજે પણ તે ઉષાવતીને મળવા મહેલમાં આવ્યો હતો. અને

ઉષાવતી સાથે ગપશપ કરતાં તેણે કહ્યું – ‘‘ઉષાવતી ! તેં સાંભળ્યું હશે કે અફઘાન સુલતાન મહંમદ શહાબુદ્દીન ઘોરી ફરી દિલ્હી પર આક્રમણ કરવા નીકળ્યો છે. અને આગળ વધી રહ્યો છે ?’’

ઉષાવતીએ મોં મચકોડતાં કહ્યું – ‘‘શું એ વાત કરવા આવ્યા છો ? એ તો મેં ક્યારનુંય સાંભળ્યું છે. કાંઈ નવું હોય તો કહો.’’

વિજયસિંહે ખંધાઈથી કહ્યું – ‘‘ના. ના. હું તો તારી સાથે પ્રેમની વાતો કરવા જ આવ્યો છું. પણ મને એક પ્રશ્ન થાય છે કે, ધારો કે આ વખતે તારા પિતા પૃથ્વીરાજ યુદ્ધમાં હારી જાય તો પછી તું શું કરીશ ?’’

ઉષાવતીએ ગુસ્સે થતાં કહ્યું – ‘‘તમને ખબર નથી કે મારા પિતાજીએ રાજા જયચંદને હરાવ્યા હતા. ત્યારે પણ પઠાણોએ દિલ્હીને ઘેરી લીધું હતું. છતાંય ચૌહાણોએ તેમને ભગાડી મૂક્યા હતા. તો શું હવે મારા પિતાજીમાં એ બહાદુરી અને હિંમત નથી રહી ? તમે શું કહેવા માંગો છો ?’’

વિજયસિંહ ગભરાયો અને લજ્જિત સ્વરે કહ્યું – ‘‘મહારાજ પૃથ્વીરાજ તો મહા બળવાન છે. તેઓ પહેલાં કરતાંય વધુ હિંમત ધરાવે છે. પ્રભુ કૃપાથી આ વખતે પણ વિજય તેમનો જ થવાનો છે. પણ તોય લડાઈનું કાંઈ નક્કી નથી હોતું. લડાઈ તો લડાઈ જ છે. એનું પરિણામ ઈશ્વર ન કરે અને આપણી ધારણા વિરુદ્ધ આવે તો તું શું કરીશ ? એમ હું પૂછતો હતો.’’

‘‘કેવી વિચિત્ર વાત પૂછો છો. ભવિષ્યની વાત કોણ જાણી શક્યું છે ? પણ એક વાત સ્પષ્ટ છે કે જે સ્થિતિ દિલ્હીના રાજાની હશે. એ જ સ્થિતિ મારી હશે.’’

‘‘તું આખરે તો સ્ત્રી છો. લાડકોડમાં ઊછરી છો. તકલીફ તારાથી સહન ન થઈ શકે.’’

ઉષાવતીએ નારાજ થતાં કહ્યું – ‘‘તમે આજે કાયરતાની વાતો





કરો છો. દશ વખત એ જ અફઘાન મહંમદ ઘોરી મારા પિતાજીના પગમાં પડીને માફી માંગી ચૂક્યો છે. એ હવે શું જીતવાનો હતો ! તમે શું એ ભૂલી ગયા ! જોકે હું પુરુષ નથી સ્ત્રી છું. પણ તમારા કરતાં વધુ મર્દાનગી મારામાં છે. તમે તમારા મગજમાંથી એ વાહિયાત વિચાર કાઢી નાંખો કે, અફઘાનોનો વિજય થશે. અને હું દુશ્મનોનો મુકાબલો નહીં કરી શકું. એ પણ સમજી લો કે મારી માતૃભૂમિ માટે કુરબાન થવા હું તમારી જેમ જિંદગીને માતૃભૂમિથી વિશેષ નથી સમજતી.’’

આ શબ્દો દ્વારા ઉષાવતીએ વિજયસિંહ પર કપરો પ્રહાર કર્યો હતો. કારણ કે એક વખત વિજયસિંહ રણમેદાનમાંથી લડાઈ છોડીને ઘેર પાછો ફર્યો હતો. એ વાત કરીને એણે વિજયસિંહને બોલતો બંધ કર્યો. વિજયસિંહનું માથું શરમથી ઝૂકી ગયું. તેણે ખાસ્સીવાર કોઈ જવાબ ન આપ્યો. વિજયસિંહ જ્યારે લડાઈની અધ્ધવચ્ચે ભાગી આવ્યો હતો ત્યારે એણે ઉષાવતીને આવીને એમ કહ્યું હતું કે – ‘‘હું તને પ્રેમ કરું છું. મને લડતાં લડતાંય તારી યાદ આવતી હતી. દુશ્મનમાંય મને તારું મુખડું દેખાતું હતું. હું તારા વિના રહી ન શક્યો. એટલે હું આવ્યો છું.’’ પણ ઉષાવતીને એની વાત તદ્દન જૂઠી અને કપટભરી લાગી હતી. આથી તે મનમાં જ વિજયસિંહથી નફરત કરવા લાગી હતી. વિજયસિંહે ક્ષત્રિયધર્મ વિરુદ્ધ રણમેદાનમાંથી પલાયન કર્યું હતું. જે કોઈ પણ રાજપૂત સ્ત્રી કોઈ કાળે પસંદ ન કરે એ સ્વાભાવિક છે. પણ વિજયસિંહ તો જાણે ખુદ બહુ મોટો બહાદુર હોય અને તે માત્ર ઉષાવતીના કારણે જ પાછો આવ્યો

હોય તેમ દર્શાવતો રહ્યો હતો. આજે ઉષાવતીએ એ પ્રસંગ આ રીતે કહીને વિજયસિંહને ફટકો મારી દીધો હતો. વિજયસિંહ ધીટ વ્યક્તિ હતો. તે બધું સમજવા છતાંય જાણે કાંઈ સમજ્યો જ નથી એમ ઉષાવતી સામે જોતાં કહ્યું – "ઉષાવતી ! તું બહાદુર નારી છે. તારા પિતાજી તો મહાબળવાન રાજા છે. અને હું પણ રાજ્યનો સેવક-સેનાપતિ છું. મારામાંય માતૃભૂમિની સેવા કરવાનો ભાવ છે. આ તો અમસ્તું જ મેં તને પૂછ્યું. પણ તને એ ન ગમ્યું હોય તો માફ કરજે. પણ મને એ કહે કે હું તને પ્રેમ કરું છું. તેમ તું મને પ્રેમ કરે છે કે નહીં ?"

ઉષાવતીએ કડક અવાજમાં કહ્યું – "મેં તમને અગાઉ પણ કહ્યું છે આજે પણ કહું છું હું તમને મોટાભાઈ માનીને પ્રેમ કરું છું. તમે મારા પ્રેમને સમજી શક્યા નથી. જે રીતે એક બહેન પોતાના ભાઈને પ્રેમ કરે છે, તેમ હું તમને પ્રેમ કરું છું."

વિજયસિંહે લુચ્ચાઈથી પૂછ્યું – "તો શું તું કોઈ અન્યને પ્રેમ કરે છે ?"

ઉષાવતીએ શરમથી આંખો ઝુકાવી લીધી. કાંઈ બોલી નહીં.

વિજયસિંહે પૂછ્યું – "મેં સાંભળ્યું છે કે, ચિત્તોડના રાજકુમાર કલ્યાણસિંહ સાથે તારું સગપણ નક્કી થયું છે. શું એ સાચું છે ?"

ઉષાવતીએ માથું ધુણાવીને હા પાડી.

વિજયસિંહે બીજો પ્રશ્ન કર્યો – "તો તું કલ્યાણસિંહને પ્રેમ કરે છે, એમ જ ને ?"

ઉષાવતીએ કહ્યું – "હા, તેઓ મારા પતિ છે. એમને જ હું પ્રેમ કરું છું."

આ જવાબ સાંભળીને વિજયસિંહ લાચાર બની ગયો. અને તુરત જ ત્યાંથી ઊઠીને રવાના થઈ ગયો. ઉષાવતીએ નિરાંતનો દમ લીધો.



વિજયસિંહ ચાલબાજ અને ખંધો માણસ હતો. જ્યારે એણે જોયું કે, ઉષાવતી રાજકુમાર કલ્યાણસિંહને પ્રેમ કરે છે અને એની સગાઈ એની સાથે થઈ ચૂકી છે તો હવે દિલ્હીના રાજા બનવા માટે શું કરવું ? તેણે એક યોજના વિચારી કાઢી. ઉષાવતી મારી ન બને તો કલ્યાણસિંહની ન બનવી જોઈએ. એ માટે કલ્યાણસિંહના મનમાં ઉષાવતી વિરુદ્ધ શંકા પેદા થાય તો કદાચ તે ઉષાવતીને પરણવાનું માંડી વાળે. પણ કલ્યાણસિંહના મનમાં ઉષાવતી પ્રત્યે શંકા પેદા કરવી કેમ ? વિજયસિંહ વિચારતો રહ્યો અને અચાનક તેને યાદ આવ્યું કે, એમાં ચંપા ઉપયોગી બની શકે. ચંપા સાથે થોડીક પ્રેમની વાતો કરું અને થોડાંક નાણાંની લાલચ આપું તો ચંપા જરૂરથી મારું કામ કરી આપશે. આમ વિચારીને વિજયસિંહે ચંપાને મળવાનો નિર્ણય કર્યો.

ઉષાવતીએ કરેલા તિરસ્કારના કારણે તે ઉષાવતી અને કલ્યાણસિંહનો દુશ્મન બની ગયો. દુશ્મનીની આગમાં તેનું હૈયું ઊકળી રહ્યું હતું. એક ઝાટકે ઉષાવતીએ તેને જમીન પર પટકી દીધો હતો. કારણ કે ઉષાવતી વિના વિજયસિંહ દિલ્હીનું રાજ્ય મેળવી શકે તેમ ન હતો. આથી એણે બદલો લેવાનું વિચાર્યું. અને એ બદલો લેવા માટે બે યુવાન હૃદય એકમેકને પામે એ પહેલાં જ બંને વિખુટાં પડી જાય. એકમેકની નફરત કરવા લાગે એવું વિજયસિંહ ઇચ્છતો હતો. આમ થવાથી કદાચ દિલ્હીનું શાસન તેને મળે એના માટેનો કોઈ માર્ગ નીકળી આવે એવી એને આશા હતી.

એણે ચંપાને મળવા માટે બગીચામાં બોલાવી. ચંપા તો વિજયસિંહને મળતાં જ ખુશખુશાલ થઈ ગઈ. તેણે વિજયસિંહને જોતાં જ કહ્યું – "આજે કાંઈ મને યાદ કરી ને શું ?"

વિજયસિંહે કહ્યું – "ચંપા, હું તો તને હંમેશાં યાદ કરું છું. પણ તું ઉષાવતીની સેવામાંથી નવરી પડે તો ને ?"

"તમે ઉષાવતીને મળવા આજે આવેલા ને ?"

"હા." વિજયસિંહે ટૂંકો જવાબ આપ્યો.

"મેં તમારી કેટલીક વાતો સાંભળી હતી. ઉષાવતીને તમે નારાજ કર્યાં કે શું ?" ચંપાએ પૂછ્યું.

"નારે ના. હું શા માટે નારાજ કરું ?"

"તો ઉષાવતી કેમ ગમગીન બની ગઈ છે ?"

"એની તો મને શી ખબર !"

"પણ તમે કાંઈક તો કહ્યું હશે ને ?"

"મેં એવું તો કાંઈ કહ્યું નથી."

"તમે તો એની સાથે પ્રેમની વાત કરતા હતા ?"

"એ તો એને જરા અજમાવવા માટે. પ્રેમ તો હું તને જ કરું છું." વિજયસિંહે ચંપાને લપેટમાં લેવા પ્રયત્ન કર્યો.

"તમે જૂઠા છો. તમે મને પ્રેમ કરતા નથી."

"તારા સમ ! હું તને જ પ્રેમ કરું છું. હું ઉષાવતીને મળવા નહીં પણ એ બહાને તારાં દર્શન કરવા જ મહેલમાં આવું છું."

"મને એવું નથી લાગતું." ચંપાએ શંકા દર્શાવી.

"ચંપા તેં એકવાર મને એવું કહ્યું હતું કે, તું કોઈને ચાહે છે. પણ એ તને ચાહે છે કે નહીં. એ ખબર નથી."

"તો ?"

"એ જ દિવસે મને ખાતરી થઈ ગઈ હતી કે, તું મને ચાહે છે ! હું પણ તને ચાહું છું. પણ મેં ક્યારેય તને કહ્યું નથી."

"જાવ, જાવ, તમે મને પ્રેમ કરો છો એમ કહીને મને છેતરી રહ્યા છો. તમે કાંઈ મારી સાથે લગ્ન થોડા કરવાના ?"

"કેમ નહીં ? શા માટે તારી સાથે લગ્ન નહીં કરું ?"

"તમે રહ્યા સેનાપતિ, વજીર દાદાના દીકરા. મુજ ગરીબ સાથે તમે લગ્ન ક્યાંથી કરો ?"



"પ્રેમમાં ગરીબ-શાહુકારનો પ્રશ્ન ઉદ્ભવતો નથી."

ચંપાને વિજયસિંહનો એ જવાબ ગમ્યો.

એણે વિજયસિંહની નજીક સરકતાં કહ્યું – "શું ખરેખર તમે મને પ્રેમ કરો છો ?"

"ચોક્કસ. ચંપા ! તને મેળવીને હું તો ન્યાલ થઈ જઈશ. હું તને જ ઝંખું છું. તને પ્રેમ કરું છું."

વિજયસિંહની ફરેબ ભરેલી એ વાત સાંભળીને ચંપા પીગળી. તેનો ચહેરો ખીલી ઊઠ્યો. પણ થોડી ક્ષણો બાદ ચહેરો કરમાઈ ગયો. ચંપાએ વિચાર્યું કે વિજયસિંહ ઉષાવતીને કહેતો હતો કે હું તને પ્રેમ કરું છું. ઉષાવતીએ ઇન્કાર કર્યો હશે એટલે જ કદાચ તે હવે મને કહે છે કે હું તને પ્રેમ કરું છું. શું કરવું ? વિજયસિંહ સાચું બોલે છે કે જૂઠું ?

ચંપાએ કહ્યું – "વિજયસિંહ ! આજે તમે મને પ્રેમભરી વાતો કરીને ભરમાવી રહ્યા છો. કાલે કોઈ બીજી સાથે પ્રેમ કરવા લાગશો તો ?"

વિજયસિંહને લાગ્યું કે ચંપા વારંવાર માછલીની જેમ હાથમાંથી સરકી જાય છે. એને વશ કરવા કોઈ કીમિયો કરવો પડશે. આથી એણે ચંપાએ કહેલી વાત પર નારાજ થવાને બદલે વધુ મીઠાશથી કહ્યું – "ચંપા ! ખરું જ કહ્યું છે કે, સ્ત્રીની જાતને કોઈ પામી નથી શક્યું. તો મારું તો શું ગજું ? હું તારા માટે તરફડી રહ્યો છું. અને તું મજાક કરી રહી છે. શું હું એવો માણસ છું કે, રોજ પ્રેમિકા બદલતો રહું ? સ્ત્રીનું હૃદય જીતવું ખૂબ મુશ્કેલ હોય છે. મને દુઃખ એ વાતનું છે કે તું સાચા પ્રેમમાં શંકા લાવી રહી છે. જેના માટે મારા હૃદયમાં આટલો પ્રેમ છે એ જ મારા પર શંકા કરે એનું જ મને દુઃખ છે. તું મને ઠુકરાવીશ તો હું કોના આધારે જીવીશ ? તારી એ વાત સાચી છે કે, મેં ક્યારેય તારી

સાથે પ્રેમની વાત નથી કરી. પણ હું તને જ પ્રેમ કરતો રહ્યો છું. હવે હું તારું સાંનિધ્ય ઇચ્છું છું. મારા હૃદયમાં તારા પ્રેમની આગ બળી રહી છે. તને વિશ્વાસ ન આવતો હોય તો મારી છાતી ચીરીને જોઈ લે.'' વિજયસિંહે ભાવુકતાથી કહેલા શબ્દો ચંપાને સ્પર્શી ગયા. તેના મનમાંય વિજયસિંહ માટે પ્રેમ હતો. ઊલટું ચંપા તો વિજયસિંહને પામવા માંગતી હતી. પણ સ્ત્રી એમ કાંઈ જલદીથી પ્રેમ જાહેર કરતી નથી. તે વિજયસિંહ પર મોહિત થયેલી હતી. ઉપરથી વિજયસિંહે તેની ચાપલુસી કરી. તેનાં વખાણ કર્યાં. આથી ચંપાએ હવે વધુ નખરાં કરવાનું છોડીને કહ્યું – ''વ્હાલા ! હું તો તમારી અજમાયેશ કરી રહી હતી. મને ખાતરી છે કે તમે મારા જીવનના અંધકારમાં પ્રકાશ બનશો અને મારે માટે સુખનો સૂરજ બનીને ચમકશો. હું તમારી દાસી બનીને રહીશ. તમને માઠું લાગ્યું હોય તો મને માફ કરજો.''

વિજયસિંહનો વિજય થયો. ભોળી ચંપા તેની જાળમાં ફસાઈ ગઈ. હવે વિજયસિંહે બીજો દાવ ખેલ્યો. અને ચંપાને ચુંબન કરી. પોતાના બાહુપાશમાં લઈને કહ્યું – ''ચંપા, મારી વ્હાલી ચંપા. હું તારા વિના અધૂરો હતો. હવે હું પૂર્ણ બન્યો છું. જલદી આપણે લગ્ન કરી લઈશું. તું ચિંતા ન કરતી.''

ચંપાએ કહ્યું – ''ખરેખર ?''

વિજયસિંહે કહ્યું – ''ચોક્કસ. પણ તારે મારું એક કામ કરવું પડશે.''

''શું ?''

''એ હું તને કાલે કહીશ. આજે તો આપણે મળ્યાં છીએ તો બેઘડી વાતો કરીએ.'' વિજયસિંહનો દાવ સફળ રહ્યો.

ઘણીવાર તેઓ બંને એકમેકની નજીક બેસીને વાતો કરતાં રહ્યાં. વિજયસિંહનું સામિપ્ય પ્રાપ્ત કરીને ચંપા ખુશખુશાલ ચહેરે



પોતાને ઘેર ગઈ. તેના મનનો ફાગ ખીલી ઊઠ્યો હતો. વિજયસિંહના પ્રેમનો નશો તેના મગજ પર ચડી ગયો. તેના પગ જમીન પર નહોતા પડતા. તે વારંવાર સ્વપ્નાંઓમાં ખોવાઈ જતી.

વિજયસિંહ પણ પોતાની સફળતાથી પોરસાયો હતો. ચંપાના પ્રેમ પર તેનો વિજય થયો હતો. ભવિષ્યમાં ચંપાને સાધન બનાવીને આગળ વધી શકશે એવી તેને ખાતરી થઈ હતી.

એક સફળતા માનવીને બીજી સફળતા તરફ દોરી જાય છે. પછી માણસ ઉત્તરોત્તર સફળ થતો રહે છે. સફળ માણસે કાર્યશીલ રહેવું પડે. નહીંતર નિષ્ફળતાનો ભોગ બની જાય. એકવાર નિષ્ફળતાની ખાઈમાં પડેલો માનવી ઝટ બહાર નીકળી શકતો નથી. ફરી સફળતાની સીડી એ ખાઈમાં તેને જડતી નથી. તે આમતેમ અથડાયા કરે છે. પણ સીડી તેનાથી દૂર રહે છે. આથી નિષ્ફળ નીવડેલો માનવી સફળતા પામી શકતો નથી. વિજયસિંહે ચંપાને પોતાની તરફ કરી લીધી. હવે રાજકુમારી ઉષાવતીની દરેક પ્રવૃત્તિની જાણ તેને થતી રહેશે. તેના દરેક ઇરાદાની આગોતરી જાણ વિજયસિંહને થતી રહેશે. આથી તે પોતાનો દાવ સરળતાથી ખેલી શકશે એમ વિજયસિંહ માનવા લાગ્યો હતો. રાજકુમારી ઉષાવતી કલ્યાણસિંહને મળવી ન જોઈએ એ જ વિજયસિંહ ચાહતો હતો. જેથી તે યેનકેન પ્રકારે ઉષાવતીને પોતાની બનાવી શકે. કલ્યાણસિંહના કારણે જ વિજયસિંહ ઉષાવતીને પામી નથી શક્યો. જો ઉષાવતીનું સગપણ કલ્યાણસિંહ સાથે ન થયું હોત તો... ઉષાવતી જરૂર તેને મળી હોત. કારણ કે અન્ય કોઈ એવો યુવક ઉષાવતીની નજીક નહોતો આવ્યો વિજયસિંહ એમ માનતો હતો. અને ખરું પણ હતું. પણ હવે ઉષાવતીને કલ્યાણસિંહથી અલગ કેમ પાડવો ? તેના વિચારોમાં વિજયસિંહ ગૂંથાઈ ગયો.

પ્રેમ અને યુદ્ધમાં બધું જ યોગ્ય છે. એમ દુનિયાનાં અનેક લોકો માને છે. વિજયસિંહ પણ એવું માનતો હતો. આથી કોઈ

કપટજાળ બિછાવવાનો વિચાર એ કરતો હતો. કારણ તે એના વિચારોમાં પ્રેમ અને યુદ્ધનું મિશ્રણ હતું.

કલ્યાસિંહ ચિત્તોડના રાજા સમરસિંહનો કુંવર હતો. સમરસિંહ પૃથ્વીરાજનો ગાઢ મિત્ર હતા. પૃથ્વીરાજ પર મહંમદ ઘોરીએ કરેલાં દરેક આક્રમણો સમયે સમરસિંહ પોતાના લશ્કર સાથે પૃથ્વીરાજની મદદ કરવા આવી પહોંચતા હતા. જયચંદ સાથે નાગોરની લડાઈમાં પણ સમરસિંહે આગળ પડતો ભાગ ભજવ્યો હતો. અને સમરસિંહના સાથસહકારથી પૃથ્વીરાજ હંમેશાં વિજયમાન થતો રહ્યો હતો. તેમની મિત્રતા વધુ ને વધુ ગાઢ બનતી જઈ રહી હતી. એ મિત્રતાને સંબંધમાં ફેરવી નાંખવા માટે જ પૃથ્વીરાજે પોતાની પુત્રી ઉષાવતીનું સગપણ સમરસિંહના યુવરાજ કલ્યાણસિંહ સાથે કર્યું હતું. કલ્યાણસિંહ લાયક યુવાન હતો. યુદ્ધકળાનો જાણકાર અને રાજનીતિનો જાણકાર હતો. શરીરે હૃષ્ટપુષ્ટ અને ઉચ્ચ વિચારોનો યુવાન હતો. ચિત્તોડનું રાજ્ય ભવિષ્યમાં તેને જ મળવાનું હતું. કારણ કે તે સમરસિંહનો મોટો પુત્ર હતો. હોશિયાર અને તેજસ્વી હતો. એટલે જ પૃથ્વીરાજે તેનું સગપણ ઉષાવતી સાથે કર્યું હતું. અને હાલના સંજોગો જોતાં બંને મિત્ર રાજાઓએ એવું નક્કી કર્યું હતું કે, મહંમદ ઘોરી સાથે યુદ્ધ પૂરું થાય કે તુરત જ બંનેનાં લગ્ન કરી નાંખવાં કારણ કે બંને જાણતા હતા કે મહંમદ ઘોરી આક્રમણ કરવા આવી રહ્યો છે. પૃથ્વીરાજ તો એ વાતને જરાય ગંભીરતાથી લેતો ન હતો. કારણ કે અગાઉ દશ વખત મહંમદ ઘોરી ચડી આવ્યો હતો અને પરાજય પામ્યો હતો. આથી પૃથ્વીરાજને લાગતું હતું કે, આ વખતે પણ મહંમદ ઘોરીનો પરાજય થશે. અને તેનો વિજય થશે. પણ સમરસિંહ આ બાબતે ચિંતિત હતા. કારણ કે તેઓ જોઈ રહ્યા હતા કે, પૃથ્વીરાજના લશ્કરમાં જે તેજસ્વી લડવૈયાઓ હતા તે બધા મહુવાની લડાઈમાં ખપી ગયા હતા. પૃથ્વીરાજ પણ સંયુક્તાના ગળાડૂબ



પ્રેમમાં રાજ્યની વ્યવસ્થામાં કોઈ ધ્યાન આપતો નહોતો. આથી આ વખતે પૃથ્વીરાજની સેના નબળી અને સંજોગો કપરા બની ગયા હતા. લડાઈ કાંઈ તલવારો ખખડાવવાથી જિતાતી નથી. પૃથ્વીરાજનાં મિત્રરાજ્યો પણ હવે પૃથ્વીરાજથી દૂર થતાં જાય છે. ઉપરાંત પૃથ્વીરાજનો મોટો દુશ્મન જયચંદ પણ મહંમદ ઘોરીની સાથે સહકાર કરવાનો છે. આથી પૃથ્વીરાજ માટે કપરાં ચઢાણ છે. અને પૃથ્વીરાજ જરાય સાવધાન નથી. તેને પોતાની ભૂતકાળની શક્તિઓનું અભિમાન હતું. ભૂતકાળથી વર્તમાન પર વિજય ન પામી શકાય. વર્તમાન સંજોગો-વર્તમાન યુદ્ધનો મુકાબલો તો આજની દૃષ્ટિએ જ થવો જોઈએ. પણ પૃથ્વીરાજ મગરૂર હતો. બેદરકાર હતો. આવી રહેલી આફતથી તે અજાણ હતો. સમરસિંહ પૃથ્વીરાજના હિતેચ્છુ હતા. એણે પોતાની રીતે મદદ માટે જવાની તૈયારી કરી લીધી હતી. વધુ ને વધુ લડવૈયાઓને લઈને તે દિલ્હી જવા તૈયાર હતો. પણ હજુ પૃથ્વીરાજ તરફથી તેમને કોઈ સંદેશો કે કહેણ આવ્યું નહોતું. તેમને સમજાતું ન હતું કે પૃથ્વીરાજનું આટલું પતન શા કારણે થઈ ગયું છે ? તે પોતાના રાજ્ય તરફ આટલી હદે દુર્લક્ષ કેમ સેવે છે ? આવી રહેલી આફતનો મુકાબલો કરવા તે કેમ જાગૃત થતો નથી ? કે પછી પૃથ્વીરાજનું મગજ પ્રેમ અને સત્તાના મદમાં છકી ગયું છે ? આ બધા પ્રશ્નોના જવાબ સમરસિંહને સૂઝતા નહોતા. છતાંય એણે મહંમદ ઘોરીનો મુકાબલો કરવાની તૈયાર કરી લીધી. અને અડધું લશ્કર કલ્યાણસિંહના નેતૃત્વમાં દિલ્હી તરફ રવાના કરી દીધું. પૃથ્વીરાજનો સંદેશો આવે કે ન આવે. પણ સમરસિંહ ચૂપ બેસી રહે તેવા યોદ્ધા ન હતા. કલ્યાણસિંહ લશ્કર લઈને દિલ્હી તરફ રવાના થઈ ચૂક્યો હતો. સમરસિંહના ગુપ્તચરો તેમને મહંમદ ઘોરીની હિલચાલથી દરરોજ માહિતગાર રાખતા. જયચંદની પ્રવૃત્તિથી તેઓ વાકેફ રહેતા અને પૃથ્વીરાજની નિષ્કાળજી અને રાજ્ય તરફની બેદરકારીથી પણ તેઓ

અજાણ ન હતા. આમ જે કામ પૃથ્વીરાજે કરવું જોઈએ, એ કામ સમરસિંહે પોતાની મેળે ઉપાડી લીધું હતું. અને તેઓ યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા હતા. પોતાનાં મિત્રરાજ્યોને પણ તેમણે કહેવડાવીને તૈયાર રાખ્યા હતા. મદદ માટે તેમનાં મિત્રરાજ્યો પણ આવીને ચિત્તોડમાં એકત્ર થયાં હતાં. આમ સમરસિંહે વિશાળ સૈન્ય એકઠું કરી લીધું અને તેઓ ખુદ પણ દિલ્હી તરફ સૈન્ય સહિત રવાના થયા.

કલ્યાણસિંહ દિલ્હી વહેલો પહોંચ્યો હતો. તેના મનમાં ઉષાવતીને મળવાનો ઉમંગ હતો. દિલ્હી પહોંચીને તેણે પ્રથમ તો પોતાના સૈન્ય માટે યોગ્ય વ્યવસ્થા કરી. પૃથ્વીરાજ બેધ્યાન અને બેદરકાર હોવાથી દિલ્હીનું વાતાવરણ ડહોળાયેલું અને અસ્તવ્યસ્ત હતું. કલ્યાણસિંહના સૈન્ય માટે પણ યોગ્ય વ્યવસ્થા કલ્યાણસિંહે જ ખુદ કરવી પડી. જોકે પૃથ્વીરાજ તેના સસરા થતા હતા. આથી દિલ્હી એનું પોતાનું જ રાજ્ય હોય એમ માનવામાં કલ્યાણસિંહને કોઈ હિચકીચાટ થતો ન હતો. બે દિવસ બાદ સઘળી વ્યવસ્થા ગોઠવાઈ જતાં એણે ઉષાવતીને મળવા જવાનું નક્કી કર્યું.

વિજયસિંહની નજર કલ્યાણસિંહ પર હતી. તે કલ્યાણસિંહને પોતાનો હરીફ માનતો હતો. કલ્યાણસિંહે જ તેની ઉષાવતી એની પાસેથી આંચકી લીધી એમ વિજયસિંહ સમજતો હતો. ઉષાવતી વગર તે દિલ્હીનો રાજા કેવી રીતે બની શકે ? આથી જ તેણે ઉષાવતી અને કલ્યાણસિંહ વચ્ચે મનદુઃખ ઊભું થાય એવો કારસો ઘડ્યો હતો. જેમાં તેને ચંપા મદદ કરવાની હતી. આમ વિજયસિંહે જે ફાંસલો ગોઠવ્યો હતો તેના માટે તે સાવચેત અને ખબરદાર હતો. આથી એણે કલ્યાણસિંહ પર પૂરતી નજર રાખી હતી. તે શું કરે છે ? ઉષાવતીને ક્યારે મળશે ? વગેરે બાબતો પર તેની નજર હતી. આથી તે સાવધાનીપૂર્વક ચંપાનો ઉપયોગ કરવા માંગતો હતો. અને પછી આગળની કામગીરી કરવા ઇચ્છતો હતો.



વિજયસિંહ લુચ્ચો અને ખંધો યુવાન હતો. ઉષાવતી તેને ઓળખી નહોતી શકી. કલ્યાણસિંહ તો વિજયસિંહને ઓળખતો પણ નહોતો. એટલે એને વિજયસિંહ અંગે કોઈ જાણકારી નહોતી. એટલે જ તે વિજયસિંહની બિછાવેલી જાળમાં સપડાઈ ગયો. એક દિવસ વિજયસિંહે તેને સપડાવીને ઉષાવતી વિરુદ્ધ શંકાનું કારણ આપી દીધું.

વિજયસિંહે પોતાનો મલિન ઇરાદો અમલમાં લાવવા માટે ચંપાને મળવા ગયો. ચંપા બગીચામાં બેઠી હતી. વિજયસિંહે નજીક જઈને કહ્યું – ‘‘ચંપા હું નસીબદાર છું. કારણ કે આજે મને ધોળે દિવસે ચાંદનાં દર્શન થયાં છે.’’

ચંપાએ વિજયસિંહના ચાપલુસી ભર્યા શબ્દો સાંભળીને કહ્યું – ‘‘વિજયસિંહ ! તમને રાજકુમારી ઉષાવતી પ્રાપ્ત ન થઈ. એટલે જ મુજ ગરીબડીને હવે ચાંદ કહીને ભરમાવો છો, નહિતર મારી શી મજાલ કે હું તમારી બનવાનું સપનું જોઉં ? હું ગરીબ અને તમે સેનાપતિ. મને હજુ પણ શંકા છે કે, તમે મને અપનાવશો કે કેમ ?’’

વિજયસિંહે પ્રેમ સભર શબ્દોમાં કહ્યું – ‘‘ચંપા, મારી ચંપા ! તું હવે શંકા-કુશંકાઓ કરવી રહેવા દે. બસ આ યુદ્ધ પૂરું થાય કે હું તને પરણીને મારી હવેલીની રાણી બનાવી દઉં. હું હવે તારાથી દૂર નથી રહી શકતો. આખો દિવસ બસ તને જ યાદ કર્યા કરું છું. અને તું હજુ અવઢવમાં જીવી રહી છે.’’

ચંપાએ વિજયસિંહે નાટકીય ઢબે કહેલા શબ્દો પર ભરોસો કરી લેતાં કહ્યું – ‘‘વિજયસિંહ ! મારા પ્રીતમ ! મને હવે ખાતરી થઈ કે, તમે ખરેખર મને ચાહો છો. હું પણ તમને ચાહું છું. તમારા માટે હું મારો જીવ આપી દેતાંય નહીં અચકાઉં !’’

‘‘તારો જીવ તો મને વ્હાલો છે. હું કાંઈ તને તકલીફ પડે એવું ન ઇચ્છું. બસ એક નાનકડું કામ છે. એ તું કરી દઈશ ?’’

"બોલો-બોલો શું કામ છે ? આ દાસી તમારાં હજાર કામ કરવા તૈયાર છે." ચંપાએ ઉત્સાહિત સ્વરે કહ્યું.

"મને રાજકુમારી ઉષાવતીનું કોઈ ઘરેણું લાવી આપીશ ?"

"કેમ ? ઘરેણાનું તમે શું કરશો ?" ચંપાએ પૂછ્યું.

"તું લાવી તો આપ. પછી જોજે શું થાય છે ?"

"સારું ! આ તો ખૂબ સરળ કામ છે." ચંપાએ કહ્યું.

"ક્યારે લાવી આપીશ ?" વિજયસિંહે પૂછ્યું.

"આજે જ વળી ! રાજકુમારી ઉષાવતીનાં ઘરેણાં હું જ સાચવું છું. એમાંથી કોઈ પણ ઘરેણું હું તમને સરળતાથી આપી શકું છું."

"તો આજે જ મને કોઈ ઘરેણું લાવી આપ."

"સારું. સાંજે તમને ઘરેણું મળી જશે." ચંપાએ ખાતરી આપી.

વિજયસિંહ ખુશ થયો. અને ફરી સાંજે મળવાનું કહીને એ ત્યાંથી વિદાય થયો. ચંપા પણ મહેલમાં જઈને પોતાના કામમાં ગૂંથાઈ ગઈ.

સાંજે વિજયસિંહની હથેળી પર ચંપાએ રાજ કુમારી ઉષાવતીની વીંટી મૂકીને પૂછ્યું, "આ ઘરેણું ચાલશે !"

વિજયસિંહે ખુશ થતાં કહ્યું – "ચંપા આ વીંટી લાવીને તેં મારું કામ કર્યું છે. એ પરથી સાબિત થાય છે કે તું મને પ્રેમ કરે છે. મારી વહાલી ચંપા, હું કયા શબ્દોમાં તારો આભાર માનું ?" વિજયસિંહ પોતાના મનની ખુશી છુપાવી નહોતો શકતો. વીંટી મળવાથી એને જે આનંદ થયો હતો એ તે છુપાવી ન શક્યો. ચંપાને આશ્ચર્ય થતું હતું કે, આખરે વિજયસિંહ આ નાનકડી વીંટી મેળવીને આટલો ખુશખુશાલ કેમ બની ગયો છે ?

પણ વિજયસિંહને ખબર હતી કે તે, આ વીંટી દ્વારા શું ખેલ પાડવાનો છે. આ વીંટી રાજકુમારી ઉષાવતીને કુંવર કલ્યાણસિંહથી વિખૂટી પાડશે. કુંવર કલ્યાણસિંહ ઉષાવતીને છોડી દેશે. પછી તો



ઉષાવતીને મનાવવામાં શી વાર લાગવાની ? ઉષાવતી તૈયાર થાય કે દિલ્હીનું રાજ્ય મને મળવામાં કોઈ અડચણ નહીં આવે. બસ હું દિલ્હીનો રાજા બનું. ચક્રવર્તી રાજા બનું એટલું જ મારે જોઈએ છીએ. કૂવામાં પડે ચંપા અને યમુનામાં પડે ઉષાવતી ?! મારે એ સ્ત્રીનું કોઈ કામ નથી. મારે તો દિલ્હીનું રાજ્ય જોઈએ. એ પ્રાપ્ત થતાં જ મારી મહેચ્છા પૂર્ણ થશે. એ માટે મારે હજુ ચંપાનો સહકાર વારંવાર લેવો પડશે. આથી એણે ચંપા સાથે ઘણીવાર સુધી બેસીને પ્રેમ ભરી વાતો કરી. ચંપા વિજયસિંહના સાંનિધ્યમાં ખુશ હતી. અને વિજયસિંહ ચંપાની નાદાની પર ખુશ થઈ રહ્યો હતો.

## યુદ્ધનાં વાદળ

દિલ્હી રાજ્યના વજીર અને સલાહકાર અમરસિંહનો સંદેશો વિજયસિંહને મળ્યો. "તાત્કાલિક આવીને હાજર થા." અમરસિંહ વિજયસિંહના પિતા હતા. તેઓ કોઈ પણ સમયે વિજયસિંહને બોલાવી શકતા હતા. પણ આ હુકમ રાજ્ય તરફથી હતો. રાજ્યના મુખ્ય વજીર અને સલાહકાર અમરસિંહનો સંદેશો મળતાં વિજયસિંહ અમરસિંહના મહેલમાં પહોંચી ગયો. સાંજ ઢળી ચૂકી હતી. પૃથ્વી પર અંધારું પથરાઈ ચૂક્યું હતું. ચારે તરફ દીવાઓનો પ્રકાશ પથરાઈ ગયો હતો. મહેલમાં પણ વજીર અમરસિંહ દીવાના પ્રકાશમાં ગંભીર વદને કશુંક લખી રહ્યા હતા. તેની આજુબાજુ કેટલાક લખાયેલા કાગળો પથરાયેલા પડ્યા હતા. દીવાના પ્રકાશમાં અમરસિંહનો ચિંતાભર્યો ચહેરો કોઈ ગંભીર બાબત હોવાની ચાડી ખાઈ રહ્યો હતો. વિજયસિંહ આવીને પિતાને પગે લાગ્યો. અને કહ્યું – "આપનો તાકીદનો સંદેશો મળ્યો. અને હું હાજર થયો છું. ફરમાવો મારા માટે શી આજ્ઞા છે ?"

અમરસિંહે વિજયસિંહને બેસવાની ઇશારત કરી. અને પછી વિખરાયેલા કાગળ એકઠા કરી, ગોઠવીને એક બાજુ મૂક્યા. ત્યાર બાદ એણે વિજયસિંહ તરફ જોતાં કહ્યું – ''બેટા વિજય ! તું તો જાણે છે કે, આપણા રાજ્ય પર યુદ્ધનાં વાદળો ઘેરાઈ રહ્યાં છે. દુશ્મન શહાબુદ્દીન ઘોરી ગઝનીથી લશ્કર લઈને હિન્દુસ્તાન પર હુમલો કરવા નીકળી ચૂક્યો છે. અને એને સાથ આપવા કનોજના રાજા જયચંદ પણ પોતાના લશ્કર સહિત તૈયાર બેઠા છે. આપણા રાજ્યની સ્થિતિ હવે પહેલાં જેવી નથી. મહારાજ પૃથ્વીરાજ રાત-દિવસ મહેલમાં જ ગોંધાઈ રહે છે. મહારાણી સંયુક્તા સાથે લગ્ન થયા પછી મહારાજ પૃથ્વીરાજ જાણે કે રાજ્યને ભૂલી જ ગયા છે. આજે જ, વજીરો-પ્રધાનો, અને સેનાપતિઓ-સિપાહસાલારોની એક ગુપ્તમિટિંગ મળી હતી. જેમાં એવો નિર્ણય લેવાયો છે કે, આપણે મિત્રરાજાઓની મદદ માંગવી. અને એમને પત્ર લખીને રાજ્ય તરફથી દિલ્હી આવવા વિનંતી કરવી. જેથી તેઓ આપણા રાજ્યની મદદે આવે. મદદ વિના આપણે મહંમદ ઘોરીનો મુકાબલો નહીં કરી શકીએ. મિત્રરાજ્યો તરફ પત્ર લઈને જવાબદાર વ્યક્તિને મોકલવાનો નિર્ણય થયો છે, કારણ કે આ કામ અતિ મહત્ત્વનું અને અતિ જરૂરી અને મુશ્કેલ છે. કોઈ બહાદુર અને બુદ્ધિમાન વ્યક્તિને જ આ કાર્ય સોંપવું એવું નક્કી કરતાં સૌએ આ જવાબદારી તારા પર નાંખી છે. આ જોખમી કાર્ય હોવાથી વિશ્વાસપાત્ર અને બહાદુર માણસ તરીકે સૌએ તારા નામની ભલામણ કરી છે. તું મારો એકનો એક પુત્ર છે. મારું મન તને આ કાર્ય માટે મોકલવા તૈયાર ન હતું. કારણ કે આ કામ ભારોભાર જોખમ ભરેલું છે. પણ રાજ્ય માટે આ કામ અત્યંત જરૂરનું છે એટલે મેં સ્વીકૃતિ આપીને તારી પસંદગી કરી છે. તું બહાદુર છે. રાજ્યનો સેનાપતિ છે. અને ખાસ તો આપણાં મિત્રરાજ્યોના રાજાઓને વ્યક્તિગત રીતે ઓળખે પણ



છે. તેઓ પણ તને ઓળખે છે. આથી થોડી સરળતા રહેશે. તું મારો એકનો એક પુત્ર છે. હું હવે વૃદ્ધ થયો છું. આપણા કુટુંબની જવાબદારી તારા પર છે. એથી કુટુંબનું રક્ષણ કરવા તારે અહીં ઘેર જ હોવું જોઈએ. પણ રાજ્યના વજીરો અને પ્રધાનોએ આ જવાબદારી તારા પર નાંખી હોઈ આ કાર્ય માટે હું તને મોકલું છું. આ બધા પત્રો લઈને આજે રાતના જ અંધકારમાં નીકળી જવાનું છે. અને મિત્રરાજ્યોના રાજાઓને આ પત્રો પહોંચાડવાના છે.'' એમ કહીને કાગળોનું બંડલ અમરસિંહે વિજયસિંહને બતાવ્યું.

વિજયસિંહ પોતાના પિતાજીની વાત સાંભળીને હરખાયો. તેને જાણે કે ભાવતું જ મળી ગયું. મક્કાર માનવીને દગો કરવાની એક જોરદાર તક મળી ગઈ. તે ઇચ્છતો હતો કે પૃથ્વીરાજનો પરાજય થાય. મિત્રરાજ્યો તેની મદદે ન આવે. અને પછી કોઈ નવી જ યોજના ઘડીને દિલ્હીનું રાજ્ય હું મેળવી લઉં ! અને એની યોજનાના અમલમાં પહેલા જ બગાસામાં અનેક પતાસાં તેના મોંમાં આવી ગયાં. વિજયસિંહને જે જોઈતું હતું તે મળવાનો પ્રસંગ આવી ગયો. પણ થોડીવાર માટે એણે પિતાજીના ચહેરા સામે જોયું તો એને બીક પણ લાગી. તેનું હૃદય તેને ડંખ્યુંય ખરું. વૃદ્ધ પિતાજી રાજ્યની ભલાઈ માટે કેવું કાર્ય કરી રહ્યા છે અને એનો પુત્ર રાજ્યની વિરુદ્ધ જઈને દુશ્મનને મદદરૂપ બનવા પ્રેરાય ? થોડી ક્ષણો તેના મનમાં ડર પેદા થયો કે, આમ દગાબાજી કરતાં પકડાઈ જવાશે તો મારું તો ઠીક પણ મારા વૃદ્ધ પિતાજીનું નામ બદનામ થશે. લોકો કહેશે કે, વૃદ્ધ વજીરે રાજ્ય માટે ઘોર ખોદવા જ આ જવાબદારીભર્યું કામ પોતાના પુત્રને સોંપ્યું છે. દગાબાજ વિજયસિંહને કામ સોંપીને વૃદ્ધ અમરસિંહે રાજ્યને હાથે કરીને ગુમાવવાનું કાર્ય કર્યું છે. લોકો મારા વૃદ્ધ પિતાને નમન કરે છે. પૂજે છે. એને બદલે તેને ધિક્કારશે. શું મારે આમ કરવું જોઈએ ? બીજી જ ક્ષણે તે સાવધ બનીને

વિચારવા લાગ્યો કે યુદ્ધમાં તો દરેક ચાલબાજી જાયજ છે. મારે દિલ્હીનો રાજા બનવા માટે આટલું તો કરવું જ પડે ! નહીંતર મને દિલ્હીનું રાજ્ય ક્યાંથી મળે ? માનવતાની, રાજ્ય તરફની વફાદારીની વાતો કરવાથી રાજ્ય નહીં મળે. રાજ્ય મેળવવા માટે ચાલ રમવી પડે. દુશ્મનોનેય મિત્ર બનાવવા પડે, હાથ મિલાવવા પડે. આવા વિચારોમાં ખોવાયેલો વિજયસિંહ એ પણ ભૂલી ગયો કે તે અત્યારે પોતાના પિતાજીની સામે બેઠો છે. રાજ્યના વફાદાર અનુભવી વજીર અને સલાહકારની સામે બેઠો છે. એની સામે બેસીને જ એમની વિરુદ્ધ કાવતરું રચવાની મનોવૃત્તિ પર લગામ લગાવીને વિજયસિંહે એના પિતાજીને કહ્યું – ‘‘પિતાજી ! રાજ્યની સેવા માટે મારે ગમે એટલું જોખમ ખેડવું પડે એના માટે હું તૈયાર છું. કયાં કયાં મિત્રરાજ્યો પાસે મારે જવાનું છે ?’’

વજીર અમરસિંહે કહ્યું – ‘‘વિજયસિંહ ! તું જલદી જઈને તૈયારી કર. એટલી વારમાં હું બધા પત્રો તૈયાર કરીને રાજ્યની સીલ લગાવીને તારા માટે તૈયાર રાખું છું. તું એક પછી એક મિત્રરાજ્યને પત્ર પહોંચાડીને આગળ વધતો જજે અને તુરન્ત પાછા આવીને મને તેની ખબર આપજે.’’

વિજયસિંહે કહ્યું – ‘‘પિતાજી ! હું જલદી તૈયાર થઈને આવું છું. આપ પત્રો તૈયાર કરી રાખો.’’ એમ કહીને વિજયસિંહ તૈયાર થવા ચાલ્યો ગયો. પણ એક કામ એને સત્વરે કરવું પડે એમ લાગતાં તે ચંપાને મળવા બગીચામાં જઈ પહોંચ્યો. ચંપા વિજયસિંહનો સંકેત મળતાં બગીચામાં આવીને તેને મળી. રાતના અંધકારમાં વિજયસિંહે રાજકુમારી ઉષાવતીની વીંટીનો ઉપયોગ કુંવર કલ્યાણસિંહ અને રાજકુમારી ઉષાવતીને વિખૂટાં પાડવા માટેના કાર્યમાં કરવાનો અમલ શરૂ કર્યો. એણે ચંપાને કેટલીક વાતો સમજાવી. અને પછી ચંપાને કહ્યું – ‘‘ચંપા ! હું રાજ્યના અગત્યના કામે બહાર જાઉં છું. થોડા જ



દિવસોમાં પાછો આવી જઈશ. અને લડાઈની તૈયારીઓમાં લાગી જઈશ. આ લડાઈ પૂરી થાય કે આપણે લગ્ન કરી લઈશું. એટલો સમય આપણે વિયોગ સહન કરવો પડશે. પણ આ કામ જે મેં તને સોંપ્યું છે તે સાવધાની અને હિંમતથી કરી નાંખજે. પછી જોજે હું તને મહારાણી બનાવીને મહેલમાં લઈ જાઉં છું કે નહીં. જ્યાં માત્ર તારું જ રાજ હશે. તારા હુકમ પ્રમાણે જ બધું થશે. તું જે કાંઈ ઇચ્છે તે જ થશે. તું દાસી મટીને મહારાણી બની જઈશ. અને હું મહારાજા !’’

વિજયસિંહની જોખમી યોજનામાં જોડાતાં ચંપાને ડર અને ભયનો અનુભવ થતો હતો, તો એણે કહેલા શબ્દો સાંભળીને ખુશી પણ થઈ હતી. વિજયસિંહનો પ્રેમ પામવા ચંપા બધું જ કરવા તૈયાર થઈ હતી. વિજયસિંહ ઉતાવળમાં હતો. તેને પિતાજી અમરસિંહ પાસે જલદી પહોંચવાનું હોઈ તે તુરત જ ત્યાંથી રવાના થયો. અને ચંપા પર ઉષાવતીની જિંદગી બગાડવાની જવાબદારી નાંખતો ગયો. ચંપાને એ ખબર ન હતી કે, તે જે કાર્ય કરવા જઈ રહી હતી એનાથી ઉષાવતીનું જીવન બરબાદ થઈ જશે, ચંપાને તો બસ વિજયસિંહનો પ્રેમ જોઈતો હતો. એ પ્રેમ મેળવવા માટે એણે વિજયસિંહે સોંપેલું કામ કરવા તૈયાર થઈ હતી.

અગાઉ મહંમદ ઘોરી દશ વખત પૃથ્વીરાજના હાથે પરાજય પામ્યો હતો. અને માફી માંગી હવે પછી આક્રમણ નહીં કરું એવું વચન આપીને પૃથ્વીરાજ પાસેથી છૂટ્યો હતો. પણ એના મનમાંથી હિન્દુસ્તાનનું રાજ્ય જીતી લેવાની તમન્ના ઓછી થઈ ન હતી. તે હંમેશાં તકની રાહ જોતો કે તક મળે તો હિન્દુસ્તાન જીતી લઉં. એટલા માટે એણે પોતાના કેટલાક જાસૂસો દિલ્હીમાં છોડી મૂક્યા હતા. જેઓ દિલ્હીના સમાચાર અવાર નવાર તેને પહોંચાડતા હતા. એમાં એક વ્યક્તિ ખાસ હતી. જેનું નામ હતું ધરમાન ! ધરમાન

મહંમદ ઘોરી તરફથી દિલ્હીમાં જાસૂસીનું કામ કરતો હતો. દેખીતી રીતે તે પૃથ્વીરાજની નોકરી કરતો હતો અને ઉચ્ચ હોદ્દા પર નિયુક્ત હતો. પણ તે મહંમદ ઘોરીનો જાસૂસ હતો. અને અવારનવાર પૃથ્વીરાજની ખાસ માહિતી પહોંચાડવા ગઝની જઈને મહંમદ ઘોરીને મળી આવતો. એના બદલામાં મહંમદ ઘોરી તેને ખૂબ નાણું આપતો. ઉપરાંત તેને હિન્દુસ્તાન જીતી લીધા બાદ ખૂબ મોટું ઇનામ આપવાની લાલચ પણ આપી હતી. આથી ધરમાન મહંમદ ઘોરી માટે જાસૂસી કરતો અને પૃથ્વીરાજની ઝીણામાં ઝીણી વિગતો પહોંચતી કરતો. આજે પણ ધરમાન મહંમદ ઘોરી પાસે આવ્યો હતો. અને તેણે કહ્યું હતું કે, અત્યારે દિલ્હી સલ્તનતની હાલત ખૂબ નાજુક છે. પરિસ્થિતિ બગડેલી છે. એક તો પૃથ્વીરાજના નામી શૂરવીર યોદ્ધાઓ મહુવાની લડાઈમાં માર્યા ગયા છે. સામંતો અને અનુભવી લડવૈયાઓ વગરનું તેનું સૈન્ય નોંધારું બની ગયું છે. ઉપરાંત પૃથ્વીરાજે નવાં લગ્ન સંયુક્તા સાથે કર્યાં છે. જેથી તે દિવસ-રાત સંયુક્તાના મહેલમાં જ પડ્યો રહે છે. રાજ્યની કોઈ પણ પ્રવૃત્તિમાં તે રસ લેતો નથી. એશઆરામમાં તે હંમેશાં ડૂબેલો રહે છે. તેને રાત-દિવસનું ભાન પણ રહેતું નથી. રાજ્યની ચિંતા બિલકુલ કરતો નથી. રાત-દિવસ સંયુક્તાનાં મહેલમાં જ વિતાવે છે. ત્યાં પહેરેદાર પણ સ્ત્રીઓ છે તો શાસક પણ સ્ત્રીઓ છે. પૃથ્વીરાજના કહેવાથી એ સ્ત્રીઓ કોઈને પણ મહેલમાં આવવા દેતી નથી. કોઈ પુરુષ ત્યાં જઈ શકતો નથી. પૃથ્વીરાજને મળી શકાતું નથી. પ્રજા ન્યાયની પ્રતીક્ષા કરી રહી છે. પણ ન્યાય કરનાર કોઈ નથી. સ્ત્રીઓ જે મહેલનો કારોબાર સંભાળીને બેઠી છે એ જ ન્યાય કરે છે. જે અન્યાય બરાબર હોય છે. આથી પ્રજામાં પણ પૃથ્વીરાજ અપ્રિય બની રહ્યો છે. વજીરો સેનાપતિઓ કોઈ પણ પૃથ્વીરાજને મળી શકતા નથી. બસ ચારે તરફ એ સ્ત્રીઓનું જ રાજ છે. જે સંયુક્તાનાં મહેલ પર તૈનાત થયેલ છે. આથી



હિન્દુસ્તાન ધણીધોરી વગરનું બની ગયું છે. આવા સમયે ઘા કરવો જોઈએ. તમારે હિન્દુસ્તાનને જીતવું હોય તો અત્યારે તક છે. હુમલો કરી દો. વિજય તમારો જ થશે.''

આવી વાતો સાંભળીને મહંમદ ઘોરીનું મન લલચાયું કે હિન્દુસ્તાન પર હુમલો કરી દઉં. પણ અગાઉ દશ વખત તે પૃથ્વીરાજ આગળ હારી ચૂક્યો હોવાથી હવે કોઈ પણ પગલું ભરતાં પહેલાં ખૂબ સમજીવિચારીને જ પગલું ભરવું એમ મહંમદ ઘોરી માનતો હતો. આથી એણે જાસૂસને ઇનામ આપીને રવાના કર્યા. અને તેને કહ્યું કે સફળતા મળ્યા બાદ તમને માલામાલ કરી દઈશું. જાસૂસને એ ખબર પણ પડી નહીં કે થોડાક રૂપિયા ખાતર હું માતૃભૂમિ માટે દેશ માટે તબાહી નોતરી રહ્યો છું. સ્વાર્થ માનવીને અંધ બનાવી દે છે. બેત્રણ દિવસ માંડ વિત્યા હશે કે મહંમદ ઘોરી પાસે જયચંદનો દૂત આવ્યો. એને જોઈને મહંમદ ઘોરી ખૂબ ખુશ થયો. એણે તુરત જ એ દૂતને પોતાની પાસે બોલાવ્યો. અને ખૂબ ઇજ્જતથી તેને બેસાડ્યો. ખબરઅંતર પૂછ્યા. દૂતે મહંમદ ઘોરીને કહ્યું – ''અત્યારે નસીબ તમોને યારી આપી રહ્યું હોય એવું વાતાવરણ છે. ફતેહ તમારા કદમ ચુમવા તૈયાર છે. તમો વિચારવિમર્શમાં સમય ન બગાડો. જેટલું શક્ય હોય એટલા જલદી હુમલો કરી દો. દિલ્હી પર હુમલો કરવાની આ તક ગુમાવશો તો પછી ક્યારે તક આવે તેનું નક્કી નહીં. રાજા જયચંદ તમારી સાથે છે. ઉપરાંત જયચંદે અનેક નાનીમોટી રિયાસતોને પણ તૈયાર કરી છે. અને પોતાની તરફેણમાં કરી લીધી છે. ત્યારબાદ દૂતે મહુવાની લડાઈનું વર્ણન કર્યું અને કહ્યું કે, મહુવાની લડાઈમાં પૃથ્વીરાજના ઘણાખરા યોદ્ધાઓ અને અનુભવી સિપાહસાલારો ખપી ગયા છે. હવે પૃથ્વીરાજ પાસે નામનું જ લશ્કર છે. લડવૈયાઓ કોઈ નથી. અત્યારે પૃથ્વીરાજને હરાવવા સરળ છે. જ્યારે જયચંદના દૂત અને જાસૂસ ધરમાનનાં બ્યાન સરખાં આવ્યાં ત્યારે મહંમદ

ઘોરીને ખાતરી થઈ કે વાત ખરી છે. અત્યારે જ હુમલો કરવો જોઈએ. નસીબ યારી આપી રહ્યું છે તો તકનો લાભ લેવો જોઈએ. કારણ કે જે કામ મારી શક્તિથી ન થાય તે કામ રાજપૂતોની ઘરની ફૂટફાટે કરી આપ્યું છે. એણે મનમાં જ નક્કી કર્યું કે હુમલો કરવો જ છે. આથી એણે જયચંદના દૂતને કહ્યું – ''કનોજના મહારાજા જયચંદને મારા ખૂબ ખૂબ સલામ કહેજો. અને એમને વિનંતી કરજો કે તમારા સહકાર બદલ હું ખૂબ આભારી છું. હું તૈયારી કરીને તમારી સેવામાં જલદી પહોંચું છું. તમો પણ તમારા વફાદાર સરદારો અને મિત્ર રાજાઓ સાથે તૈયાર રહેજો. ખુદા જાણે છે કે, મારી મનની ઇચ્છા એવી જ છે કે હું તમને દિલ્હીના તખ્ત પર બિરાજમાન જોઉં. વિશેષ વાતો રૂબરૂ કરીશું.'' આટલું કહીને મહંમદ ઘોરીએ દૂતને ખુશ કરીને રવાના કર્યા અને લશ્કરને જલદી તૈયાર થવાનો હુકમ કર્યો. અને થોડા જ દિવસોમાં ગઝનીના બાદશાહ મહંમદ શહાબુદ્દીન ઘોરીનું નવ લાખ પેદલ સિપાહીઓ, બે લાખ ઘોડેસ્વારો અને ચાલીસ હજાર હાથીઓનું વિશાળ સૈન્ય હિન્દુસ્તાનને જીતી લેવા નીકળી પડ્યું. કારણ કે હિન્દુસ્તાનનો સૌથી શક્તિશાળી મહારાજા પૃથ્વીરાજ ચૌહાણ આંતરિક મતભેદોના કારણે અંદરોઅંદર રાજપૂતો સાથે લડાઈઓ લડીને ખોખલો બની ચૂક્યો હતો. ઉપરથી નવી રાણી સંયુક્તાના સાંનિધ્યમાં રાતદિવસ એશઆરામની જિંદગી વિતાવવા લાગ્યો હતો. તેનાં નજીકનાં સગાંસંબંધીઓ રાજાઓ પણ તેના દુશ્મન બની ગયા હતા. તેને વાર્ષિક ખંડણી આપતા ખંડિયા રાજાઓએ પણ હવે પૃથ્વીરાજને ખંડણી આપવાનું બંધ કરી દીધું હતું. ઊલટું તેઓ પૃથ્વીરાજ પાસેથી ખંડણી માગવાની ધૃષ્ટતા કરવા લાગ્યા હતા. આમ ચારે તરફથી પૃથ્વીરાજની નબળાઈઓ જાહેર થઈ ચૂકી હતી. દિલ્હીનું શાસન ડોલવા લાગ્યું હતું. પૃથ્વીરાજ બેદરકાર હતો. અને વિધર્મી મહંમદ ઘોરી હિન્દુસ્તાન પર ચડી આવ્યો હતો. પ્રજા



ભયભીત હતી. નાનાં નાનાં ગામડાંઓના ખેડૂતો-મજૂરો ભયના કારણે ધ્રૂજી રહ્યા હતા. કારણ કે આટલા વિશાળ લશ્કરના સિપાહીઓ રસ્તામાં આવતાં નાનાં ગામોને તબાહ કરી દેતા હતા. અનાજ અને ખાવાનું અન્ય ચીજો લૂંટી લેતા હતા. ખેતરોમાં ઊભો મોલ હાથીઓ ઘોડાઓના પગતળે નષ્ટ થઈ જતો. લડાઈના ઝનૂનના કારણે સિપાહીઓ સામે મળતા કોઈ પણ માણસને જીવતો ન છોડતા. સ્ત્રીઓને ઉપાડી જઈ તેને ભ્રષ્ટ કરતા હતા. આ બધી હકીકતોના કારણે પ્રજા ભયભીત બની હતી. તેનું રક્ષણ કરનાર બેદરકાર અને બેધ્યાન હતો. હવે શું થશે ?ના પ્રશ્નો સૌને સતાવતા હતા. પૃથ્વીરાજનું લશ્કર નિષ્ક્રિય સ્થિતિમાં હતું. ચારે તરફ ભય અને માત્ર ભયનું વાતાવરણ હતું. મહંમદ ઘોરીનું લશ્કર ધીમી ગતિએ ચાલતું ચાલતું પંજાબ સુધી પહોંચી ચૂક્યું હતું. સતલજ નદીના કિનારે વિશાળ મેદાન જોઈને મહંમદ ઘોરીએ પડાવ નાંખ્યો. છાવણી નંખાઈ ગઈ. તંબુઓ ઊભા થઈ ગયા. લાખો સિપાહીઓ માટે આરામ અને થાક ઉતારવાની વ્યવસ્થા થઈ. કેટલોક સમય અહીં રહીને થાક ઉતારીને પછી આગળ વધવાનું મહંમદ ઘોરીએ જાહેર કર્યું. અને સતલજ નદીનો કાંઠો પઠાણ સિપાહીઓથી ઊભરાઈ ગયો. એકાદ મહિનો અહીં રોકાણ કરવાનું મહંમદ ઘોરીએ વિચાર્યું હતું. અહીં સતલજનું અણખૂટ પાણી હતું. પંજાબની મબલખ પાક આપતી ધરતીનું અન્ન સરળતાથી પ્રાપ્ત થાય એમ હતું. જરા વિચાર કરો. નવ લાખ માણસોને ખાવા માટે કેટલું અનાજ જોઈએ ? દિવસમાં બે વખત ખાવાની રસોઈમાં લાખો મણ અનાજ જોઈએ. આટલું વિપુલ પ્રમાણમાં અનાજ પંજાબની ધરતી જ આપી શકે. પાણી તો સતલજ નદીનું અખૂટ હતું જ. આથી આ જગ્યાએ મહંમદ ઘોરીએ પડાવ નાંખ્યો. આ લશ્કરનું દળકટક જોઈને જ કાચાપોચા માણસની છાતીનાં પાટિયાં જ બેસી જાય એવું દશ્ય હતું.

સતલજને કાંઠે પડાવ નાંખીને બેઠેલા મહંમદ ઘોરીની શાહી છાવણીની અંદર સલ્તનતના વજીરો-સિપાહસાલારો અને સેનાપતિઓની બેઠક યોજાઈ હતી. મહંમદ ઘોરીની અધ્યક્ષતાની એ બેઠકમાં દિલ્હી પર હલ્લો કઈ બાજુથી કરવો એની વિચારણા થઈ રહી હતી. હુમલો કઈ રીતે કરવો. ક્યારે કરવો અને કઈ બાજુથી કરવો એની વિચારણામાં સૌ પોતપોતાનો અભિપ્રાય આપી રહ્યા હતા. જ્યારે બધા સલાહકારો અને સિપાહસાલારોએ એક મતિ સાધી લીધી ત્યારે મહંમદ ઘોરીએ સૌને ઉદ્દેશીને કહ્યું – ‘‘તમે સૌએ અત્યારે જે યુક્તિ વિચારી છે તે ખરેખર યોગ્ય છે અને અસરકારક છે. ધ્યાન આપવા લાયક છે. જેથી મને ખાતરી છે કે, આ વખતે જરૂર આપણે ફતેહમંદ બનીશું. વિજય આપણો જ થશે. અગાઉની લડાઈઓમાં આપણને એ જાણવા મળ્યું છે કે શૂરવીર હિન્દુ લોકોને ઇમાનદારીથી હરાવવા મુશ્કેલ જ નહીં, પણ અશક્ય જ છે. હાલ જે વાતાવરણ છે, જે રીતે આપણે હલ્લો કરવાના છીએ એમાં મને સફળતા મળશે જ એવું લાગે છે. આપણો ઝંડો દિલ્હી પર ફરકતો થાય એવી ઘટનાઓ હવે બની છે. કારણ કે આપણને કેટલાક અહીંના લોકોની મદદ મળવાની છે. મદદની તો આપણને દરકાર નથી. પણ તેઓ આપણી સાથે રહે એ પણ ઘણું છે. આથી બેશક આપણો વિજય થશે જ.’’

ત્યાં બેઠેલા સૌએ આમીન... આમીન... કહીને મહંમદ ઘોરીની વાતને વધાવી લીધી. તેણે આગળ કહ્યું – ‘‘હિન્દુ લોકો જે રીતે ઉદારતા, ફિલસૂફી, જ્યોતિષવિદ્યા વગેરેના જાણકાર છે. એટલી જ ખામી તેઓમાં બીજી ઘણી બાબતોમાં દેખાય છે. તેઓ એ નથી જાણતા કે તક મળતાં દગો કેમ કરવો ! છટકી કેમ જવું ! અને જૂઠું બોલવાથી કેટલા ફાયદા થાય છે. ઊલટું એ લોકો તો પોતાની ધાર્મિક માન્યતાઓના કારણે આદર્શવાદના નામે ખુદને કેટલીક બાબતોથી



બાંધી લે છે. અગર કોઈ તેનો જીવ લેવા તેના માથા પર સવાર થઈ જાય તોય તેઓ જૂઠું નહિ બોલે. એ તો ઠીક પણ એમની અબુધતા તો જુઓ કે તેઓ લડાઈમાં પણ ઇમાનદારીથી જ કામ લે છે. દાખલા તરીકે હથિયાર વગરના દુશ્મન પર પણ તેઓ વાર કરતા નથી. ચેતવણી આપ્યા વિના હુમલો કરતા નથી. હથિયાર વિનાનાં માણસ સાથે તેઓ લડતા નથી. સ્ત્રીઓ પર તેઓ હાથ ઉગામતા નથી. અગર આપણે વિચારીએ તો બહાદુર હિન્દુઓ સાથે ફરેબ અને દગાબાજી વગર લડીને જીતી લઈએ તો એ વાતમાં માલ નથી. એ નામુમકિન છે, મૂર્ખતા છે. તમને ખબર હશે કે સિકંદર બાદશાહે કેટલાય દેશો જીતી લીધા હતા. બેશુમાર સિપાહીઓ અને હથિયાર લઈ આવીને. તેઓ ખુદ પણ યુદ્ધમાં જાણકાર અને બહાદુર હોવા છતાંય તે જ્યારે હિન્દુસ્તાન પર ચડી આવ્યો હતો ત્યારે અહીંના રાજાઓની પોતાની આંતરિક ફૂટફાટનો લાભ લઈ તેઓને એક પછી એક કરીને જીત્યા હતા. ત્યાર બાદ તેઓએ જાસૂસો દ્વારા રાજા પોરસ (પુરુ રાજા)ની શક્તિનો અંદાજ મેળવ્યો અને સીધી રીતે લડવાથી તેને જીતી નહીં શકાય એમ લાગતાં એક યુનાની સ્ત્રી દ્વારા રાજા પોરસને રાખડી બંધાવી હતી. અને એવું વચન માંગ્યું હતું કે પોરસ, સિકંદર પર હથિયાર નહીં ચલાવે. પરિણામે યુદ્ધના મેદાનમાં જ્યારે સિકંદર પોરસની સામે આવ્યો. અને પોરસ સરળતાથી ભાલો ફેંકીને સિકંદરને મારી શકતો હતો ત્યારે પોરસને યુનાની સ્ત્રીને આપેલું વચન યાદ આવ્યું. અને તેણે ઉગામેલો સિકંદર તરફનો ભાલો જરા નીચે કરીને સિકંદરના ઘોડાને વીંધી નાંખ્યો. પણ સિકંદરને તેણે હાથ પણ ન લગાડ્યો. આથી જ રાજા પોરસ યુદ્ધમાં હારી ગયો. એટલે આપણે પણ હિન્દુઓ પર વિજય મેળવવો હોય તો એવી જ કોઈ યુક્તિ રચવી પડશે.’’

આમ ચર્ચા વિચારણા પછી દરબાર બરખાસ્ત થયો કે તુરત

જ દરવાને આવીને સલામ કરતાં કહ્યું – ‘‘બંદા પરવર ! એક હિન્દુ દરવાજે આવીને ઊભો છે. અને હજૂર સાથે મુલાકાત કરવા માંગે છે. પણ અમોએ તેને જાસૂસ સમજીને કેદ કર્યો છે.’’

‘‘અગર તે જાસૂસ હોય તો તેને કેદ કરી લો. અહીં લાવવાની જરૂર નથી.’’

‘‘હજૂર કેદી કહે છે કે, હું જાસૂસ નથી.’’

‘‘જાસૂસ કાંઈ એમ થોડો કહેવાનો છે કે હું જાસૂસ છું. તેને નજરબંધ કરી લો.’’

પણ સિપાહી એ હુકમ મળવા છતાંય ત્યાંથી ખસ્યો નહીં. આથી મહંમદ ઘોરીએ ગુસ્સે થઈને કહ્યું – ‘‘કેમ હજી ઊભો છે ? ગયો કેમ નથી ? કોઈ બીજી વાત છે કે શું ?’’

‘‘હજૂર ! કેદી કહે છે કે, મને ગિરફતાર કરવાથી તમોને કોઈ ફાયદો થવાનો નથી. ઊલટું લડાઈમાં ખૂબ નુકસાન થશે.’’

‘‘યુદ્ધ સાથે એને શું પ્રયોજન ?’’

‘‘એ આપ નામદારને જ એ કહેવા માંગે છે.’’

‘‘એ કેવી રીતે ?’’

‘‘જહાંપનાહ ! એવું તો એ કાંઈ કહેતો નથી. પણ વિનંતી કરે છે કે, આપ નામદાર સામે રજૂ કરવા. એટલું પણ એ માંડ બોલ્યો છે. કારણ કે એ સમજી ગયો કે કાંઈ પણ નહીં બતાવું તો કેદમાં પુરાઈ જ જઈશ. અને આપ નામદાર સુધી પહોંચી નહીં શકાય.’’

‘‘દેખાવે કેવો છે ?’’

‘‘ખૂબ હોશિયાર જણાય છે.’’

‘‘ઠીક છે. તેને અંદર મોકલ.’’

સિપાહી બહાર ચાલ્યો ગયો અને થોડી વારમાં જ એક યુવક હાજર થયો. એ યુવક દિલ્હીના મુખ્ય વજીર અમરસિંહનો પુત્ર વિજયસિંહ



હતો. જે મિત્રરાજાઓને મદદે આવવાના પત્રો આપવા નીકળ્યો હતો. પણ દિલ્હીનું રાજ્ય પ્રાપ્ત કરવા તેણે આટલી નીચ કક્ષાએ જઈને મહંમદ ઘોરીની પાસે આવી પહોંચ્યો હતો.

મહંમદ ઘોરીએ તેને બેસવા ઇશારત કરી. વિજયસિંહ બેઠો. પછી મહંમદ ઘોરીએ તેને પૂછ્યું – ‘‘તમે કોણ છો ? અને કયા કારણ સબબ અહીં આવ્યા છો ?’’

વિજયસિંહે કહ્યું – ‘‘હું આપની મદદ કરવા અહીં આવ્યો છું.’’

‘‘તમે હિન્દુ છો. અને મને મદદ કરવા આવ્યા છો. એ કેવી રીતે બને ?’’

‘‘એ, આપને પાછળથી ખબર પડશે. પણ વાત જાણે એવી છે કે, અગાઉ પણ તમે આશ્ચર્યજનક રીતે બચી ગયા હતા. નહિતર તમારો જીવ ગયેલો જ હતો. હવે ફરી તમે દિલ્હી ફતેહ કરવા નીકળ્યા છો. પણ આ વખતે પણ તમે ફતેહ નહીં મેળવી શકો. ઊલટું આ વખતે તમે સહીસલામત પાછા જાઓ એવા સંજોગો પણ નથી.’’

મહંમદ ઘોરીએ આવી અપમાનજનક વાત સાંભળીને ગુસ્સે થતાં કહ્યું – ‘‘તો તમે અમને ડરાવવા આવ્યા છો ?’’

‘‘ડરાવવા નથી આવ્યો. પણ તમારી ઉપર જે મુસીબત આવવાની છે તેની મને ખબર છે. હું એ મુસીબત હટાવવા આવ્યો છું.’’

‘‘પણ તમે છો કોણ ?’’

વિજયસિંહ આ પ્રશ્ન સાંભળીને વિચારમાં પડી ગયો. કારણ કે તે ખુદને જાહેર કરવા માંગતો નહોતો. આથી થોડીવાર ગડમથલમાં પડી ગયા બાદ તેને લાગ્યું કે, પરિચય આપ્યા વગર આરોવારો નથી. આથી એણે કહ્યું – ‘‘મારો પરિચય જાણીને તમે શું કરશો ? હું ગમે તે હોઉં મારી મદદથી જ તમે જીતી શકશો.’’

"પણ પરિચય વગર વિશ્વાસ કેમ કરવો ? અમને કેવી રીતે ખબર પડે કે, તમે સાચું બોલો છો કે જૂઠું ! તમારા હાથમાં કેટલી તાકાત છે. માની લઈએ કે અમારો વિજય અને પરાજય તમારા પર અવલંબે છે તોયે પરિચય કે ખાતરી વગર કેમ વિશ્વાસ કરવો ?"

વિજયસિંહે જોયું કે, હવે પરિચય આપ્યા વગર વાત આગળ વધી શકે તેમ નથી. છતાંય એણે કહ્યું – "માનો કે હું મારો પરિચય ન આપું તો ?"

"તો તમે અમારા કેદી છો."

આ સાંભળીને વિજયસિંહ ગભરાયો. અને તે ગુસ્સે થયો. પણ જે નીચ કામે અહીં આવ્યો હતો અને જે મંઝિલ પર તે પહોંચ્યો હતો એમાં ગુસ્સો કરવો પાલવે તેમ ન હતો. કારણ કે, તે જ્યાં સુધી પહોંચ્યો હતો ત્યાંથી પાછા વળવું કે હટી જવું મુશ્કેલ હતું. તેની માનવતા મરી ચૂકી હતી. અંતરાત્મા દિલ્હીના શાસન માટે, વિધર્મીઓનાં ચરણે દુશ્મનોનાં આંગણે પહોંચાડી ચૂક્યો હતો. અહીં તેને કેદ થવાની ધમકી આપવામાં આવી હતી. એય એણે સાંભળી લેવી પડી. પણ દિલ્હીમાં કોઈ એની સામે થાય તો વિજયસિંહ તેને જીવતો ન છોડે. અહીં તે બેઇજ્જતી પણ ગળી ગયો. એણે કહ્યું – "અગર તમે મારો પરિચય જાણવા આટલું દબાણ કરો છો તો હું દિલ્હીના મહારાજા પૃથ્વીરાજના મુખ્ય વજીર અમરસિંહનો પુત્ર વિજયસિંહ છું." આટલું સાંભળતાં જ ત્યાં બેઠેલા સલાહકારોમાંથી એક સલાહકારે વચ્ચે જ ઉતાવળથી કહ્યું – "અરે, હા. હા. યાદ આવ્યું. હજૂરેઆલા ! હવે મને યાદ આવ્યું. આ ખરેખર વિજયસિંહ જ છે. હું ક્યારનો યાદ કરવા મથતો હતો કે, આ યુવાનને મેં ક્યાંક જોયો છે. હવે મને યાદ આવ્યું કે, હું જ્યારે એલચી તરીકે દિલ્હી પૃથ્વીરાજ પાસે ગયો હતો. ત્યારે મેં આ યુવકને ત્યાં જોયો



હતો. તે ખરેખર વજીર અમરસિંહનો ફરજંદ છે. કારણ કે, તે અમરસિંહની બાજુમાં જ બેઠો હતો. અને પૃથ્વીરાજના દરબારમાં તેનું ખાસું વર્ચસ્વ છે એવું મને લાગતું હતું. આ ખરેખર વિજયસિંહ જ છે." સલાહકારે મહંમદ ઘોરીને ખરાઈ કરી આપતાં મહંમદ ઘોરી મનમાં જ વિચારવા લાગ્યો કે, આવો પોતાના દેશનો દુશ્મન-માતૃભૂમિનો ઘાતક મારી પાસે સામે ચાલીને આવ્યો છે તો હવે લડાઈ જીતવી સરળ થઈ પડશે. આથી એણે વિજયસિંહને ખુશ કરવા કહ્યું – "મહેરબાન યુવાન ! અમે માત્ર તમારો પરિચય મેળવવા જરા કડક રીતે વાત કરી. જે બદલ હું દિલગીર છું. અમે તમારી યોગ્ય કદર કરીશું જ."

વિજયસિંહ મનમાં મલક્યો. તે મહંમદ ઘોરીની ચાલ પારખી ગયો. પણ તે ખુદ પોતાની મરજીથી અહીં આવ્યો હતો. અહીંથી હવે નીકળવું મુશ્કેલ હતું. જોકે તે ત્યાંથી છટકી ન શકે એવું નહોતું. તે હજાર સિપાહીઓને વીંધીને છટકી શકે એટલો બહાદુર તો હતો જ. પણ સ્વાર્થના કારણે તે અંધ બની ગયો હતો. તે સારું-ખોટું સમજવાની શક્તિ ખોઈ બેઠો હતો. બંનેના મતલબની વાત પૂરી થઈ. બંનેનો હેતુ સિદ્ધ થયો. વિજયસિંહે માન્યું કે બદલાની આગ ઠારવાની ઇચ્છા હવે પૂરી થશે. અને મહંમદ ઘોરી સમજ્યો કે, સફળતાની ચાવી હવે મારા હાથમાં આવી ગઈ.

બાદશાહે કહ્યું – "તો વિજયસિંહ ! હવે કહો તમે અમને કઈ રીતે મદદ કરવાના છો ?"

"હજૂર ! હવે તમને ખાતરી થઈ ગઈ હશે કે, એક ઇમાનદાર અને નિઃસ્વાર્થી માણસનો તમને સહકાર મળી રહ્યો છે."

"એમાં હવે કોઈ શંકા નથી. પણ તમે ભલે નિઃસ્વાર્થ માનવી હો, પણ અમારી એ ફરજ બની જાય છે કે બદલામાં અમે પણ

તમારા માટે કાંઈક કરીએ.”

“ઠીક છે, અગર તમને લડાઈમાં સફળતા મળે તો તમે મને શું આપશો ?” વિજયસિંહે પૂછ્યું.

“તમે જે કાંઈ માંગશો ધન, દોલત, હોદ્દો, જાગીર. તમે જે ઇચ્છો તે તમને મળશે.”

“મને ધન-દોલતની જરૂર નથી. મારી પાસે ઘણું છે.”

“તો તમારે શું જોઈએ ?”

“આપશો ?”

“જરૂર !”

“વચન આપો છો ?”

“બાદશાહી વચન આપું છું.”

વિજયસિંહે ગંભીર બનીને કહ્યું – “મારે દિલ્હીનો તખ્ત જોઈએ છીએ.”

મહંમદ ઘોરી આ વાત સાંભળીને મનમાં હસી પડ્યો. તેણે વિચાર્યું કે, આવો બુદ્ધિશાળી યુવાન પણ કેવો મૂરખ છે ? તે એટલું પણ નહીં સમજતો હોય કે, હું ગઝનીથી અહીં સુધી લાખો સિપાહીઓ લઈને, કરોડો રૂપિયાનો ખર્ચ કરીને હજારો સિપાહીઓનાં માથાં લડાઈમાં કપાવીને દિલ્હી પર વિજય મેળવીશ. અને પછી એ દિલ્હીનું શાસન તેને હવાલે કરીને જતો રહીશ. તો હું અહીં શું હિન્દુસ્તાનની ધૂળ ખાવા આવ્યો છું ? એક તરફ પેલો જયચંદ કહે છે કે મારે દિલ્હીનું રાજ્ય જોઈએ છીએ. બીજી તરફ આ મૂર્ખ યુવાન કહે છે, મારે દિલ્હીનો તખ્ત જોઈએ છીએ. આ બંને મૂર્ખાઓ એ નહીં સમજતા હોય કે, હું કાંઈ પાગલ થઈ ગયો છું કે, આટલી મહેનત, ખર્ચ અને લોહી વહાવ્યા પછી અહીંથી ખાલી હાથે પાછો જઈશ ? પણ અત્યારે તો એમની ગદ્દારીનો લાભ લેવો છે. દિલ્હીને ફતેહ



કરવી છે. પછી તેમનેય મારી નાંખવામાં કે હરાવવામાં મને શું તકલીફ પડવાની છે ? આ હિન્દુઓ કેવા સ્વાર્થી અને અક્કલવિહોણા છે કે મારી પાસેથી આવી ઉમ્મીદ રાખે છે. તેઓ પોતાની માતૃભૂમિને ગદ્દાર બને છે. તો તેમની ગદ્દારી કરતાં મને શી તકલીફ પડવાની ? એવા માણસો સાથે હા એ હા પાડીને જ કામ ચલાવવું પડશે. મારે પૃથ્વીરાજ પાસેથી અગાઉની બેઇજ્જતીનો બદલો લેવો છે. આ દેશ પર શાસન કરવું છે. તો આવા બેવકૂફ લોકોને હાથ પર રાખવા પડશે. એની મદદ વિના હું જીતી ન શકું. જેટલા વધુ ગદ્દારોનો સાથ મળશે ફતેહ એટલી જ સરળતાથી મળશે. આ યુવાનને અત્યારે હા પાડું પછી વિજય મળી જાય તે પછી તેને કેદ કરી લઉં કે મારી નાંખું તો મને શી વાર લાગવાની ? આમ વિચારીને મહંમદ ઘોરીએ વિજયસિંહને કહ્યું – “અમે તો ફક્ત અગાઉની અમારી બેઇજ્જતીનો બદલો લેવા જ આવ્યા છીએ. બદલો લઈને અમારે વતન પાછા જઈશું. દિલ્હીના તખ્ત સાથે અમારે કોઈ મતલબ નથી. લૂંટફાટનો માલ જ બહુ થઈ પડશે. એ અમો લઈ જઈશું. અમને તમારા જેવા વફાદાર મિત્ર મળી જાય એય ઘણું છે. અમારે બીજું શું જોઈએ ફતેહ બાદ તખ્ત તમારા હવાલે જ થશે.”

વિજયસિંહે ખુશ થતાં કહ્યું – “દિલ્હીના લશ્કરના ચોથા ભાગની જવાબદારી મારા હાથમાં રહેશે. તક જોઈને હું નિષ્ક્રિય બની જઈશ. એય એવા નાજુક સમયે કે જ્યારે લડાઈની સફાઈ થતી હશે. આથી તમે સરળતાથી વિજય મેળવી શકશો. ઉપરાંત હું સમયે સમયે તમને સમાચાર આપતો રહીશ.”

મહંમદ ઘોરીએ ખુશ થતાં કહ્યું – “પ્રિય મિત્ર ! મને તમારી વાત અને યોજના મંજૂર છે. અમારા તરફથી તમારે નિશ્ચિંત રહેવું.

ફતેહ પછી તમારી ઇચ્છા પૂરી થશે.''

બેઠેલા સલાહકારોએ કહ્યું – ''આમીન... આમીન... !''

વિજયસિંહે કહ્યું – ''હું અત્યારે રાજપૂતાના થઈને દિલ્હી જઈશ. ત્યારબાદ પંદર દિવસ પછી તમારા માણસોની પ્રતીક્ષા કરીશ. વધુ વાતચીતો પછી કરીશ. તમે તમારી રીતે કૂચ કરતા રહો. જેથી હલ્લો કરવામાં મોડું ન થાય.''

મહંમદ ઘોરીએ કહ્યું – ''શું રાજપૂતાનાના બધા રાજાઓ મદદ માટે આવશે ?''

વિજયસિંહે કહ્યું – ''બધા રાજાઓએ મદદની હા પાડી હતી. અને તૈયારીઓ પણ કરતા હતા. પણ હવે તમારી સાથે મુલાકાત થયા બાદ હું તેમની ઉપર એવી અસર પેદા કરીશ કે તેઓ પોતાનું રાજ્ય છોડીને દિલ્હી આવશે તો તેઓ બરબાદ થઈ જશે. આના કારણે કોઈ રડ્યોખડ્યો રાજા જ મદદમાં આવશે. બધા રાજાઓ નહીં આવે. તમે મારી વાત માની લીધી છે એટલે સારું થયું. નહીંતર બધાને મદદ માટે આવવા કહેવાનો હતો. બલ્કે હું તેને આગ્રહ કરત કે તેઓ આવે. એવું થતાં તમારી ફોજ તો ઘાસ કપાય એમ કપાઈ મરત. તમને તો રાજપૂતોનો અનુભવ છે જ. રાજપૂતો બહાદુર અને શૂરવીર છે. આથી જ મેં શરૂઆતમાં જ કહ્યું કે, મારી મદદ વગર તમે લડાઈ જીતી નહીં શકો. મને આશા છે કે તમે આપેલું વચન ભૂલી નહીં જાઓ.''

''અમે વચન નહીં ભૂલીએ. તમે ખાતરી રાખો.''

વિજયસિંહ સલામ કરીને પાછો વળ્યો. અને છાવણી વીંધીને તેનો ઘોડો રાજપૂતાનાના માર્ગે દોડવા લાગ્યો.

સ્વાર્થમાં અંધ બનેલા ગદ્દાર લોકોના કારણે ભારતભૂમિને હંમેશાં સહન કરવું પડ્યું છે. પણ પોતાના થોડા સ્વાર્થ ખાતર આખી માતૃભૂમિને વિધર્મીઓના હાથમાં સોંપી દેનારા આવા ગદ્દાર લોકો



ભારતમાં ઓછા નથી થયા. આજે પણ ગદ્દારી કરીને કેટલાક લોકો ભારતભૂમિની કુસેવા કરી રહ્યા છે અને પ્રજા માટે કષ્ટ અને તકલીફોનું નિર્માણ કરી રહ્યા છે. માભોમના આવા ગદ્દારો ક્યારે નષ્ટ થશે ? ભગવાન જાણે !!

# મહંમદ ઘોરીનું આક્રમણ

સતલજ નદીના કાંઠે ગઝનીના બાદશાહ પઠાણ મહંમદ શહાબુદ્દીન ઘોરીનું નવ લાખ સિપાહીઓનું જંગી લશ્કર પડાવ નાંખીને પડ્યું છે. અફઘાનથી પહાડો ઊતરીને તે હવે સપાટ મેદાન પર પહોંચ્યો હતો. સતલજ કાંઠે થોડા દિવસના વિરામ બાદ તે આગેકૂચ કરી રહ્યો હતો.

દિલ્હીમાં આ સમાચાર આગની જેમ પ્રસરી ગયા. લોકો ભયના કારણે ઘરબાર-દુકાનો મકાનો, મિલકતો ખેતર વાડીઓ બધું જ છોડીને જીવ બચાવવા નાસભાગ કરવા લાગ્યા. કેટલાય લોકો અન્ય રાજ્યમાં આશરો મેળવવા દોડ્યા. તો કેટલાય સલામત સ્થળની શોધખોળ કરતા આમથી તેમ અથડાતા હતા. સૌ પોતપોતાનો જીવ બચાવવાના પ્રયત્નમાં પડી ગયા હતા. કોઈનાય જાનમાલ બચવાની ખાતરી કોઈને ન હતી. કોઈને પોતાની સલામતી દેખાતી નહોતી. શહેરના શાહુકારો ઉદ્યોપતિઓ ડરી ગયા હતા. જે લોકો ઘરની બહાર પગ ન હતા મૂકતા તેઓ ઉઘાડા પગે ભાગવા લાગ્યા. સૌ શહેરના મુખી શ્રીમંતશાહ પાસે પહોંચ્યા અને કહ્યું – ''મુખી સાહેબ ! રક્ષક વગર અમારું રક્ષણ કોણ કરશે ? રાજાને સમજાવો. તેઓ રણવાસ છોડીને રણમેદાનમાં આવે તો જ અમારું રક્ષણ શક્ય બનશે.''

શ્રીમંતશાહે પોતાની અસમર્થતા પ્રગટ કરતાં કહ્યું – ''તમે સૌ શહેરના અગ્રગણ્ય નાગરિક છો. હું તમારી સૌની સલામતીની

ચિંતા કરું છું. પણ મારા હાથમાં એવું કાંઈ નથી કે જેનાથી હું તમને ખાતરી આપી શકું. તમારી સલામતીની જવાબદારી રાજ્યની છે. અને તે પૂર્ણ થશે. હું ખુદ લાચાર છું. મહારાજા મહેલની બહાર પગ પણ મૂકતા નથી. એમની પાસે તમારી વાત પહોંચાડી શકાય તો ચોક્કસ તમારી સલામતીની વ્યવસ્થા થાય. એ માટે મને લાગે છે કે ગુરુરામ આપણને ઉપયોગી થઈ શકશે. કારણ કે ગુરુરામ દરરોજ સવારે મહારાજ પૃથ્વીરાજના મહેલમાં પૂજા કરાવવા જાય છે. આપણે સૌ એમને મળીએ તો કોઈ માર્ગ નીકળે.''

સૌ ગુરુરામને ત્યાં આવ્યા. ગુરુરામે સૌને આવકાર આપી બેસાડ્યા. અને પછી કહ્યું – ''આજે તો મારાં નસીબ ખૂલી ગયાં કે આપ સૌ નગરના શેઠશાહુકારો અને ઉદ્યોગપતિઓ મારે આંગણે પધાર્યા છો.''

શ્રીમંત શાહે કહ્યું – ''ગુરુરામ ! આ સૌ નગરજનો તમારી પાસે વિનંતી કરવા આવ્યા છે. તમને પણ ખબર હશે જ અફઘાન પઠાણ દિલ્હી પર આક્રમણ કરવા આવી રહ્યો છે. સૌને સુરક્ષાની ચિંતા છે. મહારાજ પૃથ્વીરાજનાં દર્શન થતાં નથી તો સુરક્ષાની વ્યવસ્થા કોણ કરશે ? તમે દરરોજ પૂજા કરાવવા મહારાજ પૃથ્વીરાજ પાસે જાઓ છો. તમે તેમને વાત કરો તો કંઈક યોગ્ય થાય.''

ગુરુરામે કહ્યું – ''મહેરબાનો ! આપ સૌની ચિંતા વાજબી છે. રાજ્યમાં જાણે કોઈ રણીધણી જ ન હોય તેવું વાતાવરણ છે. ઊડતું પંખી પણ તેમનાં દર્શન કરી શકતું નથી. કારણ કે તેઓ આઠેય પહોર મહેલમાં જ રહે છે. બહાર નીકળતા નથી. હું દરરોજ પૂજા કરાવવા જાઉં છું. પણ પૂજામાંય મહારાજ પૃથ્વીરાજને કોઈ રસ હોતો નથી. બસ દેખાવની પૂજા થાય છે. બીજી કોઈ વાત તેમની સાથે થતી નથી. પૂજા પૂરી થાય કે તુરત જ મને વિદાય કરી દેવામાં આવે છે. એમની સાથે હું કોઈ પણ પ્રકારની વાત



કરી શકતો નથી. તમે સૌ ચિંતામાં છો. ગભરાયેલા છો. મહારાજ પૃથ્વીરાજે સભામાં આવીને બાગડોર પોતાના હાથમાં લેવી જોઈએ. અન્યથા વિધર્મીઓ વિનાશ વેરશે. આપણા લશ્કરમાં કોઈ અનુભવી જૂના લડવૈયાઓ રહ્યા નથી. નવા ભરતી થયેલા યુવાનો અલ્લડ છે. એનાથી લડાઈમાં વિજય મળવો મુશ્કેલ છે. લોહાણા અજાન બાહુ અજમેર છે. ઉપરાંત ચામુંડરાવને મહારાજાએ કેદ કર્યા છે. હાથપગમાં બેડીઓ પહેરાવીને નજરકેદ કર્યા છે. એમનો ગુનો ફક્ત એ જ હતો કે એમણે મહારાજાનો મદમસ્ત બનેલો હાથી જે રંજાડતો હતો તેને મારી નાંખ્યો. પ્રજાના હિતમાં તેમણે હાથીને માર્યો. તો મહારાજા એમના પર કોપાયમાન થયા. ઉપરાંત કીમ્યાસ જેવા બહાદુરની કતલ કરાવી દીધી. કારણ કે એમની રાણી અચનકુમારીએ મહારાજનાં કાન ભંભેર્યા કે એક અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવે છે. બસ આટલું સાંભળીને જ મહારાજાએ તેમને કત્લ કરાવી દીધા. કોઈ લડવૈયા સરદાર રાજ્યમાં રહ્યા નથી. કીમ્યાસ જેવા બહાદુર મહામંત્રીને રાજાએ કત્લ કરાવી દીધા. આમ સૈન્યમાં ખાલીપો છે. છતાંય રાજા ઊંઘી રહ્યા છે. આપણે સૌએ એમને મળીને બધી વાત કરવી જોઈએ. પણ ત્યાં કોઈને જવા દેવામાં આવતા નથી. ચારે તરફ સ્ત્રીઓનું રાજ છે. પહેરેદારથી લઈને સલાહકાર બધી સ્ત્રીઓ. કોઈને પણ મહારાજ સાથે મળવાની રજા આપતી નથી. એટલે એમને મળી શકાતું નથી. છતાંય હું પ્રયત્ન કરું છું. તમે સૌ મારી સાથે આવો તો આપણે રાજાને મળવા કોશિશ કરીએ.''

ગુરુરામ પુરોહિતે થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું – ''રાજા આગળ મારું કાંઈ ઊપજતું નથી. મહેલમાં તો તેના કુળના લોકો પણ જઈ શકતા નથી. એ વાત ખરી છે કે હું દરરોજ પૂજા કરાવવા ત્યાં જાઉં છું. પણ ઉપાસનાનું તો બસ નામ જ છે. રાજાનું ચિત્ત હંમેશાં ક્યાંક બીજે જ વસે છે. આવી બાબતોમાં તેમને રસ રહ્યો

નથી. ધર્મનું તો બસ નામ જ છે. અગર રાજા પર કોઈનું ચાલે છે તો કે કવિ ચંદ છે. એ રાજાને કહી સમજાવી શકશે. ચાલો આપણે સૌ કવિ ચંદને મળીએ.''

સૌ આ વાત સાથે સંમત થયા અને ગુરુરામ પુરોહિતને સાથે લઈને સૌ કવિ ચંદને ત્યાં આવ્યા. કવિએ સૌનું સ્વાગત કરીને બેસાડ્યા. અને પૂછ્યું – ''આજે આ ગરીબ કવિની કુટિયામાં આપ સૌ પધાર્યા છો. બોલો શા કામે આવવું થયું.''

શ્રીમંત શાહે કહ્યું – ''કવિઓને શી ચિંતા ! કવિતા છંદ રચીને મોજ મનાવી બસ ! ન કોઈની ચિંતા કે ન કોઈની ફિકર, દેશ ડૂબે કે તરે તોય તમે કવિ તો બેપરવા બનીને જ ચાલો. અગર કોઈ બૂરો સમય આવ્યો તો તમારી પોથી- કાગળો બગલમાં દબાવીને આ ચાલ્યા બીજે ગામ ! પ્રભુએ તમને કળા પણ એવી જ આપી છે કે એમાં નથી કોઈ ઓજારની જરૂરત કે નથી પૈસાની જરૂરત. જેની સ્તુતિમાં બે પાંચ કવિતાઓ ગાઓ એ જ તમને માલામાલ કરી દે. તકલીફ તો અમારા જેવા સંસારી જીવો માટે જ છે. લાખોનો વેપાર કરીએ, કરોડોનો કારોબાર ચલાવીએ, જમીનજાયદાદ દુકાન-મકાન એમ અનેક રીતે બંધાયેલા અમે ક્યાં જઈએ ? અને જઈએ તો શું સાથે લેવું અને શું છોડી દેવું ? ક્યાં જવું અને ક્યાં ન જવું ? બધી જ ચિંતાઓ અમારે કરવાની !''

કવિ ચંદે કહ્યું – ''શેઠ સાહેબ ! આજે તો તમે બહુ જોશમાં હો તેમ લાગે છે. ખૂબ દુઃખી અને આવેશમાં જણાઓ છો. જેનાથી સ્પષ્ટ થાય છે કે કોઈ આપદા આવી હશે !''

ગુરુરામે કહ્યું – ''કવિજી ! શું વાત કરું ? એવું લાગે છે કે જાણે દિલ્હીનો સૂર્ય અસ્ત થઈ જવાનો છે. ભારત ભૂમિનું નસીબ હંમેશ માટે પલ્ટાઈ જવાનું છે.''

''કેમ ! કેવી રીતે ? કારણ શું ?''



ગુરુરામે કહ્યું – ''એવું સંભળાય છે કે મહંમદ ઘોરી દિલ્હી પર હુમલો કરવાનો છે. અને પડાવ નાંખતો નાંખતો આગળ વધતો આવે છે. અહીં દિલ્હીમાં જે દુર્દશા છે તે તો તમે જાણો જ છો. મહારાજાને ભોગવિલાસમાંથી ફુરસદ મળતી નથી. આજે નગરના અગ્રગણ્ય શેઠો, શાહુકારો અને મુખી મારી પાસે આવ્યા. અને તેઓ પૂછે છે કે, અમારા રક્ષણ અને સહાયતા માટે શો બંદોબસ્ત કર્યો છે ? આખરે સૌએ નક્કી કર્યું કે, કવિ ચંદ પાસે જઈએ અને એમની સલાહ લઈ તેમને સાથે રાખીને મહારાજાને મળીએ.''

કવિ ચંદે કહ્યું – ''પણ ગુરુરામ ! તમે તો રોજ પૂજાપાઠ કરાવવા મહારાજા પાસે જાઓ છો. તમારાથી વિશેષ બીજા કોનું ઊપજે ?''

ગુરુરામે કહ્યું – ''એ બધું દેખાવ પૂરતું છે. હું રોજ મારી કથાવારતા દીવાલોને સંભળાવું છું. કોઈ સત્સંગી આવતા નથી. દાનદક્ષિણા પણ બહારથી આપીને મને રવાના કરી દેવાય છે.''

કવિ ચંદે કહ્યું – ''સૌથી મોટી અડચણ તો એ જ છે કે, મહેલની અંદર અને બહાર ચારેબાજુ સ્ત્રીઓનું રાજ ચાલે છે. કોઈ પુરુષનું ત્યાં પહોંચવાનું ગજું નહીં. કોઈ જાય તો સ્ત્રીપહેરેદારો તેને પાછા વાળી દે છે. મોટા મોટા માણસોને બેઆબરૂ કરીને કાઢી મૂકે છે. પત્ર-કાગળ આપીએ તો એ પણ રસ્તામાં ફાડીને ફેંકી દે છે.''

ધનાશાહ શેઠે કહ્યું – ''અમારી શી વિસાત કે અમે ત્યાં પહોંચી શકીએ અને પોતાનો કોઈ સંદેશો મહારાજા સુધી પહોંચાડી શકીએ ? એ બધું વિચારીને અમે ચિત્તોડના રાજા સમરસિંહને સંદેશો મોકલ્યો છે.''

શ્રીમંત શાહે કહ્યું – ''ખરી વાત તો એ છે કે જ્યારથી સંયુક્તાએ દિલ્હીમાં પગલાં પાડ્યાં છે ત્યારથી દિલ્હીનિવાસીઓએ

દુઃખ જ જોયાં છે. તેને દિલ્હી લાવવામાં જ અગિયારસો યોદ્ધા-લડવૈયાઓ આપણે હોમી દીધા. કનોજથી ફક્ત ૩૬ માથાં જ પાછાં આવ્યાં હતાં. હજારો યોદ્ધાઓ મહુવાના યુદ્ધમાં ખપી ગયા. કોઈ માનમર્યાદા જેવું રહ્યું નથી. ન તો એ દિલ્હી રહ્યું છે કે ન દિલ્હીના મહારાજ પૃથ્વીરાજ ચૌહાણ ! બસ, સંયુક્તાએ મહારાજાને વશ કરી લીધા છે. અને રાજા રાજકાજ અને ખુદને પણ ભૂલી ગયા છે.''

ગુરુરામે કહ્યું – ''તમોએ જે કાંઈ કહ્યું તે સત્ય છે શેઠજી ! પણ આપણી પાસે એનો ઇલાજ શું છે ?''

શ્રીમંત શાહે કહ્યું – ''તમે રાજ્યગુરુ છો. મહારાજના ધાર્મિક નેતા. તમારું એ કામ નથી કે બસ દાન-દક્ષિણા લઈને ઘેર ચાલ્યા જાઓ. બલ્કે તમારું કર્તવ્ય છે કે, રાજાને સીધા માર્ગે ચલાવો. કોઈ અનુચિત કાર્ય કરતા હોય તો તેને રોકો. અને તેમને સદ્‌માર્ગે વાળો. કવિનું પણ એ કર્તવ્ય છે. દરેક સમયે એમની પ્રશંસા કરવી જરૂરી નથી. એને વારવા પણ જોઈએ. એના અવગુણોનું ભાન કરાવવું જોઈએ. એમની ઉપર એ પણ જવાબદારી છે કે તેઓ મહારાજા પાસે જઈને અમારાં કષ્ટ અને તકલીફોનું વર્ણન કરે. અને એને નિવારવાનો કોઈ માર્ગ શોધી કાઢે. જેથી અમે સૌ અમારા માટે વિચારી શકીએ.''

કવિ ચંદે કહ્યું – ''મને કોઈ પણ સંજોગોમાં તમારા સૌની સેવા કરવાની તક મળે તો હું સેવા કરવા તૈયાર છું. આપણે સૌ મળીને ફરિયાદ કરીશું. તો ચૌહાણ રાજા મહેલમાંથી તો ઠીક પણ પાતાળમાંથી પણ બહાર નીકળી આવશે. ચાલો આપણે સૌ સાથે જ મળવા જઈએ.''

પૃથ્વીરાજ ચૌહાણના હિતેચ્છુ અને સંબંધે વેવાઈ ચિત્તોડના રાજા સમરસિંહને દિલ્હીના શાહુકારો અને અગ્રગણ્ય નાગરિકો તરફથી જે વાતો જાણવા મળી તેનાથી સમરસિંહ પારખી શક્યા કે દિલ્હીની



પરિસ્થિતિ નાજુક છે. એક તરફ મહંમદ ઘોરી હિન્દુસ્તાનને જીતી લેવા આવી રહ્યો છે. તો પૃથ્વીરાજ નિષ્ક્રિય અને બેસુધ બનીને રણવાસમાં ગોંધાઈ રહ્યો છે. તેના લશ્કરની હાલત બૂરી છે. લડવૈયાઓ-યોદ્ધાઓ-સેનાપતિઓ-સિપાહસાલારોની અછત વર્તાઈ રહી છે. મિત્રરાજ્યો તરફથી પણ મદદ મળવાના કોઈ સંકેતો મળતા નથી. કારોબાર ચલાવનારા વજીરો ગભરાયેલા અને મૂંઝાયેલા છે. કારણ કે એમના હાથ બંધાયેલા છે. પૃથ્વીરાજની આજ્ઞા વિના તેઓ કશું કરી શકતા નથી. અને પૃથ્વીરાજ કોઈને મળતા નથી. રાજસભામાં આવતા નથી. તો વજીરો એમને પૂછે ક્યારે ? અને કામ થાય ક્યારે ? આમ દરેક દૃષ્ટિએ દિલ્હી તકલીફમાં છે. પ્રજા ભયભીત છે. શેઠ-શાહુકારો ગભરાયેલા છે. ઉદ્યોગોને માઠી અસર થઈ રહી છે. ગ્રામ્ય પ્રજા ગામ ખાલી કરીને જંગલોમાં આશ્રય લેવા દોડી જાય છે. આમ સર્વ રીતે દિલ્હી ગભરાટ-મૂંઝવણ અને છત્ર વિનાનું બની ગયું છે. દોરવણી આપનાર કોઈ નથી. હુકમ કરનાર કોઈ નથી. કામ કરનાર કોઈ નથી. બસ પૃથ્વીરાજની અઘટિત વૃત્તિથી દેશ જોખમમાં આવી પડ્યો છે. આમ વિચારીને સમરસિંહે કમરકસી. અને જલદી દિલ્હી આવવા નીકળી પડ્યા. પોતાનાં મિત્રરાજ્યો બુંદી-જાલોર અને આબુના રાજાઓને લાવલશ્કર સહિત સાથે રાખીને ચિત્તોડના સાંઇઠ હજાર ઘોડેસ્વાર સૈનિકો અને લાખ ઉપરાંત પેદલ સૈનિકો સહિત તેઓ દિલ્હી આવી પહોંચ્યા. મિત્ર રાજાઓનું અને તેમનું મળીને લાખો માથાંઓવાળા લશ્કરે યમુના નદીના તીરે આવીને પડાવ નાંખ્યો. કલ્યાણસિંહ પહેલેથી જ અડધું લશ્કર લઈને આવી પહોંચ્યો હતો. રાવટીઓ નંખાઈ ગઈ. તંબુઓ તણાઈ ગયા. સિપાહીઓ વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. સમરસિંહના આગમનનું સાંભળીને પ્રધાન દશ ગાઉ આગળ આવીને તેમનું સ્વાગત કરવા ઊભા હતા. સમરસિંહ આવી પહોંચતાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. અને પછી યમુના- કિનારે નિગમબોધની

નજીક તેમના પડાવમાં આવ્યા. સમરસિંહની સાથે જે રાજપૂત યોદ્ધાઓ આવ્યા હતા એ કાંઈ સામાન્ય લડવૈયાઓ નહોતા. પણ જાંબાઝ બહાદુર યોદ્ધા હતા. પળવારમાં કિલ્લાઓ પાડીને પાધર કરી દે તેવા હિંમતવાન અને ઉત્સાહી યુવાનો હતા. તેઓએ રાજપૂતી પોશાક પહેર્યા હતા. જરી ભરેલા કડિયા અને જડાઉ હુદ્દા તેઓએ પહેર્યા હતા. જે જોતાં જ દુશ્મનોનાં હાજા ગગડી જાય. હિંમત હારી જાય એવો પ્રભાવ તેમનો પડી રહ્યો હતો. મિત્રરાજાઓનું લશ્કર પણ કેળવાયેલું અને બહાદુર લડવૈયાઓનું બનેલું હતું. શક્તિનો ધોધ વહાવતા એ લડવૈયા યુવાનોએ નિગમબોધ નજીક પડાવના તંબુઓમાં વિશ્રામ કર્યો. સાંજ પડવા આવી હતી. ત્યારે એમના પડાવ પર ચાંદીનાં વાસણો, ઓઢવા-પાથરવાનો ઊંચા પ્રકારનો સામાન, ખાદ્ય પદાર્થો, પાણી, શરબત અને અન્ય પીણાંઓ ઘડેઘડા ભરીને મોકલવામાં આવ્યા. ત્યાર બાદ દાસીઓ ભોજનના થાળ લઈને આવી. પૂરી, પકવાન, મીઠાઈ અને ભાત ભાતનાં શાક વગેરે આવી ગયાં. સૌએ ભોજન કર્યું. નવયુવાન દાસીઓએ વાસણો એકઠાં કરી એક તરફ મૂક્યાં. સૌને પાણી આપ્યું. કેટલીક દાસીઓને સમરસિંહ ઓળખતા હતા. કારણ કે તેઓ ઘણીવાર દિલ્હી આવી ચૂક્યા હતા. એમણે દાસીઓના ખબર- અંતર પૂછ્યા અને પછી પાન સોપારી મુખવાસ લઈ સૌએ સંતોષના ઓડકાર ખાધા. સમરસિંહે દાસીઓને પાનબીડાં આપી ખુશ કરી. ત્યાર બાદ ફળફૂલ આરોગીને સમરસિંહે દાસીઓને પૂછ્યું – "હવે નિરાંતે મને દિલ્હીના સમાચાર સંભળાવો. શું ચાલી રહ્યું છે અહીં ?"

પ્રશ્ન સાંભળીને દાસીઓ ઉદાસ બની ગઈ. એમણે કહ્યું – "શું સમાચાર આપીએ ? મહારાજા તો રાણી સંયુક્તાના દાસ બની ગયા છે. રાત-દિવસ એની પાસે જ પડ્યા રહે છે. રાજકાજ તો ઠીક પણ તેઓને પારકા-પોતાનાની પણ સૂધબૂધ રહી નથી." આટલું



સાંભળીને સમરસિંહે કપાળ પર હથેળી થપથપાવી. જાણે કહેતા હોય કે "હે ભગવાન શું થશે ? પૃથ્વીરાજને કેમ સમજાવવા ?"

બીજે દિવસે જયંતરાવે મહેમાનગતિ કરી. પછી બીજા સરદારોએ સમરસિંહનો આદરસત્કાર કર્યો. થોડા દિવસોમાં જ દરબાર ભરાયો. ગુરુરામ પુરોહિતે પોતાની કથાઓ પોથીઓ વાંચી. કવિ ચંદે સમરસિંહનાં વખાણ કરતી કવિતાઓ કહી. પછી સમાચારોની આપ-લે થઈ. કવિ ચંદે ઊંચા સ્વરે દિલ્હીની પરિસ્થિતિ સમજાવતાં કહ્યું કે, શ્રીમાન ! દિલ્હીના રાજ્યની વાત જ પૂછવા જેવી નથી. રાજા મહેલમાં ગોંધાઈ રહ્યા છે. રાજ્યની બાગડોર સ્ત્રીઓના હાથમાં અને કેટલાક લોકોના હાથમાં આવી ગઈ છે. રાજા તો મહેલની બહાર જ નીકળતા નથી કે ન તો કોઈને મળે છે. રાજ્યનો કારભાર વેરણછેરણ બની ગયો છે. કાયદો-ન્યાય કાંઈ જ રહ્યું નથી. પ્રજા દુઃખી છે. તેને સાંભળનાર કોઈ નથી. સંરક્ષણની કે સુખ-સલામતીની કોઈ વ્યવસ્થા નથી. બસ અંધાધૂંધ કારોબાર ચાલે છે. સૌને ફાવે તેમ કાર્ય કરે છે. કોઈ પૂછનાર નથી. રાજ્યને ખંડણી ભરનારાં રાજ્યો આઝાદ બની ગયાં છે. તેઓ ખંડણી આપતાં નથી. ઊલટું દિલ્હી પાસેથી ખંડણી માંગે છે. મહંમદ ઘોરી દિલ્હી પર લશ્કર લઈને આવી રહ્યો છે. કોઈને તેની ચિંતા નથી. રક્ષણની કે સામનો કરવાની કોઈ જ વ્યવસ્થા થઈ નથી. અહીં સૌ ભયભીત છે. હવે આપ પધાર્યા છો. તો કાંઈક કલ્યાણ થશે એમ લાગે છે."

જવાબમાં સમરસિંહે સૌને ઉત્તર આપ્યો. સૌને સાંત્વન આપ્યું. ખાતરી આપી. આથી સૌ સંતુષ્ટ થયા. અને દરબાર પૂરો થયો. સૌ પોતપોતાના ઘર તરફ રવાના થયા. સમરસિંહે બીજે દિવસે સવારે કવિ ચંદને એક હાથી, એક શણગારેલો ઘોડો અને તલવાર અને એક જરીવાળો પોશાક મોકલ્યા. બીજા સરદારોને ભેટસોગાદો. ગુરુરામ પુરોહિતને બહોળું રોકડ નાણું સીધું-સામાન અને કપડાંલત્તાં

મોકલ્યાં. દિલ્હીનાં ભાટચારણો પણ આવીને ભેટ ઇનામો લઈને ખુશ થઈ ગયા. પણ પૃથ્વીરાજ જે થોડો સંચાર થવાથી સિંહની જેમ જાગૃત થઈને ત્રાડ નાંખતો, જેની ત્રાડ સાંભળીને દુશ્મનોની છાતીનાં પાટિયાં બેસી જતાં, જેના ખભે સમગ્ર રાજ્યના દુઃખ-સુખની જવાબદારી હતી તે જાગૃત ન થયો. એશઆરામથી તેનું મન બદલી ગયું હતું. જ્યારે સંયુક્તાએ આવી પરિસ્થિતિ જોઈ ત્યારે તે ખરી રાજપૂતાણી પૃથ્વીરાજ પર વરસી પડી. દેશની દુર્ગતિનું જાણીને તે દુઃખી થઈ. તેના રોમેરોમમાં ખળભળાટ થયો. એણે સમજી લીધું કે આવી પરિસ્થિતિમાં અગર દુશ્મનનો વિજય થયો તો તેની પરિસ્થિતિ શું થશે ? તેના કેવા હાલ થશે ? આથી તે પોતાના પતિ પૃથ્વીરાજ પાસે ગઈ. અને તેને કહ્યું – ‘‘મારા પ્રાણનાથ ચક્રવર્તી રાજા ! હું તમારા ચરણોની દાસી છું. તમે જે કંઈ કરો છો તે મને મંજૂર છે. અત્યારે હું તમારી પ્રજા છું અને ધર્મપત્ની પણ. તમને યોગ્ય સલાહ આપવી, આપદામાં સાથસહકાર આપવો અને તકલીફ વેળાએ તમારી પડખે રહેવું એ મારી ફરજ છે. પરમ ધર્મ છે. મને જાણવા મળ્યું છે કે, મારા પિતાજીની ચડવણીથી અને મદદથી અફઘાન બાદશાહ ફરી દિલ્હી પર હુમલો કરવા આવી રહ્યો છે. આ સમય તમારે મહેલમાં રહેવાનો નથી, પણ યુદ્ધ માટે તૈયારી કરવાનો છે. સમય આવ્યે રાજાએ જાનની પરવા કર્યા વગર રણમાં જવાનું હોય એ એમની પ્રથમ ફરજ છે. હું તમને શસ્ત્રઅસ્ત્ર ઓઢાડીને રવાના કરવા માટે તૈયાર છું. કદાચ તમારા મનમાં શંકા હોય કે તમારા ગયા પછી અમારી શું હાલત થશે. એની ચિંતા તમે ન કરો. અમેય રાજપૂતાણીઓ છીએ. અમેય જાનની બાજી લગાવવામાં પાછીપાની નહીં કરીએ. ઈશ્વર ન કરે, અગર તમે રણભૂમિમાંથી પાછા ન આવ્યા તો દુશ્મન અમારી રાખ સિવાય કાંઈ પામી નહીં શકે. એટલે હે વીરોના સરદાર ! ઊઠો જલદી ઊઠો. નગરના શેઠ-શાહુકારો



અને ચંદ કવિ કેટલાય દિવસથી મહેલના દરવાજે ધરણા મારીને બેઠા છે. એમને બોલાવો. અને રાજ્યની સ્થિતિના સમાચાર લ્યો. પ્રજાના રક્ષણની અને લશ્કરની તૈયારી કરો. જેથી કોઈ એમ ન કહે કે પૃથ્વીના રાજા ભોગવિલાસમાં પડીને આંગણે આવેલા દુશ્મન જોઈને સાવધાન ન થયા. તમે અચકાઓ છો કે હું અહીં એકલી રહી જઈશ. તો ચાલો હું પણ તમારી સાથે રણભૂમિમાં આવું છં. હું પણ લડીશ.’’

પૃથ્વીરાજે કહ્યું – ‘‘પ્રિય સંયુક્તા ! તું સાચું કહે છે. મને તારી બહાદુરીની જાણ અને ખબર છે. અનુભવ છે. સ્વયંવર સભાથી જ્યારે હું તને ઊંચકી લાવ્યો ત્યારે કનોજની સરહદ સુધી રાઠોડોના વિશાળ લશ્કરે આપણી ઉપર હુમલો કર્યો હતો. એ સમયે મારી સ્થિતિ પાંજરે પુરાયેલા સિંહ જેવી હતી. પણ તારી હિંમત અને જાનબાજીથી તેં મારો જીવ બચાવ્યો હતો. તારી શૂરવીરતા અને લડાઈની આવડત હું ભૂલી નથી ગયો. જે રીતે સુભદ્રાએ અર્જુનનો રથ ચલાવ્યો હતો. એ રીતે મારી રક્ષા કરવા તેં કેટલાય યોદ્ધાઓને પછાડ્યા-માર્યા હતા. પણ આ લડાઈ બીજા પ્રકારની છે. શક્ય છે કે આ લડાઈ એવી નીવડે કે જેમાં ભારતના ભાગ્યનો ફેંસલો થઈ જાય. તારા પિતાજી તો હિન્દુઓને હાથે કરીને પાયમાલ કરી રહ્યા છે. વિધર્મીઓની સાથે પોતાના દેશવાસીઓને મારી નાંખવા તૈયાર થયા છે. એમાં આશ્ચર્યની વાત નથી. માનવી જ્યારે બદલો લેવાની ભાવના સાથે કામ કરે છે, જીદે ચડે છે ત્યારે તે આગળપાછળનું ભાન ગુમાવી બેસે છે. નુકસાનની પરવા રહેતી નથી. મને દુઃખ છે કે, મેં પણ ચંદેલો (મહુવારાજ્ય) સાથે લગાતાર ત્રણચાર લડાઈઓ લડીને તેમને તબાહ કરી દીધા અને મેં મારી શક્તિ પણ ગુમાવી દીધી. આલ્હા અને ઉદલ જેવા બહાદુરોને મારી નાંખ્યા. નહીંતર મહંમદ ઘોરીની શી મજાલ કે જયચંદની શી તાકાત કે તે મારી

સામે પડે. મેં અનેકવાર તેમને હરાવ્યા છે.

"પણ હવે પરિસ્થિતિ જુદી છે. લાંબી દૃષ્ટિએ જોઈએ તો વાંક ખરેખર મારો જ છે. કારણ કે મેં મારા વજીરો અને સલાહકારોની વાત ન માની. દશ દશવાર ખોટા સોગંદ અને જૂઠાં વચનો આપનાર મહંમદ ઘોરીને છોડી મૂક્યો. માફી આપીને જવા દીધો. હું લડાઈથી મોં તો નહીં ફેરવું... !!" આટલું કહેતાં પૃથ્વીરાજ ગળગળો થઈ ગયો. સંયુક્તાએ તેને ઉત્સાહિત કરવા કહ્યું – "પ્રાણનાથ ! તમારે પાછળની કોઈ ચિંતા કરવાની જરૂર નથી. અમારી ચિંતા છોડો. સમય ઓછો છે. અને ઘણી તૈયારીઓ કરવાની છે. બધા જૂના સલાહકારો સંબંધીઓ સેનાપતિઓને બોલાવો. જે રિસાયેલા છે તેમને મનાવો. લશ્કરના સિપાહીઓને નવેસરથી તૈયાર કરો. આખા ભારતમાં તમારા જે સ્વજન છે એમનો સહકાર લેવા પ્રયત્ન કરો. જંગના સામાનની વ્યવસ્થા કરો. રાજા સમરસિંહને જલદીથી સમાચાર મોકલો. દિલ્હીમાં જે કોઈ રાઠોડ કે પઠાણ મળે તેને ગિરફ્તાર કરાવો. કર્મચારીની ફરજ કામ કરવાની છે. એના પરિણામની ચિંતા એણે કરવાની નથી. ક્ષત્રિયનો ધર્મ છે લડવું. જય કે પરાજય તો ઈશ્વરના હાથમાં છે. એ જ પ્રભુ તમારું રક્ષણ કરશે અને સહાયક બનશે."

પૃથ્વીરાજે કહ્યું – "વ્હાલી સંયુક્તા. તું કહે છે એમ જ હું કરીશ. અત્યારે હું નગરના નાગરિકોને મળું છું." આમ કહીને એકવાર સંયુક્તા સામે પ્રેમભરી દૃષ્ટિથી જોયું. અને પછી પૃથ્વીરાજ બહાર ચાલ્યો ગયો.

*

દિલ્હી આવીને કલ્યાણસિંહે ઉષાવતીને મળવાનું વિચાર્યું હતું. ઉષાવતી તેની મંગેતર હતી. ભાવિપત્ની હતી. સિપાહીઓ અને પડાવની વ્યવસ્થામાં બેત્રણ દિવસ પસાર થઈ ગયા હતા. ત્યારબાદ એણે ઉષાવતીને સંદેશ મોકલીને તે આજે સાંજે મળવા આવે છે એવી



સૂચના મોકલી આપી હતી.

સાંજને સમયે ઉષાવતી અને કલ્યાણસિંહ યમુનાસ્તંભ (કુતુબ મિનાર)ના ઉપરના સાતમા માળે બેઠાં હતાં. ઠંડો પવન હૃદયને પ્રફુલ્લિત કરી રહ્યો હતો. બગીચાનાં ભાતભાતનાં ફૂલોની મહેક એ હવા સાથે ભળીને વાતાવરણ મોહક અને સુગંધિત બનાવી રહી હતી. ઉષાવતીએ કલ્યાણસિંહનો સંદેશો મળતાં જ યમુના સ્તંભ પર મુલાકાતની ગોઠવણ કરી હતી. ભાત-ભાતના ખાદ્ય પદાર્થો અને પેય પદાર્થો ત્યાં મુકાવી દીધા હતા. તે મનમાં અત્યંત પ્રસન્ન થઈ રહી હતી. આજે તે મનના માણીગર ભાવિ-પતિને મળવા જઈ રહી હતી. મહેલમાંથી અનેક ચીજો કલ્યાણસિંહ માટે તેણે અહીં મંગાવી રાખી હતી. કલ્યાણસિંહ આવ્યો. બંને યુવાદિલ મળ્યાં. બંનેનાં હૃદય ધક... ધક... કરી રહ્યાં હતાં. મનમાં આનંદની છોળો ઊઠી રહી હતી. ચહેરા પર આનંદની છોળો ઊઠી રહી હતી. ચહેરા પર ખુશીઓ વર્તાતી હતી. યમુના સ્તંભનો સાતમા માળનો ખાસ શણગારેલો ઓરડો મહેકી રહ્યો હતો.

ઉષાવતીએ કલ્યાણસિંહને દૂર દૂરનાં દૃશ્યો બતાવ્યાં. દિલ્હી નગર પર દૃષ્ટિપાત કર્યો અને પછી બંને વાતો કરવા બેઠાં. કલ્યાણસિંહ ૨૪ વર્ષનો યુવાન હતો. શરીરે હૃષ્ટપુષ્ટ અને બહાદુર યુવાન હતો. ઉષાવતી પણ રૂપરૂપનાં અંબાર સમી ૧૬ વર્ષની સુંદરી હતી. ઉષાવતીનો હાથ પકડીને કલ્યાણસિંહે હાથ ચૂમી લીધો. ઉષાવતીએ શરમાઈ જઈને હાથ પાછો ખેંચી લીધો. ઉષાવતી રોજની જેમ દૂર દેખાતી યમુના નદીના જળને નીરખી રહી હતી.

સૂર્યાસ્ત થવા આવ્યો. આકાશ લાલ અને કેસરી રંગે રંગાયું. તેનું પ્રતિબિંબ યમુના નદીનાં જળમાં પડતું હતું. અને થોડીવાર પહેલા લીલા રંગનું લાગતું પાણી કેસરી રંગનું જણાવા લાગ્યું. દૂર દૂર પાણી પર તરતી હોડીઓ કેસરી રંગના પાણી પર સરકતી

જઈ રહી હતી. ધીમે ધીમે અંધકાર છવાયો. દિલ્હી નગરનાં ઘરોમાં દીવડા પ્રગટાવાયા. આકાશમાં ઊગેલા પૂર્ણચંદ્રનો સફેદ ચાંદી સમાન પડછાયો યમુનાનાં જળને ચાંદી જેવો બનાવી રહ્યો હતો.

થોડે દૂર મહેલના ચાંદીના ગુંબજ પર હજારો દીવાઓ ઝિલમિલ ઝિલમિલ કરી રહ્યા હતા. યમુના નદીમાં તરતી હોડીઓ કાળા પડછાયા જેવી ભાસતી હતી. હવામાં ઠંડક આવી ગઈ હતી. ફૂલોની સુગંધ વધુ ગાઢ બનીને દિલ અને દિમાગને તર કરી રહી હતી. ઉષાવતીનું ધ્યાન એ કુદરતી દૃશ્યો તરફ હતું. તે શરમાઈ રહી હતી તેથી તે કલ્યાણસિંહ સાથે વાત કરતી ન હતી. કલ્યાણસિંહ પણ ચૂપ બેઠો હતો. ઉષાવતી બહારનાં દૃશ્યો માણી રહી હતી. પણ કલ્યાણસિંહ માત્ર ઉષાવતીનું મુખડું જોઈ રહ્યો હતો. કલ્યાણસિંહ કુદરતી દૃશ્યો તરફ જોતો નહોતો. તે તો ઉષાવતીનું વદન જોઈ રહ્યો હતો. અને એના સૌંદર્યની મજા લઈ રહ્યો હતો.

ઉષાવતીની આંખો ચમકી રહી હતી. હોઠ ગુલાબી રંગે રંગાયેલા ન હોવા છતાંય ગુલાબની પાંખડી સમાન ગુલાબી લાગતા હતા. ગુલાબી લીસા ગાલ, નમણું નાક અને મોતી સમાન ચમકતા સફેદ દાંત. તે તો બસ ઉષાવતી સામે જોઈ રહ્યો હતો. અચાનક કલ્યાણસિંહને ખ્યાલ આવ્યો કે હવે રાજદરબારનો સમય થઈ ગયો છે. એણે ત્યાં હાજર રહીને ભાવિ ગોઠવણો વિષે જાણકારી મેળવવાની છે. અને તેને સોંપાતાં કામ સમજી લેવાનાં છે. આથી એણે ઉષાવતીને કહ્યું – ‘‘પ્રિયે ! હવે મારો રાજદરબારમાં જવાનો સમય થયો છે. રજા આપ તો હું ત્યાં સમયસર પહોંચું.’’

કલ્યાણસિંહના જવાની વાત સાંભળીને ઉષાવતીનું દિલ ધક...ધક... થઈ ગયું. તેણે નમ્રતાથી પૂછ્યું – ‘‘ફરી ક્યારે આવશો ?’’

કલ્યાણસિંહે કહ્યું – ‘‘હવે તો લડાઈની તૈયારીમાં લાગી જવાનું છે. વચ્ચે સમય મળતાં મળવા આવીશ. કારણ કે પછી તો લડાઈમાં



જતાં આપણી મુલાકાત થાય કે ન થાય. યુદ્ધમાં આપણો વિજય ન થાય તો હંમેશને માટે પણ આપણું મિલન થાય કે નહીં તેની ખબર નથી. યુદ્ધમાં કોણ ક્યારે ખપી જાય એનું કહેવાય નહીં. એટલે... !’’ ઉષાવતીએ કલ્યાણસિંહના હોઠો પર હાથ મૂકતાં કહ્યું – ‘‘શુભ શુભ બોલો. વિજય તમારો જ થવાનો છે. મારા પિતાજીના હાથે એ પઠાણ દશ દશ વખત હારી ચૂક્યો છે.’’

‘‘પણ હવે સંજોગો અલગ છે. ઉષાવતી ! જો કે હું માતૃભૂમિ માટે-દેશ માટે મારા શરીરના લોહીના છેલ્લા ટીપા સુધી લડીશ.’’

‘‘તો વિજય આપને જ મળશે.’’

‘‘યુદ્ધ પછી આપણાં લગ્ન પણ થવાનાં છે.’’ કલ્યાણસિંહે કહ્યું – અને ઉષાવતી શરમાઈ ગઈ.

કલ્યાણસિંહ ઊભો થયો અને પગથિયાં ઊતરીને નીચે આવ્યો. યમુના સ્તંભથી રાજદરબારમાં જવા માટે તેને મહેલમાંથી પસાર થઈને જવું પડ્યું. કારણ કે રાજદરબાર મહેલની બીજી બાજુ રાખવામાં આવ્યો હતો.

*

પૃથ્વીરાજે સંયુક્તાની પ્રેરણાથી જાગૃત થઈને નગરજનોને મળવાની ગોઠવણ કરી. કવિ ચંદ અને અન્ય શેઠ-શાહુકારો ધરણા પર બેઠા હતા. તેઓને પૃથ્વીરાજે બાજુના ખંડમાં બોલાવ્યા અને સૌની સામે ખુદ બેઠો પછી તેણે કવિ ચંદ અને ગુરુરામ ઉપરાંત અન્યોની સામે જોઈને પ્રથમ તો પૃથ્વીરાજે ગુરુરામને વંદન કર્યાં. સૌનું યોગ્ય સ્વાગત કર્યું. કવિ ચંદે ઊભા થઈને પૃથ્વીરાજનાં ગુણગાન કરતી એક કવિતા કહી. પછી પૃથ્વીરાજે કહ્યું – ‘‘સજ્જનો ! હવે કહો એવું તે કયું કામ આવી પડ્યું છે કે નગરના આટલા ઉચ્ચ આગેવાનોએ અહીં સુધી આવવાની તસ્દી લીધી છે ?’’

શ્રીમંત શાહે કહ્યું – ‘‘શ્રી મહારાજની પ્રજાએ એટલા માટે

અહીં આવવાનું સાહસ કર્યું છે કે, કાં તો અમારી કોઈ વ્યવસ્થા કરો. અથવા તો આજ્ઞા આપો તો દેશ છોડીને જતા રહીએ.''

પૃથ્વીરાજે કહ્યું – ''કેમ ? શું કોઈ દુષ્ટે તમારી ઉપર અત્યાચાર કર્યો છે કે કોઈ અમલદારે તમને સતાવ્યા છે ?''

શ્રીમંત શાહે નમ્રતાથી કહ્યું – ''અપરાધની ક્ષમા આપશો મહારાજ ! કોઈએ અત્યાચાર નથી કર્યો તેમ કોઈ અમલદારે પણ હેરાન નથી કર્યા. પણ જ્યારે રાજા જ વિમુખ બની જાય. કોઈને મળે નહીં. ત્યારે પ્રજાને સૌ ખાવા દોડે છે. દાખલો આપની સમક્ષ છે જ કે અમો આપને મળવા પ્રયત્ન કરતા રહ્યા પણ અમને કોઈએ મળવા ન દીધા. અમારે કેટલી બેઇજ્જતી સહન કરવી પડી છે ? દાસીઓ પણ જાણે રાણી હોય તેમ વર્તે છે. હુકમ ચલાવે છે. દબડાવે છે. અમારો કોઈ અપરાધ કે ગુનો ન હોવા છતાં આટલું સહન કરવું પડ્યું કારણ કે કોઈ કાયદો-કાનૂન રહ્યો નથી. કદાચ અમે કોઈ એવાં કર્મો કર્યાં હશે કે અમારે આ બધું સહન કરવું પડે છે. એક તરફ કુદરતનો કોપ બીજી બાજુ ભાગ્ય રૂઠ્યું છે. અમે નિર્દોષ ક્યાં જઈએ ? રાજાની સારસંભાળ વગર અમે જાણે કાંઈ જ રહ્યા નથી. અમે કોની પ્રજા કહેવડાવીએ ?''

પૃથ્વીરાજે કહ્યું – ''ટૂંકમાં મતલબની વાત કરો.''

ગુરુરામે કહ્યું – ''મહારાજ ! દેશઘાતક જયચંદ મહંમદ ઘોરીને સાથે લઈને દિલ્હી પર ચડી આવવા નીકળ્યો છે. અને આપ નિશ્ચિંત બનીને બેઠા છો.''

''તમે કોઈ ચિંતા ન કરો. એ લોકો મને સારી રીતે ઓળખે છે કે હું પૃથ્વીરાજ છું.'' પૃથ્વીરાજે આ રીતે આશ્વાસન આપીને તેઓને વિદાય કર્યા.

*

કલ્યાણસિંહ યમુનાસ્તંભમાંથી નીકળીને મહેલમાં થઈને રાજદરબાર



તરફ જઈ રહ્યો હતો. મહેલમાં એક જગ્યાએ બે દાસીઓ ઊભી રહીને વાતો કરી રહી હતી. એક દાસીએ કહ્યું – ''બિચારા કુંવર કલ્યાણસિંહ ! ઉષાવતીને પ્રેમ કરવા ગયા છે. પણ આ ઉષાવતી પણ કેવી નફ્ફટ છે કે તે વિજયસિંહને પણ પ્રેમ કરે છે અને કલ્યાણસિંહને પણ પ્રેમનું નાટક રચીને પરણવા માંગે છે !''

કલ્યાણસિંહના કાને એ બંને દાસીઓની વાત પડી. બંને કલ્યાણસિંહ અને ઉષાવતીની વાત કરી રહી હતી. અને એમાંય ઉષાવતીના પ્રેમની વાત સાંભળીને કલ્યાણસિંહ ચમક્યો. તે એક થાંભલાની આડશમાં ઊભો રહી ગયો. તેને લાગ્યું કે દાસીઓએ તેને જોયો નથી. પણ ખરેખર તો આ વિજયસિંહે ચંપાને સમજાવેલું નાટક હતું. જે ભજવાઈ રહ્યું હતું. બીજી દાસીએ કહ્યું – ''પણ ચંપા ! વિજયસિંહનાં લગ્ન તો તારી સાથે થવાનાં હતાં ને ?''

''હા. એના કારણે તો મને ગુસ્સો આવે છે. તે ઉષાવતીને પ્રેમ કરે છે. ઉષાવતી પણ તેને પ્રેમ કરે છે.''

''એવું તને કોણે કહ્યું ?''

''કોણે કહ્યું એટલે ? વિજયસિંહની આંગળીમાં વીંટી પહેરેલી છે. તેના ઉપર ઉષાવતીનું નામ કોતરેલું છે. એ વીંટી ઉષાવતીએ વિજયસિંહને પ્રેમથી ભેટ આપી છે. એ મેં નજરોનજર જોયું હતું.''

''તો પછી ઉષાવતી વિજયસિંહને પરણશે કે કલ્યાણસિંહને ?''

''કલ્યાણસિંહ તો બિચારા દૂર રહે છે. તેને ઉષાવતી પ્રેમ કરે કે ન કરે. પણ વિજયસિંહનો પ્રેમ તેને અવિરત મળતો રહે એવી ગોઠવણ લાગે છે.''

''તો કલ્યાણસિંહ સાથેની સગાઈ તૂટી જવાની ?''

''મને એનું જ દુઃખ થાય છે. કારણ કે સગાઈ તૂટે તો કલ્યાણસિંહની આબરૂ શું રહે ? સૌ કલ્યાણસિંહ માટે શંકા- કુશંકાઓ જ કરે.'' આટલું કહીને એ દાસીએ તાળી પાડી. તાળીના અવાજની અસર

કલ્યાણસિંહના મગજ પર હથોડો વીંઝાયો હોય એવી થઈ. બંને દાસીઓ હસતી હસતી ત્યાંથી ચાલી ગઈ.

કલ્યાણસિંહ બંને દાસીઓની વાત સાંભળીને જાણે પથ્થરનું પૂતળું બની ગયો હતો. એને લાગ્યું કે, ઉષાવતી આ રીતે તેનું ભયંકર અપમાન કરી રહી છે. પ્રેમનું નાટક કરી રહી છે. પ્રેમની ભેટ વીંટી વિજયસિંહને આપે છે. અને લગ્નની વાતો મારી સાથે કરે છે ? શું કોઈ સ્ત્રી આટલી હદે નીચ બની શકે ? શું ઉષાવતી મારી સાથે પ્રેમ અને લગ્નનું નાટક કરે છે ? તે વિજયસિંહને ચાહે છે ?'' કલ્યાણસિંહના મગજમાં પ્રશ્નો પેદા થવા લાગ્યા. તેનું મન ઉદાસ થઈ ગયું. તેને આઘાત લાગ્યો. પગ ભારે થઈ ગયા. અનિચ્છાએ પણ તેણે રાજદરબાર તરફ જવા પગ ઉપાડ્યો. પણ તેના પગમાં જાણે કે બેડીઓ પડી હતી. માંડ માંડ તે રાજદરબાર સુધી પહોંચ્યો.

રાજસભાનો મંડપ બે વર્ષોથી વેરાન અને સૂનો પડ્યો હતો ત્યાં નવેસરથી ઠેર ઠેર સામાન ચીજો મુકાઈ હતી. રંગરોગાન થયાં હતાં. તૂટફૂટ થયેલી ચીજો દુરસ્ત કરવામાં આવી હતી. હથિયારો-શસ્ત્રો પણ દુરસ્ત થવા લાગ્યાં હતાં. હાથીઓ, ઘોડાઓ એકત્ર કરાઈ રહ્યા હતા. સેંકડો ઢંઢેરો પીટનારા માણસો કામે લાગી ગયા. હજારો અન્ય માણસોને કામે લગાડીને સૈનિકો માટેનો સામાન-અસ્ત્રોશસ્ત્રોની ગોઠવણ થવા લાગી. સરદારો, સેનાપતિઓ પણ મહેલના દરવાજે આવી પહોંચ્યા હતા. અને રાજાનો હુકમ થતાં જ દરેક વ્યવસ્થા થવા લાગી.

રાજદરબારમાં મહારાજ પૃથ્વીરાજ પોતાના વજીરો-સલાહકારો-સેનાપતિઓ-સરદારો સાથે પોતાના આસન પર બિરાજમાન થયા. તેમની બાજુમાં રાજા સમરસિંહનું આસન હતું. અન્ય મિત્ર રાજાઓ પણ પોતપોતાના આસન પર બેઠા. વિજયસિંહ પણ મિત્ર રાજાઓને પત્રો પહોંચાડવા ગયો હતો તે પાછો આવી ગયો હતો. વિજયસિંહની



બાજુમાં કલ્યાણસિંહનું આસન હતું. વિજયસિંહની આંગળીમાં સોનાની વીંટી ચમકી રહી હતી. કલ્યાણસિંહે જોયું કે તેના પર ઉષાવતીનું નામ કોતરેલું હતું. વિજયસિંહે સમજીવિચારીને જ ચાલ ખેલી હતી. કલ્યાણસિંહ તેમાં બરાબરનો સપડાયો હતો. કલ્યાણસિંહ દિગ્મૂઢ બની ગયો હતો. તેનું મગજ સુન્ન થઈ ગયું હતું. ઉષાવતીએ તેને જોરદાર લપડાક લગાવી હતી એવું કલ્યાણસિંહને લાગ્યું. વારંવાર વિજયસિંહ વીંટીવાળો હાથ કલ્યાણસિંહને વીંટી દેખાય એવી રીતે હલાવી રહ્યો હતો. જેથી કલ્યાણસિંહનું ધ્યાન વીંટી તરફ દોરાય. તેની ચાલ બરાબરની સફળ થઈ હતી. તે કલ્યાણસિંહના ચહેરા પરથી દેખાઈ આવતું હતું.

રાજસભાની કાર્યવાહી શરૂ થઈ. ચારે તરફ ખુરશીઓ પર રણવીર યોદ્ધાઓ બેઠા હતા. મધુશાહ પ્રધાને સૌપ્રથમ રાજા સમરસિંહના પધારવાની ઘોષણા કરી. અને કહ્યું કે – તેઓ શ્રી વીસ દિવસથી દિલ્હી આવી ચૂક્યા છે. એ સાંભળીને પૃથ્વીરાજ ચોંક્યો અને તેને દુઃખ થયું કે તે આટલા દિવસો ગુમાવી ચૂક્યો હતો. તેને લાગ્યું કે મારી કેટલી મોટી ભૂલ થઈ ગઈ છે ? મારા મિત્ર રાવલ રાજા સમરસિંહ વીસ દિવસથી અહીં આવ્યા છે. અને મને ખબર પણ નથી ? કેવી શરમની વાત છે ! પણ હવે તેઓ મને માફ કરશે. મિત્ર છે. વડીલ પણ છે. તો જરૂર માફ કરશે.

પછી બધી વિગતોનું વર્ણન કરવામાં આવ્યું. રાજ્યના સમાચાર કહેવામાં આવ્યા. ચડી આવતા દુશ્મનની વાત થઈ. અને અન્ય બાબતોની ચર્ચાઓ થઈ. આખરે દરબાર પૂરો થયો. સૌ વિખેરાયા. કલ્યાણસિંહ ભારે મનથી ઊઠ્યો અને ઉષાવતીની દગાબાજી પર દુઃખી થતો પડાવ પર આવ્યો.

બીજે દિવસે સવારમાં પૂજાપાઠની વિધિ પતાવીને કસુંબલ પાઘડી પહેરીને બે લાખ રૂપિયાનાં કુંડળ કાનમાં પહેરી સજીધજીને પૃથ્વીરાજ

રાજા સમરસિંહનું સ્વાગત કરવા એમના પડાવ પર પહોંચ્યો. રાજાના આગમનનું સાંભળીને સમરસિંહે પણ થોડા આગળ આવીને તેમનું સ્વાગત કર્યું. બંને સંબંધીઓ મળ્યા અને એકમેકને ભેટી પડ્યા. લશ્કરે તેમને સલામી આપી. બ્યુગલ વાગવા લાગ્યાં. વાતાવરણ ખુશનુમા બન્યું. પછી તેઓ નિગમબોધના પડાવ પર આવ્યા. અને ત્યાં જૂના મિત્રો, સરદારો સાથે મુલાકાત થઈ. આમંત્રણ આપીને પૃથ્વીરાજ સમરસિંહને સાથે લઈને મહેલમાં આવ્યા. અન્ય સરદારો પણ પહોંચ્યા. સંયુક્તાનો ઓરડો શણગારવામાં આવ્યો હતો. ત્યાં સૌ બેઠા. વાતચીત કરતાં ભોજનનો સમય થયો. સૌએ ભોજન કર્યું. અને સૌ સરદારો વિદાય થયા. સમરસિંહ ત્યાં રોકાયા. રાવલ સમરસિંહ ઘણાં વર્ષે દિલ્હી આવ્યા હતા. હવે તેમની ઉંમર થતી આવી હતી. આથી તેઓ દૂર દૂરના પ્રવાસો ઓછા કરતા. તેઓ હવે યુવાન રહ્યા ન હતા. પણ તેમનો ચહેરો શાંત અને સ્થિર હતો. બાવડાંમાં બળ અને હૃદયમાં હિંમત હતી. મક્કમ ઇરાદા અને ચતુરાઈ એવી ને એવી જ હતી. એણે જ્યારે સાંભળ્યું કે મહંમદ ઘોરી ચડી આવ્યો છે તો આપમેળે જ લાવલશ્કર સહિત આવી પહોંચ્યા હતા. પૃથ્વીરાજે એમને જાણ પણ કરી નહોતી. છતાંય તેઓ મદદે આવી પહોંચ્યા હતા. પોતાના મિત્ર રાજાઓને પણ સાથે લાવ્યા હતા. સમરસિંહ ચતુર અને ગુણવાન હતા. રણભૂમિના અનુભવી અને બળવાન લડવૈયા હતા. પૃથ્વીરાજના દરબારમાંના સૌથી બુદ્ધિવાન અને દીર્ઘદષ્ટિવાળા રાજા હતા. એથીયે વિશેષ ગુણ તેમનામાં એ હતા કે તેઓ ત્યાગી પુરુષ હતા. પ્રજાપ્રેમી અને કુશળ વહીવટકર્તા હતા. તેઓ સાચા રાજપૂત હતા. લડાઈ દરમિયાન પણ તેઓ ધર્મનીતિ પ્રમાણે જ વર્તતા. તેમનો અવાજ મીઠો અને અસરકારક હતો. જ્યારે તેઓ કોઈ પણ કૂચ પહેલાં લશ્કરને સંબોધન કરતા તો લશ્કરના એકે એક સિપાહી અને સરદારનો ઉત્સાહ બમણો થઈ જતો. સૌ તેમનો હુકમ માનતા. રાજા સમરસિંહમાં કોઈ અભિમાન





કે ગર્વ ન હતો. આથી જ સૌ તેમને ''રાજઋષિ'' કહેતા. અને ઇતિહાસમાં પણ તેઓ રાજઋષિના નામે પ્રખ્યાત છે.

પૃથ્વીરાજ પોતાનું નામ થાય, તે મોટો મહારાજા કહેવડાવી શકે એટલા માટે કેટલીક લડાઈઓ લડ્યો હતો. પણ સમરસિંહે ક્યારેય કોઈ કારણ વિના લડાઈ લડી નહોતી. પોતાના લાભ માટે કોઈની સામે જીદે ચડીને લડાઈ કરવાનું તેમને ગમતું નહીં. તેઓ સિદ્ધાંત માટે જ ન છૂટકે લડાઈ કરતા. એથી જ કદાચ હંમેશાં તેમનો વિજય થતો. વિના કારણ લડાઈ કરવી નહીં એવું તેઓ માનતા. પણ અન્યાય તેઓ સહન કરી ન શકતા. અન્યાયનો મુકાબલો કરવા લડવું પડે તો તેઓ જરા પણ મોડું ન કરે એવો એમનો સ્વભાવ હતો. તેઓ કહેતા કે જુલ્મ કરવો એ પાપ છે. પણ જુલ્મ સહન કરવો તે મહા પાપ છે.

દરેક યુદ્ધમાં પૃથ્વીરાજની મદદે તેઓ આવતા અને યુદ્ધમાં વિજય મળતો હતો. પૃથ્વીરાજ તેમની મોટા ભાઈની જેમ ઇજ્જત કરતો હતો. દરેક પ્રસંગે સમરસિંહ પૃથ્વીરાજની પડખે રહેતા. આથી જ તેઓ હમણાં પણ આવી પહોંચ્યા હતા. ચિત્તોડથી પોતાના લશ્કર સાથે તેઓ દિલ્હી આવ્યા હતા.

બીજે દિવસે પૃથ્વીરાજ સાથે સમરસિંહની બેઠક યોજાઈ. સમરસિંહે કહ્યું – ''પૃથ્વીરાજ રાજ્ય શાસન ચલાવવું બહુ અઘરી વાત છે. શાસક બનવું એથીય અઘરું છે. તમારા પર તો વિશેષ જવાબદારી છે. કારણ કે, તમારું રાજ્ય મોટું છે. તમારા પર દિલ્હી રાજ્યની જ નહીં, પણ સમગ્ર હિન્દુસ્તાનની જવાબદારી બને છે. કારણ એ જ કે, તમે બહાદુર છો. શૂરવીર છો. તમારી હાજરીમાં કોઈ પણ દુશ્મન હિન્દુસ્તાન પર આક્રમણ કરવાનું સાહસ ન કરે. અને તમે શું કર્યું ? જવાબદારીમાંથી

“કીમ્યાસને કત્લ કરવામાં તમારી રાણી અચનદેવીનો હાથ હતો.”

“કારણ ?”

“કારણ કે અચનદેવી તેની અદેખાઈ કરતી હતી. સ્ત્રીઓ આવી બાબતોમાં હોશિયાર હોય છે.”

પૃથ્વીરાજે કહ્યું – “પણ હવે શું થાય ?”

“હવે તો કાંઈ વળશે નહિ. પણ હું તમને તમારી ભૂલો બતાવું છું. તમે બાદશાહ ઘોરીને વારંવાર પકડીને છોડી કેમ દીધો ?”

“તે માફી માંગતો હતો. અને હવે પછી આક્રમણ નહીં કરું એવું વચન આપ્યું હતું ?”

“એ વચન એ પાળતો ?”

“ના. પણ મેં તેના પર વિશ્વાસ કર્યો.”

“પણ તમે તમારી ઉદારતા બતાવી. ઠીક છે ક્ષત્રિય ઉદારતા બતાવે તે સ્વાભાવિક છે. પણ તમારે માણસની પરખ તો કરવી જઈએ કે નહીં ? શાસનમાં ઉદારતા સારી ગણાય પણ રાજનીતિના કોઈ પણ નિયમો તમે પાળ્યા નહીં. આવા દુશ્મનને કદાપિ માફ કરાય નહીં. અગર તમે એને છોડી ન મૂકત તો આજે આટલી મોટી લડાઈનો પ્રસંગ ન આવત.”

“એ મારી ભૂલ હતી.”

“પણ એ તો કહો કે તમે મહુવા રાજ્ય સાથે લગાતાર ત્રણ ચાર લડાઈઓ શા માટે કરી ?”

“એ ચંદેલોએ મારી સાથે અંચાઈ કરી.”

“કોઈ પણ રાજ્ય તમારા રાજ્ય સાથે આડોડાઈ કરે, એટલે શું એને નેસ્તનાબૂદ કરી નાંખવાનું ? આલ્હા અને ઉદલ જેવા બહાદુર લડવૈયાઓને તમે યુદ્ધમાં મારી નાંખ્યા. જરા વિચાર તો કરો, ચંદેલો આખરે તો રાજપૂત છે. અત્યારે તમારી મુસીબતના સમયમાં તેઓ તમને ઉપયોગી થાત. પણ તમે તો એનેય નષ્ટ કર્યા અને ખુદ પણ તમારા બહાદુર લડવૈયાઓ સેનાપતિઓ ગુમાવ્યા. તમે ય સાવ



છટકી ગયા ? જરા વિચાર તો કરો કે તમે રાજ્યની જવાબદારી છોડીને પત્ની સાથે મહેલમાં મોજ મનાવો તો હાલત શું થાય ? તમે તમારો ક્ષત્રિયધર્મ યાદ કરો. શું સ્ત્રીઓને માણવાથી કોઈનું પેટ ભરાયું છે ? કે તમારું ભરાય ! હા સ્ત્રીને માણો પણ એની કોઈ સીમા હોવી જોઈએ. સ્ત્રીઓની પાછળ અનેક રાજાઓ-મહારાજાઓ બરબાદ થઈ ગયા છે. ખોવાઈ ગયા છે. તમે ક્ષત્રિયધર્મની લાજ રાખીને ચાલ્યા હોત તો તમારી પ્રજા આમ મુશ્કેલીમાં ન જ મુકાત, જરાય મર્યાદા તમે શાસનની રાખી નહીં. ભોગવિલાસથી કોઈને સંતોષ થતો નથી. કોઈ પણ રાજ્યના વિનાશ માટે બે ચીજ હોય તો એ રાજ્ય નષ્ટ થઈ જાય. એક તો ભોગવિલાસ. અને બીજું ઘરની ફૂટફાટ. હવે તો તમારા રાજ્ય પર બહુ મોટી આફત આવી પડી છે. અને તમારું ઘર વેરવિખેર છે.” પૃથ્વીરાજે સમરસિંહ આગળ ઝૂકી જઈને વિનંતી કરી. “જે કાંઈ બન્યું તે બની ગયું. હવે તમે કહેશો તેમ જ કરીશ.”

“તમે તમારા કાબેલ અને વિશ્વાસુ મહામંત્રી કીમ્યાસને શા માટે કત્લ કર્યા ?”

“એનો નર્તકી સાથે અયોગ્ય સંબંધ હતો એટલે !”

“કોણે કહ્યું ?”

“મેં મારી નજરે જોયું હતું.”

“પણ આંખોય ક્યારેક દગો દે છે.”

“આંખે જોયેલું પણ ન માનીએ ?”

“ના, એ માટે તમારે કીમ્યાસને બોલાવીને ખુલાસો પૂછવો જોઈતો હતો. અને ખાસ તો ઉતાવળે એની કત્લ કરવી નહોતી જોઈતી. કારણ કે, તે તમારા મહામંત્રી હતા. વિશ્વાસુ હતા. એણે તમારી સેવા કરી હતી.”

“તમને એ વિષે કોઈ સાચી જાણકારી છે ?”

“હા.”

“કહો.”

ખાલી થઈ ગયા. તમારું લશ્કર દેખાવનું લશ્કર બની ગયું. તમે કોઈ પણ વાતનો વિચાર ન કર્યો અને આજે આવી પરિસ્થિતિ આવીને ઊભી છે. આલ્હા અને ઉદલ જીવતા હોત તો આજે એ તમારી મદદે આવ્યા હોત અને તમારો વિજય નિશ્ચિત બની જાત. પણ તમે તમારા પગ પર જ કુહાડો માર્યો છે.''

પૃથ્વીરાજ કાંઈ બોલી ન શક્યો. માથું ઝુકાવીને તે સાંભળી રહ્યો. તે કોઈ જવાબ આપી ન શક્યો. સમરસિંહે ફરી કહ્યું, ''તમે ચામુંડરાવના પગમાં બેડીઓ નાંખીને એને શા માટે કેદ કર્યા છે ?''

''એણે મારા પ્રિય હાથીને મારી નાંખ્યો.''

''બરાબર ! પણ એનું કારણ હતું. હાથી મદમસ્ત બન્યો, એણે ખૂબ નુકસાન કર્યું. અનેક લોકોને ઘાયલ કર્યા. ખુદ ચામુંડારાવ પર હાથીએ હુમલો કર્યો. પછી જ ચામુંડરાવે એ હાથીને માર્યો.''

''પણ મારો હુકમ તો એણે લેવો જોઈએ ને ?''

''સમય ક્યાં હતો ?''

''પણ હાથી મને ખૂબ વ્હાલો હતો.''

''તમને ભલેને વ્હાલો હોય. પણ પ્રજા માટે નુકસાનકારક હતો. ખાસ તો હાથી કાંઈ ચામુંડરાવથી વધુ કીમતી નથી. ચામુંડરાવ વીર યોદ્ધો હતો. તમારી ઢાલ હતો. તમે એને જ પગમાં બેડીઓ પહેરાવી દીધી.''

પૃથ્વીરાજ કંઈ પણ બોલી ન શક્યો. તે લજ્જિત બન્યો. થોડીવાર પછી એણે કહ્યું, ''હવે તમે કહો તેમ કરીએ.''

''એને મનાવવા પડશે.''

પૃથ્વીરાજે ગુરુરામને બોલાવ્યા અને તેને પાઘડી અને પોતાની ખાસ તલવાર આપીને ચામુંડરાવ પાસે મોકલવાની તૈયારી કરી. પણ સમરસિંહે કહ્યું, ''એ રીતે કામ નહીં થાય. તમારે ખુદ એને ત્યાં જવું પડશે.''

પછી પૃથ્વીરાજ, સમરસિંહ, ચંદ કવિ, ગુરુરામ પુરોહિત અને



બીજા કેટલાક સરદારોને સાથે લઈને ચામુંડરાવને ઘેર આવ્યા. પૃથ્વીરાજ શરમના કારણે ઘરની અંદર ન ગયો. બહાર ઊભો રહ્યો. એણે કવિ ચંદ અને બીજા સરદારોને અંદર મોકલ્યા. કે જેથી તેઓ ચામુંડરાવના પગની બેડીઓ કઢાવી નાંખે. ચામુંડરાવ જેવા વીર યોદ્ધા ચુપચાપ ઘરમાં બેઠા હતા. એમણે કોઈની સામે આંખ ઉઠાવીને પણ જોયું નહીં. કવિ ચંદે આશીર્વાદ આપતાં કહ્યું, ''મહારાજની આજ્ઞા છે કે તમે બેડીઓ કાઢી નાંખો.''

ચામુંડરાવે લાલ આંખોથી કવિ ચંદ સામે જોયું અને કહ્યું, ''રાજાને હવે મારી સાથે શું પ્રયોજન ?''

''તમે રાજ્યની ઢાલ છો. રાજા પર મુસીબત આવી છે. ગુસ્સો છોડીને તમે બેડીઓ કાઢી નાંખો. ખુદ મહારાજા બહાર દરવાજા પાસે ઊભા છે.''

''એની શું જરૂરત હતી ? ઘણાય સરદાર શૂરવીર છે. તમેય ચતુર સલાહકાર છો. પછી એક ચામુંડરાવ હોય કે ન હોય શું ફરક પડે.''

સમરસિંહે હવે આગળ આવીને કહ્યું, ''ચામુંડારાવ ! તમને આ સ્થિતિમાં જોઈને મને ખૂબ દુઃખ થાય છે. કૃપા કરીને એ બેડીઓ કાઢી નાંખો.''

ચામુંડરાવે કટાક્ષથી કહ્યું, ''આ તો મારું ઇનામ છે. મને મળેલો શિરપાવ છે. મારું સન્માન છે. એ ખૂબ મહેનત કર્યા પછી મને મળેલ છે. ''

સમરસિંહે કહ્યું, ''તમે જે કાંઈ કહો છો એ ખરું. તમે તો ઇનામ લઈને છૂટ્યા પણ ઇનામ આપનારનું શું ? એના માટે શું કહેવું ? કાઢી નાંખો એ બેડીઓ. હવે વધુ સમય નથી રહ્યો.''

ચામુંડરાવે કહ્યું, ''તમે અમારા મુરબ્બી છો. બુઝુર્ગ છો, દરેક પ્રકારે સન્માનને યોગ્ય છો પણ ક્ષમા કરજો કારણ કે હું તમારી આજ્ઞાનું પાલન નહીં કરી શકું. તમે મારો જીવ માંગો તો હું આપી દઉં. પણ

આ કઠિન તપશ્ચર્યાની નિશાની હું કેવી રીતે છોડું...!''

સમરસિંહે ગંભીર બનીને કહ્યું, ''આશ્ચર્ય છે કે, તમારા જેવા નીતિવાન સમજુ માણસ આમ બાળકની જેમ જીદ કરી રહ્યા છે ! સમયને પારખો. આ વખતે ધનદોલત કે જમીન જાયદાદ માટે લડાઈ નથી. પણ હિન્દુસ્તાનના અસ્તિત્વની લડાઈ છે. ભારતમાતાની શાનની લડાઈ છે. જીદ છોડીને રાજાએ આપેલ પાઘડી પહેરી, તલવાર કમરે બાંધો. તમે મહાવીર પુરુષ છો. તમારું નામ સાંભળતાં જ મોટા મોટા પહેલવાનો ધ્રૂજી ઊઠે છે. કૃપા કરીને વીરવેશ પહેરો અને તમારા મિત્ર રાવલ સમરસિંહ સાથે ભેટો.'' આટલું બોલતાં સમરસિંહ ગળગળા થઈ ગયા. ચામુંડરાવે કોઈ જવાબ ન આપ્યો. રાજા પૃથ્વીરાજ દરવાજા ઉપર ઊભો રહીને બધું જ સાંભળી રહ્યો હતો. તેણે અંદર આવીને કહ્યું, ''પરમ મિત્ર ચામુંડ રાવ ! હું મારી ભૂલની માફી માગું છું. પણ આ સમય રિસાવાનો નથી. મહંમદ ઘોરી ફરી મોટી ફોજ લઈને આવ્યો છે. હું તમારી પાસે દેશ અને જાતિની રક્ષા માટે ફરિયાદ લઈને આવ્યો છું. તમારી હઠ છોડી દો. તો હું માથું ઊંચું કરી શકું. બેડીઓ કાઢી નાંખો તો હું તમારી સામે આંખ મેળવું. એક વ્યક્તિની ભૂલની સજા આખા દેશની પ્રજાને ન અપાય. હું મારી ભૂલની માફી માંગું છું. હવે જીદ શાની ? બેડીઓ મેં જ તમને પહેરાવી છે. તો હવે હું જ એ કાઢી નાંખું છું. હું મારી આપેલી ચીજ પાછી લઈ લઉં છું.'' આટલું કહીને પૃથ્વીરાજે તેની બેડીઓ કાઢી નાંખી પછી પોતાની કમર પરથી તલવાર કાઢીને ચામુંડરાવની કમરે બાંધી અને કહ્યું, ''અગાઉની ફરિયાદો ભૂલી જાઓ. અને હવે આ તલવારની લાજ રાખી બતાવો.'' ચામુંડરાવ ઢીલા પડ્યા. તેણે પૃથ્વીરાજ સમક્ષ નમન કરતાં કહ્યું, ''મહારાજ ! માભોમ સૌથી મહાન છે. તમે મને એક બંધનમાંથી મુક્ત કરીને બીજા બંધનમાં બાંધી દીધો છે. પગમાં બેડીઓના બંધનમાં કોઈ ચિંતા ન હતી. હું આખો દિવસ રામનામ સ્મરણ કર્યા કરતો હતો. આ બંધન તો એનાથી યે વધુ ગાઢ છે. પણ માભોમની



સેવા કરવા આ મોટું બંધન સ્વીકારું છું. બેડીઓના બંધનમાં કોઈ જાતની ચિંતા ન હતી. હવે મહંમદ ઘોરીને મારી હટાવવાની જવાબદારી માથા પર આવી છે. ચાલો માભોમને કાજ, પ્રજાના રક્ષણને કાજ આપણે સૌ મળીને દુશ્મનના દાંત ખાટા કરીએ. મહારાજ સમરસિંહ જેવા બુઝુર્ગ મારા આંગણે આવે અને હું ઇન્કાર કરું એ શોભશે નહીં.'' આમ કહી ચામુંડરાવે ફરિયાદ ભૂલીને, દુઃખ ભૂલીને પૃથ્વીરાજ સાથે પહેલાંની જેમ-બહાદુર સૈનિક બનીને વાત કરી.

ચામુંડરાવના માની જવાથી સમરસિંહને લાગ્યું કે આ રીતે ભારતના લાડકા પુત્રો, રાજપૂતો તૈયાર થઈ જાય તો વિધર્મીઓની શી મજાલ કે તેઓ આ ભૂમિ પર પગ પણ મૂકી શકે ? ચાલો શરૂઆતમાં જ સફળતા મળી છે. તો હવે આગળ પણ સફળતા મળશે જ. ગઈ ગુજરી ભૂલી જઈને ચામુંડરાવ તૈયાર થયા અને પછી ઘોડા પર બેસીને પૃથ્વીરાજ અને અન્ય સરદારો સાથે નિગમબોધ આવ્યા. સૌ સારાંવાનાં થવાની આશા સૌને બંધાણી. રાજપૂતી શાન, આન અને બાનના આવા અનેક દાખલાઓ ઇતિહાસમાં મોજુદ છે. ભીડ પડ્યે બહાદુર કોઈ ઘરમાં ગોંધાઈ ન બેસે એવું ચામુંડરાવે સાબિત કરી બતાવ્યું.

## ખરાખરીનું યુદ્ધ

કુંવર કલ્યાણસિંહનું હૃદય ભાંગી ગયું. મન ખિન્ન થઈ ગયું. તેને આઘાત લાગ્યો. શું ઉષાવતી બેવફા છે ? વિજયસિંહ સાથે તેને પ્રેમ છે ? તો પછી મારી સાથે સગાઈ શા માટે કરી ? માની લઈએ કે સગાઈ વર્ષો પહેલાં અમારાં માબાપે કરી હતી. તોય એણે મુલાકાત દરમિયાન મને બધું કહી દેવું જોઈતું હતું. શું સત્ય કહેવાની હિંમત એનામાં નથી ? તો આખું આયખું અસત્યના માર્ગે ચાલીને કેવી રીતે વિતાવશે ? વિજયસિંહ સાથે તેને નાનપણથી જ પરિચય છે. તેઓ સાથે રમ્યાં છે. સાથે ખેલકૂદ કરી છે. એટલે

એ તેને ચાહવા લાગી હોય. પણ તો પછી મારી સાથે આવું નાટક એણે શા માટે કર્યું ? શું આવી દગાબાજ સ્ત્રી મને સુખી રાખી શકશે ? કદાપિ નહીં. આવતી કાલના દુઃખોનું નિવારણ આજે જ થવું જોઈએ ! હું એની સાથે લગ્ન કરીને ભવિષ્યમાં સુખી નથી જ થવાનો ! તો પછી લગ્ન કરવાનો શો અર્થ ? મારી જાતે દુઃખોને શા માટે બોલાવું ? તો કરવું શું ? હું તેનો ઇન્કાર કરી દઉં ? કે પછી લડાઈમાં મારી જાતને હોમી દઉં ? દુશ્મનોનાં ઝુંડ વચ્ચે પહોંચીને હું ખુદને ખપાવી દઉં. આ જીવનમાં પ્રેમમાં પછડાટ ખાઈને સુખેથી જીવી નહીં શકું. તો પછી ખુદને હોમી દેવો એ જ યોગ્ય માર્ગ છે. પણ ઉષાવતીને ખબર કેમ પડે કે, મને તેના વિજયસિંહ સાથેના પ્રેમની ખબર પડી ગઈ છે. અને હું તેની બેવફાઈ ચલાવી લેવા નથી માંગતો. હા એને મળીને સાફ સાફ કહી દઉં... ? ના. ના. પત્ર લખીને જણાવી દઉં ? હા. એ જ ઉત્તમ માર્ગ છે. એ બેવફાને હવે મળવાનો કોઈ અર્થ નથી. પત્ર લખી નાંખું... બસ... ! કલ્યાણસિંહનું મન મૂંઝાતું હતું. તેને ક્યાંય ચેન પડતું નહોતું. જેના પ્રેમની ઝંખના એણે કરી હતી તેણે દગો કર્યો છે. તેના પિતાની મદદ માટે લાખો સિપાહીઓ સહિત અમે પિતા-પુત્ર આવ્યા છીએ. અમારાં માથાં અમે હથેળી પર લઈને લડાઈના મેદાનમાં લડીએ. એમાં અમારું મૃત્યુ પણ થઈ શકે છે. જીવના જોખમે અમે જેને મદદ કરીએ એ જ મને દગો આપે ? ના...ના... એવા માણસો સાથે માનવતા દાખવવાની જરૂર નથી. સાચું કહ્યું છે કે મન, મોતી ને કાચ ત્રણ ભાંગ્યાં સંધાય નહીં. એમ કલ્યાણસિંહનું મન તૂટી ગયું હતું. એના મનના માણીગરે જ એનું મન તોડ્યું હતું. એને ક્યાંય ચેન પડતું નહોતું. તે ગુમસુમ બની ગયો હતો. કોઈ કામમાં મન લાગતું નહોતું. બે પાંચ દિવસ પછી પણ ઉદાસ અને દુઃખી લાગતો હતો. કોઈને એ ખબર ન હતી કે કલ્યાણસિંહને શું થયું છે. બસ સૌ યુદ્ધની



તૈયારીઓમાં પડ્યા હતા. સૌએ માન્યું કે કુંવર કલ્યાણસિંહ યુદ્ધની તૈયારીઓના કારણે થાક લાગવાથી ચહેરાની ચમક ગુમાવી બેઠા છે. પણ એ કલ્યાણસિંહ જ જાણતો હતો કે તેને શું થયું છે. એણે એક પત્ર લખ્યો. ઉષાવતીને એણે એવા શબ્દોમાં પત્ર લખ્યો કે એના દિલની બધી દાઝ ઊતરી ગઈ. પણ ઉષાવતી એ પત્ર વાંચીને ધ્રૂજી ઊઠી. એને સમજાયું નહીં કે આ ધરતીકંપ કેવી રીતે થયો ? ક્યાંથી થયો ? અને કોણે કર્યો ?

કલ્યાણસિંહે પત્ર આ પ્રમાણે લખ્યો હતો.

મહારાજાની મહાન પુત્રી ઉષાવતી !

મેં સાંભળ્યું હતું કે, સ્ત્રીઓનું મન વાંચી શકાતું નથી. એનો ભેદ કોઈ જાણી શકતું નથી. કારણ કે સ્ત્રીનું મન સમુદ્રના ઊંડાણથીયે વિશેષ ઊંડું હોય છે. તારા હસીહસીને વાત કરવાના કારણે આપણી મુલાકાતના કારણે અને મારા પ્રેમના કારણે હું એમ માનતો હતો કે મને સ્વર્ગનું સુખ મળી ગયું છે. પરંતુ એ જાણે સપનું હતું. જ્યારે મને જાણવા મળ્યું કે, તું વિજયસિંહને પ્રેમ કરે છે ત્યારે મારા પર પહાડ તૂટી પડ્યો હતો. કારણ કે તું વિજયસિંહને પ્રેમ કરતી હોય અને લગ્ન મારી સાથે કરે તો મારી શી દશા થાય ? મારી આબરૂ શું રહે ? દુનિયા મારા પર થૂંકે. હું એવું હીણપતભર્યું જીવન કેવી રીતે જીવી શકું ? આશ્ચર્ય તો એ વાતનું છે કે તેં મને આટલો મોટો દગો કર્યો ? પ્રેમ વિજયસિંહ સાથે અને નાટક મારી સાથે ? મારી લાગણીઓ દુભાવવાનો તને શો હક્ક હતો ? તારે વિજયસિંહ જોઈએ તો વિજયસિંહ સાથે જ લગ્ન કરવાં જોઈએ. મારી સાથે નહીં. મને ઊંડો આઘાત લાગ્યો છે તારી આ બેવફાઈથી. તું કહીશ કે હું કેવી રીતે કહું છું કે તું વિજયસિંહને ચાહે છે ? તો મેં ખુદ મારી આંખે વિજયસિંહની આંગળીમાં તારી વીંટી જોઈ છે. જેના પર તારું નામ કોતરેલું છે. અને એ વીંટી તેં વિજયસિંહને

પ્રેમની ભેટ આપી છે. મને હવે આ જીવન નકામું લાગે છે. સારું છે કે લડાઈ માથા પર આવી ચૂકી છે. હું આ લડાઈમાં ખપી જવા માંગું છું. ખુદને દુશ્મનોને હવાલે કરી દઈશ. અને એ રીતે હું આ દુનિયા ત્યાગી દઈશ. પછી તું આરામથી વિજયસિંહ સાથે પ્રેમનાં ગીત ગાજે. મને હવે તારી મીઠી મીઠી વાતો અને તારા સુંદર છેતરામણા ચહેરાથી નફરત થઈ ગઈ છે.

ભાગ્યહીન

કલ્યાણસિંહ

આ પત્ર વાંચીને ઉષાવતી પર જાણે કે વીજળી ત્રાટકી પડી. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. શરીર શક્તિવિહીન બની ગયું. તે ભફાંગ કરતી પછડાટ ખાઈને પડી ગઈ. અને બહોશ બની ગઈ. દાસીઓ દોડી આવી. ઉષાવતીને બેહોશ જોઈને તેઓ ગભરાઈ ગઈ. તેને ઊંચકીને પલંગ પર સુવડાવી દીધી. મહેલમાં હોહા થઈ ગઈ. સૌ ઉષાવતીની હાલત જોઈને ચિંતામાં ડૂબી ગયાં. શું થયું ? તેની કોઈને કશી ખબર નહોતી. શા કારણે બેહોશ થઈ ગઈ એ પણ કોઈ જાણતું નહોતું. તાત્કાલિક રાજવૈદ્યને બોલાવવામાં આવ્યા. દોડતી દોડતી રાણી જમ્ભાવતી પોતાની પુત્રી પાસે આવી પહોંચી. એની આંખો ભીની થઈ ગઈ. તે ગભરાઈ ગઈ. શું થયું એ કોઈ કશું જાણતું નહોતું. એક માત્ર ચંપા ચુપચાપ ઊભી હતી. અને તેના ચહેરા પર અન્ય લોકો કરતાં ગભરાટ ઓછો હતો. ઉષાવતીના હાથમાંથી પડી ગયેલો પત્ર એણે ચોળીમાં છુપાવી લીધો હતો. અને એ પત્ર તે વિજયસિંહને પહોંચાડવા આતુર હતી.

રાજવૈદ્ય આવી ગયા. એણે ઇલાજ શરૂ કર્યો. રાણીએ આંખોમાં આંસુ સાથે રાજવૈદ્યને કહ્યું – ''વૈદ્યજી ! મારી ફૂલ જેવી કોમળ રાજકુમારીને શું થયું ? જરા જુઓ અને એને સત્વરે હોશમાં લાવો.''



રાજવૈદ્યે પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા. તેને રાજકુમારી ઉષાવતીના શરીરમાં કોઈ રોગ જણાયો નહીં. આથી એણે કહ્યું – ''રાણીજી ! મને લાગે છે કે રાજકુમારીને કોઈ આઘાત લાગે તેવા સમાચાર મળ્યા હોય એના આઘાતના કારણે જ તે બેહોશ બની હોય એવું લાગે છે. બાકી શારીરિક કોઈ તકલીફ મને દેખાતી નથી.''

''પણ એવા કોઈ આઘાતજનક સમાચાર કોઈ છે જ નહીં તો કોણ આપે એવા સમાચાર ?''

''મને ચોક્કસપણે લાગે છે કે રાજકુમારી આઘાતના કારણે જ બેહોશ બની છે. પછી તે સમાચાર સાંભળ્યા હોય કે, કોઈએ તેને એવા શબ્દો કહ્યા હોય જે રાજકુમારી સહન ન કરી શકી હોય અથવા તો રાજકુમારીએ અણધારી કોઈ ઘટના જોઈ હોય જેનો તેને આઘાત લાગ્યો હોય. આ બેહોશીનું કારણ મને આઘાત લાગવાનું જ લાગે છે.''

રાણીએ દાસીઓને પૂછ્યું. પણ કોઈ કાંઈ કહી ન શક્યું. કોઈ આવ્યું પણ નથી. કંઈ બન્યું પણ નથી. તો પછી આ શાનો આઘાત લાગ્યો છે ? તે કોઈને સમજાયું નહીં. રાજવૈદ્યે પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા. જડીબુટ્ટીઓ વાટીને કપાળ પર લગાવી. ફાકીનો પાવડર પાણી સાથે રાજકુમારીને પીવડાવવામાં આવ્યો. આખરે રાજકુમારીએ ધીમે રહીને આંખો ખોલી. અને આજુબાજુ માણસોની ભીડ જોઈને તેણે આમતેમ જોયું. રાણીએ તુરત જ રાજકુમારી ઉષાવતીનું માથું પોતાના ખોળામાં લઈ લીધું. ''શું થયું બેટા ! શું બન્યું કે તું બેભાન થઈ ગઈ ?'' એવા પ્રશ્નો રાણીએ કર્યા. રાજવૈદ્યે એમને આંગળીની ઇશારતથી ચુપ રહેવા કહ્યું. થોડી ક્ષણો શાંતિ પથરાઈ ગઈ. ઉષાવતીએ આંખો ખોલી. હવે તે જાગૃત બનીને આમતેમ જોઈ રહી હતી. તે બેઠી થઈ. માના ખોળામાંથી માથું હટાવીને તે પલંગ પર બેઠી થઈ ગઈ. અને આમતેમ આંખો ઘુમાવીને જોવા લાગી. રાણીએ

પૂછ્યું – ‘‘શું થયું બેટા ?’’ ઉષાવતી કાંઈ બોલી નહીં. અને અચાનક તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને રાણીના ખોળામાં માથું ઢાળી દીધું. રાજવૈદ્યે કહ્યું – ‘‘રડવા દો. રાજકુમારીનું મન હળવું થશે. પછી જ તે કાંઈક કહી શકશે.’’ થોડીવાર પછી દાસીઓ ત્યાંથી વિખેરાઈ ગઈ. રાજવૈદ્ય જવાની તૈયારી કરવા લાગ્યા. ઉષાવતી માતાના ખોળામાં માથું મૂકીને હજુ રડી રહી હતી. રાણીએ પૂછ્યું – ‘‘બેટા કહે તો ખરી શું થયું ?’’ પણ રાજકુમારી હજુ કાંઈ પણ બોલતી નહોતી. રાજવૈદ્યે કેટલીક ફાકીઓની પડીકીઓ બનાવી આપી. અને સમયે સમયે આપવાનું સૂચન કર્યું. અને કહ્યું – ‘‘રાજકુમારીને આરામ કરવા દો. આરામ જ તેનો ઇલાજ છે.’’ અને વૈદ્યરાજ ચાલ્યા ગયા. રાણી ગભરાઈ ગઈ હતી. મૂંઝવણના કારણે તે કાંઈ વિચારી પણ નહોતી શકતી.

હમણાં હમણાં બધે જ લડાઈની જ વાતો થવા લાગી હતી. સૌના ચહેરા પર ચિંતાની રેખાઓ દેખાતી હતી. સૌની જીભે શહાબુદ્દીન ઘોરીના આક્રમણની ફિકર ભરી વાતો અને રાજ્યમાં થઈ રહેલી લડાઈની તૈયારીઓની જ ચિંતા હતી. વાતાવરણ વિચિત્ર બની ગયું હતું. કોઈને સ્પષ્ટ કશી માહિતી નહોતી શું થયું છે કે શું થવાનું છે ? બસ, આમથી તેમ દોડાદોડી કરતા સિપાહીઓનાં ધાડાં, અસ્ત્રોશસ્ત્રોના ખડકલા, અનાજ અને અન્ય ચીજોના સંગ્રહ અને હેરાફેરી. હાથીઓ અને ઘોડાઓની આવનજાવન. બહારથી આવેલા લશ્કરોના સિપાહીઓની આવન- જાવન. જાણે સૂનું પડેલું દિલ્હી જાગૃત બનીને સક્રિય બન્યું છે. સામાન્ય દિવસોમાં દિલ્હીમાં શાંતિ રહેતી. પણ હવે માણસોની અવરજવરના કારણે લાગતું હતું કે જાણે મેળો ભરાયો છે. અને લાખો માણસો આવીને એ મેળામાં એકત્ર થયા છે. દિલ્હીનો ધમધમાટ વધી ગયો હતો. સૌ પ્રવૃત્ત બની ગયા હતા.

પૃથ્વીરાજ અને સમરસિંહની બેઠકો થવા લાગી. બંને લડાઈની



તૈયારીઓની વ્યવસ્થા અને ગોઠવણ કરતા રહ્યા. શસ્ત્રો-અનાજ અને બીજી જરૂરી ચીજોનો સંગ્રહ થવા લાગ્યો. નવા સિપાહીઓની ભરતી શરૂ થઈ ગઈ હતી. તેને કવાયત અને માર્ગદર્શન અપાવા લાગ્યાં. ભાટ-બારોટો હજારોની સંખ્યામાં ગામેગામ જઈ સૌને જાગૃત કરવા લાગ્યા હતા. યુદ્ધના સમયમાં વર્તવાની સાવધાનીની વાતો થવા લાગી હતી. બસ, જાણે દેશભરમાં સંચાર પેદા થયો હતો. અજમેરનું લશ્કર તૈયાર બેઠું હતું. પંજાબ અને પેશાવરનું લશ્કર ત્યાં જ રક્ષણ માટે રહેવા દીધું હતું. પણ ગઝનીથી આવતી વખતે મહંમદ ઘોરીએ પંજાબ સિંધ અને પેશાવરમાં આતંક મચાવી દીધો હતો. પ્રજાને લૂંટી લેવામાં આવી હતી. ઓછું લશ્કર હોવાથી મહંમદ ઘોરીએ તેની બૂરી વલે કરી હતી. કારણ કે મહંમદ ઘોરીનું નવ લાખનું લશ્કર ઠેર ઠેર કાળો કેર વર્તાવી આગળ વધ્યું હતું. પૃથ્વીરાજની પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી હતી. પૃથ્વીરાજ માટે હવે તો બસ દિલ્હી-અજમેર અને મિત્રરાજ્યોનું લશ્કર જ રહ્યું હતું. એમાં નવા સિપાહીઓનો ઉમેરો થયો હતો. પણ અનુભવી લડવૈયાઓની અછત વર્તાતી હતી.

યુદ્ધ વિશેની એક ખાસ બેઠક બોલાવાઈ. લડાઈ અંગે તર્કવિતર્ક, સલાહમસલત અને તૈયારીઓ અંગેની ચર્ચાઓ થઈ. સમય પલ્ટાયો હતો. પૃથ્વીરાજ અને સમરસિંહની યોજનાઓ પ્રમાણે ગોઠવણો થઈ. ત્યાં જ સિપાહીએ આવીને અરજ કરી કે, એક મુસ્લિમ એલચી આવ્યા છે. જેઓ આપને મળવા માંગે છે. પૃથ્વીરાજે કહ્યું – ‘‘એને અંદર લઈ આવો.’’ મુસ્લિમ એલચી હાજર થયો. એણે આવીને મહંમદ ઘોરીનો પત્ર આપ્યો. પત્રમાં લખ્યું હતું કે તમારા પંજાબ-પેશાવરની સરહદો અમારી સરહદોને અડીને આવેલી છે. જેના કારણે અવારનવાર તકલીફો ઊભી થાય છે. અને લડાઈ કરવી પડે છે. આથી પંજાબ અને પેશાવર અમોને સોંપી દો. બાકીનું હિન્દુસ્તાન

તમારું. નહીંતર અમારે લડાઈ કરવી પડશે.''

પત્ર વાંચીને પૃથ્વીરાજ ઉત્તેજિત બની ગયો. એણે કહ્યું – ''તમારા બાદશાહ મહંમદ ઘોરી પાછલી દશ દશ વખતના પરાજયને ભૂલી ગયો લાગે છે. તે સૂતેલા સિંહને છંછેડવા નીકળ્યો છે. અને સિંહની બોડમાં આવવા માંગે છે. અમારું લશ્કર એકઠું થઈ ચૂક્યું છે. અને તૈયાર બેઠું છે. મહંમદ ઘોરીને બળતી આગમાં હાથ નાંખવો છે તો ભલે નાંખે અને બળવા માટે તૈયાર રહે. જોકે હું તેને ત્યાંથી જ પાછા વળવાની એક તક હજુ આપવા માંગુ છું. તે જીવતો રહેવા માંગતો હોય અને પોતાની ભલાઈ ઇચ્છતો હોય તો ત્યાંથી જ પાછો વળી જાય. હું તેને પોતાના વતન જવાની છૂટ આપું છું. હું તેને જવા દઈશ. અન્યથા લડાઈ કરીને તે ફરીથી એકવાર મારા પગમાં આળોટતો થશે. તેને વતન પાછા જવું હોય તો હું રહેમ ખાઈને તેને પાછા જવા દઈશ અન્યથા એક મહિના પછી થાનેસરના મેદાનમાં ફેંસલો થઈ જશે.'' આટલું કહીને તેણે એલચીને વિદાય કર્યા. એલચીના જવા બાદ પૃથ્વીરાજે કહ્યું – ''મહંમદ ઘોરી તુર્કો અને પઠાણોને લૂંટફાટની લાલચ આપી એનાં ઘરોમાંથી લાવીને આવ્યો છે. એ કાંઈ લડવૈયાઓ કે યોદ્ધાઓ નથી. લશ્કર છે. આપણી રાજપૂતોની સામે તે ટકી નહીં શકે. એક એક રાજપૂત એવા સો-સો સૈનિકોને ભારે પડશે. મહંમદ ગઝની પાછો કાબૂલ અને કંધાર પણ નહીં પહોંચી શકે.'' આ બેઠકમાં વિજયસિંહ પણ હતો. તે બધું જોઈ સાંભળી રહ્યો હતો. પૃથ્વીરાજને એ ખબર ન હતી કે વિજયસિંહ ગદ્દાર અને દેશદ્રોહી છે. અને પોતાના સ્વાર્થ ખાતર તે દેશનો ઘાતક બન્યો છે અને દુશ્મન સાથે ભળીને હિન્દુસ્તાનનું સર્વનાશ કરવા તૈયાર થયો છે. સૌએ લડાઈ વિષેની જે જે યુક્તિ-પ્રયુક્તિઓ સલાહો આપી તે પૃથ્વીરાજે સાંભળી લીધી. અને તેનો અમલ કરવાનું નક્કી કર્યું. બેઠક પૂરી થઈ. એ જ દિવસે ખાસ



જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરના હજારો લોકો આવીને એકત્ર થયા. પૃથ્વીરાજે સિંહની જેમ ગર્જતાં એ સભાને સંબોધન કર્યું અને કહ્યું –

મારા શૂરવીર સરદારો ! આ દેશના દુલારા રાજપૂત નર અને નારીઓ.

તમને અત્યાર સુધી જાણવા મળ્યું જ હશે કે, દુશ્મન મહંમદ ઘોરી હિન્દુસ્તાન પર ચડી આવ્યો છે. મહંમદ ઘોરી અગાઉ દશ વખત આવ્યો અને પરાજય પામ્યો છે. પગમાં પડીને એણે માફી માંગી એ તમે સૌએ જોયું અને અનુભવ્યું છે. છોડી મૂકવા માટે તેની વિનંતીઓ હજુ પણ આપણા સૌના કાનોમાં ગુંજી રહી છે. ફરી દિલ્હી તરફ આવી રહ્યો છે. એની સાથે દેશઘાતક જયચંદ પણ છે. એ તેનો સાથી અને મદદગાર બન્યો છે. હું કબૂલ કરું છું કે મહંમધ ઘોરી પર દયા ખાઈને મેં બહુ મોટી ભૂલ કરી હતી. જેના કારણે મને અને મારા લશ્કરના સિપાહીઓને વારંવાર તકલીફો સહન કરવી પડી છે. પણ ભૂલો સુધારવી એ જ માનવીનો ધર્મ છે. ફરજ છે. હવે આપણે અગાઉની ભૂલો સુધારીને આગળ વધવાનું છે. અને આ વખતે પણ મહંમદ ઘોરીને પરાજય આપીને તેને પાઠ ભણાવવાનો છે. માટે સૌ ઊઠો ! તીર-કમાન-તલવાર લઈને દેશના રક્ષણ માટે તૈયાર થઈ જાઓ. અને આગળ વધીને સિંધુ નદી અને હિમાલય પર્વતની જેમ દુશ્મનની આડે ઊભા રહો. જેથી તેઓ આ પવિત્ર ભૂમિ પર પગ ન મૂકી શકે. આપણે સૌ શહેરની આપણા ઘરની રક્ષા કરવાની છે. ભારતની દેવીઓ ! સાવધાન રહો. અને પોતપોતાના પતિઓને અસ્ત્રશસ્ત્ર પહેરાવીને લડાઈના મેદાનમાં મોકલો. ભાઈઓને તિલક કરીને યુદ્ધ માટે મોકલો. જેથી આપણો દેશ સલામત રહે. આપણે માતૃભૂમિ માટે આટલું કરવું જ જોઈએ. આપણો ક્ષત્રિયધર્મ પાળવા માટે આટલું સૌએ કરવું જોઈએ. મને

આશા છે કે રાજપૂતો પોતાનો ધર્મ બજાવવા આગળ આવશે. અને પોતાની માતૃભૂમિનું રક્ષણ કરવા રણભૂમિમાં કૂદી પડશે.''

સંભાષણ પૂરું થયું. હજારો લોકોએ મળીને ભારત માતાકી જય ! દિલ્હીના મહારાજનો જય ! પૃથ્વીરાજનો જય !ના ગગન ભેદી નારા લગાવ્યા. અને સભા પૂરી થઈ. આ સભામાં સમરસિંહ, ચામુંડરાય, જીતરાય, ભીમચંદ અખિલસિંહ પણ હાજર હતા. અને સૌએ પ્રજાને ઉત્સાહિત કરવા પોતપોતાના વિચારો રજૂ કર્યા હતા.

દિલ્હીમાં લડાઈની તૈયારીઓ થઈ રહી હતી. હથિયાર, શસ્ત્રો વગેરે એકત્ર થઈ રહ્યાં હતાં. કુંવર કલ્યાણસિંહ પણ પોતાની ફરજ બજાવી રહ્યો હતો. તેને બિલકુલ ફુરસદ મળતી નહોતી. કારણ કે તેને નાયબ સિપાહસાલાર બનાવવામાં આવ્યો હતો. એના પર ઘણી જવાબદારીઓ હતી. અને તે પોતાની જવાબદારીઓ નિભાવવા માટે ખૂબ વ્યસ્ત રહેતો હતો. વચ્ચે ક્યારેક તેને ઉષાવતી યાદ આવી જતી હતી. અને એનું મન ખાટું બની જતું. ફરી તે કામકાજમાં વ્યસ્ત થઈ જતો. પણ તેને ચંપાની વાતોએ વિચલિત બનાવી દીધો હતો. વિજયસિંહની આંગળીમાંની ચમકતી વીંટીએ વ્યાકુળ કરી દીધો હતો. ઉષાવતીએ કરેલી બેવફાઈથી ખૂબ દુઃખી થયો હતો.

રાણી સંયુક્તાએ પૃથ્વીરાજને દેશના રક્ષણકાજે જગાડ્યા હતા. નહીંતર પૃથ્વીરાજ હજુ પણ ઊંઘતો હોત. આ રીતે સંયુક્તાએ દેશ માટે પોતાની ફરજ બજાવી હતી. તે ખરી રાજપૂતાણી સાબિત થઈ હતી. પૃથ્વીરાજ સાવધ બનીને હવે યુદ્ધની તૈયારીમાં પડી ગયો હતો એ જોઈને સંયુક્તા ખુદને નસીબદાર સમજવા લાગી હતી. એક બીજું પણ મહત્ત્વનું કામ સંયુક્તાએ કર્યું હતું. જયચંદને પત્ર લખીને સંયુક્તાએ પોતાના પિતાને આ યુદ્ધમાંથી ખસી જવાની વિનંતી કરી હતી. વિધર્મીઓ સાથે ભળીને જયચંદે જે અઘટિત કાર્ય કર્યું હતું તેમાંથી પાછા વાળવા માટે સંયુક્તાએ પત્ર લખીને એક ખાસ



દૂત દ્વારા તેને મોકલ્યો હતો.

પત્ર આ પ્રમાણે હતો.

પિતાજી !

હું તમારી પુત્રી છું. અને તમે મારા પિતા. એ સ્થિતિમાં હું તમને કોઈ શિખામણ આપું તો તે અયોગ્ય ગણાશે. પણ સ્થિતિ એવી છે કે, શાંત બેસી રહેવું તે પાપ સમાન ગણાશે. એવું પાપ કે જેનો કોઈ પશ્ચાત્તાપ ન થઈ શકે.

મેં સાંભળ્યું છે કે તમે મહંમદ ઘોરીને બોલાવીને, તેની સાથે મળીને દિલ્હી પર ચડાઈ કરી રહ્યા છો. એનો અર્થ એ કે તમારા હાથે જ તમે તમારી પુત્રીનું સૌભાગ્ય છીનવી લેવા માંગો છો. અગર એવું છે તો તમે મને શા માટે પાળી, પોષીને મોટી કરી ? જન્મદાતા થઈને તમે આ શો અનર્થ કરવા બેઠા છો ? જરા વિચારો.

હું કબૂલ કરું છું કે સ્વયંવર સભામાં મેં તમારી મરજી વિરુદ્ધ પગલું લીધું. પણ એ કોઈ પાપ નહોતું. મારી પસંદગી પ્રમાણે હું લગ્ન કરું એટલા માટે જ તો તમે સ્વયંવરની રચના કરી હતી. અને મને પસંદગીનો હક્ક આપ્યો હતો. તેઓ ભલે તમારા દુશ્મન હોય પણ મારા તો પ્રાણનાથ ને ! તમે કહેશો કે એનાથી તમારી બેઇજ્જતી થઈ. હું કબૂલ કરું છું કે એવું થયું. પણ એ સામાન્ય ભૂલની તમે આટલી મોટી સજા આપવા તૈયાર થયા છો ? અને તમારી માતૃભૂમિને પરાધીન બનાવવા તૈયાર થયા છો ? હિન્દુ જાતિને ભયંકર નુકસાન કરી રહ્યા છો. હું તો ગુનેગાર છું જ. પણ ભારતભૂમિએ તમારું શું બગાડ્યું છે ? મૂંગી ગાયોએ તમારા કયા ખેતરનો નાશ કર્યો છે ? સ્ત્રીજાતિ સાથે તમારી કઈ દુશ્મની છે ? તમે શા માટે ધર્મ અને કર્મને નષ્ટ કરી રહ્યા છો ? હિન્દુ સંસ્કૃતિ પર શા માટે કુહાડો ચલાવો છો ? તમે એવું ન માનતા કે એનાથી તમને કોઈ

ફાયદો થશે ! બિલકુલ નહીં. હા, તમારા બદલાની આગ બુઝાશે એટલું જ ! પણ એ આગમાં તમારું કુળ પણ બળી જશે. ખાખ થઈ જશે અને આગામી પેઢીઓ તમને ધુત્કારશે. શક્ય છે કે આ નાજુક સમયે મેં આવેશમાં આવીને કાંઈ ઓછુંવત્તું લખી નાંખ્યું હોય એ માટે હું ક્ષમા યાચું છું. મારો ભાવાર્થ તમને ઉપદેશ આપવાનો નથી. પણ પ્રેમ અને પુત્રીના સંબંધે તમારી પાસેથી ભીખ માંગું છું.

અગર તમને મારા પતિ સામે કોઈ વાંધો હોય તો એનો બદલો તમે તમારી રીતે લો. ક્ષત્રિયધર્મ પ્રમાણે લો. પણ પરમાત્મા અર્થે પરધર્મીઓને બોલાવવાનું રહેવા દો. તેઓ અમારા અને તમારા પણ દુશ્મન છે. જોકે તમે તેમને તમારા મિત્ર ગણો છો.

પિતાજી ! હું તમને દેવી-દેવતાઓનાં નામે વિનંતી કરું છું. તમે તમારો ઇરાદો બદલો. હજુ સમય છે. તમે આ કુકર્મમાંથી હટી જાઓ. પછી જે કાંઈ થશે એને પહોંચી વળવા મારા પ્રાણનાથ સમર્થ છે. શું આ અભાગણી પુત્રીની આટલી વાત માનશો ? સ્ત્રીજાતિ અને દેશ માટે આટલું કરશો ??

તમારી અભાગણી પુત્રી

સંયુક્તા.

આ પત્રનો કોઈ જવાબ નહોતો આવ્યો. એનો અર્થ એ કે જયચંદ પોતાનું ધાર્યું જ કરવા માંગતો હતો. પણ સંયુક્તાએ પોતાનો રાજપૂતધર્મ બજાવ્યો હતો.

સાંજના સમયે મહારાજા પૃથ્વીરાજ પોતાના મહેલમાં ધાબા પર ઊભા રહીને વિચારગ્રસ્ત જંગલ તરફ જોઈ રહ્યા હતા. એના મનમાં ભાતભાતના વિચારો આવતા હતા. જેના કારણે તેમનું મન ડગમગી રહ્યું હતું. કેટલીકવાર વિચાર કરીને આખરે એણે પોતાના વજીરને બોલાવીને હુકમ કર્યો કે, એક સપ્તાહ બાદ થાનેસરનું



યુદ્ધ શરૂ થવાનું છે. એ દરમિયાન બધી તૈયારી કરો. ફોજ, યુદ્ધનો સામાન, ખાધાખોરાકીનો સામાન. હાથી-ઘોડા દરેકનો પૂરેપૂરો બંદોબસ્ત થવો જોઈએ. હું ખુદ બધી વ્યવસ્થા જોઈશ. પણ તમે તુરંત હુકમ કરી દો. વજીર ! જેવી આજ્ઞા કરીને વિદાય થયો. પૃથ્વીરાજ વિચારી રહ્યો હતો કે, મિત્રરાજાઓમાંથી એક બે રાજાઓ બસ્સો પાંચસોનું લશ્કર લઈને આવ્યા છે. બીજા રાજાઓ કેમ નથી આવ્યા ?

રાજા હજુ પણ વિચારોમાં ત્યાં જ ઊભો રહ્યો. તેણે કવિ ચંદને બોલાવી કાંગડાના રાજા હમીરને મનાવવા મોકલી આપ્યો. રાજા હમીરનું પૃથ્વીરાજે અપમાન કર્યું હતું. તેથી તે રિસાયો હતો.

ભારતના ઇતિહાસમાં જે મહત્ત્વનાં અને ભીષણ યુદ્ધ થયાં છે તેમાં મહારાણા પ્રતાપનું હલ્દીઘાટીનું યુદ્ધ અને થાનેસરનું પૃથ્વીરાજ અને મહંમદ ઘોરી વચ્ચેનું યુદ્ધ મુખ્ય રહ્યાં છે. થાનેસરની લડાઈથી હિન્દુસ્તાનની એવી સ્થિતિ થઈ કે જેનું પરિણામ આજ સુધી આપણે ભોગવી રહ્યા છીએ. થાનેસરના યુદ્ધે હિન્દુસ્તાનની ધરતી પર પરધર્મીઓને બોલાવીને ભારત તેમને હવાલે કરી દીધું હતું.

દિલ્હીના નિગમબોધ વિસ્તારમાં એક તરફ રાજાનો મહેલ અને બીજી તરફ યમુના નદીની વચ્ચે મોટું સપાટ મેદાન આવેલું હતું. એ મેદાનમાં યુદ્ધ પહેલાંની પૂજાઅર્ચના કરવા ક્ષત્રિય ફોજ ભેગી થઈને પૂજાવિધિ બાદ થાનેસર માટે પ્રયાણ કરવાની હતી. આ સપાટ મેદાનમાં લાખો સિપાહીઓ એકત્ર થયા હતા. મેદાનના એક ખૂણે 'યમૂના સ્તંભ' (કુતુબમિનાર) હતો. સાંજનો સમય. ચારે તરફ દીવડાઓ પ્રગટી ચૂક્યા હતા. છાવણીઓમાં મશાલો ભડભડ બળી રહી હતી. મેદાનમાં પણ મશાલો પ્રકાશ પાથરી રહી હતી. રણભૂમિ તરફ પ્રયાણ પહેલાં અહીં આશાપૂર્ણ દેવીની પૂજા કરવામાં આવી. ગળામાં હાર પહેરવામાં આવ્યા હતા. કપાળ પર તિલક અને ચહેરા પર અનેરી ચમક જેમાંથી એ સ્પષ્ટ થતું હતું કે, પોતાના દેશ અને

દેશબાંધવો માટે મરી ફીટવા સૈન્ય તૈયાર હતું. રાજપૂતી શાન દર્શાવતા પોશાક પહેરી સૌ તૈયાર હતા. ઘોડાઓ જમીન પર પગ નહોતા મૂકતા. જાણે ઊડવા માંગતા હોય તેમ જમીન પર પગ પછાડી રહ્યા હતા. સિપાહીઓના કેસરી રંગના પોશાક વાતાવરણમાં અનેરો જોશ અને ઉત્સાહ પેદા કરી રહ્યા હતા. ફોજના ચાર ભાગ પાડવામાં આવ્યા હતા. એક ભાગનું નેતૃત્વ પૃથ્વીરાજ કરશે. બીજા ભાગનું સમરસિંહ અને ત્રીજા ભાગનું નેતૃત્વ કલ્યાણસિંહ અને ચોથા ભાગનું નેતૃત્વ વિજયસિંહને હવાલે હતું. સિપાહીઓ ભારત માતાની જય ! પૃથ્વીરાજ ચૌહાણના જયના ગગનભેદી નારા લગાવી રહ્યા હતા. દરેકના મનમાં એવો નિર્ણય છે કે આ વખતે મહંમદ ઘોરીને એવો હરાવીશું કે જિંદગીમાં ફરી ભારતભૂમિ પર પગ મૂકવાની હિંમત નહીં કરે. ભૂંડા હાલે તેને પરાજય આપવા સૌ થનગની રહ્યા હતા. આખી રાત સૈન્યે તૈયારીઓમાં વિતાવી. પૃથ્વીરાજે બધી વ્યવસ્થા પર નજર ફેરવી લીધી. જ્યારે રાતનો ત્રીજો પ્રહર પૂરો થયો ત્યારે પૃથ્વીરાજ થોડીવાર આરામ કરવા ગયો પણ આરામ કેવો ? પ્રભાત થતાં જ યુદ્ધનાં બ્યૂગલ વાગ્યાં. ઘોડાઓના હણહણાટથી આકાશ ગુંજી ઊઠ્યું. પૃથ્વીરાજ ઊભા થયા. અને અસ્ત્રશસ્ત્ર સજીને તૈયાર થયા. અને તૈયાર થઈને તે સંયુક્તાને મળવા ગયા. સંયુક્તા પૃથ્વીરાજને શસ્ત્રસજ્જ જોઈને આશ્ચર્ય પામી. તેના મોંમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહીં. બંનેને લાગ્યું કે, ફરી મળીએ કે ન મળીએ. આ છેલ્લી મુલાકાત પણ હોય ! કોઈ કશું બોલ્યું નહીં. અલબત્ત પૃથ્વીરાજની આંખો સંયુક્તાને જોઈને ભીની થઈ પણ તેણે આંસુ આવવા ન દીધાં. સંયુક્તા તો બેહોશ બનીને જમીન પર ફસડાઈ પડી. દાસીઓએ આવીને તેને સંભાળી લીધી. પૃથ્વીરાજ પાસે સમય નહોતો. તે રવાના થઈ ગયો. યુદ્ધનાં બ્યૂગલો ગાજી ઊઠ્યાં. રાજાએ સેનાની સલામી ઝીલી. પૃથ્વીરાજના ભાગે ૮૩ હજાર સૈનિકો હતા. એક ટૂંકું ભાષણ





પૃથ્વીરાજે પોતાના સૈનિકોનું મનોબળ વધારવા માટે આપ્યું. અને માતૃભૂમિ ખાતર મરી ફીટવા શૂરવીરો થાનેસરના રણમેદાન તરફ રવાના થયા.

ઘોડાઓના ડાબલાઓનો અવાજ વાતાવરણમાં ઉત્સાહ અને પ્રેરણાદાયક બની ગયો. સિપાહીઓએ પોતાનાં શસ્ત્રો તીર-કમાન-ભાલા, તલવાર બરછી સહિત કૂચ કરી અને સૈન્ય દિલ્હીથી થોડે દૂર આવેલ થાનેસરના રણમેદાન તરફ રવાના થયું. આ યુદ્ધ-રાજ્ય-જમીન કે ધન ખાતર ન હતું થઈ રહ્યું. પણ માતૃભૂમિને વિધર્મી આક્રમણખોર મહંમદ શહાબુદ્દીન ઘોરીથી બચાવવા માટે અને દેશની આઝાદી માટે થઈ રહ્યું હતું. આથી સૈન્યમાં અનેરો ઉત્સાહ, જોશ અને ઉમંગ હતો. સૌના ચહેરા પર વિજય મેળવવાની ઉમ્મીદ હતી. સૌ ખુશખુશાલ માભોમની રક્ષા માટે રવાના થયા. ધન્ય છે એવી

વીર રાજપૂતાણીઓને કે જેઓએ પોતાના પતિઓને પોતાના હાથે અસ્ત્રશસ્ત્ર પહેરાવી કપાળે તિલક કરીને રણભૂમિમાં લડવા માટે મોકલ્યા હતા. પોતાના સુહાગની ચિંતા તેમને નહોતી. કારણ કે રાજપૂતાણીઓ વિજય માટે જ પતિને રણસંગ્રમમાં મોકલી રહી હતી. અને એવી મા કે જે પોતાનાં જુવાનજોધ પુત્રોને આશીર્વાદ આપીને મોકલી રહી હતી. એમ કહીને કે મેં તો તને ફક્ત જન્મ આપ્યો છે પણ તારી જીવનદાતા આ માતૃભૂમિનું રક્ષણ તારે કરવાનું છે. માટે હે પુત્ર ! સુખેથી તું વિજયી બનીને પાછો વળજે. માતૃભૂમિની રક્ષા કરતાં અગર તું કામ આવી જાય તોય મને ચિંતા નહીં થાય. કારણ તેં મારું ધાવણ સફળ બનાવી માતૃભૂમિ માટે કામ આવ્યો, એનાથી વિશેષ રૂડું શું ?

# પૃથ્વીરાજના પતનનો પ્રારંભ

મહંમદ ઘોરીના લશ્કરમાં નવ લાખ સિપાહીઓ હતા. થાનેસરના મેદાન પાસે છાવણીઓ નાંખીને લશ્કર પડ્યું હતું. કેટલુંક લશ્કર મહંમદ ઘોરીએ પાછળનાં જંગલોમાં છુપાવી રાખ્યું હતું. જેથી તે અણીના સમયે નીકળી આવીને લડી શકે.

પૃથ્વીરાજ પણ પોતાનું લશ્કર લઈને આવી પહોંચ્યો હતો. પૃથ્વીરાજને ખાતરી હતી કે, તેના મિત્ર રાજાઓ અને ખંડિયા રાજાઓ મદદે આવી પહોંચશે. પણ કોઈ પહોંચ્યું નહોતું. એનું કારણ હતું વિજયસિંહની ગદ્દારી. એણે કેટલાક રાજાઓને મદદ માટેના પત્રો પહોંચાડ્યા જ નહોતા. કેટલાક રાજાઓને જરૂર નથી. આ તો લખવા ખાતર પત્ર લખ્યા છે એવું કહ્યું હતું. પૃથ્વીરાજ હિંમત હાર્યો નહોતો. તેને એક વાતનું આશ્ચર્ય થતું હતું કે કવિ ચંદને એણે કાંગડાના રાજા હમીરસિંહને મનાવી લાવવા મોકલ્યો હતો. તો હજુ સુધી કવિ ચંદ કેમ પાછો નથી આવ્યો ? અને રાજા હમીરસિંહ મહંમદ



ઘોરી સાથે કેમ ઊભો છે ? શું તેણે મહંમદ ઘોરીને સાથ આપ્યો છે ? શું કવિ ચંદને એણે મારી નાંખ્યા છે ? કવિ ચંદ પાછો કેમ નથી આવ્યો ? પૃથ્વીરાજને લાગ્યું આવી નાની બાબતોની ચિંતા ન કરાય. તેણે પોતાના લશ્કર સાથે જમણી તરફનો મોરચો સંભાળ્યો. ડાબી તરફ સમરસિંહ મોરચો સંભાળીને ઊભા રહ્યા. વચ્ચે આગળનાં ભાગે કુંવર કલ્યાણસિંહ સાવધાન બનીને ઊભા હતા. અને પાછળ વિજયસિંહ પોતાના ભાગનું લશ્કર લઈને મોરચે ઊભો હતો.

પ્રભાતનો ઉજવાસ થતાં જ બંને પક્ષના સિપાહીઓ તૈયાર થઈને ઊભા હતા. નજર નાંખો ત્યાં સુધી મહંમદ ઘોરીનું લશ્કર દેખાઈ રહ્યું હતું. રાજપૂતો બહાદુર અને દિલેર હતા. દુશ્મનની બહોળી સંખ્યાની ફોજ જોઈને પણ તેઓ ડગ્યા નહીં. હિંમતપૂર્વક ઊભા રહ્યા. દરેક સિપાહી પોતપોતાનાં હથિયારો બરછી, ભાલા, તલવારો, તીર-કમાનો સાથે તૈયાર હતા. મહંમદ ઘોરીનું લશ્કર પણ જાણે વિતેલા પરાજયોનો બદલો લેવા છેલ્લું યુદ્ધ લડવા તૈયાર હતા. સમયે સમયે મહારાજા પૃથ્વીરાજનો જય, અને ભારત માતાકી જયના નારાઓ ગગનમાં ગુંજતા હતા. મહંમદ ઘોરી લશ્કરનું ખુદ નેતૃત્વ કરી રહ્યો હતો. અને સામે જ ઊભો હતો. નદીકાંઠા સુધી બેશુમાર સિપાહીઓ પથરાયેલા હતા. અંધારું દૂર થયું. સૂર્યદાદાએ ઉદય થતાં જ ધરતી પર પ્રકાશ પાથરી દીધો. અને બંને લશ્કરો એકમેક સામે ભીડાઈ ગયાં. લડાઈ શરૂ થઈ ગઈ. તલવારોની ખણન... ખણન... તીરોનો વરસાદ થવા લાગ્યો. મારો-કાપોના અવાજો અને હાય... મરી ગયો...ની ચીસો સંભળાવા લાગી. જમીન પર લોહીનો છંટકાવ થવા લાગ્યો. જેથી જમીન જાણે ધ્રૂજવા લાગી. ઘોડાઓના ડાબલા, હાથીઓનાં ભારે પગલાં પડતાં. જમીન અને આકાશ પણ જાણે ડોલવા લાગ્યાં. અફઘાન લશ્કર રાજપૂતોના હિંમતભર્યા હુમલાથી ડઘાઈ ગયું. પૃથ્વીરાજનું મનોબળ પહેલાં કરતાં વધી ગયું. માનવમાથાંઓ ઊડીને જમીન

પર ઢળી પડવા લાગ્યાં. દડવા લાગ્યાં. ત્રણ તરફથી અફઘાન લશ્કરને ઘેરાવમાં લઈને પૃથ્વીરાજે યુદ્ધ કળાનો જોહર બતાવ્યો. ચોથી તરફથી વિજયસિંહ પોતાનું લશ્કર લઈને ચુપચાપ ઊભો હતો. તેણે સમયસર હુમલો કરી ચોથી દિશા બંધ કરી હોત તો પહેલે જ દિવસે અફઘાન લશ્કરનો બુકડો બોલી જાત અને મહંમદ ઘોરી સહિત અનેક અફઘાન પઠાણો માર્યા જાત. પણ વિજયસિંહ નિષ્ક્રિય ઊભો હતો. સિપાહીઓ તેને વિનંતી કરી રહ્યા હતા કે હુકમ આપો તો અમે ચોથી તરફથી હુમલો કરી દુશ્મનોનો સફાયો કરી નાખીએ. પણ વિજયસિંહે કહ્યું – ''હમણાં નહીં. થોડીવાર થોભો પછી જોઈશું.'' વારંવારની સિપાહીઓની વિનવણી વિજયસિંહે નકારી કાઢી. હુમલો કર્યો જ નહીં. સિપાહીઓ લાચાર હતા. સિપાહસાલારના હુકમ વગર તેઓ કશું કરી શકતા નહોતા. દેશઘાતક વિજયસિંહના મનમાં પાપ હતું. તે કશું કરતો નહોતો. રાજા સમરસિંહ અને કુંવર કલ્યાણસિંહનો હુમલો અફઘાનોને ભારે પડ્યો હતો. પૃથ્વીરાજ તીરોનો વરસાદ વરસાવીને અફઘાન સૈન્યનો કચ્ચરઘાણ વાળી રહ્યો હતો. બપોર સુધીમાં તો અફઘાન સૈન્ય ભાંગી પડ્યું. ત્યાં જ કુદરતે નવો ખેલ પાડ્યો. અચાનક વરસાદ તૂટી પડ્યો. રણમેદાનમાં પડેલું લોહી વરસાદના પાણીને લાલ બનાવી ગયું. સિપાહીઓના ઘોડા અને હાથીઓનાં પગલાંઓથી ચારે તરફ કાદવકીચડ થઈ ગયો. વરસાદે અફઘાન લશ્કરના હોશકોશ ઉડાવી દીધા. લશ્કરના પગ ઊખડી રહ્યા હતા. સિપાહીઓ કીચડમાં લપસીને પડી આખડી રહ્યા હતા. અને આખરે નદી તરફનો જે ખાલી ભાગ હતો જ્યાં વિજયસિંહ નિષ્ક્રિય બનીને ઊભો હતો તે તરફથી રસ્તો કરીને અફઘાન સૈન્ય પાછું ભાગવા લાગ્યું. અને જલદી જલદી નદી ઓળંગીને છાવણી ભેગું થઈ ગયું. અને એમનો શ્વાસ હેઠો બેઠો. આજે રાજપૂત સિપાહીઓએ હજારો માથાં વધેરી નાંખ્યાં હતાં. સૌએ મળીને મહાદેવની પૂજા કરી અને રાત્રી સમયે



આશાપૂર્ણાદેવીની સ્તુતિ કરી. અને ગીત ગાતા રહ્યા. આખી રાત રાજપૂત સિપાહીઓએ ખુશીઓ મનાવી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તાપણાં કરીને સિપાહીઓ ટોળકીઓ બનાવી તાપણે બેઠા હતા. અને વાતો કરતા રહ્યા હતા. વહેલી સવારે હજુ અંધારું હતું એવા સમયે સમરસિંહ નદી કિનારે પૂજાપાઠ કરી રહ્યા હતા. ત્યાં એણે જોયું કે અફઘાન પઠાણોનું સૈન્ય ચુપકીદીથી લડાઈના નિયમ વિરુદ્ધ અંધારામાં હુમલો કરવા નદી પાર કરીને આ તરફ આવી રહ્યું હતું. સમરસિંહ ગભરાયા. પણ થોડી જ ક્ષણોમાં તેઓ ઊભા થયા. રાડ નાંખીને એમણે સૌને સાવધાન કર્યા. ખુદ જલદી જલદી તૈયાર થઈને ઘોડા પર બેસી ગયા. સિપાહીઓ પણ જલદી જલદી હાથમાં આવ્યું તે હથિયાર લઈને પઠાણ સૈન્ય સામે લડવા લાગ્યા. હોહા થઈ ગઈ. સમરસિંહે પૃથ્વીરાજ તરફ સિપાહીને મોકલીને સાવધ કર્યા. અચાનક કસમયે થયેલા આ હુમલાથી તેઓ જોશથી લડવા લાગ્યા. પૃથ્વીરાજ આવી પહોંચે એ પહેલાં જ સમરસિંહે પોતાનું લશ્કર લઈને નદીકિનારા સુધી આવીને નદી પાર કરીને આવી રહેલા લશ્કરનો મુકાબલો કર્યો. અનેક સિપાહીઓને તેમણે તીર ચલાવીને નદીમાં જ મોતને ઘાટ ઉતારી લીધા. નદીના વહેતા જળમાં લાશો તણાવા લાગી. અફઘાન સૈન્યને રાજા સમરસિંહ ભારે પડવા લાગ્યા. પણ ઓછું લશ્કર હોવાથી સમરસિંહ લાંબો સમય ટકી ન શક્યા. અફઘાન સૈન્ય કિડિયારાની જેમ ઊભરાતું હતું. જેટલા સૈનિકો મરતા હતા એનાથી ચારગણા સૈનિકો નદી પાર કરીને આવી પહોંચતા હતા. એકલા સમરસિંહ તેને રોકી નહોતા શકતા. અને આખરે તેઓ પઠાણ લશ્કરના સિપાહીઓથી ઘેરાઈ ગયા. અને તલવારના એક કારી ઘાથી તેઓ ઘોડા પરથી પડી ગયા. બે-ચાર બીજા તલવારના ઘા તેઓ પર થયા. અને સમરસિંહ બીજે દિવસે જ વહેલી સવારમાં માતૃભૂમિના ચરણોમાં નિશ્ચેતન

બની ગયા. એ જોઈને કુંવર કલ્યાણસિંહ ઉશ્કેરાઈ ગયા. અને વધુ જોશથી તેઓ પઠાણ લશ્કર સામે તલવાર વીંઝવા લાગ્યા. પરંતુ પઠાણોનું બહોળું લશ્કર તેમને ઘેરી વળ્યું. અને કુંવર કલ્યાણસિંહ પઠાણોની તલવારોના ઘા ઝીલતા ઝીલતા મા ભારતની ગોદમાં સૂઈ ગયા. બીજા દિવસે સવારમાં જ આ બે યોદ્ધાઓનાં મૃત્યુથી પૃથ્વીરાજને જોરદાર ફટકો પડ્યો. જો કે રાજપૂત સૈનિકો એટલા જ ઉત્સાહિત હતા. તેઓ જીવ હથેળી પર લઈને પઠાણ સૈન્યનો ખૂરદો બોલાવી રહ્યા હતા. બીજા દિવસની લડાઈ ધમસાણ સ્વરૂપ ધારણ કરવા લાગી. પૃથ્વીરાજ હવે જીવવાની આશા છોડીને પઠાણોને બોધપાઠ આપવા વધુ તીવ્રતાથી, વધુ હિંમતથી અને વધુ જોશથી લડતા રહ્યા. તેમની પાસે સિપાહસાલાર કોઈ રહ્યું નહીં. વિજયસિંહ ગદ્દાર નીકળ્યો. વીરયોદ્ધા ચામુંડરાયે કમાન સંભાળી લીધી. પૃથ્વીરાજના કાકા કાન્હારાય પણ રહ્યા નહોતા. તેઓ પૃથ્વીરાજની મગરૂરીથી થયેલા આંતરિક યુદ્ધોમાં જ ખપી ગયા હતા. પૃથ્વીરાજે કરેલી ભૂલો હવે સ્પષ્ટ દેખાવા લાગી. સફળતાથી જે માનવી છક્કી જાય છે તેનું જે પરિણામ આવે છે એ પૃથ્વીરાજને સમજાવા લાગ્યું. બીજું રાજાની નિષ્ક્રિયતા કેવું પરિણામ લાવી શકે છે એ પણ સ્પષ્ટ થવા લાગ્યું. પૃથ્વીરાજને પસ્તાવો થવા લાગ્યો. પણ હવે શું થાય ! રાજપૂત સૈનિકો જાણે મહાદેવના રાક્ષસોની જેમ ઝનૂનપૂર્વક લડતા રહ્યા અને પઠાણ સૈન્યનો ખાતમો થવા લાગ્યો. ધરતી લોહીથી લથપથ થવા લાગી. લાશોના ઢગલા થવા લાગ્યા. પૃથ્વીરાજ અને ચામુંડરાવે મોરચો સંભાળી લીધો. બપોર થતાં સુધીમાં તો પઠાણ સૈન્ય તોબાહ પોકારી ઊઠ્યું. સામે મહંમદ ઘોરી અને કાંગડાના રાજા હમીરસિંહ લશ્કરનું નેતૃત્વ કરી રહ્યા હતા. અચાનક ચામુંડરાવ ગર્જ્યા અને પૃથ્વીરાજને તેણે પૂછ્યું – ''મહારાજ ! મહંમદ ઘોરીનું માથું વાઢી લાવું કે હમીરસિંહનું ? બોલો હું આપને એ ભેટ આપવા માંગું છું.''



પૃથ્વીરાજે કહ્યું – ''ચામુંડરાવ, મહંમદ ઘોરીને હું મોતને ઘાટ ઉતારીશ. તમે ગદ્દાર હમીરસિંહનું માથું વાઢી લાવો.'' બસ હુકમની વાર હતી. ચામુંડરાવ તૂફાનની જેમ પઠાણ લશ્કરમાં ઘૂસી ગયા. અને જોતજોતામાં હમીરસિંહનું માથું તલવારના એક ઘાથી વાઢીને ઘોડો દોડાવી ભાલાની અણી પર હમીરસિંહનું માથું ભરાવી પૃથ્વીરાજ સામે આવી ઊભા. પૃથ્વીરાજ ચામુંડરાવની આ બહાદુરી જોઈને આભા બની ગયા. તેણે મહંમદ ઘોરીનું માથું માંગ્યું હોત તો એ પણ મળી જાત. અને તો પઠાણ લશ્કર પર વિજય મેળવવામાં થોડીક જ ક્ષણો લાગત. પણ પૃથ્વીરાજે ગુસ્સાના આવેશમાં દગાખોર હમીરસિંહનું માથું માંગ્યું હતું. એ માથું તેને મળી ગયું. મહંમદ ઘોરી સુધી પહોંચીને તેની પડખે લડી રહેલા હમીરસિંહનું માથું વાઢી જનાર ચામુંડરાવને જોઈને પઠાણ લશ્કરમાં ધ્રાસ્કો પડી ગયો. સિપાહીઓ ઢીલા પડી ગયા. રાજપૂત સૈન્ય તેઓને મૂળા અને ગાજરની જેમ વાઢી રહ્યા હતા. સાંજ પડવા આવી હતી. પૃથ્વીરાજ ચામુંડરાવ પર ખૂબ ખુશ થયા હતા. તેને સાથે લઈને તેઓ છાવણી પર આવી પહોંચ્યા. સાંજનું અંધારું થતાં લડાઈ બંધ થઈ.

રાત્રે લડાઈ અંગેની એક બેઠક યોજાઈ જેમાં પૃથ્વીરાજે ચામુંડરાવનાં ભરપેટ વખાણ કર્યાં. એ મિટિંગમાં વિજયસિંહ પણ હાજર હતો. આવતી કાલ માટેની ગોઠવણ વિષે ચર્ચા થઈ. અને સભા પૂરી થતાં વિજયસિંહ ચાલ્યો ગયો. જાહેર રીતે વિજયસિંહ પૃથ્વીરાજનો સિપાહસાલાર અને હિતેચ્છુ હતો. પણ અંદરખાને તે પૃથ્વીરાજનો દુશ્મન હતો. તે બધી યોજનાઓ મહંમદ ઘોરીને અગાઉથી જ જણાવી દેતો. જે જે યુદ્ધની ગોઠવણ પૃથ્વીરાજ કરતો તેની આગોતરી જાણ મહંમદ ઘોરીને વિજયસિંહ દ્વારા થઈ જતી હતી. પણ આજના યુદ્ધમાં પઠાણોએ હજારો સિપાહીઓ ગુમાવ્યા હતા. રાજપૂત સૈન્યનો જોશ અને ઉત્સાહ જરાય ઓછો થયો નહોતો. એ જોઈને પઠાણ સૈન્ય

ગભરાવા લાગ્યું હતું. પાછા વળવાની યોજના વિચારી રહ્યા હતા. ત્યાં જ વિજયસિંહનો સંદેશો મહંમદ ઘોરીને મળ્યો. જેમાં વિજયસિંહે જણાવ્યું હતું કે, ‘‘છેલ્લો વિજય તમારો જ થવાનો છે. નાસીપાસ થવાની જરૂર નથી. ગભરાવાની જરૂર નથી. છેલ્લા ઉપાય તરીકે તમે યુદ્ધમાં વપરાતી દગાબાજીથી કામ લ્યો. અને પૃથ્વીરાજને સંધિ કરવાનું કહેણ મોકલો. પછીની સ્થિતિ હું જોઈ લઈશ. પૃથ્વીરાજ જરૂર સંધિ કરશે.’’

મહંમદ ઘોરીને આ વાત ગમી. જોકે તેના સલાહકારો અને સિપાહસાલારો પૃથ્વીરાજની બહાદુરી અને રાજપૂતોની તલવારોથી ભયભીત બની ગયા હતા. તેઓ પાછા વળવાની જ સલાહ આપતા હતા. પૃથ્વીરાજને જીતી નહીં શકાય. અને ફરી હારી જવાશે તો હવે પૃથ્વીરાજ તમને માફી નહીં આપે એવી બીક બતાવી. જોકે મહંમદ ઘોરીને પણ એવું લાગતું હતું કે સિપાહસાલારોની વાતમાં દમ છે. પણ છેલ્લા ઉપાય તરીકે એણે વિજયસિંહની વાત માની લીધી. અને એક એલચીને મોકલીને સંધિપત્ર મોકલ્યો અને કહેવડાવ્યું કે, નકામા સિપાહીઓનું લોહી વહેવડાવવાનો કોઈ અર્થ નથી. એટલે સંધિ કરીને યુદ્ધ બંધ કરીએ. પૃથ્વીરાજને પણ માનવતાના ધોરણે એવું લાગ્યું કે માનવોનો સંહાર કરવાનો કે લોહી વહેવડાવવા કરતાં સંધિ કરવી હિતાવહ છે. આથી એણે સંધિપત્ર પર સહી કરી એલચીને આપ્યો. લશ્કરમાં આ સમાચાર પ્રસરતાં જ ખુશીની લહેર પ્રસરી ગઈ. આખા ભારતમાં સંધિના સમાચાર ફેલાતાં પ્રજાએ રાહતનો દમ લીધો. સૌ ખુશીઓ મનાવવા લાગ્યા. પણ દગાબાજ મહંમદ ઘોરી પર ફરી વિશ્વાસ કરીને પૃથ્વીરાજે બેદરકારી દાખવી હતી. તેણે ભવિષ્યની વ્યવસ્થાને અવગણીને સિપાહીઓને ખુશીઓ મનાવવા દીધી. સંરક્ષણ અને રક્ષણની વ્યવસ્થા કરી નહીં. તેણે ફરી એકવાર દગાબાજ મહંમદ ઘોરીને તક આપી. જેના કારણે બીજે જ દિવસે



મહંમદ ઘોરીએ પૃથ્વીરાજના ખુશીઓ મનાવી રહેલા નિશ્ચિંત બની ગયેલા અને હથિયારો ત્યજી ચૂકેલા સૈન્ય પર જોરદાર હલ્લો બોલાવી દીધો. અચાનક ઊંઘી રહેલા લશ્કર પર પઠાણ સૈન્ય ત્રાટક્યું. સૌ બેબાકળા બની ગયા. પૃથ્વીરાજની તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. તેણે ધાર્યું ન હતું કે પઠાણ મહંમદ ઘોરી આટલી હદે નીચતાભર્યું કૃત્ય કરશે. પણ હવે શું થાય ? મુકાબલો કર્યા વિના છૂટકો નહોતો. સિપાહીઓ હથિયારો શોધી શોધીને તૈયાર થવા લાગ્યા. પૃથ્વીરાજ અને ચામુંડરાવ નેતૃત્વ તો ઠીક સૌને એકઠા પણ ન કરી શક્યા.

વિજયસિંહ ક્યાંય દેખાતો નહોતો. પૃથ્વીરાજને હવે ભાન થઈ કે તે ક્યાં ગોથું ખાઈ ગયો છે. પણ હવે બીજું કાંઈ વિચારવાનો સમય નહોતો. જેમ તેમ તૈયારી કરીને પઠાણ સૈન્યનો મુકાબલો કરવા લાગ્યા. થોડી જ વારમાં ચામુંડરાવ એક પઠાણની તલવારનો ભોગ બની ગયા. લશ્કરમાં નાસભાગ થવા લાગી. પૃથ્વીરાજ હજુ ઉત્તેજનાપૂર્વક લડી રહ્યો હતો. પણ એ પણ ત્રણ તરફથી ઘેરાઈ ચૂક્યો હતો. અચાનક છાવણીમાં આગ લાગી હોય તેમ જણાયું. આગના ભડકા વધતા જતા હતા. સિપાહીઓનું ધ્યાન આગ તરફ જવા લાગ્યું. જેના કારણે પઠાણ સિપાહીઓની તલવારનો ભોગ બનવા લાગ્યા. પૃથ્વીરાજનું લશ્કર ખૂટવા આવ્યું હતું. થોડું જ સૈન્ય હવે બચ્યું હતું. પણ રાજપૂત સિપાહીઓ રણમેદાનમાં ઝઝૂમી રહ્યા હતા. એક પણ રાજપૂત જીવ બચાવી ભાગવાનું વિચારતો નહોતો. રણમેદાનમાં સાચો રાજપૂત પીઠ બતાવીને ભાગે નહિ. એ વાતને યથાર્થ ઠરાવતા સૈનિકો મુકાબલો કરતા રહ્યા. પૃથ્વીરાજ ઘેરાઈ ચૂક્યો હતો. તેના તરકશમાં તીર ખૂટવા આવ્યાં હતાં. અચાનક મહંમદ ઘોરીનો અવાજ આવ્યો. ‘‘પૃથ્વીરાજ ! તું ઘેરાઈ ચૂક્યો છે. અને તું અમારો કેદી છે. હથિયાર હેઠાં મૂકીને શરણે આવી જા.’’

પૃથ્વીરાજે આમતેમ જોયું. મહંમદ ઘોરીની વાત સાચી હતી.

તે બધી બાજુથી ઘેરાઈ ચૂક્યો હતો. તેની પાસે ફક્ત એક જ તીર બચ્યું હતું તે ચલાવી શકે એટલી સગવડતા નહોતી. ચારે બાજુથી સિપાહીઓની તલવારો તેના પર ઝળૂંબી રહી હતી. મહંમદ ઘોરીએ હુકમ કર્યો – ‘‘પૃથ્વીરાજને બાંધી લો. અને કેદી બનાવી મારી સામે રજૂ કરો.’’

પૃથ્વીરાજને મુશ્કેટાટ બાંધી લેવામાં આવ્યો. તેની કમાન અને તીર આંચકી લેવામાં આવ્યાં. પૃથ્વીરાજને બંદી બનાવી લેવામાં આવ્યો. યુદ્ધ સમાપ્ત થઈ ગયું. હિન્દુસ્તાનની ભૂમિનો રક્ષક પૃથ્વીરાજ બંધનમાં આવી ગયો. કોઈ અન્ય સરદાર બચ્યા ન હતા. ગદ્દાર વિજયસિંહ અને દેશદ્રોહી જયચંદના કારણે હિન્દુસ્તાનનો ઇતિહાસ પલટાઈ ગયો. છેલ્લા હિન્દુ રાજા પૃથ્વીરાજનું પતન થયું. ભારતના ભાગ્યનો અસ્ત થઈ ગયો.

સને ૧૧૦૧માં ભારતમાતા પરધર્મીઓનાં પગતળે આવી ગઈ. સ્વાર્થમાં અંધ બનેલા ગદ્દાર જયચંદ અને વિજયસિંહ થકી મહંમદ ઘોરી પૃથ્વીરાજ જેવા વીર યોદ્ધાને બંદી બનાવી શક્યો. પોતાની શક્તિથી નહીં પણ દગાબાજી અને ચાલબાજીથી. આ રીતે વાયુવેગે આ સમાચાર દિલ્હીમાં પહોંચ્યા. લોકો ગભરાઈ ગયા. દુકાનો બંધ થઈ ગઈ. ઘરોનાં બારણાં વસાઈ ગયાં. સૌના ચહેરા પર પૃથ્વીરાજની હારના કારણે જે ચિંતા હતી એના કરતાંય મહંમદ ઘોરીના અત્યાચારનો ભય વધુ ડોકાતો હતો. હવે શું થશે? શું કરવું?? એવા પ્રશ્નો સૌના ચહેરા પર દેખાતા હતા.

પઠાણ સૈનિકોએ પૃથ્વીરાજની છાવણીમાં લૂંટ ચલાવી. છાવણીને આગ ચાંપી દીધી. લોકોમાં ભય અને ડર પેસી ગયો. ગભરાટના કારણે કોઈ કશું બોલી ન હતું શકતું. ચારે તરફ રુદન અને આક્રંદ થઈ ફેલાઈ ગયાં.

જયચંદને મહંમદ ઘોરીના સમાચાર મળ્યા. પૃથ્વીરાજના બંદીવાન



બન્યાનું જાણીને તેના હૃદયની આગ ઠંડી પડી. તેણે એક પત્ર લખીને દૂતને મહંમદ ઘોરી તરફ મોકલ્યો. પત્રમાં લખ્યું હતું.

હજૂરે આલા બાદશાહ મહંમદ શહાબુદ્દીન ઘોરી.

દુઆ સલામ સાથે આપને વિજયના અભિનંદન પાઠવું છું. તમે પૃથ્વીરાજ જેવા હઠીલા અને મગરૂર રાજાને બંદીવાન બનાવ્યા એ જાણીને ખુશી થઈ.

હું આપને આપનું વચન યાદ દેવડાવવા માંગું છું. આપે આપેલું દિલ્હીનો તખ્ત મને સુપ્રદ કરવાનું વચન હવે પૂરું કરવા મારી વિનંતી છે. આપનો વિજય થયો. હિન્દુસ્તાનમાંથી જે કાંઈ લૂંટફાટ કરીને તમને મળે એ તમારું અને દિલ્હીનું તખ્ત મારું. એ આપનું વચન આપ ક્યારે પૂર્ણ કરો છો એ જાણ કરશો જેથી દિલ્હીનું રાજ્ય સંભાળી લેવા હું દિલ્હી આવી પહોંચું.

આપનો હિતેચ્છુ
જયચંદ

મહંમદ ઘોરી પત્ર વાંચીને ખડખડાટ હસી પડ્યો. તેણે કહ્યું – દેશદ્રોહી અને મૂર્ખ જયચંદ દિલ્હીનો રાજા બનવા માંગે છે. હું શું ફક્ત દિલ્હીની ધૂળ ખાવા અહીં સુધી આવ્યો છું? પછી એણે પત્રનો જવાબ લખીને દૂતને આપ્યો. તેણે જવાબમાં લખ્યું હતું :

દેશદ્રોહી અને મૂર્ખ જયચંદ!

મને આશ્ચર્ય થાય છે કે તું હજુ દિલ્હીનો રાજા બનવાનું સપનું જુએ છે? હું ગઝનીથી અહીં સુધી ધૂળ ફાકતો આવ્યો છું. લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. હજારો સિપાહીઓને રહેંસાવી નાંખીને માંડ દિલ્હી પર વિજય મેળવ્યો છે. મારી લાંબા સમયની ઇચ્છા પરિપૂર્ણ થઈ છે, તો શું એ રાજ્ય હું તને આપી દઉં? તારા જેવા દેશદ્રોહી અને મૂર્ખ રાજાઓના કારણે જ મારો

વિજય થયો છે. હવે હું હિન્દુસ્તાન પર શાસન કરીશ. પૃથ્વીરાજને હરાવ્યા છે. હવે તારો વારો છે. તું લડવા તૈયાર રહેજે. મારું લશ્કર તને હરાવવા આવી રહ્યું છે. જંગમાં મારો વિજય થશે.

આમીન.

બાદશાહ

મહંમદ શાહબુદ્દીન ઘોરી

તુરત જ મહંમદ ઘોરીએ શાજાખાન નામના સરદારને લશ્કર લઈને કનોજ પર હલ્લો કરવા મોકલી આપ્યો. ગદ્દાર વિજયસિંહની પણ એવી જ હાલત મહંમદ ઘોરીએ કરી. એને પકડી મંગાવીને તેની ચામડી ઉતરડીને તેને મારી નાંખવામાં આવ્યો. આમ બંને દેશદ્રોહી ગદ્દારોને એનાં કર્મોની સજા મળી ગઈ. ત્યારબાદ ઘોરીએ ફીરોઝખાનને દિલ્હીનો હવાલો સોંપીને ખુદ બંદીવાન પૃથ્વીરાજને લઈને ગઝની આવ્યો. પૃથ્વીરાજને મહેલના એક તરફના ઓરડામાં બંદીવાન બનાવી કેદ કરવામાં આવ્યો. તેની સરભરા માટે આઠ હિન્દુ સેવકોને તૈનાત કર્યા. જેઓ પૃથ્વીરાજની રસોઈ વગેરે બનાવતા અને તેની સરભરા કરતા. મહંમદ ઘોરી હિન્દુસ્તાન પર વિજય મેળવ્યા પછી સંતુષ્ટ થયો હતો. પૃથ્વીરાજ જેવા બહાદુર રાજાની શૂરવીરતા એણે નજરોનજર નિહાળી હતી. તેની રાજપૂતી શાન અને ન્યાય કરવાની નીતિ પણ મહંમદ ઘોરીને યોગ્ય લાગી હતી. આથી જ એણે પૃથ્વીરાજને મારી નાંખવાને બદલે બંદીવાન બનાવી રાખ્યો હતો. અને એની સરભરા માટે પૃથ્વીરાજની ઇચ્છા પ્રમાણે હિન્દુ સેવકોને તહેનાતમાં રાખ્યા હતા. પણ પૃથ્વીરાજને કોઈ બાબતમાં વાંધો પડતાં એણે અનશન શરૂ કર્યા. પૃથ્વીરાજના અનશનનું સાંભળી મહંમદ ઘોરીને ચિંતા થઈ. સેવકોએ તેમને સમજાવવા પ્રયત્ન કર્યા. પણ પૃથ્વીરાજ માન્યો નહીં. આથી એક દિવસ મહંમદ ઘોરી ખુદ પૃથ્વીરાજને મનાવવા આવ્યો અને અનશન છોડી દેવા કહ્યું – ત્યારે





પૃથ્વીરાજે મહંમદ ઘોરી પર ગુસ્સો કરતાં આંખો ફાડીને તેની સામે જોયું. મહંમદ ઘોરીને પૃથ્વીરાજની આંખો બતાવવાની ક્રિયા ગમી નહીં. તેણે તુરત જ હુકમ કર્યો કે ''પૃથ્વીરાજ જે આંખો મને બતાવે છે એ આંખો કાઢી નાંખો !'' હુકમનો તુરત જ અમલ થયો અને સિપાહીએ પૃથ્વીરાજની બંને આંખો કટારીથી કાઢી નાંખી. પૃથ્વીરાજનું જીવન અંધકારમય બની ગયું. તે વિવશ હતો. બંદીવાન હતો. પૃથ્વીરાજનું કાંઈ ચાલી શકે તેમ નહોતું. મહંમદ ઘોરી પૃથ્વીરાજનો પ્રશંસક હોવા છતાંય તેની એવી અવદશા કરી નાંખી. પૃથ્વીરાજના સેવકો આ જોઈને દ્રવી ઊઠ્યા. પણ પૃથ્વીરાજ બહાદુરીપૂર્વક સહન કરતો રહ્યો. તેની બંને આંખો ચાલી જતાં તેનું જીવન અંધકારમય બની ગયું.

કવિ ચંદને પૃથ્વીરાજે યુદ્ધ વખતે કાંગડાના શાસક હાહોલીરાય હમીરસિંહને મનાવવા મોકલ્યા હતા. તે હમીરસિંહ કાંઈ બહુ મોટા

રાજા નહોતા. કાંગડામાં તેનું હજાર બે હજાર સૈનિકોનું લશ્કર હતું. પણ તે ખુદ બહાદુર હતા. પૃથ્વીરાજના લશ્કરમાં હમીરસિંહ સેનાપતિ હતા. એકવાર પૃથ્વીરાજે ભરી સભામાં તેનું અપમાન થાય તેવાં વચનો કહ્યાં હતાં. પૃથ્વીરાજની અન્ય ભૂલોમાંની આ પણ એક ભૂલ હતી. વિના કારણે તેણે હમીરસિંહનું અપમાન કર્યું હતું. આથી ખીજાઈને હમીરસિંહ રિસાઈ ગયા હતા. અને સેનાપતિપદ છોડીને કાંગડા જતા રહ્યા હતા.

યુદ્ધ સમયે પૃથ્વીરાજને એવા બહાદુર લડવૈયાઓની જરૂરત હતી. સમરસિંહે તેને કહ્યું કે હમીરસિંહને મનાવીને લઈ આવો. ત્યારે પૃથ્વીરાજે કવિ ચંદને હમીરસિંહ પાસે કાંગડા મોકલ્યો હતો. પણ કવિ ચંદ યુદ્ધ સમાપ્ત થતાં સુધી પાછો આવ્યો નહોતો. આથી પૃથ્વીરાજને લાગ્યું હતું કે હમીરસિંહ મહંમદ ઘોરીની મદદમાં આવ્યો છે. તો જરૂર એણે કવિ ચંદને મારી નાંખ્યા હોવા જોઈએ. આથી એણે ગુસ્સે થઈને ચામુંડરાવને હમીરસિંહનું માથું કાપી લાવવા કહ્યું હતું. જો એણે મહંમદ ઘોરીનું માથું માંગ્યું હોત તો આજે આવી પરિસ્થિતિ પેદા ન થઈ હોત.

પૃથ્વીરાજ આંખો ગુમાવીને પોતાની ભૂલો જે એની બેદરકારીના કારણે થઈ હતી તેને યાદ કરી રહ્યો હતો.

કવિ ચંદ જ્યારે કાંગડા હમીરસિંહ પાસે પહોંચ્યો હતો ત્યારે હમીરસિંહે કવિ ચંદને કહ્યું કે, મારું અપમાન કરનાર પૃથ્વીરાજને હું શા માટે મદદ કરું ? મને શું મળશે ? મહંમદ ઘોરીએ તો મદદના બદલામાં મને અડધું પંજાબ આપવાનું વચન આપ્યું છે. પૃથ્વીરાજને હું શા માટે મદદ કરું ?''

કવિ ચંદે તેને સમજાવ્યા હતા. ''હમીરસિંહ ! તમે રાજપૂત છો. ભારતમાતાનું રક્ષણ કરવાની તમારી ફરજ છે. મહંમદ ઘોરી પરધર્મી છે. એનો વિજય થશે તો દેશ પરધર્મીઓના હાથમાં જતો



રહેશે. ધર્મને ખાતર, રાજપૂતી શાન-બાન અને આનને ખાતર પણ તમારે ગઈ ગુજરી ભૂલીને પૃથ્વીરાજને મદદ કરવી જોઈએ.''

હમીરસિંહે કટાક્ષ કરતાં કહ્યું – ''કવિ ચંદ ! તમે મને રાજપૂતી શાન અને હિન્દુ ધર્મની વાતો કરીને ભરમાવશો તો હું ભરમાઈ જઈશ એમ ન માનશો. પૃથ્વીરાજ આ વખતે મહંમદ ઘોરીને હરાવી શકે તેમ નથી. પૃથ્વીરાજ પાસે છે શું ? લડવૈયાઓ ક્યાં છે ? સિપાહીઓ પણ નથી. મહંમદ ઘોરી લાખો સિપાહીઓનું લશ્કર લઈને આવ્યો છે. આ વખતે વિજય મહંમદ ઘોરીનો જ થશે. હું મારો અંગત લાભ જતો કરીને પૃથ્વીરાજને મદદ કરવા તૈયાર નથી.''

કવિ ચંદે હમીરસિંહને સમજાવ્યા. ''હમીરસિંહ ! જય-પરાજય આપણા હાથની વાત નથી. લડાઈમાં એક પક્ષ જીતે છે અને બીજો પક્ષ હારે છે. કોણ જીતશે તેની આગાહી થઈ શકતી નથી માટે તમે રાજપૂતી શાન જાળવો અને ધર્મને ખાતર પણ પૃથ્વીરાજને સાથ આપો. લાલચના કારણે પરધર્મીઓને સાથ આપવાનું માંડી વાળો.''

હમીરસિંહ કોઈ રીતે માનતો ન હતો. આખરે એણે એક શરત મૂકીને કહ્યું – ''કવિ ચંદ ! હું એક શરત મૂકું છું. આપણે બંને જલ્પાદેવીની મૂર્તિ સમક્ષ બે ચિઠ્ઠીઓ બનાવી મૂકીએ. એકમાં પૃથ્વીરાજનું નામ અને બીજી ચિઠ્ઠીમાં મહંમદ ઘોરીનું નામ લખીએ. પછી એક ચિઠ્ઠી ઉપાડીએ. જેનું નામ આવે હું તેને સાથ આપીશ.''

કવિ ચંદ હમીરસિંહની હઠ આગળ ઝૂક્યા અને કહ્યું – ''ચાલો. એમ કરીએ પણ આપણી જીદના કારણે દેવી-દેવતાઓને સંડોવીએ તે સારું ન ગણાય.''

બંને જલ્પાદેવીના મંદિરે આવ્યા. બે ચિઠ્ઠીઓ બનાવીને દેવીની મૂર્તિ સમક્ષ મૂકી. અને કવિ ચંદ જલ્પામાતાની સ્તુતિ કરવા બેઠા. અને પછી એમણે આંખો મીંચીને પ્રાર્થના કરવાની શરૂઆત કરી.

હમીરસિંહને લાગ્યું કે કવિ ચંદ ભલે પ્રાર્થના કરતો. હું છટકી જાઉં ! એવું વિચારીને એણે મંદિરમાંથી બહાર આવી. મંદિરનો દરવાજો બંધ કરી તાળું વાસી દીધું. અને ત્યાંથી રવાના થઈ ગયો. કવિ ચંદ મંદિરમાં કેદ થઈ ગયો. હમીરસિંહ મહંમદ ઘોરી પાસે પહોંચી ગયો. કવિ ચંદ કેટલાય દિવસ સુધી ભૂખ્યો-તરસ્યો કેદમાં પડ્યો હતો. તે જ્યારે બહાર નીકળ્યો ત્યારે ભૂખ-પ્યાસના કારણે તેનું શરીર શક્તિહીણ બની ગયું હતું. એણે સાંભળ્યું દિલ્હીનો વિનાશ થઈ ગયો છે. પૃથ્વીરાજનું પતન થઈ ગયું છે. અને મહંમદ ઘોરી તેને કેદ કરીને ગઝની લઈ ગયો છે. એટલું સાંભળીને કવિ ચંદ ખૂબ જ દુઃખી થઈ ગયો. હમીરસિંહની કરતૂતથી તે યુદ્ધ સમયમાં પૃથ્વીરાજથી વિખૂટો પડી ગયો હતો. તેનું મન ખિન્ન થઈ ગયું. એ દિલ્હી આવીને પોતાના ઘરમાં ગોંધાઈ રહ્યો. અઢી મહિના સુધી તે ઘરમાં એક જ ઓરડામાં ગોંધાઈ રહ્યો. બહાર પગ પણ ન મૂક્યો. એ અઢી માસ દરમિયાન એણે સાત હજાર છંદકાવ્યોમાં પૃથ્વીરાજરાસો લખ્યું. અને એણે પોતાના મોટા પુત્રને વંચાવ્યું. અને તેને પોથી સુપ્રદ કરીને કવિ ચંદે ગઝની જવાની તૈયારી કરી. તે ગઝની જવા નીકળ્યો ત્યારે હિન્દુ સાધુ જેવો વેશ પહેરી લીધો અને ધીમે ધીમે તે ગઝની આવી પહોંચ્યો.

એણે હિન્દુ સાધુ જેવો વેશ પહેર્યો હતો. ગઝની પહોંચ્યો ત્યારે કવિ ચંદે જોયું કે, નગરની બહાર બેચાર ગાઉ સુધી હજારો હાથીઓ અને ઘોડાઓ ઊભા હતા. લશ્કરના સિપાહીઓની અવરજવર ખૂબ મોટા પ્રમાણમાં હતી. લશ્કરની છાવણી જેવું દશ્ય સર્જાઈ રહ્યું હતું. આટલું વિશાળ લશ્કર જોઈને કવિ ચંદ ઘડી ભર તો ડરી ગયો. બાદશાહ મહંમદ ઘોરી સુધી કેવી રીતે પહોંચવું એનો વિચાર કરતો કરતો કવિ ચંદ ભીડમાંથી માર્ગ કરતો બાદશાહના મહેલ સુધી પહોંચ્યો. તો ત્યાં હજારો સશસ્ત્ર સૈનિકો મહેલની ફરતે



ઊભા હતા. તેઓ મહેલની રક્ષા માટે નિયુક્ત હતા. કવિ ચંદે હિંમત કરીને આગળ વધવા પ્રયત્ન કર્યો તો એક સિપાહીએ તેને રોક્યો. ‘‘એય... ! એય... !! તું કોણ છે ? અને ક્યાં જાય છે ??’’

કવિ ચંદે કહ્યું – ‘‘હું એક હિન્દુ ફકીર છું. જ્યોતિષ જાણું છું. કવિ પણ છું. કવિતા ગાયન-વાદન કરું છું. મનોરંજન કરી શકું છું. દિલ્હીથી આવ્યો છું. બાદશાહ સલામત પાસે જવું છે.’’

એક અન્ય સિપાહીએ તેને ઓળખી લેતાં કહ્યું – ‘‘તું કવિ ચંદ છે. તું હિન્દુ છે. પૃથ્વીરાજનો મિત્ર છે. જરૂર તું કોઈ બખેડો ખડો કરીશ.’’

આ સાંભળીને કવિ ચંદને લાગ્યું કે અહીં વધુ વાર રોકાવાનો અર્થ નથી. ઊલટાના ફસાઈ જવાશે. આથી આગળ સરકી ગયો. બીજે દિવસે સવારમાં બાદશાહ મહંમદ ઘોરી ઘોડા પર બેસીને આવી રહ્યો હતો. ત્યારે કવિ ચંદ તેના માર્ગમાં ઊભો રહી ગયો. અને ઊંચા અવાજે કહ્યું – ‘‘હે બહાદુર રાજાઓને હરાવનારા બાદશાહ ! મારે તમારાં દર્શન કરવાં છે. જરા ઊભા રહો.’’

સિપાહીઓએ તેને માર્ગમાંથી હટાવવા પ્રયત્ન કર્યો. પણ બાદશાહે કવિ ચંદના શબ્દો સાંભળી લીધા હતા. આથી એણે સિપાહીઓને દૂર રહેવાનો હુકમ કર્યો. કવિ ચંદે પાસે આવીને બાદશાહને સલામ કરતાં કહ્યું – ‘‘હે બાદશાહ ! તમે રાજપૂત રાજાઓને હરાવનારા બહાદુર બાદશાહ છો. એથી હું તમારાં દર્શન કરવા છેક દિલ્હીથી અહીં આવ્યો છું.’’

‘‘તમે કોણ છો ? અને શું ઇચ્છો છો ?’’ બાદશાહે પૂછ્યું.

કવિ ચંદે કહ્યું – ‘‘હું કવિ ચંદ છું. મારે તમારાં દર્શન કરવા હતાં. તે થઈ ગયાં બસ.’’

બાદશાહે કહ્યું – ‘‘અચ્છા. તો તમે કવિ ચંદ છો ? પણ તમે યુદ્ધ દરમિયાન દેખાયા જ નહીં. ક્યાં હતા તમે ? પૃથ્વીરાજની

સાથે તમે કેમ નહોતા ?''

કવિ ચંદે ગળગળા સ્વરે અને ભીની આંખે કહ્યું – ''એ બહુ લાંબી વાત છે.''

''સારું. સારું. આપણે કાલે મળીએ, મારે તમારી વાત સાંભળવી છે.'' બાદશાહે કહ્યું અને હુકમ કર્યો કે, કવિ ચંદ મહેમાન છે. એનો યોગ્ય બંદોબસ્ત રહેવા અને જમવાનો કરવામાં આવે. અમે કાલે મળીશું.''

કવિ ચંદની રહેવા અને જમવાની વ્યવસ્થા ભીમસિંહ નામના એક ક્ષત્રિયને ઘેર રાજ્ય તરફથી કરવામાં આવી. કવિ ચંદને ભીમસિંહના ઘરમાં ઉતારો આપવામાં આવ્યો. રાત્રે ભીમસિંહે કવિ ચંદને પૃથ્વીરાજની આંખો કાઢી નંખાઈ છે તે વાત કરી. કવિ ચંદ ખૂબ દુઃખી થઈ ગયા. તેનું હૃદય રડતું હતું. પૃથ્વીરાજ જેવા બહાદુર અને શૌર્યવાન રાજાની આવી સ્થિતિ સાંભળીને એનું મન ખિન્ન બની ગયું. તેને પસ્તાવો થતો હતો કે તે પૃથ્વીરાજની સાથે યુદ્ધમાં હોત તો કેવું સારું થાત. હું મારા મિત્રની સાથે હોત. પણ આ દગાબાજ હમીરસિંહે મને કેદ કરી લીધો. પૃથ્વીરાજ શું વિચારતો હશે મારા વિષે ?

સવારે તે બાદશાહને સભામાં મળ્યો. મહંમદ ઘોરીના સલાહકારોએ તેને કવિ ચંદને ન મળવાની સલાહ આપી. પણ મહંમદ ઘોરી માન્યો નહીં. એણે કવિ ચંદને બોલાવ્યો અને ફરી એ જ પ્રશ્ન પૂછ્યો – ''તમે યુદ્ધ દરમિયાન ક્યાં હતા ? પૃથ્વીરાજ તમારો મિત્ર છે. તો તમે તેને કેમ છોડી ગયા હતા ?''

કવિ ચંદે જે કાંઈ બન્યું હતું તે અથથી ઇતિ કહી સંભળાવ્યું. બાદશાહ સાંભળતા રહ્યા. અચાનક બાદશાહે કહ્યું – ''હવે મારી પાસે શા કારણે આવ્યા છો ? તમારે શું જોઈએ ? માંગો.''

''માંગું ? આપશો ??'' કવિ ચંદે કહ્યું.

''પૃથ્વીરાજની મુક્તિ સિવાય જે કાંઈ માંગવું હોય માંગો.''



''પૃથ્વીરાજ મારો બચપણનો મિત્ર છે. બચપણમાં એણે મને શબ્દવેધી બાણથી સાત તવા વીંધીને તોડી નાંખવાનું વચન આપ્યું હતું. એ મારે સાત તવા તૂટતા જોવા છે.''

''પણ પૃથ્વીરાજ અંધ છે. કેદમાં છે. ખાધાખોરાકીના અભાવે અશક્ત છે. તે કમાન કેવી રીતે પકડી શકશે અને તીર ચલાવી શકશે ?''

''મારે એ તવા તૂટતા જોવા છે. એક જ તીરથી પૃથ્વીરાજ સાત તવા કેમ તોડે છે એ જ જોવું છે. તમે મને વચન આપ્યું છે. પૂરું કરી શકતા હો તો કરો.'' કવિ ચંદે કહ્યું.

''ઠીક-ઠીક. આ તો ખાસ્સું મનોરંજક દૃશ્ય બની જશે. પૃથ્વીરાજ અંધ અને અશક્ત હોવા છતાં એક તીરથી સાત તવા તોડી શકતો હોય એ જોવાનો લ્હાવો અમે પણ લઈશું. આ તો જોવા જેવું જોણું હશે.'' બાદશાહે કહ્યું – અને પછી કવિ ચંદને પૃથ્વીરાજને મળવાની વ્યવસ્થા કરી આપી. કવિ ચંદ પૃથ્વીરાજને મહેલના કેદખાનામાં મળ્યો.

પૃથ્વીરાજ ગુમસુમ બેઠો હતો. કવિ ચંદને પૃથ્વીરાજની સ્થિતિ જોઈ રડવું આવી ગયું. તેણે દુઃખી સ્વરે પૃથ્વીરાજને પ્રણામ કરીને કહ્યું – ''મહારાજ ! હું હમીરસિંહને લેવા ગયેલો. પણ હમીરસિંહ મને કેદ કરીને ચાલ્યો ગયો. જલ્પાદેવીના મંદિરમાં ભૂખ્યો-તરસ્યો હું કેટલાય દિવસ પડ્યો રહ્યો હતો. અને પછી જ્યારે જાણવા મળ્યું કે... !''

''કવિ ! અફસોસ કરવાનું રહેવા દે ! જે થવાનું હતું તે થઈ ગયું. હવે જીવનનો કોઈ અર્થ નથી.''

''મહારાજ ! હતાશ થવાનો કોઈ અર્થ નથી. તમારા જેવા બહાદુર રાજપૂત રાજા હતાશ થશે તો અમે શું કરીશું ? ધીરજ રાખો તો કોઈ માર્ગ નીકળી આવશે. હજારો નિરાશાઓમાં એક આશા છુપાયેલી

હોય છે. અને આશાનું એક જ કિરણ પ્રભાતનો ઉજાસ પ્રગટાવે છે.''

''પણ હવે શું થશે કવિ ?''

''મહારાજ, તમે બચપણમાં મને આપેલું એક વચન હજુ પૂરું કર્યું નથી. એ હવે પૂરું કરો.''

''શાનું વચન ?''

''શબ્દવેધી બાણથી સાત તવા વીંધીને તોડવાનું વચન.''

પૃથ્વીરાજ સમજી ગયો કે, કવિ ચંદની કોઈ ગોઠવણ લાગે છે. કેદમાં સ્પષ્ટ રીતે કોઈ વાત કરવી ન જોઈએ. માટે કવિ કહે છે તેમ કરવું જોઈએ.

''પણ કવિ ! હું લાચાર છું. બાદશાહનો કેદી છું. આંખો નથી. અને શરીરમાં શક્તિ પણ નથી.''

''બાદશાહ ખુદ તમારા શબ્દવેધી બાણની આ કળા જોવા માંગે છે.''

''પણ બાદશાહ મને હુકમ ન કરે ત્યાં સુધી હું કાંઈ કરી ન શકું.''

''હું બાદશાહની મંજૂરી મેળવી લઉં તો ?''

''તો મને કોઈ વાંધો નથી.''

બીજે દિવસે કવિ ચંદે બાદશાહ પાસેથી પૃથ્વીરાજની આ કળા જોવાની રજા માંગી. તો બાદશાહે કહ્યું – ''આ તો જોવા જેવી કળા છે. અમે પણ જોઈશું. જાઓ પૃથ્વીરાજને કહો કાલે શબ્દવેધી બાણથી સાત તવા વીંધીને તોડવા તૈયાર થાય.''

બીજે દિવસે હજારોની મેદની મહેલના પ્રાંગણમાં એકઠી થઈ હતી. બાદશાહ ખુદ બાલ્કનીમાં બેસીને આ કળા જોવા તૈયાર હતા. અનેક સલાહકારોએ બાદશાહને રોક્યા પણ બાદશાહ ન માન્યા. પૃથ્વીરાજ નબળાઈ અને અંધ હોવા છતાંય તૈયાર થયો હતો. કવિ





ચંદ તેનો હાથ પકડીને મેદાનમાં લાવ્યો. મેદાન હકડેઠઠ ભરાયું હતું. ચારે તરફ હજારો સિપાહીઓ અને નગરજનો ઊભા રહી ગયા હતા. મહેલના છજ્જામાં બાદશાહ બેઠા હતા. બેગમો અને નોકર-ચાકરો પણ મહેલની બારીઓ-બારણાંઓમાંથી આ ખેલ જોવા તૈયાર ઊભાં હતાં.

કવિ ચંદ પૃથ્વીરાજને દોરીને મેદાનની વચ્ચોવચ્ચ લાવ્યો. જ્યાં સાત લોખંડના તવા ટીંગાડવામાં આવ્યા હતા. પૃથ્વીરાજ એક જ તીર છોડીને એક પછી એક સાત તવાને તોડી નાંખવાનો હતો. આ જોવા મેદનીમાં ઉશ્કેરાટ અને જિજ્ઞાસા હતી.

એક કમાન લાવીને પૃથ્વીરાજના હાથમાં મૂકવામાં આવી. પૃથ્વીરાજે કમાન ખેંચી તો ખટ કરતી કમાન તૂટી ગઈ. બાદશાહે બીજી કમાન લાવવાનો હુકમ કર્યો. બીજી કમાન પણ ખટ કરતી તૂટી ગઈ. આમ એક પછી એક સાત કમાનો પૃથ્વીરાજને આપવામાં આવી. સાતેય કમાનો તૂટી ગઈ. પૃથ્વીરાજે કહ્યું – ''મારી કમાન હોય

# પ્રસ્તાવના

શાળામાં ભણતો હતો ત્યારથી એટલે કે વિદ્યાર્થીજીવનથી પૃથ્વીરાજ ચૌહાણ વિશે ઈતિહાસમાં ભણવામાં આવતી હકીકતોથી હું થોડોક વાકેફ ખરો. એટલું જ નહિ રાજપૂત યુગની સામંતશાહી પરંપરાના એક બાહોશ, નીડર અને મહાપ્રતાપી સમ્રાટ તરીકે આ રાજાની યશપતાકા એના અનેક પરાક્રમોથી રાજાશાહીના પતનકાળ પછીનાં અનેક વર્ષો સુધી ફરફરતી રહી.

સામંતશાહી શાસનમાં દેશભરના મોટાભાગના રાજાઓ આમાંથી પસાર થયા છે. પૃથ્વીરાજ ચૌહાણ પણ આમાંથી બાકાત કેવી રીતે હોઈ શકે ? પતન ઉત્થાનના અનેક ચડાવ-ઉતારો ખેલદિલીથી અનુભવીને આ સમ્રાટે પરાજયની સ્થિતિમાં પણ નામોશીની છાયાને પોતાના આત્મગૌરવની સીમાની અંદર પ્રવેશવા ન દીધી. એની જીવનકથાની સાથે કેટલાક સાહસભર્યા પ્રસંગોને એવા એક સમર્થ રાજા તરીકેના એના વ્યક્તિત્વને ઉઠાવ આપવાનો આ ચરિત્રપુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે ઊગીને સામે થતી આજની કિશોર પેઢીને તે અવશ્ય ગમશે જ.

**— રાજન પટણી**

૩, કરૂણાનગર સોસાયટી,
સંત શ્રી કહારનાથ માર્ગ,
મોતીશા ગેટ, પાટણ





તો તીર છૂટે.''

બાદશાહના હુકમથી પૃથ્વીરાજની અસલી કમાન તેને આપવામાં આવી. પછી પૃથ્વીરાજે પોતાનું જ તીર માંગ્યું. એ પણ આપવામાં આવ્યું. લોકોમાં જિજ્ઞાસા વધી ગઈ હતી. બહાદુર પૃથ્વીરાજ સાત કમાનો તોડી ચૂક્યો હતો. હવે તેને અસલ કમાન અને તીર અપાયાં હતાં. પૃથ્વીરાજે કમાન હાથમાં લઈને તીર ચડાવ્યું. કવિ ચંદે કહ્યું – ''મહારાજ લાજ રાખજો.''

બાદશાહે પૃથ્વીરાજને કમાનમાં તીર ચડાવી પણછ ખેંચતાં જોઈ રહ્યો હતો. એણે હુકમ કર્યો. એક...બે...અને ત્રણ.... !''

**ઊંચ-નીચ કા મૈં તુમ્હેં દેઊં ઠીક પ્રમાણ,**
**લક્ષ્ય તેરા હૈ જહાં, સુન લે ઠીક નિશાન.**
**ચાર બાંસ ચૌબીસ ગજ, અંગુલ અષ્ટ પ્રમાણ,**
**તા ઉપર સુલતાન, મત ચૂકે ચૌહાન.**

પૃથ્વીરાજે બાદશાહના અવાજને લક્ષમાં રાખી તીર છોડ્યું. જે બાદશાહ મહંમદ ઘોરીની ગરદન ચીરીને તેની ખોપરીના ટુકડા કરી તાળવું ફાડીને તીર આરપાર નીકળી ગયું અને બાદશાહ બાલ્કનીમાંથી ભફાંગ કરતો નીચે આવી પડ્યો.

હોહા થઈ ગઈ. વજીરે ત્રાડ નાંખી. ''બંનેને પકડી લો. જવા ન દેશો.'' સિપાહીઓ દોડ્યા.

કવિ ચંદે કમરમાંથી કટાર કાઢી પોતાની છાતીમાં ખુપાવી દીધી અને સ્વસ્થતાપૂર્વક એ જ કટાર કાઢીને એણે પૃથ્વીરાજને આપી. પૃથ્વીરાજે કટાર પોતાની છાતીમાં મારી અને એનું અર્ધનિશ્ચેત શરીર જમીન પર ફસડાયું. કવિ ચંદ અને પૃથ્વીરાજે હાથમાં હાથ મેળવી લીધા.

બંનેએ સાથે જ સદાયને માટે આંખો મીંચી લીધી.

**(સમાપ્ત)**